श्री जैन श्वेताम्बर कोन्फरन्स का मुखपत्र

# जैन युग


हनलाल म. कोठारी
बी.ए., बी.कॉम्. (लंडन), ए. सी. ए. (इंग्लेंड)

जयंतीलाल र. शाह
बी.ए., बी.कॉम्. (लंडन)



आन्युआरी १९६०

मूल्य : २५ नये पैसे

卐

: व्यवस्थापक मंडल :

श्री चंदुलाल वर्द्धमान शाह, जे. पी.
श्री सौभाग्यचंद्र सिंगी, एम. ए.
श्री कांतिलाल डा. कोरा, एम. ए.
श्री सोहनलाल म. कोठारी
बी. ए., बी. कॉम. (लंडन), ए. सी. ए. (इंग्लंड)
श्री जयंतिलाल रतनचंद शाह
बी. ए., बी. कॉम. (लंडन)

卐

* जैनधर्म, तत्त्वज्ञान, साहित्य, कळा, स्थापत्य, इतिहास, जीवनचरित्र ने समाजप्रगतिने लगता विषयोनुं उत्तम मासिक *

# जैन युग

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

दरेक १ली तारीखे प्रगट थाय छे.

भारतमां वार्षिक लवाजम रूपीआ २) बे

卐

## અનુક્રમ : જાન્યુઆરી ૧૯૬૦

| | પૃષ્ઠ નં. | |
|---|---|---|
| | ૧ | हवे विलंब न करीअे |
| કાર્યાલય નોંધ | ૩ | શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ |
| પૂ. આચાર્ય શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજ | ૭ | શ્રમણભગવાન મહાવીર પ્રભુનો અઢારમો ભવ-ત્રિપૃષ્ઠ-વાસુદેવ |
| પં. શ્રી. સુખલાલજી સંઘવી | ૧૩ | શ્રમણ અને બ્રાહ્મણ સંસ્કૃતિનું હાર્દ |
| ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, એમ.એ.,પીએચ.ડી. | ૧૭ | પ્રાકૃત અને જૈન અધ્યયનની પ્રગતિ |
| શ્રીમતી ભંવરબાઈ રામપુરિયા | ૨૫ | પ્રાર્થના |
| શ્રી. રતિલાલ દીપચંદ દેસાઈ | ૨૭ | નામ પ્રભુનું |
| श्री. बाबुरामजी जैन | ३१ | कोन्फरन्स का पंजाबका अधिवेशन |
| श्री. सिद्धराज ढड्ढा | ३२ | नया जीवन |

卐

*आ पत्रमां प्रगट थता लेखो माटे ते लेखना लेखको ज सर्व रीते जोखमदार रहेशे.*

*श्री जैन श्वेताम्बर कॉन्फरन्स कार्यालय*
*गोडीजी बिल्डिंग, २०, पायधूनी,*
*कालबादेवी, मुंबई नं. २*



श्री अजितनाथजीके मंदिरमें समवसरण कमलसहित

"श्री पार्श्वनाथ समवसरण कारिता–सा तेजपाल नाम्नः संवत (१६८५) आषाढ वदि ४ गुरौ श्री सिरोही वास्तव्य प्राग्वाट ज्ञातीय सा. पुंजामार्या उछरंगदेपुत्र सा. तेजपाल तत्पुत्र...वस्ता वर्द्धमान पौत्र धर्मदास ऋषभदास प्रमुख कुटुंबयुतेन स्वश्रेयसे श्री पार्श्वनाथ समवसरण कमलसहितं का. प्रतिष्ठितं श्री तपागच्छे म. श्री. विजयसेनसूरिपट्ट...श्री विजयदेवसूरिभिः आचार्य श्री बिजयसिंहसूरि प्रमुख परिवार परिवृततै।"

(लेख)

—o—

(By Courtesy of Directorate of Public Relations, Rajasthan)



सिरोहीमें आदीश्वर प्रभु का मंदिर



सिरोहीमें पद्मनाथजीका मंदिरके पास महाराव सूरतानजीका सं. १६६७ का शिलालेखमें आषाढ शुदि ११ से भाद्रपद शुदि ६ तक अमारिपालनका आदेश

श्री. अचलमल मोदीना सौजन्यथी ]

जैन युग

श्री जैन श्वेताम्बर कोंन्फरन्स का मुखपत्र

વર્ષ: જૂનું ૨૨, નવું ૩ * વીરાત્ સં. ૨૪૮૬, વિક્રમાર્ક ૨૦૧૬ * તા. ૧ જાન્યુઆરી ૧૯૬૦ * અંક ૩

णाणं किरियारहियं किरियामेत्तं च दो वि एगंता।
असमत्था दाएउं जम्म-मरण दुक्ख मा भाई॥

ક્રિયા વિનાનું જ્ઞાન અને માત્ર જ્ઞાનશૂન્ય ક્રિયા એ બન્ને એકાંગી છેડાઓ છે. જન્મ-મરણના દુઃખમાંથી અભયપણું આપવાને તે અસમર્થ છે.

—સિદ્ધસેન દિવાકર : સન્મતિ પ્રકરણ

卐

# હવે વિલંબ ન કરીએ

પવન, પાણી અને પ્રકાશની જેમ, સમાજસેવાને વરેલી જાહેર સંસ્થાઓ ઉપર તે તે સમાજનો પૂરેપૂરો અધિકાર લેખાય. એટલે સમાજની સેવા માટે સદા-સર્વદા ખડે પગે તૈયાર રહેવું એ આવી સંસ્થાની ફરજ લેખાય, અને એવી સંસ્થા વિશેષ પ્રાણવાન, શક્તિશાળી અને પ્રગતિશીલ બને એ રીતે એને હંમેશાં સાથ આપતા રહેવું એ સમાજની અને સમાજની પ્રત્યેક વ્યક્તિની ફરજ લેખાય. આ રીતે બન્ને તરફથી પોતપોતાની ફરજનું યથાર્થ પાલન થતું રહે તો જ સમાજ અનેક મુશ્કેલ પરિસ્થિતિમાંથી પણ સુખરૂપ માર્ગ કરીને પોતાનું અસ્તિત્વ, વર્ચસ્વ અને ગૌરવ ટકાવી રાખી શકે અને સંસ્થા શક્તિના પુંજ સમી બનીને ગમે તેવા કપરા સમયમાં પણ પોતાની શક્તિ અને હસ્તીને ટકાવી શકે.

પાંચ દાયકા કરતાંય વધુ સમય ઉપર વિસ્તરેલા કૉન્ફરન્સના જીવનપટમાં અનેક ખાડા-ટેકરા આવી ગયા. ક્યારેક આસપાસનાં વિરોધી બળોએ પોતાનું બળ અજમાવીને કૉન્ફરન્સની શક્તિને ઓછી કરવાનો પ્રયાસ કર્યો, તો ક્યારેક અનેક વિરોધી બળોને ડારીને, એમને પાછાં હઠાવીને અને એમનાથી જરાય વિચલિત થયા વગર જ કૉન્ફરન્સે સમાજજાગૃતિ અને સમાજસેવાના પોતાના રથને આગળ વધાર્યો. જેમ વ્યક્તિનું જીવન આરોહ-અવરોહ વગરનું હોતું નથી, એ જ વાત કોઈ પણ સંસ્થાને માટે પણ એટલી જ સાચી છે. કદાચ એમ જ કહી શકાય કે આરોહ-અવરોહ વગરનું જીવન જ હોઈ શકતું નથી—પછી ભલે એ સંસ્થા હોય કે વ્યક્તિ.

મુદ્દાની વાત એટલી જ છે કે આરોહ-અવરોહના મહા ઝંઝાવાતમાં પણ, નામશેષ બની જવાને બદલે, જે પોતાના અસ્તિત્વને ટકાવી રાખે છે, એને ક્યારેક પણ પૂર્ણકળાએ પ્રકાશમાન બનવાનો અવસર મળી જાય છે. "જીવતો નર ભદ્રા પામે" એ લોકોક્તિનું, વ્યક્તિની જેમ સંસ્થાને માટે પણ, આ જ રહસ્ય છે. કૉન્ફરન્સને પોતાનું અસ્તિત્વ આજ લગી ટકાવી રાખવામાં જે જાગૃતિ દાખવવી પડી છે, જે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે, અને જે મહેનત

ઉપાડવી પડી છે, એનો ઇતિહાસ જેમ રોચક છે તેમ રોમાંચક પણ છે. પણ એ તો બધી ગઈ કાલની વાત થઈ. એટલે અત્યારે તો જે વાતનો વિશેષ વિચાર કરવાની જરૂર છે તે તો હવે સંસ્થાએ અને સમાજે શું કરવું, એ જ છે. મતલબ કે ભૂતકાળના વિવિધ પ્રકારના સારા-માઠા અનુભવના પ્રકાશમાં અત્યારે શું કરવાની જરૂર છે, એનો વિચાર કરવો એ જ ખરી અગત્યની બાબત ગણાય.

ઘણા મહિનાઓથી ઘણા સમાજ હિતેચ્છુઓ, કૉન્ફરન્સના ચાહકો અને વિચારકોને એમ લાગ્યા જ કરતું હતું કે કૉન્ફરન્સ પોતાના સમાજસેવાના કાર્યને જોઈએ તેટલા વેગપૂર્વક અને જોઈએ તેટલી વ્યાપક રીતે આગળ વધારી શકતી નથી, એનું કારણ શોધીને એનો સત્વર ઇલાજ હાથ ધરવો જોઈએ. અને આ માટે કૉન્ફરન્સનું અધિવેશન બોલાવીને, આની પુખ્ત ચર્ચા-વિચારણા કરીને. યોગ્ય માર્ગ શોધી કાઢવો જોઈએ; એ માર્ગ નિશ્ચિત બનાવી લેવો જોઈએ! એમ થાય તો જ આપણે સમાજસેવા માટે ધારી દિશામાં ધારી ઝડપે આગળ વધી શકીએ.

કૉન્ફરન્સના જવાબદાર અધિકારીઓ સમાજમાં પ્રવર્તમાન થયેલી આ લોકલાગણીથી સારી રીતે માહિતગાર હતા; અને તેથી જ તેઓ છેલ્લા દસ-બાર મહિનાઓથી કૉન્ફરન્સનું અધિવેશન વહેલામાં વહેલી તકે ભરાય એ માટે પ્રયત્નો કરી રહ્યા હતા.

આની સાથોસાથ કૉન્ફરન્સના અધિકારીઓ એ પણ જોઈ શક્યા હતા કે કૉન્ફરન્સનું અધિવેશન વારંવાર મુંબઈમાં ભરાય, એના કરતાં દેશમાં બીજા કોઈ અનુકૂળ સ્થાને ભરી શકાય તો કૉન્ફરન્સના પ્રચાર અને કાર્યની દૃષ્ટિએ, કૉન્ફરન્સ અને સમાજ, એ બન્નેને માટે વધારે લાભકારક થાય. વ્યાપક પ્રચાર કરવો હોય કે નક્કર કાર્ય કરવું હોય, એ બન્ને દૃષ્ટિએ લોકસંપર્ક એ વિશેષ આવશ્યક બાબત છે; અને મુંબઈથી દૂર કોઈ અનુકૂળ સ્થળે અધિવેશન ભરવામાં આવે તો લોકસંપર્કને વિશેષ અવકાશ રહે છે, એ સહેજે સમજી શકાય એવી વાત છે.

હવે તો એ સર્વત્ર વિદિત થઈ જ ચૂક્યું છે કે કૉન્ફરન્સ કાર્યાલયના બહારગામ અધિવેશન ભરવાના પ્રયત્નો કામિયાબ થઈ ચૂક્યા છે; અને પંજાબની શ્રી. આત્માનંદ જૈન મહાસભા પંજાબના શ્રીસંઘનું પ્રતિનિધિત્વ ધરાવે છે. એણે કૉન્ફરન્સનું એકવીસમું અધિવેશન પંજાબમાં ભરવા માટે આપેલ આમંત્રણનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

પંજાબમાં અધિવેશન ભરવાના આમંત્રણનો સ્વીકાર કર્યા બાદ અધિવેશનના સ્થળનો નિર્ણય થવો બાકી હતો. હવે એ નિર્ણય પણ લેવાઈ ચૂક્યો છે. આ માટે શ્રી. આત્માનંદ જૈન મહાસભાએ પોતાની પસંદગી લુધિયાણા શહેર ઉપર ઉતારી છે; અને અધિવેશન માટે જરૂરી તૈયારીઓ કરવા માટે સ્વાગત સમિતિની રચના કરીને એના પ્રમુખ તરીકે શ્રી. આત્માનંદ જૈન મહાસભાના અધ્યક્ષ, લાલા શ્રી મેઘરાજજીની વરણી કરી છે. આ રીતે આ અધિવેશનને સફળ બનાવવા માટે પંજાબના શ્રી સંઘે યજમાન તરીકે જે પૂર્વ તૈયારીઓ શરૂ કરી દેવી જોઈએ, એ માટે એ પૂરેપૂરો જાગ્રત અને ક્રિયાશીલ બની ગયેલ છે, એ ખરેખર આનંદની વાત છે.

પંજાબના શ્રીસંઘનો આ અધિવેશન માટેનો અનેરો ઉત્સાહ જોતાં, પોતાને આંગણે આવનાર મહેમાનો માટે બધી સુખસગવડો પૂરી પાડીને, પંજાબી ભાઈ-બહેનો પોતે હાથ ધરેલ આ મહાન કાર્યને સારી રીતે પાર પાડવામાં અવશ્ય સફળ થશે, એવી આશા જરૂર રાખી શકાય.

પરંતુ પોતે માથે લીધેલ કાર્યને પાર પાડવા માટે અધિવેશનનું આમંત્રણ આપનાર યજમાન રાતદિવસ મહેનત કરીને, અને પોતાનાં ઊંઘ અને આરામ અળગાં કરીને મહેમાનો પૂર્ણ સંતુષ્ટ બને એવી વ્યવસ્થા કરવામાં સફળ થાય, એટલા માત્રથી કોઈપણ અધિવેશન પૂરું સફળ થયું ન લેખાય. યજમાનની આ સફળતા સિક્કાની એક બાજુની જેમ, અડધી સફળતા જ લેખી શકાય. સિક્કાની બીજી બાજુની જેમ, યજમાનો જેટલું જ કામ મહેમાનો પણ સફળતાપૂર્વક કરી બતાવે તો જ એ અધિવેશન સાચા અર્થમાં સંપૂર્ણ સફળ થયું ગણી શકાય. આ રીતે આ કાર્યને પૂર્ણ સફળ બનાવવાની જવાબદારી કૉન્ફરન્સના અધિવેશનનું આમંત્રણ આપનાર પંજાબના ભાઈઓની નહીં પણ અધિવેશનમાં હાજર રહેનાર બધા પ્રતિનિધિઓની છે, એ કહેવાની જરૂર ન હોય. અલબત્ત, આ પ્રતિનિધિઓમાં પંજાબના પ્રતિનિધિઓ પણ આવી જ જાય છે.

એટલે, જેમ એક બાજુ આ અધિવેશન માટે જરૂરી સુખ-સગવડો અને વ્યવસ્થા માટે પંજાબ શ્રીસંઘ

અત્યારથી જ તડામાર તૈયારી કરવામાં કામે લાગી ગયો છે, એ જ રીતે કૉન્ફરન્સના બધા સભ્યો, ચાહકો અને સમાજ હિતચિંતકોએ પણ અત્યારથી જ કેડ બાંધીને કામે લાગી જવાની જરૂર છે. આવા મહાન કાર્યને સારી રીતે પાર પાડવા માટે ત્રણેક મહિના જેટલો સમય એ જરાય વધારે ન ગણાય એટલે હવે જો આપણે નિષ્ક્રિયતામાં બિનજરૂરી કાળક્ષેપ કરીશું તો તેની માઠી અસર આપણે કરવા ધારેલ કાર્ય ઉપર થયા વગર નથી જ રહેવાની; એટલું જ નહીં, એ અક્ષંતવ્ય જ ગણાશે. એટલે હવે જરા સરખો પણ વિલંબ કર્યા વગર આ અધિવેશન સમાજસેવાની દૃષ્ટિએ કેમ સફળ બને એની વિચારણા અને પ્રવૃત્તિ માટે આપણે અત્યારથી જ કામે લાગી જવાની જરૂર છે.

અધિવેશનને માટે સ્થળની જેમ પ્રમુખની પસંદગી એ પણ એટલી જ—કદાચ એથી પણ વિશેષ—અગત્યની બાબત છે, એ અમે જાણીએ છીએ. અને એ સંબંધી નિર્ણય પણ યોગ્ય સમયમાં લેવાઈ જશે. પણ આ અધિવેશનને સફળ બનાવવા માટે કૉન્ફરન્સના બધા સભ્યોએ જે કંઈ ચર્ચા-વિચારણા અને પ્રવૃત્તિ અત્યારથી જ હાથ ધરવાની જરૂરી છે એને પ્રમુખની પસંદગી થતાં સુધી વિલંબમાં નાખવાની જરાય જરૂર નથી. એ બે બાબતો એક-બીજી સાથે જરાય એવી રીતે સંકળાયેલ નથી કે જેથી એક બાબતનો નિર્ણય ન થાય ત્યાં લગી બીજી બાબતને વિનાકારણ વિલંબમાં નાખવી પડે.

સમાજની સામે આંતરિક તેમ જ બાહ્ય, કેવા કેવા વિષમ કોયડાઓ ઊભા થયેલા છે એ સૌ કોઈ સારી રીતે જાણે છે, એટલે એની હારમાળા અહીં આપવાની જરૂર નથી. સમાજની આર્થિક સદ્ધરતા ખૂબ ડથળતી જાય છે, સમાજમાં ગરીબી કૂદકે અને ભૂસકે વધી રહી છે, ક્યાંક ક્યાંક તો અન્નને અને દાંતને વેર હોય એવી હૃદયવિદારક દશા પ્રવર્તવા લાગી છે, નવી પેઢીના પોષણ અને શિક્ષણનો સવાલ ભારે મુશ્કેલ બની ગયો છે, સમાજના અને ધર્મના યોગક્ષેમ જોખમમાં મુકાઈ ગયા છે—આવાં બધાં વિનાશક બળોના ધોડાપૂર સામે પાળ બાંધવાનું મહાભારત કાર્ય આપણે કરવાનું છે. પોતપોતાની ફુરસદે, કલાક–બે કલાકનો સમય આપીને કે હળવે હાથે પ્રયત્ન કરીને થઈ શકે એવું આ કાર્ય નથી. આ માટે તો "ઝાઝા હાથ રળિયામણા" કરીને સૌએ સાથે મળીને, કમર કસીને, ઊંઘ–આરામ હરામ કરીને કામ કરવાની જરૂર છે.

આ માટે વિશેષ શું કહીએ? આપણે સૌ અત્યારથી જ જાગીએ અને ઘડીના છઠ્ઠા ભાગ જેટલો પણ વિલંબ કર્યા વગર કામે લાગીને, પંજાબમાં ભરાનાર કૉન્ફરન્સના એકવીસમા અધિવેશનને સફળ બનાવવા માટેનો મહેમાન તરીકેનો આપણો ધર્મ અદા કરીએ. અસ્તુ!

卐

# શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ

## કાર્યાલય પ્રવૃત્તિની ટૂંક નોંધ

(કૉન્ફરન્સ કાર્યાલય દ્વારા)

**કૉન્ફરન્સનું લુધિયાણા અધિવેશન**

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સનું એકવીસમું અધિવેશન લુધિયાણા (પંજાબ)માં મેળવવા અને સ્વાગત પ્રમુખ તરીકે શ્રી મેઘરાજજી જૈનની વરણી કર્યાના સમાચારો શ્રી આત્માનંદ જૈન મહાસભા-પંજાબના મંત્રી શ્રી બાબુરામજી જૈન દ્વારા પ્રાપ્ત થયા છે. સ્વાગતમંત્રી તરીકે શ્રી બાબુરામજી જૈન, એમ. એ., એલએલ. બી. (ઝીરા) નિયુક્ત કરવામાં આવ્યા છે.

અધિવેશનની તારીખ તા. ૨-૩-૪ એપ્રિલ, ૧૯૬૦ શનિ-રવિ અને સોમ (ગુજરાતી-ચૈત્ર શુદ ૬-૭-૮) રાખવામાં આવી છે અને તે અંગે અધિવેશનના પ્રમુખાદિની અનુકૂળતા વિચારી યથાસમય જાહેરાત આમંત્રણ પત્રિકાદિ દ્વારા થશે.

આ અધિવેશન અંગે કૉન્ફરન્સ કાર્યાલય તરફથી પ્રાથમિક સર્વ તૈયારીઓ કરવા માર્ગદર્શન આપવામાં આવેલ છે અને તદનુસાર પંજાબમાં સ્વાગત સમિતિના

સભ્યો નોંધવા તેમજ ફંડ એકત્ર કરવાની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. પ્રચારાર્થે પંજાબમાં ઉર્દૂમાં પોસ્ટર-પત્રિકાઓ પ્રકટ થયેલ છે અને ટૂંક સમયમાં અધિવેશન અંગે જુદી જુદી સમિતિઓની રચના થઈ જશે.

અધિવેશન પ્રસંગે આચાર્ય શ્રી. ૧૦૦૮ શ્રી વિજય-સમુદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ પૂજ્ય મુનિવર્યોની લુધિયાણામાં ઉપસ્થિતિ રહે તે માટે શ્રી. આત્માનંદ જૈન મહાસભાના કાર્યકરો સર્વ પ્રયત્નો કરી રહ્યા છે એટલું જ નહિ પણ સમગ્ર ભારતના જૈન સમાજના પ્રતિષ્ઠિત ગૃહસ્થો અને આગેવાન કાર્યકરો વગેરેનો સંપર્ક સાધી અધિવેશનને સફળ બનાવવા ઉત્સુક જણાયા છે.

**શાળાઓમાં ધાર્મિક શિક્ષણ**

કેન્દ્ર સરકારે મુંબઈના રાજ્યપાલ શ્રી શ્રીપ્રકાશના પ્રમુખપદે સ્કૂલોમાં નૈતિક અને આધ્યાત્મિક શિક્ષણ આપવા અંગે વિચારણા કરી રિપોર્ટ કરવા વગેરે માટે જે સમિતિ નીમેલી છે તે અંગે કાર્યવાહી સમિતિમાં વિચારણા કરવામાં આવી હતી. આ અંગે કોન્ફરન્સ તરફથી શ્રી શ્રીપ્રકાશજી ( પ્રમુખ સમિતિ )ને પત્ર દ્વારા સમિતિની કાર્ય પદ્ધતિ ( Procedural Methods ) થી કોન્ફરન્સને વાકેફ કરી સંસ્થાના પ્રતિનિધિઓને જુબાની આપવા વગેરે માટે બોલાવવા અંગે સંસ્થાને પ્રાપ્ત થયેલ તા. ૧૧-૧૨-૧૯૫૯ નો પત્ર નીચે આપીએ છીએ.

**Copy**

Seal

Governor of Bombay

Raj Bhavan
Bombay Governor's Camp
December 11, 1959

My dear friend,

I thank you for your kind letter of November 21 regarding the Committee on the teaching of moral and spiritual values. It is good of you to offer to give evidence before the Committee. The Committee has not been able to meet very often since the members live at long distances, one from the other, and they are occasionally meeting to arrive at broad conclusions. If it is decided to invite institutions to give evidence, we shall avail ourselves of your kindness as necessary.

Thanking you,

I am,
Yours sincerely,
Sd. Sri Prakasa

The Chief Secretary,
Shri Jain Swetamber Conference,
Godiji Building,
20 Pydhoni, Kalbadevi,
Bombay-2.

**એજ્યુકેશન બોર્ડની પરીક્ષાઓ**

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડની શ્રી પ્રફુલ્લચંદ્ર અમલચંદ મોદી પુરુષવર્ગ અને શ્રી. કાંતાબહેન મોદી સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઈની બાવનમી ઇનામી પરીક્ષાઓ માટે નીચેના પચાસ કેન્દ્રોમાંથી કુલ ૧૮૨૧ વિદ્યાર્થી-ઓનાં નામો પ્રાપ્ત થયાં હતાં.

મુંબઈ, અમદાવાદ, સુરત, વડોદરા, પાલીતાણા, પૂના, ખંભાત, શિવગંજ, ભાવનગર, પાટણ, બારશી, વરકાણા, સૂમેરપૂર, અંકલેશ્વર, શિરપૂર, કઠોર, જામનગર, નવસારી, વેજલપુર, સાવરકુંડલા, સાદડી, જુન્નેર, સાંગલી, ફણસા, મદ્રાસ, ઓશિયા, રતલામ, માલવાડા, જાવરા, આમોદ, પાદરા, નખત્રાણા (કચ્છ), વીરમગામ, ગંભીરા, ઝગડીઆ, માણસા, ઊંઝા, કટારીઆ, રાધનપુર, અચ્છારી, અજમેર, અમરેલી, પાલેજ, ખાચરોદ, ઇન્દોરસીટી, રાજગઢ, આહોર, કુક્ષી અને થરાદ.

આ પરીક્ષાઓ રવિવાર, તા. ૨૦-૧૨-૧૯૫૯ના રોજ બપોરનાં સ્ટાં. ટા. ૧ થી ૪ સુધીમાં લેવામાં આવી હતી.

**સામાન્ય સભાસદ**

મેસર્સ યુ. મણિલાલ એન્ડ કંપની (મદ્રાસ) તરફથી ૨૦ સામાન્ય સભાસદોનાં નામો પ્રાપ્ત થયાં છે તે બદલ આભાર. કુલ સભ્યો ૫૨૮.

### "જૈન યુગ" વાર્તા હરીફાઈ

જૈન ઇતિહાસ, ધર્મ અને સંસ્કૃતિને સ્પર્શતી વાર્તા હરીફાઈ 'જૈન યુગ' કાર્યવાહક સમિતિ તરફથી યોજવામાં આવી છે. હરીફાઈની વિગત અન્યત્ર રજૂ કરવામાં આવેલ છે. વાર્તાઓ સ્વીકારવાની છેલ્લી તા. ૩૧-૩-૧૯૬૦ છે.

### સ્થાયી સમિતિના સભ્યો

**કૉન્ફરન્સની અખિલ ભારત સ્થાયી સમિતિના સભ્યોએ બંધારણ મુજબ દર વર્ષે રૂા. પાંચનું લવાજમ મોડામાં મોડું મહા વદ૦)) સુધીમાં આપવાનું હોય છે. સર્વે સભ્યોનું આ પરત્વે અગાઉ ધ્યાન ખેંચવામાં આવેલ છે. જે સભ્યોએ લવાજમ હજુ મોકલાવેલ નથી તેમને તુરત મોકલી આપવા વિનંતિ છે.**

### 'જૈન યુગ'ના ગ્રાહકો

**'જૈન યુગ'ના ત્રીજા વર્ષનો આરંભ નવેમ્બર, ૧૯૫૯ના અંકથી થયેલ છે. ગ્રાહકોને પોતાના લવાજમની રકમ મનીઓર્ડરથી અથવા અન્ય રીતે મોકલી આપવા વિનંતિ છે.**

### જૈન યાત્રા સંઘ સન્માન સમારંભ

શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ દ્વારા શ્રી પાવાપુરી સમ્મેતશિખરજી આદિ તીર્થોની યાત્રાર્થે યોજાયેલ સંઘના સન્માન અને અભિનંદનાર્થે શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ આદિ અગિયાર સંસ્થાઓના ઉપક્રમે મુંબઈમાં રવિવાર, તા. ૨૯-૧૧-૧૯૫૯ના રોજ શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ શાહના પ્રમુખસ્થાને મેળાવડો યોજાયો હતો.

પ્રારંભમાં શ્રી દીપિકા મંડળની બહેનોએ શ્રી. મંગળાચરણ અને સ્વાગતગીત રજૂ કર્યા બાદ કૉન્ફરન્સના મુખ્યમંત્રી શ્રી. જયંતિલાલ રતનચંદ શાહે આ સમારંભની યોજના દર્શાવનાર વિગત પેશ કરી હતી. કૉન્ફરન્સના ઉપ-પ્રમુખ શ્રી ફુલચંદ શામજીએ આ પ્રસંગનું મહત્વ અને સ્વયંસેવક મંડળની ધર્મ, દેશ અને સમાજ સેવાઓ વર્ણવી યાત્રા સંઘને યશકલગી સમાન લેખાવી. શ્રી. રમણલાલ દલસુખભાઈ શાહે જણાવ્યું કે જિનેશ્વર પ્રભુની ચરણરજથી પવિત્ર બનેલી કલ્યાણકભૂમિની સ્પર્શના પુણ્યશાળીને જ થાય અને તે માટેની સગવડ કરી આપનાર પણ ધન્યવાદને પાત્ર લેખાય. આત્માર્થી જીવ આવા પ્રસંગો તુરત ઝડપી લે અને સ્વ તેમજ પરના કલ્યાણાર્થે સર્વ પ્રકારની શક્તિ અને ભક્તિ અર્પે જ.

પ્રમુખસ્થાનેથી શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ શાહે જણાવ્યું હતું કે શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળની ચાલીસ વર્ષની પ્રગતિકૂચ અનેરી અને સમાજને આકર્ષક જણાઈ છે. આ મંડળે પાંચસો ઉપરાંત ભાઈ-બહેનોની યાત્રાર્થે જે સ્પેશ્યલ ટ્રેનની સગવડતા ભક્તિભાવથી કરી યશસ્વિતા મેળવી છે તે ખરેખર અભિનંદન અને સન્માનને પાત્ર લેખાય. જૈન શાસનમાં વિશ્વશાંતિ અને વિશ્વમૈત્રીની અખૂટ ભાવના ભરેલી છે. આ ઉચ્ચ આદર્શને મૂર્તસ્વરૂપ આપવા માટે આપણી પાસે કૉન્ફરન્સ અને સ્વયંસેવક મંડળ જેવી સંસ્થાઓ વિદ્યમાન છે તેમાં સંગઠનની ભાવના જાગૃત કરી ચતુર્વિધ સંઘની શક્તિ અખંડિતપણે જળવાય તે પ્રકારે પ્રયત્ન કરવાની જરૂર છે. સ્વયંસેવકો તો આવતી કાલના સમાજના વારસદારો છે અને તેમને દરેકે દરેક રીતે તન, મન અને ધનથી સમાજસેવાના કાર્ય માટે સહાયતા આપવી આપણી ફરજ છે. સંગઠિત થઈ આપણે જો કામે નહિ લાગીએ તો પરિણામ શું આવશે તેની કલ્પના કરવી મુશ્કેલ નથી. પ્રમુખશ્રીએ જૈન ના સ્થાવર અને જંગમ વારસાને સાચવવા માટે સંગઠિત થવા અપીલ કરી હતી. તેઓશ્રીએ મુંબઈ જૈન સ્વયંસેવક મંડળની સર્વ કાર્યવાહીને યશસ્વીતા ઇચ્છી હતી. બાદ પ્રમુખશ્રીના શુભહસ્તે મંડળના પ્રમુખ શ્રી. હીરાભાઈ મલબારીને પુષ્પહાર અર્પણ કરવામાં આવ્યા હતા.

મંડળ તરફથી શ્રી. તલકચંદ કાનજી કપાસીએ જણાવ્યું હતું કે મંડળની આ ભાવનાને મૂર્તસ્વરૂપ આપવામાં અનેક વ્યક્તિઓનો સહકાર અને સદ્ભાવ નિમિત્તરૂપ છે. યાત્રાળુ ભાઈ-બહેનોની સેવા કરવી અમારી ફરજ છે અને તેમાં ઉણપ રહી હોય તો ક્ષંતવ્ય ગણાય. તેઓએ ઉદારતાપૂર્વક જ અમીદ્રષ્ટિ દાખવેલી છે અને તેને લઇ આ યાત્રાસંઘ યશસ્વી થયેલ છે. શ્રી યાત્રાસંઘ વતી શ્રી પ્રાણલાલભાઈએ જણાવ્યું હતું કે આ યાત્રાસંઘની વ્યવસ્થા જોતાં તેમાં નહિ જોડાનારને પસ્તાવો જ કરવો પડે મંડળના સર્વ કાર્યકરોની સેવાભાવના જોઈ યાત્રાળુઓ ઋણી બન્યા

છે. અમો ઇચ્છીશું કે મંડળ દર વર્ષે એવી યોજના કરે. બાદ શ્રી ઘોઘારી સેવાસમાજ અને શ્રી આત્માનંદ સભા તરફથી મંડળના પ્રમુખને હારતોરા અર્પણ થયા હતા. બાદ શ્રી. ફુલચંદ શામજીએ પ્રમુખશ્રી અને અન્ય લાગતાવળગતાઓનો આભાર માની શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલને પુષ્પહાર અર્પણ કર્યા હતા. મુખ્યમંત્રી તરફથી યોજાયેલ ચા-પાણીને ઇન્સાફ આપી અત્યંત પ્રફુલ્લિત વાતાવરણ વચ્ચે સમારંભની સમાપ્તિ થઇ.

卐

# "जैन युग" वार्ता हरीफाई

જૈન ઇતિહાસ, ધર્મ અને સંસ્કૃતિને સ્પર્શતી વાર્તાઓમાં ભાગ લેવા સર્વે વાર્તાકારને અમારું હાર્દિક નિમંત્રણ છે. આ પ્રકારની વાર્તા (૧) ગુજરાતીમાં જ લખેલી મૌલિક હોવા ઉપરાંત આજ સુધીમાં તે ક્યાંય પ્રસિદ્ધ કે મુદ્રિત થયેલ હોવી ન જોઈએ (૨) વાર્તાકારે પોતાનું નામ-સરનામું વાર્તા સાથે ન આપતાં જુદા કવરમાં કાર્યાલયની જાણ માટે વાર્તાના શીર્ષક સાથે પોતાનું પૂરું નામ અને સરનામું મોકલવું, જેથી પરીક્ષકો સમક્ષ કેવળ વાર્તાઓ જ નિર્ણય માટે મૂકી શકાય. (૩) વાર્તા વધુમાં વધુ ૩૫૦૦ શબ્દોથી વધારે લાંબી ન હોવી જોઈએ (૪) વાર્તા ફુલસ્કેપ સાઈઝના કાગળની એક બાજુએ હાંસિયો પાડીને શાહીથી સુવાચ્ય અને સ્વચ્છ રીતે લખાયેલ હોવી જોઈએ (૫) વાર્તાઓ સ્વીકારવાની છેલ્લી તા. ૩૧–૩–૧૯૬૦ છે, ત્યારપછી મળેલ વાર્તાઓ વાર્તા–હરીફાઈ માટે સ્વીકારાશે નહિ (૬) પરીક્ષક સમિતિ શ્રેષ્ઠતાનો ક્રમ નક્કી કરી રૂા. ૧૦૦), ૭૫) અને રૂા. ૫૦)નાં ત્રણ ઇનામો આપશે (૭) ઈનામને પાત્ર ઠરેલી વાર્તાઓને પ્રથમ પ્રસિદ્ધ કરવાનો, ભાષાંતર કરવાનો અથવા કાયમી રીતે ગ્રંથબદ્ધ કરવાનો અધિકાર જૈન શ્વે. કૉન્ફરન્સના મુખપત્ર "જૈન યુગ"ની કાર્યવાહક સમિતિને રહેશે. ઇનામી વાર્તાઓના લેખક પોતાના વાર્તાસંગ્રહમાં તે ઇનામી વાર્તાનો ઉપયોગ "જૈન યુગ"માં પ્રકટ થયા પછી કરી શકશે. હરીફાઈમાં પ્રવેશ પામેલ છતાં ઇનામ ન પામેલ વાર્તાઓની પણ પ્રથમ પ્રસિદ્ધિનો અધિકાર "જૈન યુગ"ની કાર્યવાહક સમિતિને રહેશે અને તે બદલ પુરસ્કાર આપવામાં આવશે. આ કક્ષાની પસંદ થયેલી વાર્તાઓ પાછી આપવામાં આવશે નહિ તેમજ લેખક તે વાર્તા બીજે છપાવી શકશે નહિ. (૮) વાર્તા હરીફાઈનું પરિણામ 'જૈન યુગ'ના જૂન ૧૯૬૦ના અંકમાં પ્રકટ કરવામાં આવશે. (૯) હરિફાઈ અંગે 'જૈન યુગ'ની કાર્યવાહક સમિતિએ નીમેલ પરીક્ષક સમિતિનો નિર્ણય છેવટનો અને બંધનકર્તા ગણાશે તથા તે અંગે કશા પત્રવ્યવહારમાં ઊતરવામાં નહિ આવે.

વાર્તા મોકલવાનું સરનામું :

તંત્રીઓ "જૈન યુગ"

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ,

ગોડીજી બિલ્ડીંગ, ૨૦, પાયધુની, કાલબાદેવી, મુંબઈ ૨

[લેખાંક ૮]

# શ્રમણ ભગવાન મહાવીરપ્રભુનો અઢારમો ભવ-ત્રિપૃષ્ઠ વાસુદેવ

## પ્રાસંગિક પ્રતિવાસુદેવ અશ્વગ્રીવનો જીવન વૃત્તાન્ત

પૂ. આચાર્ય શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજ

### ઉત્સર્પિણી-અવસર્પિણીનો પ્રભાવ

પ્રતિવાસુદેવ અશ્વગ્રીવ શાસ્ત્રીય દૃષ્ટિએ ભરતક્ષેત્રના ૭ ખંડો પૈકી દક્ષિણ દિશાવર્તિ ત્રણ ખંડના સ્વામી હતા. રત્નપુર નગર એ એમની રાજધાની હતી. તેમની કાયાનું પ્રમાણ એંશી ધનુ'ય (૩૨૦ હાથ) અને આયુષ્ય પ્રમાણ ચોરાશી લાખ વર્ષનું હતું. તેઓ શૂરવીર, પરાક્રમી અને રણસંગ્રામના શોખીન હતા. વર્તમાનકાળના કેટલાક બંધુઓને ૩૨૦ હાથની કાયા અને ચોરાશી લાખ વર્ષના આયુષ્યની વાત જાણવામાં આવતાં આશ્ચર્ય અથવા અશ્રદ્ધા પ્રગટ થાય એ સ્વાભાવિક છે. પરંતુ આજથી સો બસો કે પાંચસો વર્ષ અગાઉનો ઇતિહાસ વાંચીએ તો આજની કાયા તથા આયુષ્યના પ્રમાણની અપેક્ષાએ તે કાળના મનુષ્યોની કાયા તેમ જ આયુષ્યનું પ્રમાણ અમુક પ્રમાણમાં પણ જરૂર અધિક હતું એમ અવશ્ય જાણવા મળે છે તો અસંખ્ય વર્ષો પહેલાંના માનવોની કાયાનું પ્રમાણ તેમ જ આયુષ્યપ્રમાણ સેંકડો હાથનું તેમ જ લાખો વર્ષનું હોય તેમાં આશ્ચર્ય કે અશ્રદ્ધા કરવા જેવું કાંઈ નથી. શાસ્ત્રદૃષ્ટિએ ભરતાદિ દશ ક્ષેત્રોમાં અવસર્પિણી અને ઉત્સર્પિણી એમ બે પ્રકારનો કાળ છે. જે કાળમાં ધનધાન્ય-ભૂમિના રસ-કસ, કાયા-તેમ જ આયુષ્ય પ્રમાણ અનુક્રમે ઓછું ઓછું થતું જાય તે કાળને અવસર્પિણીકાળ કહેવાય છે. અને જે કાળમાં ધન-ધાન્ય યાવત્ આયુષ્ય વગેરેમાં ક્રમશઃ વૃદ્ધિ થતી જાય છે તેને ઉત્સર્પિણી કાળ કહેવામાં આવે છે. વર્તમાનમાં અવ-સર્પિણીકાળ હોવાથી ભૂતકાળની અપેક્ષાએ વર્તમાન કાળમાં કાયાનું પ્રમાણ તથા આયુષ્યપ્રમાણ ઓછું થતું જાય તો તે બરાબર છે.

[શ્રમણ ભગવાન મહાવીર પ્રભુના સત્તાવીશ ભવો પૈકી અઢારમા ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવનું નિરૂપણ છેલ્લા બે લેખાંક ૬ ૭થી શરૂ થયેલ છે. વાસુદેવના જીવનની સાથે પ્રતિવાસુદેવના જીવનનો ઘનિષ્ટ સંબંધ હોય છે. પ્રતિવાસુદેવ પોતાના બળ-યશ ક્રમ વડે ત્રણ ખંડના સામ્રાજ્યને ભેગું કરે. દરમ્યાન વાસુદેવનો આજુબાજુના પ્રદેશમાં જન્મ થઈ ચૂક્યો હોય. અને યૌવનના આંગણમાં પ્રવેશ થતાં કોઈ ને કોઈ નિમિત્તે વાસુદેવ-પ્રતિવાસુદેવ વચ્ચે રણસંગ્રામનો પ્રસંગ પ્રાપ્ત થતાં વાસુદેવના હાથે પ્રતિવાસુદેવનું મૃત્યુ થાય. આવા કારણે ભગવાન મહાવીર પ્રભુના અઢારમા ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવ-નિરૂપણ પ્રસંગે તે કાળના પ્રતિવાસુદેવ અશ્વગ્રીવનો વૃત્તાંત પણ સંક્ષેપમાં જાણવાની જરૂર રહે એ સ્વાભાવિક હોવાથી આ આઠમા લેખાંકમાં અશ્વગ્રીવ પ્રતિ-વાસુદેવનું જીવન આલેખવામાં આવે છે. સંપાદક, "જૈનયુગ"]

### કુશલ દૈવજ્ઞને પ્રતિવાસુદેવનો પ્રશ્ન

પ્રતિવાસુદેવ અશ્વગ્રીવ ત્રણ ખંડના સ્વામી છતાં એક અવસરે તેમના ચિત્તમાં વિચાર પ્રગટ થયો કે "ભરતના દક્ષિણાર્ધમાં જે જે દેશોના જે જે રાજવીઓ છે તે દરેક રાજાઓ તો મારી આજ્ઞાને આધીન છે એ સર્વ રાજવીઓ પૈકી કોઈપણ રાજવીનો મને જો કે ભય નથી. પરંતુ એ પ્રત્યેક રાજા પૈકી કોઈ રાજાનો પુત્ર મારા કરતાં વધુ બળવાન—વધુ પરાક્રમી હોય અને ભવિષ્યમાં મારા ત્રણ ખંડનું સામ્રાજ્ય, રણસંગ્રામ વગેરે કરીને પોતાને સ્વાધીન કરે, એવું તો કોઈ નથી ને? એનો મારે નિર્ણય કરવો જોઈએ." આ પ્રમાણે વિચાર થયા બાદ દૈવયોગે અષ્ટાંગ નિમિત્તના જાણકાર

કોઈ દૈવજ્ઞનો સમાગમ થતાં પ્રતિવાસુદેવ અશ્વગ્રીવે એ દૈવજ્ઞને પોતાના દિલમાં જે વિચાર પ્રગટ થયો હતો તે રજૂ કર્યો. ઉપરાંત 'મારું મૃત્યુ કોના હાથે થશે?' તે બાબત પણ દૈવજ્ઞને પૂછવામાં આવ્યું. દૈવજ્ઞ જ્યોતિષ-શાસ્ત્રમાં પરિપૂર્ણ કુશલ હતો. પ્રતિવાસુદેવનું ભાવિ અનિષ્ટ જ્યોતિષના બળે દૈવજ્ઞના જાણવામાં આવ્યું. પરંતુ એ વાત પ્રતિવાસુદેવ સમક્ષ રજૂ કરવામાં દૈવજ્ઞનું દિલ અચકાયું. પ્રતિવાસુદેવ અશ્વગ્રીવે દૈવજ્ઞની મુખાકૃતિ ઉપરથી એ વાત સમજી જતાં, ઇષ્ટ અનિષ્ટ જે ભાવિ હોય તે સત્ય રીતે જણાવવાનો દૈવજ્ઞને અતિ આગ્રહ કર્યો. પ્રતિવાસુદેવનો અતિશય અનુરોધ થતાં દૈવજ્ઞે સ્પષ્ટ રીતે રાજાને જણાવ્યું કે "આપના ચંડવેગ દૂતનો જે રાજકુમાર પરાભવ કરશે, તેમ જ શાલિક્ષેત્રના રક્ષણ માટે મોકલેલા જે રાજકુમાર ત્યાં રહેલા કેસરી સિંહનું વિનાશસ્ત્રે વિદારણ કરશે તે રાજકુમારના હસ્તથી તમારું મૃત્યુ થશે." જેનું કથન પ્રાયઃ પ્રત્યેક પ્રસંગે સાચું પડતું હતું એવા શાસ્ત્રકુશલ દૈવજ્ઞના મુખેથી ઉપર જણાવેલ બાબત પ્રતિવાસુદેવ અશ્વગ્રીવના જાણવામાં આવતાં અંતરંગ દૃષ્ટિએ તેનું હૈયું ભયભ્રાન્ત બનવા છતાં બાહ્ય દૃષ્ટિએ મુખની પ્રસન્નતા પ્રદર્શિત કરવા સાથે દૈવજ્ઞને યોગ્ય દાન-દક્ષિણા આપી વિદાય કર્યો.

### અષ્ટાંગ નિમિત્તનો અવબોધ એ વિશિષ્ટ શ્રુતજ્ઞાન છે

પાંચ પ્રકારના જ્ઞાનમાં અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એ ત્રણ જ્ઞાન પ્રત્યક્ષજ્ઞાન છે. અને મતિ-જ્ઞાન તથા શ્રુતજ્ઞાન એ બન્ને પરોક્ષજ્ઞાન છે. અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન એ ત્રણેય જ્ઞાન વડે ઇન્દ્રિય અને મનની મદદ સિવાય સીધે સીધું આત્માને પોત-પોતાના વિષયની મર્યાદા પ્રમાણે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું પ્રત્યક્ષ જાણપણું થાય છે. તેમજ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વડે ઇન્દ્રિય અને મનની મદદથી મર્યાદિત વિષયોનો પરોક્ષ અવબોધ થાય છે એમ છતાં મતિ અને શ્રુતનો જો વિશિષ્ટ ક્ષયોપશમ હોય તો તે બન્ને જ્ઞાનો વડે ભૂતકાળ અને ભાવિકાળના ભાવોનું પણ વાસ્તવિક જ્ઞાન આત્માને પ્રાપ્ત થાય છે. શ્રુતજ્ઞાનના અનેક પ્રકારો પૈકી અષ્ટાંગનિમિત્તનો અવબોધ એ પણ એક પ્રકારનું વિશિષ્ટશ્રુતજ્ઞાન છે. કોઈ મહાનુભાવને એ અષ્ટાંગ-નિમિત્તવિષયક શાસ્ત્રોનો જો સુંદર અભ્યાસ તેમજ અનુભવ હોય તો તે મહાનુભાવની ભવિષ્યવાણી બરાબર સાચી પડે છે. પ્રતિવાસુદેવ અશ્વગ્રીવે જે દૈવજ્ઞને પ્રશ્ન કરેલ તે દૈવજ્ઞ પણ વિશિષ્ટ કક્ષાનો દૈવજ્ઞ હતો. તેના મુખમાંથી જે ભવિષ્યવાણી પ્રગટ થતી હતી તે પ્રાયઃ બરાબર સાચી જ પડતી હતી. આવા કારણે એ દૈવજ્ઞના મુખમાંથી પોતાના ભાવિ માટે નીકળેલાં અનિષ્ટ વાક્યો શ્રવણ કરવાનો પ્રસંગ આવતાં અશ્વગ્રીવનું નિર્ભય હૈયું પણ ભયથી કમ્પી ઊઠે એમાં શું આશ્ચર્ય હોય?

### પ્રતિવાસુદેવને શરૂ થયેલ આર્ત્તધ્યાન

કોઈપણ મહાનુભાવ અનેક પ્રકારના પ્રયાસો કરવા સાથે વિવિધ પ્રકારના પાપસ્થાનકોને સેવી વિશાળ રાજ્ય-સંપત્તિ પ્રાપ્ત કર્યા બાદ પોતાની સામે એનો વિયોગ દેખે ત્યારે તો પ્રાયઃ તે વ્યક્તિને અત્યન્ત દુઃખ થાય. પરન્તુ ભવિષ્યકાળમાં એ વિશાળ રાજ્ય-સંપત્તિના વિયોગની વાત સાંભળવા ઉપરાંત પોતાના મૃત્યુ સંબંધી અસરો શ્રવણ કરે એટલે ભલભલા નિર્ભય હૈયાઓમાં પણ તીવ્ર આર્ત્તધ્યાનના કારણે કમકમાટી શરૂ થઈ જાય. ફક્ત જે મહાનુભાવના અંતરમાં સમ્યગ્જ્ઞાનનો ઓછોવધુ પ્રકાશ વર્તતો હોય અને એ પ્રકાશના કારણે નિત્યસંયોગી–અનિત્યસંયોગી ભાવોનો અવબોધ પ્રાપ્ત થયો હોય તે મહાનુભાવોને આર્ત્તધ્યાન થવાનો પ્રસંગ પ્રાયઃ પ્રાપ્ત ન થાય. અને કદાચ થાય તો તેનો કાળ અલ્પ હોય. પરંતુ જે વ્યક્તિને ઉપર જણાવેલ સમ્યગ્દર્શનજન્ય નિમળ-બોધ પ્રગટ નથી થયો તેવી વ્યક્તિઓને તો અનિત્ય સંયોગી-ભાવોમાં પણ નિત્યસંયોગીપણાનો ભ્રમ વર્તતો હોવાથી તેમ જ પૌદ્ગલિક સાધનોની અનુકૂળતામાં સુખની કલ્પના અને તેની પ્રતિકૂળતામાં દુઃખની કલ્પના વર્તતી હોવાથી આવા પ્રસંગે ઇષ્ટવિયોગ નામનું તીવ્ર આર્ત્તધ્યાન શરૂ થાય છે. એ આર્ત્તધ્યાનના પ્રવાહની પાછળ રૌદ્રધ્યાન પ્રગટ થાય છે. અને પરિણામે તે આત્મા નરકાદિ દુર્ગતિમાં ચાલ્યો જાય છે.

### દૈવજ્ઞના વચનોની પ્રતીતિ કરવા માટે પ્રતિવાસુદેવનો પ્રયાસ

પ્રતિવાસુદેવ અશ્વગ્રીવના અંતઃકરણમાં પણ દૈવજ્ઞના વચનો શ્રવણ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં અજ્ઞાન દશાના કારણે તીવ્ર આર્ત્તધ્યાનનો પ્રારંભ થઈ ગયો. રાત્રિદિવસ "શું મારો રાજ્યવૈભવ અને વિપુલ સંપત્તિ એ રાજકુમાર લઈ લેશે? અરે! આટલું આટલું મારું પરાક્રમ છતાં એ ઊગતા રાજકુમારના હાથે શું મારું મૃત્યુ થશે!" આ વિચારોની ઘટમાળ શરૂ થઈ. અને નિર્ણય કર્યો કે દૂતનો

પરાભવ અને કેસરી સિંહના વિદારણની દૈવજ્ઞે જણાવેલ વાત માટે ખાતરી તો કરું. તુરત પોતાના ચંડવેગ નામના દૂતને ત્રિપૃષ્ઠ વાસુદેવના પિતા રાજા પ્રજાપતિ તરફ રવાના કર્યો. રાજા પ્રજાપતિ પોતે યદ્યપિ વિશાળ રાજ્યના અધિપતિ હતા છતાં ત્રણ ખંડના સ્વામી પ્રતિવાસુદેવ-અશ્વગ્રીવની આજ્ઞા એમને શિરોમાન્ય હતી. પ્રતિવાસુદેવનો દૂત ચંડવેગ જે અવસરે રાજા પ્રજાપતિના નગરમાં પહોંચ્યો તે અવસરે રાજા પ્રજાપતિ પોતાની રાજસભામાં સુવર્ણના સિંહાસન ઉપર બિરાજમાન હતા. એક બાજુના આસન ઉપર ત્રિપૃષ્ઠ વાસુદેવ અને બીજી બાજુના સિંહાસન ઉપર બલદેવ અચલકુમાર બિરાજેલા હતા. મહામાત્ય, મંત્રી, ઉપમંત્રી-સેનાપતિ નગરશેઠ તેમ જ બીજા નાના મોટા અધિકારીઓ અને શ્રીમંત પ્રજાજનો વડે રાજસભા અત્યંત શોભતી હતી. વારાંગનાઓ તેમ જ સંગીતકારોના નાચમુજરા અને સંગીતની રેલમછેલ એ રાજસભામાં ચાલતી હતી. સર્વ કોઈ એ નાચ, મુજરા અને સંગીત શ્રવણમાં લયલીન બની ગયા હતા. બરાબર એ અવસરે પ્રતિવાસુદેવ અશ્વગ્રીવના દૂતે અગાઉથી ખબર આપ્યા સિવાય એમને એમ રાજસભામાં પ્રવેશ કર્યો. રાજા પ્રજાપતિ આ ચંડવેગને જાણતા હતા. અકસ્માત્ પ્રતિવાસુદેવના દૂતનો રાજસભામાં પ્રવેશ થતાં રાજા સસંભ્રમ ઉભા થઈ ગયા, દૂતનું સ્વાગત કર્યું અને યોગ્ય આસને તેને બેસાડી પ્રતિવાસુદેવ અશ્વગ્રીવ મહારાજાના કુશળ સમાચાર પૂછ્યા. પરંતુ રાજસભામાં દૂતનો અકસ્માત્ પ્રવેશ થતાં નાચ-મુજરા અને સંગીતના રંગમાં ભંગ પડવાથી ત્રિપૃષ્ઠ વાસુદેવના હૈયામાં દૂત ઉપર રોષ આવ્યો. બાજુમાં બેઠેલાને, આ દૂત કોણ છે? ક્યાંથી આવ્યો છે? પિતાજીએ આ દૂતનો આટલો બધો આદર સત્કાર કર્યો તેનું શું કારણ છે? વગેરે હકીકત પૂછતાં આ દૂત ત્રણખંડના સ્વામી અશ્વગ્રીવ પ્રતિવાસુદેવનો દૂત છે. ભરતક્ષેત્રના ત્રણખંડમાં વર્તતા નાના મોટા સર્વ રાજાઓ એ પ્રતિવાસુદેવની આજ્ઞામાં વર્તતા હોવાથી આપણા રાજા પણ તેમના દૂતનો આદરસત્કાર કરે તે સ્વાભાવિક છે. પ્રતિવાસુદેવના દૂતનો આદર એ પ્રતિવાસુદેવનો જ આદર છે એમ આજે સર્વ રાજાઓ માને છે. અને એ કારણેજ આપણા રાજા પ્રજાપતિએ રાજસભામાં ચાલતા નાચ-મુજરા તેમજ સંગીતના રંગને બાજુમાં રાખીને પણ આ દૂતનું બહુમાન કર્યું છે તે બરાબર કરેલ છે.

### ત્રિપૃષ્ઠકુમારે કરેલો ચંડવેગ દૂતનો પરાભવ

ત્રિપૃષ્ઠકુમાર એ વાસુદેવનો અવતાર હતો. પ્રતિવાસુદેવ કરતા તેમનું પુણ્યબળ વધુ પ્રબળ હતું. તેના આત્મામાં જોમ અને શૂરાતનનો પ્રવાહ અસ્ખલિત હતો. જે વ્યક્તિને ત્રિપૃષ્ઠકુમારે દૂત સંબંધી હકીકત પૂછેલી તે વ્યક્તિ પાસેથી ઉપર જણાવેલ બાબત જાણવામાં આવતાં ત્રિપૃષ્ઠકુમારનું લોહી ગરમ થઈ ગયું. "મારા પિતા ભલે ગમે તે કારણે પ્રતિવાસુદેવની આજ્ઞા શિરોમાન્ય રાખતા હોય અને તેમના દૂતનો આદર કરતા હોય પરંતુ હું તે પ્રમાણે એ અશ્વગ્રીવની આજ્ઞા માનવા તૈયાર નથી. એટલુંજ નહિ પણ રંગમાં ભંગ પાડનાર આ દૂતની બરાબર ખબર લેવી જોઈએ." આ પ્રમાણે અનેક પ્રકારની વિચારધારા ત્રિપૃષ્ઠકુમારના અંતઃકરણમાં શરૂ થઈ. એટલું જ નહિ પણ અગાઉથી કરેલા સંકેત મુજબ પોતાના માણસ મારફત આ ચંડવેગ દૂત રાજાએ આપેલ કિંમતી ભેટણાં લઈને પોતાના સ્વામી અશ્વગ્રીવ રાજા પાસે જવા રવાના થયાની ખબર મળતાં ત્રિપૃષ્ઠકુમારે તેના જવાના માર્ગમાં પહોંચી એ ચંડવેગને લૂંટી લીધો અને અનેક પ્રકારના અપશબ્દો વગેરેથી તેનો પરાભવ કર્યો. ચંડવેગ દૂત પોતાના સ્વામી પાસે જઈ રાજા પ્રજાપતિ તરફથી મળેલ આદર માન અને તેમના પુત્ર ત્રિપૃષ્ઠકુમાર તરફથી પરાભવની હકીકત પ્રતિવાસુદેવને જણાવે તે પહેલાં જ બીજા માણસો મારફત એ બધી હકીકત અશ્વગ્રીવના જાણવામાં આવી ગઈ હતી. અને અષ્ટાંગ નિમિત્તના જાણ દૈવજ્ઞની બે હકીકત પૈકી એક હકીકત સાચી પડતાં પ્રતિવાસુદેવ અશ્વગ્રીવનું અંતઃકરણ વધુ આકુળ વ્યાકુળ બન્યું હતું.

### ત્રિપૃષ્ઠકુમારે કરેલ સિંહવિદારણ

દૈવજ્ઞે જણાવેલ બીજી સિંહવિદારણની હકીકત માટે પ્રતિવાસુદેવને પ્રતીતિ કરવાની ઇચ્છા થતાં પોતાના તાબાના જે પ્રદેશમાં સિંહનો ખૂબ ત્રાસ હોવાના કારણે ખેડૂત વર્ગ પોતાના ક્ષેત્રનું યથોચિત રક્ષણ કરવા માટે અસમર્થ હોવાથી પોતાની આજ્ઞામાં વર્તતા જુદા જુદા રાજાઓને એ પ્રદેશનું અને ત્યાંની પ્રજા તેમજ અનાજ વગેરેનું રક્ષણ કરવા માટે ક્રમશઃ મોકલાવવામાં આવતા હતા. અશ્વગ્રીવ રાજાએ પ્રજાપતિ રાજાને એ પ્રદેશના સંરક્ષણ માટે જવાનો ઇરાદાપૂર્વક સંદેશો મોકલ્યો. રાજા પ્રજાપતિ અશ્વગ્રીવના સંદેશા પ્રમાણે એ પ્રદેશમાં જવા તૈયાર થતાં બલદેવ અચલકુમાર તથા વાસુદેવ

ત્રિપૃષ્ઠકુમાર બન્ને બંધુઓએ વિનંતિ સાથે પિતાજીને તે પ્રદેશમાં જતા અટકાવી સિંહના ભયથી એ પ્રદેશને સદા માટે નિર્ભય બનાવવાની ઇચ્છાથી તે સ્થાન તરફ પ્રયાણ કર્યું. સિંહને રહેવાનું જ્યાં સ્થાન હતું ત્યાં બન્ને બંધુઓ રથમાં બેસી પહોંચી ગયા. અને પોતાના સ્થાનમાં નિર્ભયપણે સૂતેલા સિંહને જાગૃત કરવા ત્રિપૃષ્ઠ કુમારે સિંહ કરતાં વધુ જોરદાર ગર્જના શ્રવણ થતાં સિંહ તુર્તજ પોતાના સ્થાનમાંથી નીકળીને બહાર આવ્યો અને બન્ને કુમારને પોતાની સામે ઉભેલા જોઈને સિંહે પણ આજુબાજુનો પ્રદેશ ધ્રૂજી જાય તેવો સિંહનાદ કર્યો, તેમજ પોતાનું પૂંછડુ જોરથી જમીન ઉપર પછાડી કુમાર ઉપર ફાળ મારવા તૈયાર થઈ ગયો. ત્રિપૃષ્ઠકુમાર અચલકુમારને આગળ વધતા અટકાવી એકલા પોતે રથ ઉપરથી સિંહની સામે આવી ગયા. 'સિંહ નિઃશસ્ત્ર છે તો મારાથી શસ્ત્ર કેમ રાખી શકાય?' એમ વિચારી શસ્ત્રો બાજુમાં મૂકી પશુના રાજા કેસરી સિંહની સામે ત્રિપૃષ્ઠકુમાર યુદ્ધ કરવા તૈયાર થઈ ગયા. સિંહે કુમાર ઉપર જેવી ફાળ મારી એ સાથે જ તેની ફાળને ચુકાવી પોતાના બે હાથ વડે મજબુત રીતે સિંહના બે જડબા કુમારે પકડી લીધા અને પછી પોતાના સમગ્ર બળનો ઉપયોગ કરી વસ્ત્રના બે ટુકડા કરવામાં આવે તે પ્રમાણે સિંહનું વિદારણ કરી નાંખ્યું. દૂર દૂરથી આ દૃશ્યને જોનારા સેંકડો મનુષ્યોએ કુમારને જય-જય શબ્દોથી વધાવી લીધા. શરીરના બે ટુકડા થવા છતાં "હું જંગલનો રાજા અને આ એક બાળક જેવા અને તે પણ નિઃશસ્ત્ર કુમારે મને ચીરી નાંખ્યો" જાણે એવી મનોવેદનામાં તરફડિયાં મારતા સિંહની પાસે ત્રિપૃષ્ઠકુમારનો રથ ચલાવનાર સારથિ આવી પહોંચ્યો અને મધુર વાણીથી સિંહને આશ્વાસન આપ્યું કે 'હે કેસરી સિંહ! તું એમ સમજે છે કે આ બાળક સામાન્ય કુમાર છે? અને તેના હાથે તારૂં મૃત્યુ થતાં તારો અંતરાત્મા અત્યન્ત મનોવેદના અનુભવી રહ્યો છે. પણ આ તારી સમજણ બરાબર નથી. તું જેમ જંગલનો રાજા છે. એમ આ કુમાર થોડા સમયમાં વાસુદેવ તરીકે ત્રણ ખંડ-પૃથ્વીના રાજાધિરાજ થવાના છે. તારું મૃત્યુ સામાન્ય કુમારના હાથે નથી થયું. માટે તારે તરફડિયાં મારવાનું અને મનમાં દુઃખ ધરવાનું કશું પ્રયોજન નથી. સારથી તરફથી આ પ્રમાણે આશ્વાસન મળતાં સિંહ શાંત બની ગયો અને આયુષ્ય પૂર્ણ કરી નરકગતિમાં ચાલ્યો ગયો. ત્રિપૃષ્ઠકુમાર પણ પોતાના વડીલ બંધુ અચલકુમાર સાથે પોતાની રાજધાનીમાં પહોંચ્યા. પ્રતિવાસુદેવ અશ્વગ્રીવને સિંહવિદારણની વાત જાણવામાં આવતાં દૈવજ્ઞના વચનો સાચાં પડવાથી તેનું હૈયું વધુ ગમગીન બની ગયું.

### ત્રિપૃષ્ઠકુમાર સાથે સ્વયંપ્રભાનું પાણિગ્રહણ

અષ્ટાંગનિમિત્તના જાણકાર દૈવજ્ઞે પ્રતિવાસુદેવનાં મૃત્યુ માટે રજૂ કરેલ બન્ને બાબતો સાચી પડતાં એ ત્રણ ખંડના અધિપતિ અશ્વગ્રીવનું અંતઃકરણ અત્યન્ત વ્યાકુળ બની જાય તે સ્વાભાવિક હતું. અશ્વગ્રીવના આત્માને ક્યાંય શાંતિ પ્રાપ્ત થતી નથી. દિવસો અને રાત્રિઓ અશાંતિમાં જ પસાર થાય છે. એ દરમ્યાન પોતાની આજ્ઞામાં વર્તતા વિદ્યાધર જ્વલન જટીએ યોગ્ય વયે પહોંચેલી પોતાની પુત્રી સ્વયંપ્રભાનું ત્રિપૃષ્ઠકુમારની સાથે પાણિગ્રહણ કરાવ્યાના પ્રતિવાસુદેવને સમાચાર મળતાં એના અંતઃકરણમાં પ્રચંડ ઈર્ષ્યાગ્નિ પ્રગટ થવા ઉપરાંત અશાંતિમાં ઓર વધારો થયો. "મારી આજ્ઞામાં વર્તતો વિદ્યાધર પોતાની પુત્રીનું મારા સિવાય બીજાની સાથે કેમ પાણિગ્રહણ કરાવી શકે! વિદ્યાધરે ભલે ગમે તે કારણે તે પ્રમાણે પાણિગ્રહણ કરાવ્યું. પરંતુ ત્રિપૃષ્ઠકુમારે શા માટે એ વિદ્યાધરપુત્રીનું પાણિગ્રહણ કર્યું? આ વિદ્યાધરપુત્રી મારે યોગ્ય નથી. આ સ્ત્રીરત્ન તો ત્રણ ખંડના સ્વામી અશ્વગ્રીવના અંતઃપુર માટે યોગ્ય છે. આ બાબત કેમ એ કુમારને ખ્યાલમાં ન આવી! વિદ્યાધરે તથા ત્રિપૃષ્ઠકુમારે ગમે તે કર્યું પણ એ સ્ત્રીરત્ન સ્વયંપ્રભાને મારા અંતઃપુરમાં બેસાડું તો જ હું સાચો પ્રતિવાસુદેવ!" આ પ્રમાણે નિર્ણય કરી સ્વયંપ્રભાની માગણી માટે ત્રિપૃષ્ઠકુમાર પાસે પોતાના દૂતને રવાના કર્યો.

### પૂર્વસંચિત પ્રારબ્ધ પ્રમાણે નિમિત્તની હાજરી

વિનાશકાલે વિપરીતબુદ્ધિઃ આ વાક્ય જગપ્રસિદ્ધ છે. અશુભોદય દ્વારા જીવનમાં અનિષ્ટ થવાનું હોય ત્યારે તે વ્યક્તિને બુદ્ધિમાં વિપર્યાસ થાય છે. પ્રતિવાસુદેવ અશ્વગ્રીવની બુદ્ધિમાં એ જ પ્રમાણે વિપર્યાસ થયો. જગતના નિયમ પ્રમાણે કન્યાની હજુ માગણી હોય પરંતુ પાણિગૃહીત સ્ત્રીની માગણી ન હોય. પ્રતિવાસુદેવનો દૂત ત્રિપૃષ્ઠકુમાર પાસે પહોંચ્યો અને પોતાના સ્વામીનો સંદેશો એ ક્ષત્રિયકુમારને સંભળાવ્યો. ત્રિપૃષ્ઠકુમાર વાસુદેવના અવતાર હતા. અને તેમના પ્રારબ્ધ યોગે વાસુદેવની પદવી પ્રાપ્ત થવાનો અવસર નજીક આવી પહોંચ્યા હતો. એજ પ્રમાણે પ્રતિવાસુદેવના

પ્રારબ્ધનો અંત આવવાની તૈયારી હતી અને આયુષ્ય પૂર્ણ થવાનો યોગ નજીકમાં આવી પહોંચ્યો હતો. જે વ્યક્તિનું પૂર્વસંચિત પ્રારબ્ધ જેવા પ્રકારનું હોય પ્રાયઃ તે વ્યક્તિને પોતાના પ્રારબ્ધ પ્રમાણે અનુકૂળ પ્રતિકૂળ નિમિત્તો મળી જાય છે. પ્રતિવાસુદેવના દૂતનો સંદેશો ત્રિપૃષ્ઠકુમાર માટે વાસુદેવપણું પ્રાપ્ત કરવામાં નિમિત્ત બન્યો. અને પ્રતિવાસુદેવના મૃત્યુ માટે નિમિત્તરૂપ થયો.

**વાસુદેવ–પ્રતિવાસુદેવનું યુદ્ધ અને વાસુદેવનો વિજય**

દૂતના મુખેથી પ્રતિવાસુદેવનો સંદેશો શ્રવણ કરવાની સાથે જ પ્રતિવાસુદેવની નિર્લજ્જ અને અતિ અનુચિત માગણી અંગે ત્રિપૃષ્ઠકુમારનું લોહી ખૂબ ગરમ થઈ ગયું. તેમજ પ્રતિવાસુદેવના દૂતનો અત્યન્ત તિરસ્કાર કરી તેને હાંકી કાઢ્યો. દૂતે પોતાના સ્વામી પાસે જઈ પોતાનો તિરસ્કાર થયાની સર્વ હકીકત જણાવી. અશ્વગ્રીવનું હૈયું પણ આ હકીકત સાંભળતાં અતિશય રોષે ભરાયું અને ત્રિપૃષ્ઠકુમાર સાથે રણસંગ્રામ કરી તેને હરાવી સ્વયંપ્રભાને પોતાના અંતઃપુરમાં લાવવાનો નિર્ણય કર્યો. વિશાળ સૈન્યને તૈયાર કરી ત્રિપૃષ્ઠકુમારની હદમાં અશ્વગ્રીવ આવી પહોંચ્યો. ત્રિપૃષ્ઠકુમારને તો રણસંગ્રામ અત્યન્ત પ્રિય હતો. તેનાં શૌર્ય તન અને વીર્યોલ્લાસ અદ્ભુત હતાં. પિતાજીની આજ્ઞા લઈ પોતાના સૈન્ય સાથે ત્રિપૃષ્ઠકુમાર પણ રણસંગ્રામના મોખરે આવી પહોંચ્યો. રણસંગ્રામમાં અગણિત સૈનિકો મરણને શરણ થયા. ખૂનખાર રંગ જામ્યો. અશ્વગ્રીવ અને ત્રિપૃષ્ઠકુમાર બન્ને વીર પુરુષો રણસંગ્રામમાં સામસામા આવી ગયા. અશ્વગ્રીવે ગુસ્સામાંને ગુસ્સામાં પોતાનું ચક્રરત્ન ત્રિપૃષ્ઠકુમાર તરફ ફેંક્યું. પરતુ વિશિષ્ટ પુણ્યબળના કારણે કુમારને ક્ષણવાર મૂર્ચ્છા સિવાય ચક્રરત્નની ખાસ બીજી કશી અસર ન થઈ. ત્રિપૃષ્ઠકુમારે એજ ચક્ર હાથમાં લઈને પ્રતિવાસુદેવ ઉપર ફેંક્યું. પ્રતિવાસુદેવનો કાળ નજીક આવી પહોંચ્યો હતો. એટલે પોતાના જ ચક્રથી પોતાનો શિરચ્છેદ થતાં અશ્વગ્રીવ અવનિ ઉપર ઢળી પડ્યા અને આયુષ્ય પૂર્ણ કરી સાતમી નરકના અતિથિ થયા તે જ અવસરે ગગનમાં રહેલા દેવોએ ત્રિપૃષ્ઠકુમારને જય જય શબ્દોથી વધાવી લીધા. વાસુદેવનાં સાતરત્નો પૈકી શાંર્ગધનુષ્ય, કૌમુદકી ગદા વગેરે જે રત્નો બાકી હતાં તે તેમને અર્પણ કર્યાં અને એ દેવોએ ત્રિપૃષ્ઠકુમારની વાસુદેવ તરીકે જાહેરાત કરતાં અત્યાર સુધી પ્રતિવાસુદેવ અશ્વગ્રીવની આજ્ઞામાં વર્તતા ભરતના ત્રણેય ખંડના નાના મોટા રાજાઓએ વાસુદેવ ત્રિપૃષ્ઠ મહારાજાની આજ્ઞાનો સ્વીકાર કર્યો. આ પ્રમાણે ભગવાન મહાવીર દેવના આત્માએ અઢારમા ભવમાં વાસુદેવપણું પ્રાપ્ત કર્યું. (ક્રમશઃ)

આપની જ

# મોહિની મીલ્સનું

કાપડ વાપરો

卐

મેનેજીંગ એજન્ટસ

## ચક્રવર્તી સન્સ એન્ડ કું.

: રજીસ્ટર્ડ ઓફીસ :

૨૨, કેનીંગ સ્ટ્રીટ, કલકત્તા

卐

સૌ કોઈને પોસાય તેવા વધતા ઓછા
અને વ્યાજબી ભાવે કાપડના દરેક વેપારી
પાસેથી આ મીલ્સનું કાપડ મળે છે.

મીલ નં. ૧ કુશ્ટીઆ
(પૂર્વ પાકિસ્તાન)

મીલ નં. ૨ બેલઘરીઆ
(કલકત્તા)

# શ્રમણ અને બ્રાહ્મણ સંસ્કૃતિનું હાર્દ*

**પં. શ્રી. સુખલાલજી સંઘવી**

**બ્રહ્મ અને સમ**

હું તત્ત્વજ્ઞાનના બધા જ પ્રવાહોને આવરી લેનાર અનેક મુદ્દાઓ વિશે આજે નથી બોલતો; માત્ર બે મુદ્દાઓ લઈ તે વિશે ટૂંકમાં ચર્ચા કરવા ધારું છું. એ મુદ્દા એવા છે કે જે ભારતીય તત્ત્વચિંતનના લગભગ બધા જ પ્રવાહોને સ્પર્શે છે, અને તત્ત્વજ્ઞાનની વિવિધ સરણીઓની ચડતીઊતરતી કક્ષા પણ સૂચવે છે. તે બે મુદ્દા સૂત્રરૂપે આ રહ્યા : (૧) बुद्धेस्तत्पक्षपाततः। અને (૨) વ્યવહાર–પરમાર્થ–દૃષ્ટિ.

આનો સંક્ષિપ્ત અર્થ એ છે કે બુદ્ધિશક્તિના ઉદ્ભવનું કેન્દ્ર ભલે જુદું જુદું હોય, અને તેનાં વહેણો ભલે અનેક વળાંકો લેતાં પ્રવર્તમાન થાય, પણ છેવટે બુદ્ધિ કોઈ એક પરમ સત્ય ભણી જ વળે છે; કેમ કે બુદ્ધિનો મૂળગત સ્વભાવ સત્યને સ્પર્શવાનો છે. તે એવા સત્યને ન સ્પર્શે ત્યાં લગી એ સંતોષાતી નથી. આથી જ મહિમ્ન-સ્તોત્રના રચયિતાએ કહ્યું છે કે :

रुचीनां वैचित्र्याद् ऋजुकुटिलनानापथजुषां,
नृणामेकोगम्यस्त्वमसि पयसामर्णव इव ॥

વ્યવહાર એટલે દૃશ્ય તેમજ સામાન્ય જનથી સમજી શકાય એવી આચારવિચારની કક્ષાઓ. અને પરમાર્થ એટલે ધ્યાન, ચિંતન તેમ જ પ્રજ્ઞાની કક્ષાને સ્પર્શતી સૂક્ષ્મ તત્ત્વલક્ષી ભૂમિકાઓ.

ભારતીય તત્ત્વવિચારને સંબંધ છે ત્યાં લગી એમ કહી શકાય કે એ તત્ત્વવિચારનાં ઉદ્ગમસ્થાનો બે જુદાં જુદાં છે : એક છે સ્વાત્મા અને બીજું છે વિશ્વપ્રકૃતિ. અર્થાત્ પહેલું આંતર અને બીજું બાહ્ય.

કોઈ અજ્ઞાત કાળમાં મનુષ્ય પોતાની જાત વિશે વિચાર કરવા પ્રેરાયો. હું પોતે શું છું? કેવો છું? અને બીજા જીવો સાથે મારો શો સંબંધ છે?–એવા પ્રશ્નો એને ઉદ્ભવ્યા. આનો ઉત્તર મેળવવા તે અંતર્મુખ થયો અને એને પોતાના સંશોધનને પરિણામે જણાયું કે હું એક સચેતન તત્ત્વ છું અને બીજા પ્રાણીવર્ગમાં પણ એવી જ ચેતના છે. આ વિચારે તેને પોતાની જાત અને બીજા પ્રાણીવર્ગ વચ્ચે સમતાનું દર્શન કરાવ્યું. એ દર્શન-માંથી સમભાવના વિવિધ અર્થો અને તેની ભૂમિકાઓ તત્ત્વવિચારમાં રજૂ થઈ. બુદ્ધિના આ વહેણને सम તરીકે ઓળખાવવામાં આવે છે.

બુદ્ધિનું બીજું પ્રભવસ્થાન બાહ્ય પ્રકૃતિ છે. જેઓ વિશ્વપ્રકૃતિની વિવિધ બાજુઓ, ઘટનાઓ અને તેનાં પ્રેરક બળો તરફ આકર્ષાયા હતા, તેમને એમાંથી કવિત્વની કહો કે કવિત્વમય ચિંતનની, ભૂમિકા લાધી. દા. ત., ઋગ્વેદના જે કવિએ ઉષાના ઉલ્લાસપ્રેરક અને રોમાંચકારી દર્શનનું સંવેદન ઝીલ્યું, તેણે ઉષાને એક રક્તવસ્ત્રા તરુણી રૂપે ઉષાસૂક્તમાં ગાઈ. સમુદ્રના ઊછળતા તરંગો અને તોફાનો વચ્ચે નૌકાયાત્રા કરતાં ઋગ્વેદના જે કવિને સમુદ્રના અધિષ્ઠાયક વરુણનું રક્ષણહાર તરીકે સ્મરણ થઈ આવ્યું. તેણે વરુણસૂક્તમાં એ વરુણદેવને પોતાના સર્વશક્તિમાન રક્ષણહાર લેખે સ્તવ્યો. જેને અગ્નિની જ્વાળાઓ અને પ્રકાશક શક્તિઓનું રોમાંચક સંવેદન થયું, તેણે અગ્નિનાં સૂક્તો રચ્યાં. જેને ગાઢ અંધકારવાળી રાત્રિનું રોમાંચક સંવેદન થયું તેણે રાત્રિસૂક્ત રચ્યું. એ જ રીતે વાક્, સ્કંભ, કાળ આદિ સૂક્તો વિશે કહી શકાય. પ્રકૃતિનાં એ જુદાં જુદાં પાસાં હોય કે તેમાં કોઈ દિવ્ય સત્ત્વો હોય, અગર એ

* અમદાવાદમાં તા. ૨૩, ૨૪, ૨૫ ઑક્ટોબર, ૧૯૫૯ના દિવસો દરમ્યાન મળેલ ગુજરાતી સાહિત્ય પરિષદના વીસમા સમ્મેલનમાં, તા. ૨૪–૧૦–૧૯૫૯ના રોજ, તત્ત્વજ્ઞાન વિભાગના પ્રમુખ તરીકે પંડિત શ્રી સુખલાલજીએ આપેલ ભાષણ.

બધાં પાછળ કોઈ એક જ પરમગૂઢ તત્ત્વ હોય, પણ આ જુદા જુદા કવિઓએ કરેલી પ્રાર્થનાઓ, દશ્યમાન પ્રકૃતિના કોઈ ને કોઈ પ્રતીકને આશ્રયીને ઉદ્‌ભવી છે.

આવી જુદાં જુદાં પ્રતીકોને સ્પર્શતી પ્રાર્થનાઓને બ્રહ્મ રૂપે ઓળખાવાતી. બ્રહ્મના આ પ્રાથમિક અર્થમાંથી ક્રમે ક્રમે અનેક અર્થો ફલિત થયા. જે યજ્ઞોમાં આ સૂક્તોનો વિનિયોગ થતો તે પણ બ્રહ્મ કહેવાયાં. તેના નિરૂપક ગ્રંથો અને વિધિવિધાન કરનાર પુરોહિતો પણ બ્રહ્મ, બ્રહ્મા કે બ્રાહ્મણ તરીકે વ્યવહારાયા. અને પ્રાચીન કાળમાં જ પ્રકૃતિનાં એ વિવિધ પાસાંઓ કે દિવ્ય સત્ત્વો, એ બધાંને એક જ તત્ત્વરૂપે પણ ઓળખાવવામાં આવ્યાં. અને ઋગ્વેદના પ્રથમ મંડળમાં જ સ્પષ્ટ દર્શાવવામાં આવ્યું છે કે, ઇન્દ્ર, મિત્ર, વરુણ, અગ્નિ ઇત્યાદિ જુદાં જુદાં નામોથી જે સ્તવાય અને ગવાય છે, તે તો છેવટે એક જ તત્ત્વ છે અને તે તત્ત્વ એટલે સત્. આમ પ્રકૃતિનાં અનેક પ્રતીકો છેવટે એક સત્‌રૂપ પરમ તત્ત્વમાં વિશ્રામ પામ્યાં અને એ વિચાર અનેક રીતે આગળ વિકસતો અને વિસ્તરતો ગયો.

સમભાવના ઉપાસકો સમન કે સમણ કહેવાયા. સંસ્કૃતમાં એનું શમન અને શ્રમણ એવું રૂપાંતર થયું છે, પણ સમ શબ્દ સંસ્કૃત જ હોઈ તેનું સંસ્કૃતમાં સમન એવું રૂપ બને છે. બ્રહ્મન્‌ના ઉપાસકો અને ચિંતકો બ્રાહ્મણ કહેવાયા. પહેલો વર્ગ મુખ્યપણે આત્મલક્ષી રહ્યો; બીજો વર્ગ વિશ્વપ્રકૃતિમાંથી પ્રેરણા પામેલો અને તેનાં જ પ્રતીકો દ્વારા સૂક્ષ્મતમ તત્ત્વ સુધી પહોંચેલો, તેથી મુખ્યપણે પ્રકૃતિલક્ષી રહ્યો. આ રીતે બન્ને વર્ગની બુદ્ધિનું આદ્ય પ્રેરક સ્થાન જુદું જુદું હતું, પણ બન્ને વર્ગની બુદ્ધિનાં વહેણો તો કોઈ અંતિમ સત્ય ભણી જ વહ્યે જતાં હતાં.

વચલા અનેક ગાળાઓમાં આ બન્ને વહેણોની દિશા ફંટાતી કે ફંટાયા જેવી લાગતી. ક્યારેક એમાં સંઘર્ષ પણ જનમતો. પણ સમનો આત્મલક્ષી પ્રવાહ છેવટે સમગ્ર વિશ્વમાં ચેતનતત્ત્વ છે, અને એવું તત્ત્વ બધા દેહધારીઓમાં સ્વભાવે સમાન જ છે, એ સ્થાપનામાં વિરમ્યો. તેથી જ તેણે પૃથ્વી, પાણી અને વનસ્પતિ સુધ્ધાંમાં ચેતનતત્ત્વ નિહાળ્યું અને અનુભવ્યું. બીજી બાજુ પ્રકૃતિલક્ષી બીજો વિચારપ્રવાહ વિશ્વનાં અનેક બાહ્ય પાસાંઓને સ્પર્શતાં સ્પર્શતાં અંતર તરફ વળ્યો અને એણે ઉપનિષદ્‌કાળમાં એ સ્પષ્ટપણે સ્થાપ્યું કે જે અખિલ વિશ્વના મૂળમાં એક સત્ કે બ્રહ્મ તત્ત્વ છે, તે જ દેહધારી જીવવ્યક્તિમાં પણ છે. આમ પહેલા પ્રવાહમાં વ્યક્તિગત ચિંતન સમગ્ર વિશ્વના સમભાવમાં પરિણમ્યું અને તેને આધારે જીવનનો આચારમાર્ગ પણ ગોઠવાયો. બીજી બાજુ વિશ્વના મૂળમાં દેખાયેલું પરમ તત્ત્વ તે જ વ્યક્તિગત જીવ છે, જીવ વ્યક્તિ એ પરમ તત્ત્વથી ભિન્ન છે જ નહીં, એવું અદ્વૈત પણ સ્થપાયું. અને એ અદ્વૈતને આધારે જ અનેક આચારોની યોજના પણ થઈ. ગંગા અને બ્રહ્મપુત્રાનાં પ્રભવસ્થાનો જુદાં જુદાં, પણ છેવટે તે બન્ને પ્રવાહો એક જ મહાસમુદ્રમાં મળે છે, તે જ પ્રમાણે આત્મલક્ષી અને પ્રકૃતિલક્ષી બન્ને વિચારની ધારાઓ અંતે એક જ ભૂમિકા ઉપર આવી મળી. ભેદ દેખાતો હોય તો તે માત્ર શાબ્દિક, અને બહુ તો વચલા ગાળામાં સંઘર્ષને પરિણામે ઉત્પન્ન થયેલા સંસ્કારોને કારણે.

એ ખરું છે કે સમાજમાં, શાસ્ત્રોમાં અને શિલાલેખ આદિમાં પણ બ્રહ્મ અને સમની આસપાસ પ્રવર્તેલા વિચાર અને આચારના ભેદો કે વિરોધોની નોંધ છે; આપણે બૌદ્ધ પિટકો, જૈન આગમો અને અશોકના શિલાલેખો, તેમ જ બીજા અનેક ગ્રંથોમાં બ્રાહ્મણ અને શ્રમણ, એ બે વર્ગોનો ઉલ્લેખ જોઈએ છીએ; મહાભાષ્યકાર પતંજલિએ આ બન્ને વર્ગોને શાશ્વત વિરોધી રૂપે પણ નિર્દેશ્યા છે. આમ છતાં, ઉપર કહેવામાં આવ્યું છે તેમ, એ બન્ને પ્રવાહો પોતપોતાની રીતે એક જ પરમ તત્ત્વને સ્પર્શે છે, એવું પ્રતિપાદન કરવામાં આવે તો એ કઈ દૃષ્ટિએ? આ પ્રશ્નનો ખુલાસો કર્યા વિના તત્ત્વજિજ્ઞાસા સંતોષાય નહીં.

એ દૃષ્ટિ તે પરમાર્થની. પરમાર્થદૃષ્ટિ કુળ, જાતિ, વંશ, ભાષા, ક્રિયાકાંડ અને વેશ આદિના ભેદોને અતિક્રમી વસ્તુના મૂળગત સ્વરૂપને નિહાળે છે, એટલે તે સહેજે અભેદ કે સમતા ભણી જ વળે છે. વ્યવહારમાં ઊભા થયેલા ભેદો અને વિરોધો સંપ્રદાયો તેમ જ તેના અનુગામીઓમાં પ્રવર્તેલા, અને ક્યારેક તેમાંથી સંઘર્ષ પણ જનમેલો. એ સંઘર્ષના સૂચક બ્રાહ્મણ-શ્રમણ વર્ગોના ભેદોની નોંધ તો સચવાઈ, પણ આ સાથે પરમાર્થ દૃષ્ટિને પામેલ એવા પ્રાજ્ઞ પુરુષોએ જે ઐક્ય જોયું કે અનુભવ્યું તેની નોંધ પણ અનેક પરંપરાનાં અનેક શાસ્ત્રોમાં સચવાઈ છે. જૈન આગમો, કે જેમાં બ્રાહ્મણ

અને શ્રમણ વર્ગોના ભેદનો નિર્દેશ છે, તેમાં જ સાચા બ્રાહ્મણ અને સાચા શ્રમણનું સમીકરણ જોવા મળે છે. બૌદ્ધ પિટકોમાં પણ એવું જ સમીકરણ છે. મહાભારતમાં વ્યાસે સ્થળે સ્થળે સાચા બ્રાહ્મણની વ્યાખ્યા સાચા શ્રમણ રૂપે જ આપી છે. વનપર્વમાં અજગર રૂપે અવતરેલ નહુષે સાચો બ્રાહ્મણ કોણ, એવો પ્રશ્ન યુધિષ્ઠિરને પૂછ્યો છે. ઉત્તરમાં યુધિષ્ઠિરના મુખે મહર્ષિ વ્યાસે કહ્યું છે કે દરેક જન્મ લેનાર સંકર પ્રજા છે. મનુના શબ્દો ટાંકી વ્યાસે સમર્થન કર્યું છે કે પ્રજામાત્ર સંકરજન્મા છે, અને સદ્‌વૃત્તવાળો શૂદ્ર એ જન્મ-બ્રાહ્મણથી પણ ચઢિયાતો છે. વ્યક્તિમાં સચ્ચરિત્ર અને પ્રજ્ઞા હોય ત્યારે જ તે સાચો બ્રાહ્મણ બને છે. આ થઈ પરમાર્થદૃષ્ટિ.

ગીતામાં ब्रह्म પદનો અનેકધા ઉલ્લેખ આવે છે. સાથે જ सम પદ પણ ઉચ્ચ અર્થમાં મળે છે. पण्डिताः समदर्शिनः । એ વાક્ય તો બહુ જાણીતું છે. સુત્તનિપાત નામના બૌદ્ધ ગ્રંથમાં એક પરમટ્ઠસુત્ત છે. તેમાં ભારપૂર્વક કહ્યું છે કે બીજા ઊતરતા કે ખાટા, અને હું શ્રેષ્ઠ, એ પરમાર્થદૃષ્ટિ નથી.

ગંગા અને બ્રહ્મપુત્રાનાં પ્રભવસ્થાનો જુદાં, પણ તેમનું મિલનસ્થાન એક. આમ છતાં બન્ને મહાનદીઓના પટ જુદા, ઘાટ જુદા, કિનારાની વસતીઓ જુદી, ભાષા અને આચારો પણ જુદાં. આ જુદાઈમાં જ રચ્યાપચ્યા રહેનારાઓ મિલનસ્થાનની એકતાને જોઈ નથી શકતા. તેમ છતાં એ એકતા તો સાચી જ છે. એ જ રીતે ભિન્ન ભિન્ન પ્રભવસ્થાનથી ઉદ્‌ભવેલ વિચારપ્રવાહો ભિન્ન ભિન્ન રીતે પોષાવાને લીધે એના સ્થૂળ આવરણમાં રાચતા અનુગામીઓ બન્ને પ્રવાહોનું સમીકરણ જોઈ નથી શકતા, પણ એ તથ્ય અબાધિત છે. એને જોનાર પ્રતિભાવાન પુરુષો સમયે સમયે અવતરતા જ રહ્યા છે, અને તે બધી જ પરંપરાઓમાં.

સમત્વ એ મુદ્રાલેખ હોવા છતાં જૈન અને બૌદ્ધ જેવી શ્રમણપરંપરાઓમાં બ્રહ્મચર્ય અને બ્રહ્મવિહાર શબ્દો એટલા બધા પ્રચલિત થયા છે કે તેને એ પરંપરાઓથી છૂટા પાડી શકાય તેમ છે જ નહીં. એ જ રીતે બ્રહ્મ તત્ત્વનો મુદ્રાલેખ ધરાવનાર વર્ગમાં પણ સમ પદ એવી રીતે એકરસ થયું છે કે તેને બ્રહ્મભાવથી કે બ્રાહ્મી સ્થિતિથી વિખૂટું પાડી શકાય તેમ છે જ નહીં.

પ્રાચીન કાળથી જ ચાલી આવતી આ પરમાર્થ-દૃષ્ટિ ઉત્તર કાળમાં પણ કાળજીપૂર્વક પોષાતી રહી છે. તેથી જ જન્મે બ્રાહ્મણ, પણ સંપ્રદાયે બૌદ્ધ એવા વસુબંધુએ અભિધર્મકોષમાં સ્પષ્ટ કહ્યું કે श्रामण्यममलो मार्गः ब्राह्मण्यमेव तत् । એના જ્યેષ્ઠ બંધુ અસંગે પણ એવી મતલબની સૂચના ક્યાંક કરી છે.

પરમાર્થદૃષ્ટિની આ પરંપરા સાંપ્રદાયિક ગણાય એવા નરસિંહ મહેતામાં પણ વ્યક્ત થઈ છે. આખા વિશ્વમાં એક તત્ત્વરૂપે એમણે હરિનું કીર્તન કર્યું અને પછી એ હરિના ભક્ત વૈષ્ણવજનના એક લક્ષણરૂપે 'સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી' એમ પણ કહ્યું. એ જ રીતે સાંપ્રદાયિક મનાતા ઉપાધ્યાય યશોવિજયજીએ પણ કહ્યું કે સમત્વ પ્રાપ્ત કરવું એ જ બ્રહ્મપદની પ્રાપ્તિ છે.

છેલ્લે આ પરમાર્થ અને વ્યવહાર દૃષ્ટિનો ભેદ તેમ જ પરમાર્થદૃષ્ટિની યથાર્થતા ડૉ. એ. બી. ધ્રુવે પણ દર્શાવી છે. એક બ્રાહ્મણીના હાથનું ભોજન તેમણે ન સ્વીકાર્યું ત્યારે તેમણે કહ્યું કે આ તો મારા એક કુટુંબગત નાગર સંસ્કાર છે, એનું વાસ્તવિકત્વ હું તર્કસિદ્ધ માનતો જ નથી, માત્ર સંસ્કારને અનુસરું છું એટલું જ. ખરી દૃષ્ટિ એમણે બીજે સ્થળે નિર્દેશી છે. જૈન આગમ સૂત્રકૃતાંગની પ્રસ્તાવના લખતાં તેમણે કહ્યું છે: "'જૈન' (શ્રમણ) થયા વિના 'બ્રાહ્મણ' થવાતું નથી, અને 'બ્રાહ્મણ' થયા વિના 'જૈન' થવાતું નથી. તાત્પર્ય કે જૈન ધર્મનું તત્ત્વ ઇન્દ્રિયોને અને મનોવૃત્તિઓને જીતવામાં છે; અને બ્રાહ્મણ ધર્મનું તત્ત્વ વિશ્વની વિશાળતા આત્મામાં ઉતારવામાં છે."

આટલા સંક્ષેપ ઉપરથી આપણે એટલું પામી શકીએ છીએ કે બુદ્ધિ છેવટે એક જ સત્યમાં વિરમે છે. અને સાથે એ પણ સમજી શકીએ છીએ કે વ્યવહારના ગમે તેટલા ભેદો અને વિરોધો અસ્તિત્વમાં હોય છતાં પરમાર્થદૃષ્ટિ કદી લોપાતી નથી.

**તત્ત્વજ્ઞાનનું અધ્યયન-અધ્યાપન**

અહીં પ્રસંગવશ એક બીજા મુદ્દાની ચર્ચા પણ કરી લેવી પ્રસ્તુત છે. એ મુદ્દો છે તત્ત્વજ્ઞાનના અભ્યાસ અને વાતાવરણને લગતો. પશ્ચિમના સંપર્કને લીધે કૉલેજો અને યુનિવર્સિટીઓમાં પશ્ચિમીય તત્ત્વજ્ઞાને અભ્યાસક્રમમાં સ્થાન લીધું. શરૂઆતમાં મુખ્યપણે અધ્યાપકો પાશ્ચાત્ય અને તેઓ અંગ્રેજીમાં જ શીખવે; પુસ્તકો પણ

અંગ્રેજી. ભારતીયો એ વિષયમાં આગળ આવવા લાગ્યા ત્યારે તેમણે પણ એ જ માર્ગ સ્વીકાર્યો. આ રીતે અંગ્રેજી ભાષામાં અવતરેલું પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન અંગ્રેજી ભાષા દ્વારા જ અંગ્રેજીના જાણકારોમાં ખેડાતું રહ્યું. આ સાથે ભારતીય તત્ત્વજ્ઞાન પણ અભ્યાસક્રમમાં દાખલ તો થયું, પણ એ તો રાણી સાથે દાસી ચાલે એ રીતે! સંસ્કૃત, પાલિ, પ્રાકૃત આદિ ભારતીય ભાષાઓમાં જ જન્મેલું, ખેડાયેલું અને વિસ્તરેલું એવું અનેક સંપ્રદાયોના તત્ત્વજ્ઞાનનું અધ્યયન ભારતીય અધ્યાપકો અને ભારતીય વિદ્યાર્થીઓ વચ્ચે પણ અંગ્રેજી દ્વારા જ ચાલતું રહ્યું. પરિણામ એ આવ્યું છે કે જે ભારતીયોને સંસ્કૃત આદિ ભારતીય ભાષાઓ સાવ સુગમ થઈ પડે તેવી છે, અને એ ભાષામાં લખાયેલ મૂળ ગ્રંથોનું અધ્યયન બહુ પ્રયાસ વિના શક્ય છે, તે ભારતીય વિદ્યાર્થીઓ અને અધ્યાપકો અંગ્રેજી અનુવાદો, સારાંશો અને વિવેચનો દ્વારા જ એ જ્ઞાન મેળવે છે. જેમ પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન શીખવનાર કે શીખનાર એની મૂળ ગ્રીક, જર્મન, ફ્રેંચ આદિ ભાષાઓને જાણ્યા સિવાય જ તેના અંગ્રેજી અનુવાદો કે સારો દ્વારા તે શીખે છે, તેમ ભારતીય તત્ત્વજ્ઞાન વિશે પણ બન્યું છે. આને લીધે માત્ર ઉચ્ચ કક્ષાના વિદ્યાર્થીઓ જ નહીં, પણ સારા સારા અધ્યાપકો પણ પોતાની વાત માતૃભાષામાં કે રાષ્ટ્રભાષામાં લખી શકતા નથી, એટલું જ નહીં, મોઢે કહેતાં પણ ખમચાય છે, અને ખુલ્લો એકરાર કરે છે કે આ તત્ત્વ કહેવા માટે પરિભાષાઓ નથી કે ભાષા અધૂરી છે. જો અધ્યાપકો પણ આવા કુંઠિતશક્તિ હોય તો એ તત્ત્વજ્ઞાનનું વહેણ સામાન્ય અધિકારી પ્રજામાં આવે કેવી રીતે? તેથી આજે નીચેની બાબતો તરફ ધ્યાન આપવું અનિવાર્ય લાગે છે:

૧. અભ્યાસનાં ઉચ્ચ વર્તુળોમાં ભારતીય તત્ત્વજ્ઞાનનું અધ્યયન-અધ્યાપન માત્ર પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનનો પાલવ પકડીને જ ચાલવું ન જોઈએ; એનું પણ સ્થાન પ્રધાન હોવું જોઈએ.

૨. અંગ્રેજી ભાષાંતરો કે વિવેચનો આદિનો છૂટથી લાભ લેવાય; પણ ભારતીય તત્ત્વજ્ઞાન શીખનાર અને અને શીખવનાર બન્નેની સંસ્કૃત ભાષા અને તેમાં લખાયેલ દાર્શનિક ગ્રંથો સમજવા-સમજાવવાની એવી શક્તિ કેળવાવી જ જોઈએ કે જે વડે તેઓ મૂળ ગ્રંથનો ભાવ પૂરેપૂરો અને પ્રામાણિકપણે રજૂ કરી શકે. જો આટલું થાય તો જ તેઓ દ્વારા પોતપોતાની માતૃભાષા અને છેવટે રાષ્ટ્રભાષામાં તત્ત્વજ્ઞાન અવતરી શકે.

૩. આ સાથે જ પ્રાદેશિક ભાષાઓ કે રાષ્ટ્રભાષામાં તત્ત્વજ્ઞાનના મૌલિક સાહિત્યના અનુવાદો કે સાર-વિવેચનો લખાવાનો પ્રશ્ન આવે છે. આવા ગ્રંથો ન લખાય ત્યાં લગી એમ. એ. અને તે પછીના અભ્યાસમાં વિદ્યાર્થીઓને સાચું માર્ગદર્શન ન જ મળી શકે. અને આવા મૌલિક અનુવાદ કે સારગ્રાહી વિવેચનો તો જ લખી શકાય, જો તે તે ભાષામાં લખાયેલ મૂળ તત્ત્વ-ગ્રંથોને તે ભાષાના યોગ્ય અધિકાર સાથે જ શીખવા-શીખવવામાં આવે.

૪. ગુજરાતમાં વિશ્વવિદ્યાલયો એકથી વધારે છે. તેમાં અને ગુજરાત બહારનાં વિદ્યાકેન્દ્રોમાં તત્ત્વજ્ઞાન વિષયક ચર્ચાપરિષદો ચાલતી રહેવી જોઈએ, જેમાં નિબંધો રજૂ થાય, એના ઉપર ચર્ચા થાય, અને તુલનાત્મક તેમ જ ઐતિહાસિક દૃષ્ટિએ તત્ત્વના પ્રશ્નોને ચર્ચવાની એક નવી દિશા ઊઘડે. આ સાથે એ પણ ભુલાવું ન જોઈએ કે પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનના પ્રવાહોને આ ઉદાત્ત ચર્ચામાં યથાસંભવ સ્થાન મળે. આ ચર્ચાઓ મુક્તપણે ચાલે, અને તે દ્વારા ઇતર જિજ્ઞાસુ પણ લાભ મેળવી શકે, તે માટે એનું માધ્યમ સર્વસુલભ હોવું જોઈએ; નહીં કે પરંપરાગત એવું એકમાત્ર અંગ્રેજીનું જ માધ્યમ.

ગુજરાતી સાહિત્ય પરિષદે મને તત્ત્વજ્ઞાન વિભાગના પ્રમુખ લેખે પસંદ કર્યો એ અધિકારની મારામાં યોગ્યતા છે કે નહીં, તે હું જાણું છું. પણ મેં આ સ્થળે મને જે સૂઝ્યું તે નમ્રપણે રજૂ કર્યું છે. જો પરિષદના વિવેકી સંચાલકોને એમાંથી કાંઈ પણ કરવા જેવું લાગે તો એ દિશામાં પ્રયત્ન કરે એવી મારી વિનંતી છે. કેમ કે પરિષદે પોતાના કાર્યક્ષેત્રમાં તત્ત્વજ્ઞાનને પણ સ્થાન આપ્યું છે, એટલે એ માટે ઘટતું બધું જ કરી છૂટવાની એની ફરજ છે.

# પ્રાકૃત અને જૈન અધ્યયનની પ્રગતિ*

ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા,
એમ. એ., પીએચ. ડી.

જૈન ગ્રન્થકારોની કેટલીક અપ્રસિદ્ધ દાર્શનિક રચનાઓનો પરિચય ડૉ. જિતેન્દ્ર જેટલીએ કરાવ્યો છે. અભયતિલકકૃત 'ન્યાયાલંકાર ટિપ્પણ' વિષે તેમણે લખ્યું છે ('જર્નલ ઑફ ધી ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ', પુ ૮ અંક ૧, સપ્ટેમ્બર ૧૯૫૮). ન્યાયના ચાર સુપ્રસિદ્ધ ગ્રન્થો–વાત્સ્યાયનનું 'ભાષ્ય', ઉદ્યોતકરનું 'વાર્તિક', વાચસ્પતિ મિશ્રની 'તાત્પર્ય ટીકા' અને ઉદ્યોતકરની 'તાત્પર્યપરિશુદ્ધિ'—ઉપર ૧૨૦૦૦ શ્લોકપ્રમાણનું આ વિસ્તૃત વહેતું ટિપ્પણ છે. ગુણરત્નગણિકૃત 'તર્કતરંગિણી' અને 'શશધર ટિપ્પણ' ઉપર પણ ડૉ. જેટલીએ સંક્ષિપ્ત લેખ આપ્યો છે ('જર્નલ ઑફ ધી ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ', પુ. ૮, અંક ૪, જુન ૧૯૫૯). આ પૈકી 'તર્કતરંગિણી' એ ગોવર્ધનાચાર્યકૃત 'પ્રકાશિકા' ઉપરની ટીકા છે, જે પાછી કેશવમિશ્રકૃત 'તર્કભાષા' ઉપરની ટીકા છે. 'શશધર ટિપ્પણ' એ શશધર મિશ્રકૃત 'ન્યાયસિદ્ધાન્ત પ્રદીપ' ઉપરનું સંક્ષિપ્ત ટિપ્પણ છે.

જાપાનના જાણીતા વિદ્વાન પ્રો. હજિમે નાકામુરાએ જૈન આગમોમાં વેદાન્ત દર્શન વિષે મળતી માહિતી સંકલિત કરીને આપી છે ('જર્નલ ઑફ ધી ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, પુ. ૭, અંક ૨, ડિસેમ્બર ૧૯૫૮). પ્રો. પૃથ્વીરાજ જૈને જમાલિના જીવન તથા મહાવીર સાથેના તેના મતભેદ વિષે લખ્યું છે; શ્રી. દલસુખભાઈ માલવણિયાએ એમ બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે ધર્મકીર્તિકૃત 'ન્યાયબિન્દુ' ઉપરની ધર્મોત્તરની ટીકા ઉપર ટિપ્પણ લખનાર મલ્લવાદી એ 'નયચક્ર'કાર મલ્લવાદીથી ભિન્ન હતા; મહાન તાર્કિક યશોવિજયજીએ સ્વહસ્તાક્ષરામાં ઉતારેલી 'નયચક્ર'ની બહુ નોંધપાત્ર પ્રતિ વિષે મુનિ શ્રીપુણ્યવિજયજીએ માહિતી આપી છે; પાલિ ત્રિપિટકમાંથી જૈન ધર્મ વિષેના ઉલ્લેખો ડૉ. ગુલાબચંદ ચૌધરીએ એકત્ર કર્યા છે; 'અર્હત્'ના જૈન ધર્મસંમત આદર્શની ચર્ચા શ્રી. પદ્મનાભ જૈનીએ કરી છે; અને ડૉ. નથમલ ટાટિયાએ યોગમાં હરિભદ્રસૂરિના તુલનાત્મક અધ્યયન વિષે લખ્યું છે (આ સર્વ લેખો 'આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિ સ્મારકગ્રન્થ'માં છપાયા છે). ડૉ. ઇન્દુકલા ઝવેરીએ જૈન દર્શનમાં અગુરુલઘુ પર્યાય વિષે વિદ્વત્તાપૂર્ણ નિબંધ આપ્યો છે ('વિદ્યા', ગુજરાત યુનિવર્સિટીનું સંશોધન-સામયિક, પુ. ૨, અંક ૧, ૧૯૫૭). શ્રી. એચ. ભટ્ટાચાર્યે જૈન દર્શન વિષે ('ઈસ્ટ એન્ડ વેસ્ટ', રોમ, પુ. ૮, અંક ૪, જાન્યુઆરી ૧૯૫૮) તથા અનેકાન્તવાદ વિષે ('ઈન્ડો-એશિયન કલ્ચર', પુ. ૬, અંક ૩, જાન્યુઆરી ૧૯૫૮) લખો લખ્યા છે. ડૉ. એચ. વી. ગુએન્થરે બે સમકાલીન ધર્મપ્રવર્તકો–બુદ્ધ અને મહાવીર વિષે લખ્યું છે ('રિલાજિ-

* [અખિલ ભારત પ્રાચ્યવિદ્યા પરિષદ (ઑલ ઇન્ડિયા ઓરિએન્ટલ કૉન્ફરન્સ)ના વીસમા અધિવેશનના પ્રાકૃત અને જૈન ધર્મ વિભાગના પ્રમુખસ્થાનેથી ભાઈશ્રી ડૉ. સાંડેસરાએ 'પ્રોગ્રેસ ઑફ પ્રાકૃત ઍન્ડ જૈન સ્ટડીઝ' એ વિષય ઉપર અંગ્રેજીમાં માહિતીપૂર્ણ વિદ્વત્તાભર્યું વ્યાખ્યાન આપ્યું હતું. પ્રાકૃત અને જૈન અધ્યયનના ક્ષેત્રમાં ભારત અને પશ્ચિમના અનેક સંશોધકોએ મહત્ત્વપૂર્ણ ઉપયોગી ફાળો આપેલ છે, જેનું સમુચ્ચય દર્શન ડૉ. સાંડેસરા આ વ્યાખ્યાન દ્વારા કરાવે છે. આ વ્યાખ્યાન ડૉ. સાંડેસરાની વિદ્વત્તાભરી પ્રતિભાનું અનુપમ શબ્દચિત્ર છે. આ વ્યાખ્યાનનો ગુજરાતી અનુવાદ ઑક્ટોબર, નવેંબર અને ડિસેમ્બર, ૧૯૫૯ ના 'જૈન યુગ'માં પ્રગટ થયેલ છે. વ્યાખ્યાનનો બાકીનો બધો ભાગ અહીં રજૂ કરેલ છે. ઉપયોગી માહિતીભર્યું આ વ્યાખ્યાન ગુજરાતીમાં મુદ્રિત કરવાની સંમતિ આપવા માટે 'જૈન યુગ'ના વાચકો અને વ્યવસ્થાપક મંડળ તરફથી ડૉ. સાંડેસરાનો ખાસ આભાર માનું છું. —સંપાદક, "જૈન યુગ"]

યસ ડાઇજેસ્ટ', સીલોન, અંક ૧૨, ૧૯૫૭); જૈન અને બૌદ્ધ દર્શનની તુલના ડૉ. રાધાકૃષ્ણ ચૌધરીએ કરી છે ('પ્રબુદ્ધ ભારત', નવેમ્બર ૧૯૫૭) અને ડૉ. ઇન્દ્રચન્દ્રે જૈનોની જ્ઞાનમીમાંસા પરત્વે એક અભ્યાસપૂર્ણ લેખ આપ્યો છે ('ઇન્ડિયન ફિલૉસોફી એન્ડ કલ્ચર', પુ. ૩, અંક ૨–૩, જુન–સપ્ટેમ્બર ૧૯૫૮).

હિન્દીના ક્ષેત્રમાં, શ્રી. રવીન્દ્રકુમાર જૈને કવિ બનારસીદાસ અને તેમની કૃતિઓ વિષે પીએચ. ડી. માટે મહાનિબંધ લખ્યો છે. બનારસીદાસ સત્તરમા સૈકામાં થઈ ગયા. જૈન તત્ત્વજ્ઞાન નિરૂપતું એમનું કાવ્ય 'સમયસાર,' બહુ રસપ્રદ આત્મકથાત્મક રચના 'અર્ધકથાનક' આદિ જાણીતાં છે. શ્રી. અગરચંદ નાહટાએ ભટ્ટારક કનકકુશલ તથા એમના શિષ્ય કુંવરકુશલ વિષે માહિતીપૂર્ણ નિબંધ લખ્યો છે ('આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રન્થ'). આ બન્નેય અઢારમા સૈકામાં થઈ ગયા, અને તેઓ એ સમયના કચ્છના રાજકર્તાના આશ્રિતો હતા. કોશ, અલંકાર, છંદ:શાસ્ત્ર અને બીજા કેટલાક વિષયો ઉપર તેમણે વ્રજભાષામાં કરેલી રચનાઓની ટૂંકી સમાલોચના શ્રી. નાહટાએ કરી છે. કુંવરકુશલ તો ફારસીના પણ વિદ્વાન હતા, અને 'પારસી નામમાલા' નામે ફારસી–સંસ્કૃત કોશનું તેમણે વ્રજભાષામાં ભાષાંતર કર્યું હતું. કચ્છનું પાટનગર ભુજ યતિઓની વ્રજભાષાની સાહિત્યપ્રવૃત્તિઓનું કેન્દ્ર હતું, અને લગભગ ઈસવી સનની ઓગણીસમી સદીના પૂર્વાર્ધ સુધી તેમના ઉપાશ્રય કવિપદેચ્છુઓ માટેની તાલીમશાળા જેવા હતા.

ગુજરાતી-રાજસ્થાની ભાષામાં (જેનું મારુ-ગૂર્જર એવું સુભગ નામકરણ પ્રો. ઉમાશંકર જોષીએ કર્યું છે તે ભાષામાં) પ્રાચીનતમ ઉપલબ્ધ સાહિત્ય જૈન સાહિત્ય છે એ જાણીતું છે; એ સાહિત્ય વિપુલ પ્રમાણમાં મળે છે અને એનું શાસ્ત્રીય પ્રકાશન ભગિનીભાષાઓના ઐતિહાસિક અધ્યયનમાં પણ ઉપયોગી છે. પ્રો. બ. ક. ઠાકોર, શ્રી. મોહનલાલ દેશાઈ અને પ્રો. મધુસૂદન મોદીએ 'ગૂર્જર રાસાવલિ'નું સંપાદન કર્યું છે (ગાયકવાડ્ઝ ઓરિયેન્ટલ સિરીઝ, ગ્રન્થ ૧૧૮, વડોદરા, ૧૯૫૬). રાસ, ફાગુ, વીનતી, ચોપાઈ આદિ વિવિધ સાહિત્યપ્રકારોનું પ્રતિનિધિત્વ ધરાવતાં, ૧૪મા અને ૧૫મા સૈકામાં રચાયેલાં છ જૂનાં ગુજરાતી કાવ્યો એમાં છે. એમાંનું એક સુદીર્ઘ કાવ્ય, શાલિસૂરિનું 'વિરાટપર્વ,' સાદ્યન્ત અક્ષરમેળવૃત્તોમાં રચાયેલું છે. સંગ્રહનું સંપાદન ખૂબ કાળજીપૂર્વક કરવામાં આવ્યું છે, અને કાવ્યોમાં પ્રયોજાયેલા તમામ શબ્દોની સંપૂર્ણ સૂચિ, વ્યુત્પત્તિવિષયક નોંધો સાથે અંતે અપાઈ છે. ઈસવી સનની સોળમી સદીના આરંભમાં થઈ ગયેલા સાધુસુન્દરગણિકૃત 'ઉક્તિરત્નાકર'નું સંપાદન શ્રી. જિનવિજયજીએ કર્યું છે (રાજસ્થાન પુરાતન ગ્રન્થમાલા નં. ૧૬, જયપુર, ૧૯૫૭). આ કૃતિ એક 'ઔક્તિક' અર્થાત્ સંસ્કૃત વ્યાકરણ વિષે જૂની ગુજરાતીમાં રચાયેલું પાઠ્યપુસ્તક છે; પ્રત્યેક ઔક્તિકમાં નાનો કે મોટો સંસ્કૃત–ગુજરાતી શબ્દકોશ આપવામાં આવે છે. આ પ્રકારના બધા જ નમૂનાઓ ભાષાવૈજ્ઞાનિક અભ્યાસ માટે ઘણા ઉપયોગી છે. શ્રી. અગરચંદ નાહટા અને શ્રી. ભઁવરલાલ નાહટાએ 'જ્ઞાનસાર ગ્રન્થાવલિ'નો પ્રથમ ભાગ પ્રકટ કર્યો છે (કલકત્તા, ૧૯૫૯). જ્ઞાનસારજી એક વિદ્વાન યતિ હતા, અને ઈ. સ ની અઢારમી સદીમાં બીકાનેરમાં થઈ ગયા. તેઓ યોગી હતા અને આયુર્વેદ તેમ જ જ્યોતિષમાં પણ નિપુણ હતા. રાજસ્થાનીમાં થયેલી એમની બહુસંખ્ય કાવ્યરચનાઓનો આ સંગ્રહ છે. નાહટા બંધુઓએ 'સમયસુંદરકૃતિકુસુમાંજલિ' પણ પ્રસિદ્ધ કરી છે (કલકત્તા, ૧૯૫૭). ઈસવી સનના ૧૬મા સૈકામાં થઈ ગયેલા વિખ્યાત કવિ સમયસુંદરનાં ૫૬૩ ટૂંકાં કાવ્યોનો આ સંગ્રહ છે. એમાંના મોટા ભાગનાં કાવ્યો ગુજરાતી-રાજસ્થાનીમાં, અને થોડાંક સંસ્કૃત-પ્રાકૃતમાં છે. બન્ને પુસ્તકોની પ્રસ્તાવનાઓ બહુ ઉપયોગી અને માહિતીપૂર્ણ છે. પ્રો. રમણલાલ શાહે સમયસુંદરકૃત 'નલ-દવદંતી રાસ' ટિપ્પણો સાથે સંપાદિત કર્યો છે (અમદાવાદ, ૧૯૫૭).

જૂના ગુજરાતીમાં રચાયેલાં, પદ્યાનુસારી ગદ્યવર્ણકોનો સંગ્રહ, 'વર્ણક–સમુચ્ચય', ભાગ ૧ (મૂલ પાઠ) મેં કેટલાક સમય પહેલાં સંપાદિત કર્યો હતો (વડોદરા યુનિવર્સિટી, ૧૯૫૬). એ વર્ણકોમાંની અનેકવિધ સામગ્રીનું સાંસ્કૃતિક અધ્યયન તથા સંપૂર્ણ શબ્દસૂચિઓ આપતો, ડૉ. રમણલાલ નાગરજી મહેતાના સહકારમાં, મેં તૈયાર કરેલો એનો બીજો ભાગ તાજેતરમાં બહાર પડ્યો છે (વડોદરા, ૧૯૫૯). સ્વ. પ્રો. બલવંતરાય ક. ઠાકોરે સંપાદિત કરેલો, ઉદયભાનુકૃત 'વિક્રમચરિત્ર રાસ' (ઈ. સ. ૧૫૦૯), ડૉ. રણજિત પટેલે તૈયાર કરેલ પ્રસ્તાવના તથા શબ્દકોશ સહિત પ્રકટ થયો છે (વડોદરા ૧૯૫૭). ડૉ. રણજિત પટેલે એમના પીએચ ડી.ના

મહાનિબંધ માટે મલયચંદ્રકૃત 'સિંહાસનબત્રીસી'નું (ઈ. સ. ૧૪૬૩) સંપાદન કર્યું છે તથા તે સાથે સંસ્કૃત અને જૂની ગુજરાતીમાં રચાયેલાં 'સિંહાસનબત્રીસી'નાં વાર્તાચક્રોનું તુલનાત્મક અધ્યયન આપ્યું છે. વડોદરા યુનિવર્સિટીની પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલામાં આ કૃતિ પ્રસિદ્ધ થશે. મેં અને શ્રી. સોમાભાઈ પારેખે સંપાદિત કરેલ, ૩૮ ફાગુ–કાવ્યોના સંગ્રહ–'પ્રાચીન ફાગુસંગ્રહ'ના (વડોદરા, ૧૯૫૫) અનુસંધાનમાં મુનિશ્રી રમણિક-વિજયજી ફાગુના કાવ્યપ્રકારના કેટલાક અપ્રકાશિત નમૂનાઓનું સંપાદન કરી રહ્યા છે. ડૉ. અર્નેસ્ટ બેન્ડર, જેમણે ઋષિવર્ધનકૃત 'નલરાય–દવદંતી ચરિત્ર'નું સારું સંપાદન આ પહેલાં કરેલું છે (અમેરિકન ફિલોસોફિકલ સોસાયટી ફિલાડેલ્ફિયા, ૧૯૫૧) તેઓ ૧૮મા સૈકામાં રચાયેલા એક જૈન ગુજરાતી કાવ્ય 'ધન્યવિલાસ'ની વાચના હમણાં તૈયાર કરી રહેલા છે.

આ વિષયમાં કેટલાક અગત્યના નિબંધોનો ઉલ્લેખ કરું. શ્રી. અગરચંદ નાહટાએ કવિ મેરુનંદન અને તેમની કૃતિઓ વિષે લેખ આપ્યો છે ('વલ્લભવિદ્યાનગર સંશોધન પત્રિકા,' પુ. ૧, અંક ૧–૨, ૧૯૫૭-૫૮). કવિ સમયસુન્દરકૃત 'સીતારામ ચોપાઈ' વિષે અભ્યાસ-લેખ શ્રી. કુલસિંહે લખ્યો છે ('મરુભારતી,' જાન્યુ-આરી ૧૯૫૯). 'કાદંબરી'ના ટીકાકાર તથા ફારસીના વિદ્વાન સિદ્ધિચંદ્રકૃત 'નેમિનાથ ચતુર્માસક'નું સંપાદન ડૉ. મંજુલાલ મજમુદારે કર્યું છે ('આચાર્ય શ્રીવિજય-વલ્લભસૂરિ સ્મારક ગ્રન્થ'). વિવિધ જ્ઞાતિઓ અને ધંધાદારીઓની ખાસિયતનાં વર્ણનવાળા એક જૂના ગુજરાતી કાવ્ય 'વર્ણબત્રીસી'નું ('વલ્લભ વિદ્યાનગર સંશોધન પત્રિકા પુ. ૧, અંક ૨, ૧૯૫૮) તથા પંદરમા સૈકામાં થઇ ગયેલા આચાર્ય જયશેખરસૂરિએ દ્રુતવિલંબિત છંદમાં રચેલા સ્તુતિ કાવ્ય 'મહાવીર વિનતિ'નું સંપાદન મેં કર્યું છે ('જૈનયુગ', એપ્રિલ ૧૯૫૮). નયનશેખરે ઈ. સ. ૧૬૭૦માં કરેલી આયુર્વેદવિષયક રચના 'યોગરત્નાકર ચોપાઈ' વિષે પરિચયાત્મક લેખ પ્રો. હીરાલાલ કાપડિયાએ આપ્યો છે ('ભિષગ્ ભારતી', પુ. ૫, અંક ૭, ઑગસ્ટ ૧૯૫૮).

જૈન ગ્રન્થકારોએ રચેલા ઘણા પ્રાચીન શિષ્ટ ગ્રન્થો કન્નડ ભાષામાં છે અને છેવટનાં કેટલાંક વર્ષોમાં, આ વિષયમાં સંશોધન અને પ્રકાશન સારા પ્રમાણમાં થયું છે. ઈ. સ. ૧૦૬૮માં રચાયેલું, શાન્તિનાથકૃત 'સુકુમાર ચરિતે', વિસ્તૃત પ્રસ્તાવના અને શબ્દકોશ સહિત, પ્રો. ડી. એલ. નરસિંહાચાર અને શ્રી. ટી. એસ. શામરાવે સંપાદિત કર્યું છે (મ્હૈસુર, ૧૯૫૪). દશમી સદીના આરંભમાં રચાયેલા, પ્રશિષ્ટ ગદ્યગ્રન્થ, શિવકોટ્યાચાર્યકૃત 'વડ્ડારાધને'નું સંપાદન સાત હસ્તપ્રતોને આધારે પ્રો. નરસિંહાચારે કર્યું છે (બીજી આવૃત્તિ, મ્હૈસુર, ૧૯૫૫). કાશિરાજે ઈ. સ. ૧૨૬૦માં રચેલું પ્રાચીન કન્નડ ભાષાનું વ્યાકરણ 'શબ્દમણિદર્પણ' તેમણે પ્રકટ કર્યું છે (મ્હૈસુર, ૧૯૫૬) તથા મહાબલ કવિએ ઈ. સ. ૧૨૫૪માં રચેલા 'નેમિનાથ પુરાણ'નું પ્રકાશન હાથ ધર્યું છે.

બંધુવર્માકૃત 'જીવસંબોધને'નું (ઈ. સ. ૧૨૦૦) સંપાદન પં. એચ. શેષ આયંગરે કર્યું છે (મદ્રાસ, ૧૯૫૭). પાર્શ્વ પંડિતકૃત 'પાર્શ્વનાથ પુરાણ'નું (ઈ. સ. ૧૨૦૫) સંપાદન બોમ્મરસ પંડિતે કર્યું છે (સન્મતિ ગ્રન્થમાલા, મ્હૈસુર, ૧૯૫૭), અને એ જ ગ્રન્થ પ્રો. એમ. મરિઅપ્પા ભટે પણ પ્રકટ કર્યો છે (મદ્રાસ યુનિવર્સિટી, ૧૯૫૭). ઈ. સ. ૯૪૧માં પંપ કવિએ રચેલા કન્નડ ભાષાનો વિખ્યાત ગ્રન્થ 'આદિપુરાણ' પ્રો. કે. જી. કુન્દનગરે સંપાદિત કર્યો છે (બેલગામ, ૧૯૫૩) અને રન્ન કવિનું 'અજિત પુરાણ' થોડાક માસ પહેલાં જ પ્રો. એચ. દેવીરપ્પાએ પ્રસિદ્ધ કર્યું છે (સન્મતિ ગ્રન્થમાલા, મ્હૈસુર, ૧૯૫૯).

વાચક ઉમાસ્વાતિના વિખ્યાત 'તત્ત્વાર્થસૂત્ર' ઉપર બાલચન્દ્રદેવે ઈ. સ. ૧૧૭૦ આસપાસ રચેલી 'તત્ત્વરત્ન પ્રદીપિકે' નામની કન્નડ ટીકાનું સંપાદન પં. એ. શાન્તિરાજ શાસ્ત્રીએ કર્યું છે (ઑરિયેન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, મદ્રાસ, ૧૯૫૫). ઈ. સ. ૧૦૪૨માં રચાયેલ, શ્રીધરાચાર્યકૃત 'જાતકતિલક'ની (મદ્રાસ યુનિવર્સિટી, ૧૯૫૭) તથા ઈ. સ. ૧૧૯૫ આસપાસ રચાયેલ અચન્નકૃત 'વર્ધમાનપુરાણ'ની (મદ્રાસ યુનિવર્સિટી, ૧૯૫૮) વાચનાઓ પ્રો. મરિઅપ્પા ભટ્ટે તૈયાર કરી છે. ઈ. સ. ૧૧૦૦–૧૧૨૫ આસપાસ રચાયેલ, બ્રહ્મશિવકૃત 'સમયપરીક્ષે'નું સંપાદન શ્રી. બી. એસ. કુલકર્ણીએ કર્યું છે (કન્નડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ધારવાડ, ૧૯૫૮). એ સમયે કર્ણાટકમાં પ્રચલિત અન્ય પંથોની બ્રહ્મશિવ કડક ટીકા કરે છે, પણ આજે એની કૃતિનું આપણે માટે ખરું મહત્ત્વ એ વસ્તુમાં રહેલું છે કે લોકોની સામાજિક અને ધાર્મિક સ્થિતિ ઉપર તે પ્રકાશ પાડે છે. પાયણવર્ણિકૃત

'જ્ઞાનચન્દ્રચરિતે'નું સંપાદન ટી. આર. શેટીએ કર્યું છે (મુડબિદ્રે, ૧૯૫૮). પાયણવર્ણિ બેળગોળનો વતની હતો, અને પોતાના ગ્રન્થની રચના સાંગત્ય છંદમાં ઈ. સ. ૧૬૫૯માં તેણે કરેલી છે.

પ્રાચીન કન્નડ સાહિત્યના વિદ્વાન મારા મિત્રો મને ખબર આપે છે કે ઉપર નોંધેલા મુખ્ય ગ્રન્થો ઉપરાંત સંખ્યાબંધ નાની રચનાઓ સન્મતિ ગ્રન્થમાલાના ઉપક્રમે મ્હૈસુરના પં. પદ્મનાભ શાસ્ત્રીએ અને મુડબિદ્રેના પં. ભુજબલિ શાસ્ત્રીએ પ્રસિદ્ધ કરી છે.

જુદી જુદી ભાષાઓના સાહિત્યની આ સમાલોચના પછી જૈન કલાનો વિમર્શ કરતા કેટલાક ગ્રન્થો અને નિબંધોનો ટૂંકો નિર્દેશ હું કરીશ. જૈન કલાના પ્રતિષ્ઠિત સંશોધક ડૉ. ઉમાકાન્ત શાહે વડોદરા પાસેના અકોટા ગામમાંથી કેટલાંક વર્ષ પહેલાં મળેલી બહુસંખ્ય જૈન ધાતુપ્રતિમાઓ વિષે પુસ્તક લખ્યું છે (સ્ટેટ બોર્ડ ઑફ હિસ્ટોરિકલ રેકૉર્ડ્ઝ એન્ડ મોન્યુમેન્ટ્સ મુંબઈ, ૧૯૫૯). એ પ્રતિમાસમૂહની તમામ પ્રતિમાઓનું વર્ણન ડૉ. શાહે આ પુસ્તકમાં આપ્યું છે તથા એમાંની વિશિષ્ટ પ્રતિમાઓની સહાયથી જીવન્તસ્વામીની મૂર્તિનું સ્વરૂપ, શ્વેતાંબર અને દિગંબર મૂર્તિઓ વચ્ચેના પ્રભેદનો આરંભ, આદિ અગત્યના પ્રશ્નો ઉપર પ્રકાશ પાડ્યો છે. શ્વેતાંબર પ્રકારની પ્રાચીનતમ ઉપલબ્ધ મૂર્તિઓ તથા જૈન પૂજામાં શાસનદેવતાની જાણવામાં આવેલી સૌથી જૂની મૂર્તિઓ અહીં જોવા મળે છે. વળી આ મૂર્તિઓના લેખોમાં એક 'રથવસતિકા'નો ઉલ્લેખ છે, જેનો સંબંધ ડૉ. શાહ આર્યરથ સાથે જોડે છે. આ પુસ્તકમાં ચૌસા-પ્રતિમાસમૂહ તરીકે ઓળખાતી મૂર્તિઓ, જે અત્યારે પટણા મ્યૂઝિયમમાં છે તે વિષે ચર્ચા પણ ડૉ. શાહે કરી છે; અને તેઓ એ મૂર્તિઓનો સમય ઈસ્વી સનની પહેલીથી ત્રીજી-ચોથી સદી સુધીનો ગણે છે. આ પુસ્તક ભારતીય કલાના ઇતિહાસના અભ્યાસીઓ માટે ખાસ મહત્ત્વનું એટલા માટે છે કે તિબેટન લામા તારાનાથે જેનો ઉલ્લેખ કર્યો છે તે 'પ્રાચીન પશ્ચિમના (અર્થાત્ પશ્ચિમ ભારતના) કલાસંપ્રદાય'નું અસ્તિત્વ ડૉ. શાહ એમાં પુરવાર કરી શક્યા છે. આ પુસ્તક તેમજ એમાંનાં ચિત્રો ઉત્તમ રીતે છપાયાં છે.

ડૉ. ક્લાઉઝ ફિશરે જૈન ગુફાઓ અને મન્દિરો વિષે 'કેવ્ઝ એન્ડ ટેમ્પલ્સ ઑફ ધી જૈન્સ' નામે પુસ્તક લખ્યું છે (વર્લ્ડ જૈન મિશન, અલીગંજ, ૧૯૫૬). જૈન ગુફાઓ અને મન્દિરો સમસ્ત ભારતમાં પથરાયેલાં છે, અને પૌરસ્ત્ય કલાના ઊગમકાળથી માંડી આજ સુધી એ સ્થાપત્યોનું નિર્માણ થયું છે. આધુનિક ભારતમાં પ્રાચીન પરંપરાગત સ્થાપત્યનું સાતત્ય મુખ્યત્વે જૈનોના ધર્મપ્રેમ અને ઉદારતાને આભારી છે. ભારતના સર્વ ભાગોમાંનાં કેટલાંક મુખ્ય જૈન સ્થાપત્યોનો શાસ્ત્રીય પરિચય આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે; પ્રાદેશિક વિભાગો પાડીને પછી કાલાનુક્રમે આ પરિચય આપેલો છે. આ પ્રકારનાં પ્રકાશનોમાં હોવું જ જોઈએ તેમ પુસ્તકમાં પુષ્કળ ચિત્રો અપાયાં છે. પરન્તુ ફોટોગ્રાફોનું કે એના મુદ્રણનું ધોરણ અપેક્ષિત કોટિનું નથી. પણ પુસ્તક સારી રીતે લખાયેલું છે અને જ્ઞાનની આ શાખામાં નોંધપાત્ર ઉમેરો કરે છે.

શ્રી. સારાભાઈ નવાબ જેમણે જૈન ચિત્રકલા વિષે સંખ્યાબંધ ગ્રન્થો આપ્યા છે. તેમણે તાજેતરમાં 'કાલક કથાસંગ્રહ ઑર કલેક્શન ઑફ કાલક સ્ટોરીઝ'ના બે ભાગ પ્રસિદ્ધ કર્યા છે (અમદાવાદ, ૧૯૫૯). સને ૧૯૪૯માં પ્રકટ થયેલા આ વિષયના એમના ગુજરાતી પુસ્તકનું આ અંગ્રેજી રૂપાંતર છે. મૂલ કથાઓ આપતા પહેલા ભાગનું સંપાદન પં. અંબાલાલ પ્રેમચંદ શાહે કર્યું છે; એમાં છ કાલકકથાઓ જૈન આગમોમાંથી લેવાયેલી છે તથા બીજી તેર પ્રાકૃતમાં, તેર સંસ્કૃતમાં અને ચાર જૂની ગુજરાતીમાં છે. બીજા ભાગમાં શ્રી નવાબે કાલકકથાઓ વિષે ઐતિહાસિક વિમર્શ કર્યો છે તથા ગ્રન્થસ્થ ચિત્રો ઉપર નોંધો આપી છે. એમાં ૬૯ એકરંગી તથા ૮૮ અનેકરંગી ચિત્રો છે અને સર્વનું મુદ્રણ ઉત્તમ કોટિનું છે.

ડૉ. હર્ષદરાય મજમુદારે આબુ, કુંભારિયા, તારંગા, મોઢેરા અને પાટણનાં મન્દિરોનાં શિલ્પોમાં નિરૂપિત જીવન અને ભૌતિક સાંસ્કારિતાનો અભ્યાસ પોતાના પીએચ.ડી.ના મહાનિબંધમાં કર્યો છે. ભારતીય કલાને લગતું આ પ્રકારનું કામ જુદા જુદા પ્રદેશોમાં થવું જોઈએ.

આ વિષયના કેટલાક લેખોનો હવે નિર્દેશ કરું. જાણીતા ચિત્રકાર અને માનવતાવાદી શ્રી રવિશંકર રાવળે ભારતીય કલામાં જૈન સંપૂર્તિ વિષે લખ્યું છે. ('આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રન્થ'). ભારતીય કલાના ઇતિહાસના એક અગ્રગણ્ય વિદ્વાન ડૉ. મોતીચન્દ્રે દિલ્હીના શ્રી દિગંબર નયા મન્દિરમાંની

'મહાપુરાણ'ની એક સચિત્ર હસ્તપ્રત વિષે નિબંધ આપ્યો છે ('લલિત કલા'. અંક ૫, એપ્રિલ ૧૯૫૯). હસ્તપ્રતમાં લેખનવર્ષ નથી, પણ ચિત્રશૈલી, લિપિ આદિને આધારે ડૉ. મોતીચન્દ્ર એને ૧૫મી સદીના અંતની અથવા એથી થોડીક મોડી ગણે છે. સચિત્ર દિગંબર હસ્તપ્રતો પ્રમાણમાં થોડી છે; જાણવામાં આવેલી એક માત્ર સચિત્ર તાડપત્રીય હસ્તપ્રત તે ધવલા' ટીકા સહિત 'ષટ્ખંડાગમ'ની પ્રત છે. જેને ઈ. સ. ૧૧૧૨–૧૧૨૦ આસપાસની ગણવામાં આવે છે. દિગંબર પરંપરાની એક વધુ સચિત્ર પ્રત બહાર લાવીને ડૉ. મોતીચન્દ્રે જૈન કલાના અભ્યસક્ષેત્રની સારી સેવા કરી છે. ડૉ ઉમાકાન્ત શાહે અકોટામાંથી મળેલ એક પિત્તળના ધૂપિયા વિષે લેખ આપ્યો છે ('જર્નલ ઑફ ઇન્ડિયન સોસાયટી ઑફ ઓરિયેન્ટલ આર્ટ'; પુ. ૧૯. પ્રકટ થયું ૧૯૫૮ માં). અને તેનો સમય ઈ. સ.ના નવમા સૈકાનો ગણ્યો છે ઉપલબ્ધ શલ્પો અને ચિત્રોને આધારે હરિણૈગમેષિન્ વિષે ('જર્નલ ઑફ ઇન્ડિયન સોસાયટી ઑફ ઓરિયેન્ટલ આર્ટ'. પુ. ૧૯. પ્રકટ થયું ૧૯૫૮ માં) તથા શ્વેતામ્બર અને દિગંબર સાહિત્ય અને કલામાં બ્રહ્મશાંતિ અને કપર્દીયક્ષ વિષે ('જર્નલ ઑફ ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા', પુ. ૭, અંક ૧, માર્ચ ૧૯૫૮) રસપ્રદ નિબંધો લખ્યા છે. ભારતના જુદા જુદા પ્રદેશોમાંથી શિલ્પ-સંબદ્ધ પુરાવા આપીને ડૉ. ઉમાકાન્ત શાહે તીર્થંકરોનાં માતા-પિતાની પૂજાની ભુલાઈ ગયેલી પ્રથા વિષે અભ્યાસલેખ આપ્યો છે ('બુલેટિન ઑફ ધી પ્રિન્સ ઑફ વેલ્સ મ્યૂઝિયમ', મુંબઈ, અંક ૫. પ્રકટ થયો ૧૯૫૮–૫૯ માં), તથા આબુ અને કુંભારિયાનાં મન્દિરોમાંનાં જૈન કથાઓ નિરૂપતાં શિલ્પો વિષે 'જૈન યુગ', સપ્ટેમ્બર–ઑક્ટોબર ૧૯૫૯) અને આબુ તથા ભિનમાલનાં કેટલાંક પુરાતન શિલ્પો વિષે ('બુલેટિન ઑફ ધી મ્યૂઝિયમ એન્ડ પિક્ચર ગેલેરી', વડોદરા પુ. ૧૨, ૧૯૫૫–૫૬) તેમણે લખ્યું છે. શ્રી કૃષ્ણદત્ત બાજપેયીએ મથુરાની જૈન કલાનો પરિચય આપ્યો છે ('રાજેન્દ્રસૂરિ સ્મારક ગ્રન્થ') તથા ડૉ. એ. એન. ઉપાધ્યેએ શ્રવણ બેળગોળ ખાતેની ગોમ્મટેશ્વરની પ્રચંડકાય મૂર્તિનો પરિચય કરાવ્યો છે (ઈન્ડો–એશિયન કલ્ચર', પુ. ૬, અંક ૩, જાન્યુઆરી ૧૯૫૮).

'આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રન્થ'માં જૈન કલાને લગતા સંખ્યાબંધ રસપ્રદ લેખો છે–શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવેએ ખાસ કરીને જૈન ધર્મને અનુલક્ષીને યક્ષપૂજાનો ઇતિહાસ આપ્યો છે; સોનેરી અક્ષરોમાં લખાયેલી, 'કલ્પસૂત્ર'ની એક સચિત્ર પ્રતનો પરિચય શ્રી સારાભાઈ નવાબે કરાવ્યો છે; લક્ષ્મણગણિકૃત પ્રાકૃત 'સુપાસનાહચરિય'ની, ઈ. સ. ૧૪૨૬માં લખાયેલી. પુષ્કળ ચિત્રોવાળી એક સચિત્ર હસ્તપ્રતને મુનિશ્રી પુણ્યવિજયજીએ પ્રકાશમાં મૂકી છે; મુનિશ્રી યશોવિજયજીએ સંખ્યાબંધ પ્રાચીન મૂર્તિઓ અને શિલ્પો વિષે લખ્યું છે; ડૉ કલાઉઝ બ્રુને ખજુરાહોના પાર્શ્વનાથ મન્દિરની બે નીચલી શિલ્પપંક્તિઓનું શાસ્ત્રીય વર્ણન આપ્યું છે તથા એમની સૂચકતા સમજાવવાનો પ્રયાસ કર્યો છે; ડૉ. મંજુલાલ મજમુદારે પાટણમાંથી મળેલા, ૪૫ રતલના ધાતુના ઘંટનું વર્ણન આપ્યું છે, જેના લેખ ઉપરથી જણાય છે કે ઈ. સ. ૧૨૬૨માં વાગડ પ્રદેશમાં ચન્દ્રપ્રભના ચૈત્યને તે ભેટ અપાયો હતો; ડૉ. ઉમાકાન્ત શાહે જયાદિ દેવીઓ વિષે તથા મલ્લિનાથના એક વિરલ શિલ્પ વિષે લેખો આપ્યા છે; અને ડૉ. હસમુખ સાંકળિયાએ મહેશ્વર અને નેવાસાની દિગંબર તીર્થંકર-મૂર્તિઓનું વર્ણન આપ્યું છે. ડૉ. બ્રુને જૈન કલા અને મૂર્તિવિધાન વિષે કેટલાક ટૂંકા લેખો લખ્યા છે, અને તે ગયા બે વર્ષમાં 'જૈન યુગ'માં પ્રસિદ્ધ થયા છે.

હવે જૈન કલાના ક્ષેત્રમાં એક મહત્ત્વની શોધની જાહેરાત હું કરીશ. થોડાક માસ પહેલાં જ વડોદરા યુનિવર્સિટીના પ્રાચ્ય વિદ્યામન્દિરે સોનેરી અક્ષરોમાં લખાયેલી એક તાડપત્રીય હસ્તપ્રત મેળવી છે. એમાં ૧૦"×૨" સાઈઝનાં ૬૫ પત્રો છે. જિનદત્તસૂરિએ વિ. સં ૧૨૧૦ (ઈ. સ ૧૧૫૪)માં એની નકલ કરેલી છે તથા પશ્ચિમ ભારતમાં પ્રચલિત જૈન ધાટીની દેવનાગરી લિપિમાં તે લખાયેલી છે. એમાંના ગ્રન્થનું નામ છે 'સ્વર્ણરૌપ્યાદિ સિદ્ધિ'. મધ્યકાળના કેટલાયે જૈન ગ્રન્થોની જેમ, એ પણ સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ એમ ત્રણે ભાષાઓમાં થયેલી મિશ્ર રચના છે. 'સિદ્ધાન્તોપદેશ' અથવા 'સિદ્ધાન્તલેશ' નામના ગ્રન્થ ઉપરની એ ટીકા છે, અને આયુર્વેદને લગતી એ રચના હોય એમ જણાય છે. બર્મા અને બીજા દેશોનાં સુવર્ણાક્ષરોમાં લખાયેલાં તાડપત્રીય પુસ્તકો મળે છે, પણ મને અને આપણા દેશની હસ્તપ્રતસમૃદ્ધિમાં ઊંડો રસ ધરાવતા મારા કેટલાક ગુરુજનો અને મિત્રોને ખ્યાલ છે ત્યાં સુધી, સુવર્ણાક્ષરોમાં લખાયેલી આ પહેલી જ તાડપત્રીય પ્રત અત્યાર સુધીમાં ભારતમાં

જાણવામાં આવી છે. વિશિષ્ટ મહત્ત્વના એના વિષયની તો અત્યારે આપણે અહીં વાત જ કરતા નથી. આવી ઘણી હસ્તપ્રતો એક કાળે લખાઈ હશે એમાં શંકા નથી, અને આ પ્રકારના વધુ નમૂનાઓ ભારતના જુદા જુદા ભાગોમાં સચવાઈ રહ્યા હોય તો એ માટે શોધ કરવી જોઈએ.

જૈન ફિલસૂફી, સંસ્કૃતિ અને ઇતિહાસને લગતા થોડાક ગ્રંથો અને નિબંધો પ્રત્યે હવે ધ્યાન દોરીશ. પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજી જેઓ આપણા દેશના સૌથી અગ્રગણ્ય દાર્શનિકોમાંના એક છે અને જેમની કૃતિઓ આધુનિક સંશોધનપદ્ધતિ તથા એતદ્દેશીય સર્વોચ્ચ પાંડિત્યના આદર્શ સમન્વયરૂપ છે તેમણે 'ભારતની દાર્શનિક અને યોગપરંપરામાં હરિભદ્રસૂરિનો ફાળો' એ વિષય ઉપરનાં ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનો ગયા ફેબ્રુઆરી માસમાં મુંબઈ યુનિવર્સિટીને ઉપક્રમે આપ્યાં છે. પંડિતજીએ પોતાનું વિવેચન હરિભદ્રસૂરિના નીચેના છ ગ્રન્થોને આધારે મુખ્યત્વે કર્યું છે–'ષડ્દર્શનસમુચ્ચય', શાસ્ત્રવાર્તાસમુચ્ચય,' 'યોગવિંશિકા', 'યોગશતક' (આ ગ્રન્થનું પુનઃ સંપાદન અને ભાષાન્તર જેસલમેરથી તાજેતરમાં મળેલી એક તાડપત્રીય પ્રતિને આધારે ડૉ. ઈન્દુકલા ઝવેરીએ કર્યું છે; ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, ૧૯૫૬), 'યોગબિંદુ' અને 'યોગદૃષ્ટિસમુચ્ચય.' જૈન દીક્ષા લીધી ત્યાર પહેલાં હરિભદ્રસૂરિ એક પ્રકાંડ બ્રાહ્મણ પંડિત હતા, અને સંસ્કૃત તથા પ્રાકૃતમાં રચાયેલા તેમના ગ્રન્થો સર્વ ભારતીય દર્શનોમાં જ માત્ર નહિ, પણ તે કાળે વિકસેલી જ્ઞાનની તમામ શાખાઓમાં એમની પ્રવીણતા દર્શાવે છે. બીજા કેટલાયે દાર્શનિકોથી ઊલટું જ, હરિભદ્રસૂરિની દૃષ્ટિ સ્વભાવતઃ ઉદાર હતી, અને તેમની રચનાઓ ભારતીય ચિંતનના સમન્વયાત્મક વિકાસમાં અગત્યનું પ્રદાન છે. પંડિતજીનાં એ વિષેનાં વ્યાખ્યાનો આ રસપ્રદ વિષયમાં મૌલિક ફાળો આપે છે, અને એના પ્રકાશનની આપણે ઉત્સુકતાપૂર્વક રાહ જોઈએ છીએ. વડોદરા યુનિવર્સિટીના આમંત્રણથી પંડિતજીએ આપેલાં મહારાજા સયાજીરાવ પારિતોષક વ્યાખ્યાનો–'ભારતીય તત્ત્વવિદ્યા' (વડોદરા, ૧૯૫૮)–જેમાં ભારતીય તત્ત્વજ્ઞાનના કેટલાક અગત્યના પ્રમેયોની ચર્ચા કરી છે તે પણ એટલો જ તેજસ્વી ગ્રન્થ છે અને એમાં જૈન ફિલસૂફી વિષે પણ ઘણી વિચારપ્રેરક સામગ્રી છે. પંડિત સુખલાલજીનું બીજું એક પુસ્તક 'ચાર તીર્થંકર' (મુંબઈ, ૧૯૫૯) ઋષભદેવ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર એ ચાર તીર્થંકરો વિષેના દસ લેખોનો સંગ્રહ છે. પ્રવાહી અને પ્રાસાદિક શૈલીમાં લખાયેલા હોઈ એ સર્વ લેખો તીવ્ર આલોચક બુદ્ધિ, તાત્ત્વિક ઊંડાણ અને ઐતિહાસિક સંશોધનના ત્રિવેણી સંગમ રૂપ છે.

પ્રો. એ. ચક્રવર્તીકૃત 'રિલીજિયન ઑફ અહિંસા' (બેંગલોર, ૧૯૫૭) એક કસાયેલા વિદ્વાનને હાથે લખાયેલું જૈન ધર્મ અને આચારશાસ્ત્ર ઉપરનું સુન્દર પુસ્તક છે. અહિંસામાર્ગ કે જેમાં જૈન ધર્મ અગ્રભાગી છે એ વિષેની એક રસપ્રદ પુસ્તિકા 'રિલિજિયન ઍન્ડ પીસ' (મથુરા, ૧૯૫૯) શ્રી. સુમેરચંદ દિવાકરે લખી છે. અહિંસાને લેખક એક સિદ્ધાન્ત તરીકે નહિ, પણ એક જીવનરીતિ તરીકે વર્ણવે છે તથા એના આચારશાસ્ત્રીય તથા દાર્શનિક અર્થો સમજાવે છે; સર્વ ભૂતો પ્રત્યે અનુકંપા એ આ ધર્મનું હાર્દ છે. ડૉ. મોહનલાલ મહેતાકૃત હિન્દી 'જૈન દર્શન' (સન્મતિ જ્ઞાનપીઠ, આગ્રા, ૧૯૫૯) આ વિષય પરનો એક ઉત્તમ ગ્રન્થ છે; મુનિશ્રી ન્યાયવિજયજીકૃત 'જૈન દર્શન' (ગુજરાતી અને હિન્દી) જે સામાન્ય વાચકો માટેનું પુસ્તક છે અને ડૉ. મહેન્દ્રકુમારકૃત 'જૈન દર્શન' (હિન્દી) જેનો ઉપયોગ મુખ્યત્વે વિદ્વાનો જ કરી શકે એમ છે એ બેની વચ્ચેનું સ્થાન ડૉ. મોહનલાલ મહેતાના પુસ્તકનું છે. મુનિશ્રી ફુલચંદકૃત 'નયવાદ' (સન્મતિ જ્ઞાનપીઠ, આગ્રા, ૧૯૫૮) સત્યનાં અનેક પાસાંને આવરી લેવા પ્રયત્ન કરતા જૈન દર્શનના એક મૂળભૂત સિદ્ધાન્ત વિષેનું સારું હિન્દી પુસ્તક છે.

પ્રો. વી. પી. જોહરાપુરકરે 'ભટ્ટારક સંપ્રદાય' (સોલાપુર, ૧૯૫૮) વિષે એક પુસ્તક આપ્યું છે. હસ્તપ્રતોની પુષ્પિકાઓ અને શિલાલેખોમાંથી ભટ્ટારકોના ઇતિહાસ વિષે ઉપયોગી સામગ્રી તેમણે એકત્ર કરી છે; અને ભટ્ટારક સંસ્થા જેણે શ્વેતાંબર સંપ્રદાયના ચૈત્યવાસી યતિઓની જેમ સાહિત્ય અને કલાના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે, તેના ઇતિહાસ અને સામાજિક અગત્યનું નિરૂપણ કર્યું છે. અગાઉ 'સેક્રેડ બુક્સ ઑફ ધી જૈન્સ' એ ગ્રન્થમાળાના જુદા જુદા ગ્રન્થોની પ્રસ્તાવનાઓ રૂપે છપાયેલા અંગ્રેજી લેખોનો ઉપયોગી સંગ્રહ શ્રી કે. બી. જીંદલે પુસ્તકાકારે બહાર પાડ્યો છે (કલકત્તા ૧૯૫૮); પણ એમાં તે તે લેખોના લેખકોનાં નામોનો નિર્દેશ કર્યો નથી એ જરા આશ્ચર્યજનક છે! આચાર્ય વિજયેન્દ્રસૂરિકૃત 'વૈશાલી' (બીજી આવૃત્તિ,

મુંબઈ, ૧૯૫૮) એ ઐતિહાસિક ભૂગોળને લગતી એક નોંધપાત્ર હિન્દી પુસ્તિકા છે. મહાવીરના જન્મસ્થાન ક્ષત્રિયકુંડને લેખકે વૈશાલી પાસેના બાસુકુંડ–બિહારના આધુનિક બસાઢ ગામ–તરીકે ઓળખાવ્યું છે તે ઉચિત છે; એ સ્થળે જૈન અને પ્રાકૃત અધ્યયન માટેની સંસ્થા જે સામાન્ય રીતે વૈશાલી ઇન્સ્ટિટ્યૂટ તરીકે ઓળખાય છે એની સ્થાપના બિહાર સરકારે કરી છે. ડૉ. અમરસિંહ મિત્તલનો ઓરિસાના પ્રાચીન ઇતિહાસને લગતો પીએચ. ડી.નો મહાનિબંધ જે બનારસના જૈન સંસ્કૃતિ સંશોધક મંડળ તરફથી હમણાં છપાય છે એનો ઠીક ઠીક ભાગ ઓરિસામાં જૈન ધર્મના પ્રાચીન ઇતિહાસનો ખ્યાલ આપે છે. ડૉ. જે. પી. જૈને પ્રાચીન ભારતના ઇતિહાસ (ઈ. સ. પૂર્વે ૨૦૦થી ઈ. સ. ૯૦૦) માટેનાં જૈન સાધનોનો અભ્યાસ પીએચ. ડી. માટે કર્યો છે તથા ડૉ. પ્રકાશચન્દ્રે રાજસ્થાનમાં જૈન ધર્મ વિષે કામ કર્યું છે.

ગુજરાતનાં કેટલાંક જૈન તીર્થો વિષે ઐતિહાસિક ઉપયોગિતાવાળી બે પુસ્તિકાઓ મુનિશ્રી વિશાલવિજયજીએ આપી છે. પહેલી પુસ્તિકા, 'ચાર જૈન તીર્થો' (ભાવનગર, ૧૯૫૬) માતર, સોજિત્રા, ખેડા અને ધોળકા વિષે માહિતી આપે છે અને બીજી પુસ્તિકા 'ગંધાર અને ઝગડિયા' (ભાવનગર, ૧૯૫૭) એ બે તીર્થો વિષે છે. 'ભારતનાં પ્રસિદ્ધ જૈન તીર્થ' (પાલીતાણા, ૧૯૫૯) એ સચિત્ર ગુજરાતી પુસ્તક મુનિ શ્રીકનકવિજયજીએ લખ્યું છે. આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિ જૈન સાહિત્યમાલા તરફથી 'બંગાલ કા આદિ ધર્મ' નામે પુસ્તક પ્રસિદ્ધ થયું છે. બંગાળમાં જૈન ધર્મનો ઇતિહાસ આલેખતા ત્રણ નિબંધોનો એ સંગ્રહ છે; એમાંના બે નિબંધો હિન્દીમાં અને એક અંગ્રેજીમાં છે. ડૉ. એ. સંગવેનું પુસ્તક 'જૈન કમ્યુનિટી–એ સોશિયલ સ્ટડી' (મુંબઈ, ૧૯૫૯) એ સમાજશાસ્ત્રના વિષયમાં પીએચ. ડી.ની ડિગ્રી માટે સ્વીકારાયેલો મહાનિબંધ છે. જૈનોની સામાજિક પરિસ્થિતિની લગભગ સંપૂર્ણ કહી શકાય એવી એ સમાલોચના છે, અને ભાવી અભ્યાસકાર્યો માટે અનેક રીતે માર્ગસૂચક છે.

આન્ધ્ર, તામિલનાડ અને કર્ણાટકમાં જૈન ધર્મના ઐતિહાસિક કાર્યને વર્ણવતા, 'જૈનિઝમ ઇન સાઉથ ઇન્ડિયા' (સોલાપુર, ૧૯૫૭) એ પુસ્તકના લેખક શ્રી. પી. બી. દેસાઈએ કેરલમાં જૈન ધર્મ વિષે કેટલીક નવી માહિતી આપતો નિબંધ લખ્યો છે ('જર્નલ ઑફ ઇન્ડિયન હિસ્ટરી', પુ. ૩૩, અંક ૫, ઑગસ્ટ ૧૯૫૭, પ્રસિદ્ધ થયું ૧૯૫૮માં). કાલકાચાર્ય એ કાલક જાતિના આગેવાન હતા એમ બતાવવાનો પ્રયાસ ડૉ. દશરથ શર્માએ કર્યો છે ('ઇન્ડિયન હિસ્ટોરિકલ ક્વાર્ટર્લી', પુ. ૩૩, અંક ૪, ડિસેમ્બર ૧૯૫૭). પાટણના સ્થાપક વનરાજ ચાવડાએ ઈ. સ.ની આઠમી સદીમાં ત્યાં બંધાવેલા પંચાસરા પાર્શ્વનાથના મન્દિર વિષેના સંખ્યાબંધ ઐતિહાસિક ઉલ્લેખો એક નિબંધરૂપે મેં એકત્ર કર્યા છે ('આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રન્થ').

હવે હું સન્દર્ભગ્રન્થો અને સૂચિઓનો નિર્દેશ કરીશ, કે જે સંશોધન અને અન્વેષણનાં અનિવાર્ય સાધનો છે. પં. પન્નાલાલ અને ડૉ. જ્યોતિપ્રસાદે સંકલિત કરેલ 'પ્રકાશિત જૈન સાહિત્ય' (દિલ્હી, ૧૯૫૮) અત્યાર સુધી પ્રકટ થયેલા જૈન સાહિત્યની સન્દર્ભસૂચિ હોવાનો દાવો કરે છે. વિગતવાર સમાલોચના માટેનું આ સ્થાન નથી, પણ મારે એટલું તો કહેવું જોઈએ કે આ ઘણી અધૂરી યાદી છે. 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર', 'સિદ્ધહૈમ વ્યાકરણ', 'પ્રબન્ધચિન્તામણિ', 'જ્ઞાનબિન્દુ પ્રકરણ', અને બીજાં કેટલાંયે જાણીતાં પ્રકાશનોનાં નામ પણ આમાં ક્યાંય જોવા મળતાં નથી. 'જૈન ગુર્જર કવિઓ', ભાગ ૧–૨ નો ઉલ્લેખ છે, પણ સને ૧૯૪૪માં પ્રસિદ્ધ થયેલા એના ત્રીજા ભાગની નોંધ ક્યાંય નથી. શ્રી. ધૂમકેતુકૃત 'હેમચન્દ્રાચાર્ય'નો નિર્દેશ છે, પણ એની સાથોસાથ પ્રકટ થયેલ પ્રો. મધુસૂદન મોદીકૃત 'હૈમસમીક્ષા' નો નથી. 'લાઈફ ઑફ હેમચંદ્રાચાર્ય' પુસ્તક નોંધાયું છે, પણ એના વિખ્યાત લેખક ડૉ. જ્યૉર્જ બ્યૂલરનું નામ તે સાથે નથી. અંગ્રેજી વિભાગનાં ઘણાંખરાં પુસ્તકોની બાબતમાં પ્રકાશનના સ્થળ અને વર્ષનો ઉલ્લેખ નથી. કોઈ ચોક્કસ પદ્ધતિ વિનાની આ અધૂરી યાદી છે, અને અભ્યાસીની દૃષ્ટિએ એનું મૂલ્ય સાવ મર્યાદિત છે.

જેસલમેરના ભંડારોની મુનિ શ્રીપુણ્યવિજયજીએ તૈયાર કરેલી સૂચિ મુંબઈની શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના ઉપક્રમથી છપાય છે, અને તે ટૂંક સમયમાં બહાર પડશે. તમામ તાડપત્રીય પ્રતોની અને કાગળ ઉપર લખાયેલી મહત્ત્વની બધી પ્રતોની એ સૂચિ છે. પાટણના શ્રી. હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિરમાં સચવાયેલી આશરે વીસ હજાર હસ્તપ્રતોની સૂચિ પણ મુનિ શ્રીપુણ્યવિજયજીએ તૈયાર કરેલી છે, અને હસ્તપ્રતોની પુષ્પિકાઓ સહ તે છપાય

છે. ખંભાતના વિખ્યાત શાંતિનાથ ભંડારની સૂચિ પણ તેમણે તૈયાર કરી છે, અને ગાયકવાડ્ઝ ઓરિયેન્ટલ સિરીઝમાં તે છપાય છે. એશિયાટિક સોસાયટી ઑફ બંગાલના સંગ્રહમાંની જૈન હસ્તપ્રતોની વર્ણનાત્મક સૂચિ ડૉ. અજિતરંજન ભટ્ટાચાર્યે તૈયાર કરી છે. એનો પહેલો ભાગ પ્રકટ થયો છે, અને બીજો ભાગ નજીકના ભવિષ્યમાં પ્રસિદ્ધ થશે.

હોશિયારપુરના વિશ્વેશ્વરાનંદ વૈદિક રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટે, આ સમાલોચનના વર્ષ દરમિયાન, પોતાના સંગ્રહના ૮[illegible]૬૦ હસ્તપ્રતોની વર્ગીકૃત સૂચિ બે ભાગમાં બહાર પાડી છે. આ સૂચિમાં ૨૬૭ જૈન ગ્રન્થોની નોંધ છે. એમાંથી ૫૮ સંસ્કૃતમાં અને ૨૦૯ હિંદીમાં છે. રાજસ્થાન પુરાતત્ત્વ મંદિરે પોતાના સંગ્રહની હસ્તલિખિત પ્રતોની સૂચિનો પહેલો ભાગ પ્રકટ કર્યો છે (જોધપુર, ૧૯૫૯). એમાં નોંધાયેલી કુલ ૪૮૬૮ હસ્તપ્રતોમાંથી ૧૨૩૬ પ્રતો સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી–રાજસ્થાનીમાં જૈન લેખકોએ રચેલા વિવિધ વિષયના ગ્રન્થોની છે. જર્મનીમાં જૈન અધ્યયનનો સંદર્ભાત્મક પરિચય આપતો અંગ્રેજી નિબંધ ડૉ. ક્લાઉઝ બ્રુને લખ્યો હતો ('વૉઇસ ઑફ અહિંસા,' પુ. ૬, અંક ૧૦, ઑક્ટોબર ૧૯૫૬), જેનું ગુજરાતી ભાષાંતર ડૉ. અરુણોદય જાનીએ કર્યું છે ('જૈનયુગ', જાન્યુઆરી ૧૯૫૯).

ગયાં બે વર્ષમાં પ્રાકૃત અને જૈન અધ્યયનના વિષયમાં થયેલા કાર્યની આ નોંધ છે; એમાં કોઈ અગત્યના કામનો ઉલ્લેખ શરતચૂકને લીધે રહી ગયો હોય તો હું આપની ક્ષમા ચાહું છું. આપે જોયું હશે કે આપણા ક્ષેત્રનાં કામ કરનાર વિદ્વાનોનું એક નાનું પણ તાલીમબદ્ધ મંડળ છે, અને આપણે આશા રાખીએ કે વધુને વધુ વિદ્વાનો ભારતીય સંસ્કૃતિની પ્રમાણમાં અવગણાયેલી આ શાખામાં ઉત્તરોત્તર વધુ રસ લેતા થશે. 'પ્રાકૃત અને જૈન અધ્યયન' તથા 'જૈન વિદ્વાન' જેવા શબ્દપ્રયોગો કેટલીક વાર ગેરસમજ ઊભી કરે છે, અને તેથી અનાવશ્યક ભિન્નતાનો ભાવ ક્વચિત્ પેદા થાય છે. પરન્તુ આપણે યાદ રાખવું જોઈએ કે જૈન ધર્મ પણ, બીજાં દર્શનોની જેમ, ભારતીય જીવન અને વિચાર પ્રણાલિની સર્વસામાન્ય ભૂમિકામાંથી ઉદ્ભવ્યો હતો, અને આજ દિન સુધી તેણે સર્વદા સમકાલીન ભારતીય જીવન ઉપર પ્રભાવ પાડ્યો છે અને તે વડે પ્રભાવિત પણ થયો છે. આથી સંસ્કૃત, પ્રાકૃત અને પ્રાદેશિક સાહિત્યો જેવાં વિવિધ માધ્યમો દ્વારા આવિષ્કૃત જૈન ધર્મ અને તત્સંબદ્ધ વિષયોના જ્ઞાનમાં ઉમેરો એ અનેક રૂપે વ્યક્ત થયેલ ભારતીય સંસ્કૃતિના વ્યાપક અધ્યયનના ક્ષેત્રમાં જ મૂલ્યવાન પ્રદાન છે.

વિદ્યાવિષયક કાર્યો માટે શાસ્ત્રવ્યુત્પત્તિ અને તાલીમ જરૂરી છે; પરન્તુ જ્ઞાન પ્રત્યે સંપૂર્ણ ભક્તિ એ કોઈ પણ સંશોધક અને જ્ઞાનપિપાસુ માટે સૌથી વધુ આવશ્યક છે એમ કહું તો આપ મારી સાથે સંમત થશો એવી આશા છે. અધ્યયન અને સંશોધન માટેની ભક્તિ વિના ચિરંજીવ મહત્ત્વનું કોઈ કામ ભાગ્યે થઈ શકે. જ્ઞાનને વિષે જેમની ભક્તિ હોય એમના ઉપર 'પ્રતિક્રમણ સૂત્ર' શ્રુતદેવતાના આશીર્વાદો ઉતારે છે; એ પવિત્ર ધર્મગ્રન્થમાંની પ્રસ્તુત ગાથા અહીં ટાંકીને હું આ વ્યાખ્યાનની સમાપ્તિ કરીશ—

सुअदेवया भगवई नाणावरणीअ-कम्म-संघायं ।
तेसिं खवेउ सययं जेसिं सुअ-सायरे भत्ती ॥

(શ્રુત-સાગરમાં જેમની ભક્તિ છે તેમનાં જ્ઞાનાવરણીય કર્મના સમૂહનો ભગવતી શ્રુતદેવતા સર્વદા ક્ષય કરો!)

# પ્રાર્થના

શ્રીમતી ભંવરબાઈ રામપુરિયા

કેવલ કરુણામૂર્તિ છો, દીનબંધુ દીનાનાથ!
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી! હાથ.
—શ્રીમદ્ રાજચંદ્ર

પ્રાણીની દરેક સાધનાનું અંતિમ ધ્યેય એકમાત્ર સુખની પ્રાપ્તિ અને દુઃખની નિવૃત્તિ હોય છે. આ ધ્યેયને પાર પાડવા માટે જ પ્રાણી રાત-દિવસ અથાક પરિશ્રમ કરવામાં લાગ્યો રહે છે. દરેક દેહધારીના જીવનમાં આધિરૂપ માનસિક પીડા એના ઝંઝાવાત, વ્યાધિરૂપી (શારીરિક) પીડાઓ, તેમ જ સ્વજન-પરિવારની ઉપાધિઓ લાગેલી જ રહે છે. અંતરના સંતાપરૂપ અસંતોષની આગ હૈયામાં હમેશાં સળગતી રહે છે. કોઈ પણ નેત્રો એવાં નથી, જેમાંથી ઊનાંઊનાં આંસુઓની ધારાઓ ન વહી નીકળી હોય. અને એવું કોઈ પ્રાણી નથી કે જેણે દુઃખનું નિવારણ કરવાનો પૂરી તાકાતથી પ્રયત્ન ન કર્યો હોય. પરંતુ, બધું કરી છૂટવા છતાં, જ્યારે પ્રાણીને પોતાની મહેનતનું સંતોષ-જનક પરિણામ નથી મળતું, એના તમામ પ્રયત્નો ઉપર પાણી ફેરવીને જ્યારે દુઃખ કોઈ ને કોઈ રૂપમાં એની સામે આવીને ખડું થાય છે, ત્યારે એનું હૃદય ભયંકર ખેદથી ભરાઈ જાય છે. એ સર્વથા હતાશ તેમ જ ઉદાસ બની જઈ ને નિષ્ક્રિય જેવો બની જાય છે. પોતાના સામર્થ્યમાંથી એનો વિશ્વાસ ડગી જાય છે, પોતાના બળ, પોતાની શક્તિ, પોતાના બુદ્ધિબળ ઉપરથી એની આસ્થા ચલિત થઈ જાય છે, અને ચારેકોરથી એ પોતાની જાતને નિઃસહાય જુએ છે.

આવી પળો મોટે ભાગે તમારા-અમારા-બધાના જીવનમાં આવતી જ રહે છે એવે વખતે આપણું મન આપણાથી વધારે શક્તિશાળી એવી જ્ઞાત કે અજ્ઞાત શક્તિ પાસેથી માર્ગદર્શન કે મદદની અપેક્ષા રાખે છે. આ અદૃશ્ય શક્તિને ભગવાન, પરમાત્મા કે આત્મા ગમે તે કહીએ અને દૃશ્ય શક્તિને સદ્ગુરુ, સંત, યોગી ગમે તે કહીએ, પરંતુ નામ અને રૂપ જુદાં હોવા છતાં, એ એક જ શક્તિ છે. ઉપર કહી એવી અસહાય સ્થિતિમાં પ્રાણીના જીવનમાં હું જ્ઞાતા છું, 'હું સર્વોપરિ કર્તા છું,' 'હું ભોક્તા છું' વગેરે જુદા જુદા રૂપે જે અહંના દર્શન થાય છે, તે અહં ગળી જઈને વહી જાય છે, અને એક પ્રકારની અસહાય દીનતા છવાઈ જાય છે. એવા સમયમાં એના હૃદયનાં પડેપડને ચીરતો એક માર્મિક અને દયાજનક પોકાર ઊઠે છે, જે પેલી શક્તિશાળી શક્તિની સામે અથડાય છે. એ પોકારને જ સાચા અર્થમાં પ્રાર્થના કહેવામાં આવે છે. એ જ જ્ઞાનપૂર્વકની ક્રિયા છે, એ જ નામસ્મરણ છે. આ પોકાર, ક્યારેક તો, અંતરના ઊંડાણમાં જ જાગીને શાંત થઈ જાય છે અને ક્યારેક શ્વાસોચ્છ્વાસ સાથે ભળી જઈ ને 'હે નાથ!', 'હે ભગવાન!' વગેરે સંબોધનો દ્વારા પ્રગટ થઈ જાય છે. સર્વથા અસમર્થ થઈ જવાથી જે પોકાર જાગે છે, એ જ પ્રાર્થના છે.

પ્રાર્થના એ ભક્તહૃદયમાંથી વહી નીકળતું સહજ-સ્વાભાવિક આધ્યાત્મિક ઝરણું છે, કે જેના વેગવાન પ્રવાહમાં અનેક જન્મના કલુષિત વિચારો અને પાપના પુંજ વહી જાય છે. પ્રાર્થના એ સંતોની, મહાત્માઓની, ભક્તોની સહજ સમૃદ્ધિ છે, શાંતિ છે, સુખ છે, આનન્દ છે અને પરમ તૃપ્તિ છે.

અનન્ય પ્રેમ અને અતૂટ શ્રદ્ધાપૂર્વક હૃદયના ઊંડાણમાંથી નીકળેલી પ્રાર્થનામાં અદ્ભુત શક્તિ રહેલી હોય છે. એ ભક્ત અને ભગવાનની વચ્ચે ઊભેલી કામ, ક્રોધ વગેરેની દીવાલોને ભેદીને પોતાના આરાધ્ય ભગવાન સુધી પહોંચી જાય છે. એ પ્રાર્થનાના માર્ગને રૂંધી શકે એવી કોઈ તાકાત દુનિયામાં નથી. સ્વયંસંચાલિત (Automatic) યંત્રની જેમ, એનો સીધો સંબંધ પોતાના પરમ આરાધ્ય પરમાત્મા સાથે થઈ જાય છે.

જ્યારે પણ સાધકનું મન આધિ-વ્યાધિ-ઉપાધિજન્ય પીડાઓથી પીડિત હોય છે, ત્યારે એ નાના બાળકના જેવી સાત્વિક લાગણીઓથી ભગવાનને પોકારે છે. અને જેવી રીતે મા હજાર કામ પડતાં મૂકીને પોતાના કાળજાની કોર જેવા બાળકનો પોકાર સાંભળીને દોડી જાય છે અને એને હૈયા સરસું ચાંપીને શાંતિ અનુભવે છે, એ જ રીતે ભગવાન પણ પોતાના ભકતનો દીનતા ભર્યો પોકાર સાંભળી દોડીને એને હૈયે લગાવે છે. ભકતનો સાચો પોકાર ભગવાનને વિવશ બનાવી મૂકે છે. સાચી પ્રાર્થના જ સાધકની પરમ વિભૂતિ છે; એ જ પરાભકિત છે. આ પરાભકિત દ્વારા જ પરમ પદની પ્રાપ્તિ થાય છે.

ભગવાનને આધીન બનેલા ભકતને મન સ્વર્ગ વગેરે બધાં સુખો તુચ્છ છે.

અસાધ્યમાં અસાધ્ય રોગ, વિષમમાં વિષમ વ્યાધિઓ મુશ્કેલમાં મુશ્કેલ પરિસ્થિતિઓ ભકતની ભગવાન પ્રત્યે અચલ શ્રદ્ધાને બળે દૂર થઈ ગયાનું જોવામાં આવ્યું છે. કુદરતના કાનૂનોનું ઉલ્લંઘન પણ ભક્તોએ કર્યુ હોય, એવું જોવામાં આવ્યું છે. ભકત મીરાંનું વિષપાન અમૃતપાન કેવી રીતે થઈ ગયું? નરસિંહ મહેતાની આબરૂ કેવી રીતે રહી? સતી ચંદના, સીતા, સુભદ્રા, સુદર્શન શેઠ વગેરેના જીવનની અલૌકિક ઘટનાઓ એમના શ્રદ્ધાભર્યા હૃદયમાંથી નીકળેલ પ્રાર્થનાનો જ ચમત્કાર હતા. નહીં તો, ન તો એ કોઈ તાંત્રિક હતા. કે ન લબ્ધિઓ કે સિદ્ધિઓનો પ્રયોગ તેઓએ કર્યો હતો; કે ન કોઈ દૈવી સાધના એમણે કરી હતી; તેઓ પણ તમારી અમારી જેવા જ હાડમાંસના બનેલાં પૂતળાં હતાં. ફક્ત ભગવાન પ્રત્યેનો એમનો અડગ વિશ્વાસ, એકનિષ્ઠ આત્મવિશ્વાસ જ એમનું ખરું બળ હતું.

કોઈ એવો સવાલ કરી શકે કે આ શકિત ભકતમાં આવી કયાંથી? આનો ખુલાસો એજ કે—જ્યારે અલ્પ શકિતવાળા માનવીનો સીધો સંબંધ સર્વશકિતમાન પરમાત્મા સાથે કે સદ્ગુરુ સાથે થઈ જાય છે, ત્યારે એ પરમશકિતમાન પરમાત્મા કે સદ્ગુરુ પાસેથી એને સીધી શકિત પ્રાપ્ત થાય છે, અને એ જીવનના દરેક ક્ષેત્રમાં સફળતા હાંસલ કરે છે. એને પોતાના અંતરમાં સાક્ષાત્ અનુભવ થાય છે કે અંદર કોઈક પ્રેરક શકિત મોજૂદ છે, કે જેની પ્રેરણાને આધારે આ જીવનક્રમ ચાલી રહ્યો છે.

ભગવાન ઉપર અવિચલ શ્રદ્ધા રાખનાર ભકતના હૃદયનો એક જ સાત્વિક પોકાર, ભગવાનના પગની સાંકળ બનીને, ભગવાનને એ તરફ ખેંચી લાવે છે; અને આ પોકાર જ પ્રાર્થના છે, અને એવા ભક્તો જ સાચા ભકત છે.

(મૂળ હિન્દીનો અનુવાદ)


## कॉन्फरन्स को आप किस प्रकार से मदद कर सकते हैं?

सभासद बन कर

| | | |
|---|---|---|
| पेट्रन 'अ' वर्ग — — | रु. १००१ | प्रदान कर |
| पेट्रन 'ब' वर्ग — — | रु. ५०१ | " |
| आजीवन सभ्य 'अ' वर्ग | रु. २५१ | " |
| " " 'ब' वर्ग | रु. १०१ | " |

**कॉन्फरन्स द्वारा जैन साहित्य प्रचार**

जेसलमेर ज्ञानभंडार सूचि और धी जैन रिलीजीअन ओन्ड लिटरेचर के लिए ज्ञान विभागमें (खातामें) उचित रकम भिजवा कर अथवा स्वयं प्रदान कर

**जैन युग**

ग्राहक बनकर वार्षिक उपहार रु. ३ (प्रतिमास ता. १ को प्रकट किया जाता है)

# નામ પ્રભુનું

**શ્રી. રતિલાલ દીપચંદ દેસાઈ**

સૌરાષ્ટ્રની સોહામણી ધરતી.

શૂરા એનાં માનવી અને સાહસી એના વેપારી.

મે'માનવલા તો એવા કે મે'માન આવ્યા કે જાણે પ્રભુ પધાર્યા.

એમાં સોનગઢ નામે ગામ. ગામ મોકળું મોકળું એવું કે ક્યાંય ભીડાભીડ કે ભીંસાભીંસનું નામ નહીં. ચારે કોરનો વગડો ઉઘાડો. ચોવીસે કલાક હવાની મીઠી મીઠી લેરખીઓ આવ્યા કરે, અને મજા કરાવ્યા કરે!

એકલો એકલો માનવીય વા સાથે વાતો કરીને વખત વિતાવે અને લે'ર કર્યા કરે.

એ હવા પણ એવી સૂકી અને એવી તાજગીભરી કે માનવી દિવસે ન વધે એટલો રાતે વધે, અને રાતે ન વધે એટલો દિવસે વધે; માંદો હોય એય થોડા દિવસમાં સાજો ને તાજોમાજો થઈ જાય!

એનાં જળ પણ એવાં મીઠાં, એવાં નરવાં ને પાચક કે જાણે એ પીધાં જ કરીએ અને રોટલા ખાધા જ કરીએ. ગમે તે ખાવને, ઘડીવારમાં બધું હજમ!

ગામને પડખેથી નાની નાની ભેખડો વચ્ચે સંતાકૂકડી રમતી, હસતી, એક પાતળી નદી વહી જાય. એના વાંકાચૂંકા આરે બેસીને ચારે કોર નજર નાખીએ તો જાણે કુદરત વાતો કરતી લાગે. એની વેડૂર અને એના પાંચીકૂકાય જાણે વગર બોલાવ્યાં વાતો કરે!

ગામની ધરતી પણ ચઢાવ-ઉતારથી શોભી ઊઠે એવી. ગામની પાસે અને ગામથી આઘે નાની નાની ટેકરીઓ. હેતાળ માડીના હૂંફાળા ખોળામાં જાણે રૂપાળું બાળક રમતું હોય એવું એ સોનગઢ ગામ લાગે! જઈએ તો ઝટ નીકળવાનું મન ન થાય એવું કામણગારું!

સોનગઢ ગામથી અડધોક ગાઉને છેટે એક નાનું સરખું ગામ. ધરતીનાં છોરું એના રહેવાસી. નાનાં નાનાં એનાં ખોરડાં અને ભોળાંભાળાં એનાં માનવી!

ગામનું નામ જીંથરી.

જીંથરીથી ખેતરવા છેટે એક ટેકરી.

થોડાં વરસ પે'લાં તો એ સાવ ખાલી. કોઈ માનવીનો ત્યાં વાસ નહીં. જતો આવતો વટેમાર્ગુ એના ઉપર નજર નાખે અને ઢોરઢાંખર ચર્યા કરે! ગોવાળિયાની વાંસળી ત્યાં ક્યારેક ક્યારેક રણકી ઊઠે! જગ્યા જુઓ તો નકરો વગડો, અને નામ મજાનું અમરગઢ!

◊ ◊ ◊

આપણો દેશ બહુ ગરીબ. પૈસાવાળા તો આંગળીને વેઢે ગણાય એટલા; અને ખાધે-પીધે અને પહેરવે-ઓઢવે સુખી ગણાય એવાં માનવીય કંઈ બહુ ઝાઝાં નહીં.

ગરીબની તો ઝાઝી મે'નત અને ઓછી કમાણી એવી દશા. દી'આખો કાળી મજૂરી કરે ત્યારે માંડ પેટ પૂરતું ભેગું થાય.

એમાં વળી ક્યાંક ક્યાંક તો એક રળે અને ઝાઝા ખાય એવી વાત! અધૂરામાં પૂરું વાર-પરબે કે ટાણે-કટાણે વે'વાર, વરો અને માંદગી પણ પોતાનો ભાગ માગે!

ગરીબ બાપડો ઝાઝો ગરીબ બનતો જાય અને ખરચના ભારે ભીંસાતો જાય. એમાં એનાં છોકરાંને ઘી-દૂધ ક્યાંથી મળે? પોષણ વગર અને પૂરા ભણતર વગર એ મોટાં થાય; અને કમાણીના જોતરે જોતરાઈ જાય!

એમનાંય નસીબમાં કામ જ ઢસરડવાનું! ખાવાનું કસ વગરનું અને કામ કરવાનું પાકું! એમાં વળી મોંઘારત કહે મારું કામ! રળતર એના એ, અને ખરચ વધી જાય! માનવી કોઈ રીતે ખરચને પહોંચી શકે નહીં! રાત-દિવસ મહેનત કરે, અને ચોવીસે કલાક પેટની ચિંતાનો ભાર વેંઢાર્યા કરે!

આ કાળી મહેનત અને આ ઊંડી ચિંતા જાણે ડાકણની ગરજ સારે! ભલભલાનું હીર ચુસાઈ જાય!

અને પચીસ-ત્રીસ વરસના જુવાન જોધ નર ભાંગી પડે અને અકાળે ઘરડા થવા લાગે.

એમાં વળી કેટલાકને ક્ષયરોગનો જન વળગે. પછી તો પૂછવું જ શું? આપણે ત્યાં ક્ષયરોગનો રાજરોગ કહ્યો છે! એવા રોગ તો રાજદરબારે જ શોભે! પણ આ તો હવે કળિયુગ! એ ગરીબનેય ન છોડે!

એક વાર કોઈને આ રોગ વળગ્યો કે જોઈ લો એની દશા! પોતેય ખુવાર થઈ જાય અને આખું ઘર ખુવાર ખુવાર થઈ જાય! એટલે તો આપણે ત્યાં કહેણી થઈ છે કે 'ક્ષયનો રોગી પોતે મરતો જાય અને આખા ઘરને મારતો જાય!' એનાં દવા-દારૂમાં ઘરમાં દરિદ્રતા રાસડા લેવા માંડે!

દેશનું દુર્ભાગ્ય! આપણા દેશમાં આ રોગ વધવા માંડ્યો અને એમાં દેશની શાન જેવાં અને દેશની દોલત જેવાં કંઈક આશાભર્યાં જુવાન ભાઈ-બહેનો ઝડપાવા લાગ્યાં.

દિવસે દિવસે એમની સંખ્યામાં વધારો થવા લાગ્યો.

એમને કેમ કરી બચાવી લેવાં એ ચિંતાની વાત બની બની ગઈ! હે ભગવાન! દુશ્મનનેય આવાં દરદ કદી ના દેજે!

۵ ۵ ۵

સોનગઢ-અમરગઢથી થોડે ગાઉએ એક બાજુ ભાવનગર જેવું શહેર અને બીજી બાજુ ગઢડા જેવો કસબો.

એક દિવસ ત્યાંના અને બીજા માનવીઓનાં હૈયામાં પ્રભુ વસ્યો એમને થયું: આપણાં આટઆટલાં ભાઈ-બહેનો આવા રોગમાં પિલાયાં કરે અને આપણે જોયાં કરીએ તો પ્રભુ કેવી રીતે રાજી રહે?

એમણે આ રોગ સામે પાળ બાંધવાના મનોરથ કર્યા; અને એ મનોરથને સાચા પાડવા તરત કામે વળગ્યા.

પૈસાની જોગવાઈ પણ થઈ ગઈ. કામને કદી પૈસાની ખોટ નડતી નથી. એની ટેલ તો પ્રભુ જ પૂરી પાડે છે.

હવે કામ રહ્યું જગ્યા નક્કી કરવાનું. શોધતાં શોધતાં એમને સનગઢ પાસેની અમરગઢની ટેકરી ગમી ગઈ. કેવું નરવું પાણી અને કેવી ચોખ્ખી ને સુક્કી હવા! ક્ષયના દરદીને માટે તો જાણે અમૃત જ સમજો! દરદીના દરદને દૂર કરવામાં દાક્તરની દવા જેટલું કામ કરે એના કરતાં જરાય ઓછું કામ ભગવાનના ઘરની આ હવા ન કરે! એમાં એક લોકસેવાના વ્રતધારી સાધુ-પુરુષના એ ધરતીને આશિષ મળ્યા. તરત જ એ ધરતી ઉપર કળશ ઢોળાયો.

ઘડિયાં મુરત જોવરાવ્યાં અને એક સપરમે દિવસે અમરગઢમાં ક્ષયની મોટી ઇસ્પિતાલના પાયા નંખાયા.

વેરાન અમરગઢ સલાટના ટાંકણાં, સુતારના રંધા અને કડિયા-મજૂરોના કિલકિલાટથી ગાજી ઊઠ્યું.

પૈસા થોકે થોકે આવવા માંડ્યા અને જાણે એ ટેકરીના પેટાળમાંથી ઇસ્પિતાલની ઇમારત ઝપાટાબંધ પ્રગટ થવા માંડી!

ધીમે ધીમે અમરગઢનું નામ મશહૂર થવા લાગ્યું.

۵ ۵ ۵

વાત વાતમાં તો મકાનો તૈયાર થઈ ગયાં; જાણે અમરગઢની ઉજ્જડ ટેકરી ઉપર જાદુઈ લાકડી ફરી ગઈ! મધપૂડો ગણગણે એમ એ ધરતી માનવીના કલરવથી હસી ઊઠી!

સારવારનાં સાધનો આવ્યાં અને નવાં નવાં ઓજારો અને યંત્રો પણ આવ્યાં. હોંશિયાર દાક્તરોને બોલાવ્યા ને સેવા કરવા બહેનોને રાખી.

અને પછી તો દરદીઓ આવવા લાગ્યું; જોતજોતામાં ઇસ્પિતાલનાં બધા ખંડ ઊભરાઈ ગયા.

ચાલો ત્યારે જરા દરદીઓનાં દર્શન કરીએ.

દીન, દુખિયાં ને દરદી તો દેવના પ્રતિનિધિ કહેવાય!

આજે તો ઇસ્પિતાલ બહુ મોટી થઈ ગઈ છે; પણ એ વેળાએ ત્યાં ચાર મોટા મોટા ખંડ (વૉર્ડ). એક એક ખંડમાં પંદર-પંદર વીસ-વીસ દરદીઓ રહે. ઓછા ખરચે રહેવું હોય એમને માટે એ ખંડ. બધા ખંડ ઉપર બંધાવી આપનાર દાતારનું નામ. ખરચ રૂપિયા એકાવન હજાર!

અને જરાક આઘે જૂદાં જૂદાં મકાનો. પૈસા ખરચી શકે એ એમાં ઘર કરીને અલાયદા રહે.

ખંડમાં જઈએ તો મોટે ભાગે જુવાન જોધ દરદીઓનાં દર્શન થાય. કોઈ વીસ વરસનાં, કોઈ પચીસનાં અને કોઈ ત્રીશ, પાંત્રીશ કે ચાલીશની ઉંમરનાં પણ.

આપણને જોઈને બધાં રાજી રાજી થઈ જાય, અને કોઈ સંત-સાધુને જુએ તો તો પોતાનાં અહોભાગ્ય માને!

આવાં આશાભર્યાં ભાઈ-ભાંડુને આવા જાલિમ દરદમાં ઝડપાયાં જોઈને આપણું મન કહ્યું ના કરે; હૈયું ગળગળું થઈ જાય; હે ભગવાન્! આ બધાંનો કંઈ વાંક-ગુનો?

ઇસ્પિતાલ સમા મંદિરના દેવ સમા એ દરદીઓને જોઈને બહાર આવીએ ત્યારે મનમાં તીરથ કર્યા જેવી ભાવના જાગે: મન કૂણું કૂણું અને કરુણાભીનું બની

જાય. આપણાથીય કંઈ થઈ શકે તો કરવાની લાગણી જાગે! આવાં તીરથનાં દર્શન તો સૌએ કરવાં!

આ આવ્યો છેલ્લો ખંડ (વૉર્ડ). એમાં બધી બહેન-દરદીઓ જ રહે! એમને જોતાં તો આંખો આંસુભીની બની જાય.

પણ જરા બહાર આવો, અને ખંડ ઉપરનું નામ વાંચો. લખ્યું છે; ખરચ રૂપિયા એકાવન હજાર! ખંડનું નામ "પરમાત્મા વૉર્ડ"

મનમાં ભારે અચરજ થયું; આ તે વળી કેવું નામ?

પૂછ્યું તો કહે: ઇસ્પિતાલ ચણાતી હતી ત્યારે એક ભાઈને કંઈક કરવાના ઉમંગ જાગ્યા. એક ખંડના એકાવન હજાર એમણે મોકલી આપ્યા.

એમને પૂછ્યું કે પહોંચ કોના નામની બનાવીએ? તો કહે. નામનું શું કામ? ચોપડે ગમે તે નામે જમે થયા એ પહોંચ જ થઈ ને!

ખંડ તૈયાર થયો અને પૂછ્યું કે ખંડને નામ કોનું આપીએ? તો કહે ભાઈ એવી નામનાની શી જરૂર? દરદીઓને આરામ મળે એ કંઈ ઓછી વાત છે?

વધુ આગ્રહ કર્યો તો કહે, આ તો બધી ભગવાનની કૃપા! માનવી શું કરી શકે? નામ આપવું જ હોય તો આપો નામ પ્રભુનું! જેવું હોય એવું જ નામ શોભે ને? આપણે તો ફક્ત એની ચિઠ્ઠીના ચાકર!

અને એ ખંડનું નામ "પરમાત્મા વૉર્ડ" રાખ્યું!

કીર્તિના કોટડા ઊભા કરવા તો કોને ન ગમે? પણ આ માડી જાયો એ મોહમાંથી ઊગરી ગયો!

ધન્ય રે અનામી દાતાર!

૬ ૬ ૬

થોડાંક વરસ વીત્યાં.

અમરગઢની એ ઇસ્પિતાલમાં મોટા દાક્તર નવા આવ્યા.

હોંશિયારે એવા અને કામગરા પણ એવા. આળસનું તો એમની પાસે નામ નહીં. દરદનું નિદાન તો એવું કરે કે જાણે રોગ ઉપર આંગળી મૂકીને બતાવે!

જશકરમી પણ એવા. અડધું દરદ તો જાણે એમની સાથેની વાતમાં જ ઓછું થઈ જાય. અને દવા એવી કરે કે દરદી ઝટ સાજો થઈ જાય!

પોતે ખડે પગે કામ કરે, અને માણસો પાસેથી પણ એવું જ કામ લે. બધા કહે, એ છે તો આપણા દેશના, પણ ઠેઠ જર્મનોના દેશની વિદ્યા ભણી આવ્યા છે! નવરા તો બેસી જ ન શકે!

દરદી તો દાક્તરને મન દેવ! એને જુઓ અને બીજું બધું ભૂલી જાય. એ જલદી સાજો કેમ થાય એ જ એની ચિંતા.

આવા પરગજુ અને કાબેલ દાક્તરને દરદીઓય દેવ માનવા લાગે, એમાં શી નવાઈ?

દરદી સાજા થઈ ને જાય ત્યારે એના પગે પડે અને એને ફૂલની ભેટ આપીને પોતાની લાગણી દર્શાવે.

એક દિવસની વાત છે: કામ પતાવીને દાક્તર પોતાના બંગલે ગયા. જમીને આરામ કરવા જાય છે, ત્યાં પટાવાળો આવ્યો. કહે, કોઈ ભાઈ ઇસ્પિતાલ જોવા આવ્યા છે અને આપને તરત બોલાવે છે. એમને કંઈક જરૂરી વાત કરવી છે.

પેલા ભાઈ પરમાત્મા-વૉર્ડ પાસે ઊભા હતા. દાક્તર જઈ ને એમને મળ્યા. આવનાર ગૃહસ્થે દરદીઓની પૂછપરછ કરી, બધી દરદી બહેનોના ખાટલે ખાટલે ફર્યા અને પછી દાક્તરને પૂછ્યું: આમાં કોઈ મદદની જરૂરવાળી બહેનો ખરી?

દાક્તરે કહ્યું: એવી બેએક બહેનો તો છે.

પેલા ભાઈએ પૂછ્યું: એમને માટે કેટલા પૈસા જોઈએ?

દાક્તરે સંકોચ કરતાં કહ્યું: હજારેક હોય તો બસ.

પેલા ભાઈએ બે હજારની નોટો દાક્તરના હાથમાં મૂકી દીધી!

દાક્તર તો જોઈ જ રહ્યા: એ ભાઈ ને પહેલાં ક્યારેક નહીં મળેલા, એટલે ઓળખે પણ શી રીતે?

મોટા દાક્તરને આવ્યા જાણી બીજા દાક્તરો અને ઑફિસના માણસો ત્યાં આવી પહોંચ્યા. એમણે એ ભાઈ ને તરત ઓળખી કાઢ્યા.

એમણે મોટા દાક્તરને કહ્યું: સાહેબ, આ તો આ વૉર્ડ માટે એકાવન હજારનું દાન કરનાર શેઠ પોતે!

પહોંચ માટે નામ પૂછ્યું તો કહે, નામ પ્રભુનું!

પ્રભુની કીર્તિ ગાવી સૌને ગમે પ્રભુની નામના કરવી સૌને રુચે અને પ્રભુના જશ ગાવામાં સૌને આનંદ આવે!

એના કરતાં મોટું નામ કોનું હોય? એના કરતાં મોટો જશ કોનો ગાવો!

અને અમરગઢ એક અમર ઘટનાનું સાક્ષી બની ગયું.

એ અનામી દાતાર પ્રભુના નામમાં અમર બની ગયા!

卐

*Modified*
DESIGN




*'Diamond'*

# PURE GOLD BARS

OF

## MANILAL CHIMANLAL & CO.

AVAILABLE IN 5, 1, 1/2 & 1/4 TOLA

WE BUY OLD GOLD AND SILVER ORNAMENTS AND OTHER ARTICLES.

**MANILAL CHIMANLAL & CO.**
188, SHROFF BAZAR, BOMBAY 2

PHONE: 30898

GRAM: "KAKALJI"

સોનું-ચાંદી-પ્લૅટિનમ તથા જરી ગાળવાનું શુદ્ધ
કારખાનું તથા ટચ કાઢવાનું ભરોસાપાત્ર મથક

NATIONAL REFINERY
NR
BOMBAY

# નૅશનલ રિફાઇનરી છાપની ચાંદી

રિઝર્વ બૅંક ઑફ ઇન્ડિયા, મુંબઈ, બૉમ્બે બુલિયન ઍસોસિએશન લિ. મુંબઈ ૨
તેમજ
ઇન્ડિયા ગવર્નમેન્ટ મિન્ટ, મુંબઈએ માન્ય રાખેલ છે

**N. R. છાપ સિલ્વર નાઇટ્રેટ બનાવનાર અને વેચનાર**

લૅબોરેટરી અને રિફાઇનરી
૮૭, તારદેવ રોડ, મુંબઈ નં. ૭
ફોન નં. ૪૨૭૯૫

મરચન્ટ્સ બુલિયન મેલ્ટિંગ
ઍન્ડ એસેઇંગ ડિપાર્ટમેન્ટ
ધનજી સ્ટ્રીટ, મુંબઈ-૩.   તાર : ARGOR

# कॉन्फरन्स का पंजाब अधिवेशन

श्री. बाबूरामजी जैन

पंजाब का सौभाग्य है कि कोन्फरन्स के आगामी अधिवेशन का महासभा द्वारा दिया गया निमन्त्रण स्वीकृत हो गया है और लगभग तीन मास बाद पंजाब का उद्योग केंद्र लुधियाना तीन दिन के लिये भारत जैन समाज का केन्द्र बन जाएगा। हमें इस बात पर गर्व है कि कोन्फरन्स ने जैन समाज के लिए अनेक सेवा कार्य किए हैं। समाज के अनेक निष्ठावान् निःस्वार्थ और समर्थ कार्य कर्ताओं का इससे संबंध रहा है। कोन्फरन्स के संस्थापक श्री गुलाबचन्द ढड्ढा, एम. ए., श्री. मोतीचन्द गिरधरलाल कापडिया, सोलीसटर, श्री मोहनलाल दलीचन्द देशाई. श्री. मोतीलाल मूलजी, श्री. बहादुरसिंह सिंघी, तथा श्री. कस्तूरभाई लालभाई आदि के नाम विस्मृत नहीं किए जा सकते जबकि इन्होंने संकटकालीन परिस्थिति में जैन समाज की विकट समस्याओं को हल किया, जब हमारे तीर्थस्थानों अथवा धार्मिक अधिकारों पर आक्रमण हुआ, कोन्फरन्स ने शक्ति और साधनों के अनुसार हमारा नेतृत्व किया और विजय दुदुंभि बजाई। श्वेताम्बर कोन्फरन्स हेरल्ड, जैन युग, कोन्फरन्स पत्रिका और कोन्फरन्स की रिपोर्ट, कोन्फरन्स द्वारा किए गये कार्य की मुंहबोलती तस्वीरें हैं।

कोन्फरन्स के वर्णन के समय पंजाब केसरी जैनाचार्य श्रीमद् विजयवल्लभसूरीश्वरजी के प्रति मस्तक श्रद्धा से स्वयमेव नत हो जाता है। वे इस संस्था के शक्तिस्तंभ और प्राण थे। शिक्षा प्रचार, मध्यम श्रेणी के लोगों की सहायता तथा साधन हीन छात्रों की उच्च शिक्षा के कार्य श्री जी की प्रेरणा के ही मधुर परिणाम थे।

यह ठीक है कि कोन्फरन्स की प्रवृत्तियां अधिकतर बंबई राज्य तक सीमित रही हैं, देश के अन्य प्रांतो में कोन्फरन्स अपना संदेश यथेष्ठ रूप में नहीं पहुँचा सकी। इस अधिवेशन में हमें इस ओर ध्यान देना है और जहां कहीं जैन परिवार अल्प संख्या में भी रहते हों वहां भी हमें अपना संगठन स्थापित करना है। वास्तविक अखिल भारतीय रूप तभी प्राप्त हो सकता है जबकि हम सभी जैनों के साथ संपर्क स्थापित कर उनकी कठिनाइयों और समस्याओं को समझते हुये उन्हें गले लगा सकें।

पंजाब में आगामी अधिवेशन निमंत्रित करते समय हमारे सन्मुख कई उद्देश्य हैं। हम जैन श्वेतांबर मूर्ति-पूजक संघ की इसे यथार्थ प्रतिनिधि सभा बनाना चाहते हैं और इस प्रकार इसे नया बल प्रदान करने के आकांक्षी हैं। इस कार्य के लिये हमें कर्मठ कार्यकर्ताओं का दृढ संगठन बनाना होगा। यदि देहली जैसे विश्वकेंद्र में इसका एक कार्यालय स्थापित हो जाए तो बहुत अच्छा हो।

हम यह भी चाहते हैं कि भिन्न २ जैन सम्प्रदायों को एक प्लेटफार्म पर लाने के लिए हमारी कोन्फरन्स पूरा प्रयत्न करे। गुरुदेव बंबई में हमारा मार्गदर्शन कर गए थे। अहिंसा धर्म, जैन साहित्य और कला का प्रचार एकता के अभाव में संभव नहीं। हम सब प्रवृत्तियों से परिचित रहें तथा नवीन साहित्य इतिहास और अजायबघरों में जैन धर्म दर्शन और कला को उचित स्थान दिलाएं।

भारत सरकार और राज्य सरकार जन साधारण की सहायता के लिये अनेक योजनाएं बना चुकी हैं। कोन्फरन्स का कर्तव्य है कि वह उनसे परिचय प्राप्त कर अपने भाईयों के लाभ के लिए योग्य सहायता प्राप्त करे। छोटे उद्योग धन्धे सहकारी समितियां, सस्ते घरों के निर्माण के लिए ऋण, देश विदेशों में उच्च शिक्षा की प्राप्ति के लिये छात्रवृत्तियाँ आदि इन योजनाओं के अन्तर्गत है, हम इन से अपनी समाज अनेक विध सेवा कर सकते है।

मुझे विश्वास है कि कोन्फरन्स के कर्णधार इस ओर ध्यान देंगे। साथ ही मैं पंजाब श्री संघ का ध्यान इस ओर दिलाना चाहता हूं कि हम ने जो जिम्मेदारियां उठाई हैं उन्हें तन, मन, धन से निभाना है। सारे भारत के प्रतिष्ठित जैन हमारे अतिथि होंगे। हमें अपने साधनों के अनुसार उनका स्वागत करना है तथा कोन्फरन्स को नया रचनात्मक जीवन प्रदान करने में पूर्ण सहयोग देना है। मेरी प्रार्थना है कि पंजाब जैन समाज का बच्चा २ इसके लिये अभी से तैयार हो जाए।

★

# नया जीवन

श्री. सिद्धराज ढड्ढा

मानवता के आज के रोग की जड़ हमें आर्थिक शोषण की भूमि में पनपती हुई मिलेगी। मूल में तो वह और भी गहरी जाकर हमारी वैश्य वृत्ति हमारे मन के लोभ और वासना में से निकली है पर उसे खाद्य और पुष्टि, आर्थिक शोषण की भूमि में से ही मिलते हैं। आज एक देश दूसरे देश को, एक जाति और वर्ग दूसरे जाति और वर्ग को तथा एक व्यक्ति दूसरे व्यक्ति को चूसकर उसकी मेहनत पर खुद विलास करना चाहता है, और केन्द्रीभूत उत्पादन के साधनों ने लोभ की इस आग को बढ़ाने में घी का काम किया है। और ज्यों ज्यों उत्पादन के केन्द्रीभूत साधनों के द्वारा शक्ति (Power) केन्द्रित होती गई त्यों त्यों इस शक्ति का उपयोग इस प्रकार के शोषण को शोषकों के लिये अधिक आसान, ज्यादा स्वाभाविक बनानें में और उसे चिरस्थायी करने में हुआ। आज समाज का सारा ढाँचा, सामाजिक जीवन का प्रत्येक पहलू इसी आधार पर ढाला जा रहा है। आज का व्यापार ही नहीं–बल्कि शिक्षा, धर्म, सामाजिक रीति-रिवाज, इतिहास, साहित्य, कला, मनोविनोद के साधन, सभी में शोषण चल रहा है और सभी इसी आधार पर खड़े किये गये हैं कि शोषक जातियों की, देशों की या व्यक्तियों की शक्ति बढ़ती रहे और शोषित जातियां देश और व्यक्ति केवल अधिकाधिक हीन और निर्माल्य ही नहीं बनें वरन् वे अपनी उस दशा को स्वाभाविक और अनिवार्य भी समझने लगें और उसमें से निकल ही न सकें।

आज की सारी समाज व्यवस्था इस प्रकार हिंसा के आधार पर खड़ी की गई है और आज जो प्रलय हम यूरोप में देख रहे हैं वह इसी हिंसा का बाहरी और स्थूल रूप है। इस हिंसा से मानवसमाज को विमुख करने को काम अगर कोई कर सकता है तो वह भारतवर्ष! इस देश के पास ही विचारों और आचारों की ऐसी सम्पत्ति है जो आज भी अहिंसा का पदार्थपाठ संसारको पढ़ा सके। अहिंसा की नींव पर जीवन की रचना कैसे हो यह हमारे सामने आज सबसे महत्त्वपूर्ण प्रश्न है और हमें इसके हल करने में सहयोग देना है। यह हमारा सौभाग्य है जो हम आज के युग में जी रहे हैं और संसार की भावी रचना में महत्त्व का भाग ले सकते हैं। अहिंसा की परम्परा को मानने वाले जैन समाज, और इसमें भी खासकर स्त्रियों पर यह सुखप्रद जिम्मेदारी और भी अधिक है।

हम कम से कम हमारे जीवन में इस तरह के परिवर्तन कर लें जो अहिंसात्मक जीवन से अधिक मेल खाते हों। अहिंसामें यही खूबी है कि अल्प से अल्प शक्ति और साधनों वाला आदमी भी दूसरे का मार्गदर्शक बन सकता है-अपने जीवन में अहिंसाको उतारकर हम देख चुके हैं कि केन्द्रीभूत उत्पादन के साधन आज की सामाजिक विषमता और हिंसा का एक बहुत बड़ा और सीधा कारण है। इस लिये अहिंसा की ओर बढ़ने वालेको आसपास की फिक्र किये बिना सबसे पहिले अपने जीवन में जहाँ तक हो सके इस प्रकार की आवश्यकताएं कम कर लेनी चाहियें जिनकी पूर्ति बड़े बड़े केन्द्रीभूत उद्योगो के द्वारा ही होती हो या दूसरे शब्दों में हमें इस प्रकार की चीजों का जो बड़े बड़े कल-कारखानों और मिलों में बनी है–त्याग कर ग्रामोद्योगों की चीजों को अपनाना चाहिये। यह आनेवाले नये जीवन की सब से सीधी और सब से असरकारक (Effective) तैयारी है।

*

# શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ

ગોડીજી બિલ્ડિંગ, પાયધુની, મુંબઈ નં. ૨

સુજ્ઞશ્રી :

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ જૈન ધર્મ અને સમાજના શ્રેયાર્થે ધાર્મિક શિક્ષણ પ્રચારની દિશામાં જે સેવા બજાવી રહેલ છે તેની સંક્ષિપ્ત માહિતીસ્વરૂપ આ નિવેદન રજૂ કરતાં આનંદ થાય છે.

આપને વિદિત છે કે શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સના સંવત્ ૧૯૬૫ માં પુનામાં મળેલ સાતમા અધિવેશનમાં વ્યાવહારિક અને ધાર્મિક કેળવણીના પ્રચાર માટે એજ્યુકેશન બૉર્ડની સ્થાપના કરવામાં આવી હતી. એકાવન વર્ષના આ સમય દરમ્યાન આ સંસ્થાના પ્રચારાદિથી અનેક સ્થળોએ ધાર્મિક શિક્ષણ માટે પાઠશાળાઓ અથવા કન્યાશાળાઓ અસ્તિત્વમાં આવી છે, જેમાં વિપુલ સંખ્યામાં બાળક-બાળિકાઓ જીવનના તત્ત્વસ્વરૂપ ધાર્મિક શિક્ષણ લેવા પ્રેરાયા છે. અને આ રીતે સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિ ધાર્મિક શિક્ષણ પ્રચાર પરત્વે કેન્દ્રિત થયેલી છે.

વર્ષો અગાઉ બૉર્ડના પ્રયાસથી પાઠશાળાઓમાં પદ્ધતિસર ધર્મશિક્ષણ અપાય તે હેતુથી એક અભ્યાસક્રમની યોજના ઘડવામાં આવી જેમાં પૂજ્ય મુનિવર્યો અને વિદ્વાનોની દોરવણીએ મુખ્ય ભાગ ભજવ્યો. આ ૨૪ ધોરણ યુક્ત અભ્યાસક્રમ બાળકથી માંડી વૃદ્ધ સ્ત્રીપુરૂષને ધાર્મિક જ્ઞાન માટે ઉપયોગી છે. અત્યારે ભારતના ભિન્ન ભિન્ન પ્રદેશોની લગભગ ૧૨૫ નાની મોટી પાઠ-શાળાઓમાં આ અભ્યાસક્રમ ચાલુ છે. તદનુસાર દર વર્ષે બૉર્ડ તરફથી યુનિવર્સિટીના ધોરણે લેખિત પરીક્ષાઓ લેવાય છે, જેનો લાભ આશરે ૨૦૦૦ વિદ્યાર્થીઓ લે છે અને તેમાં ઉત્તીર્ણ થનારને રૂા. ૨૨૫૫) સુધીના ઈનામો આપવાની યોજના કરવામાં આવેલ છે.

આ પ્રવૃત્તિ વિકસાવવાની ખૂબ જરૂર છે. આજે પાઠશાળાઓ અને કન્યાશાળાઓની સંખ્યા વધતી રહી છે અને તેમાં એકસરખા અભ્યાસક્રમની યોજના કરવાની જરૂર ઉપસ્થિત થઈ છે. તેની સાથે ધાર્મિક શિક્ષણ માટેના પુસ્તકો નૂતન શૈલીથી લખાવી પ્રસિદ્ધ કરાવવાનાં કાર્યને પણ પૂરતો અવકાશ છે.

બૉર્ડ અત્યારે યુનિવર્સિટીના ધોરણે લેખિત પરીક્ષાઓ લઈ પ્રમાણપત્રો અને ઈનામો આપે છે તેમાં ઉત્તીર્ણ થનારને ધાર્મિક શિક્ષણ ક્ષેત્રમાં શિક્ષક કે શિક્ષિકા તરીકે માન્ય રાખવામાં આવે છે. એ એક મહત્વની સિદ્ધિ લેખી શકાય. પણ જ્યાં સુધી સંગીન ભંડોળ ન હોય ત્યાં સુધી આ કાર્યને વિકસા-વવામાં અને તેની સાથે સંલગ્ન એવા પુસ્તક પ્રકાશનાદિના કાર્યને હાથ ધરવાની જવાબદારી સ્વીકારતાં વિચાર કર્યા વિના ચાલે તેમ નથી.

આજે દેશમાં જૈન ધર્મ અને સમાજની કસોટી થઈ રહી છે. વિશ્વની સમસ્યાઓનો ઉકેલ ધાર્મિક શિક્ષણ ઉપર છે. માનવજીવનની ખરી કિંમત ધર્મના અંગીકાર અને આચરણ ઉપર રહેલી છે જે માટે બૉર્ડ એક ઉત્તમ સાધનરૂપ સંસ્થા છે. તે માટે ઓછામાં ઓછા રૂા. ૧૦,૦૦૦) દશહજાર તુરતમાં મેળવવા અમારી ઝંખના છે. તેને પોષણ આપવું એ સમાજનું પ્રાથમિક અને મહત્ત્વપૂર્ણ કર્તવ્ય છે. આપશ્રી તેમાં ઓછામાં ઓછા રૂા./ ૧૦૧) સંસ્થાને ભેટ આપી આ પ્રવૃત્તિને વેગ આપશો એવી નમ્ર વિનંતિ છે.

આપ રૂા. ૧૦૧) મોકલી આભારી કરશોજી.

લિ સેવક

તા. ૧ જાન્યુઆરી ૧૯૬૦

ચંદુલાલ વર્ધમાન શાહ
માનદ મંત્રી




આ પત્ર શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ, મુંબઈ માટે શ્રી મૌજ પ્રિંટિંગ બ્યૂરો, ખટાઉ મકનજી વાડી, ગિરગાંવ, મુંબઈમાં શ્રી માણેકલાલ ડી. મોદીએ છાપ્યું અને શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ ઑફિસ, ગોડીજી બિલ્ડિંગ, ૨૦, પાયધુની, મુંબઈ થી પ્રકટ કર્યું.

# जैन युग

तंत्री


सोहनलाल म. कोठारी
बी.ए., बी.कॉम्. (लंडन), ए. सी. ए. (इंग्लंड)

जयंतीलाल र. शाह
बी.ए., बी.कॉम्. (लंडन)



फेब्रुआरी १९६०

मूल्य : २५ नये पैसे


**श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र**

卐

: व्यवस्थापक मंडल :

श्री चंदुलाल वर्द्धमान शाह, जे. पी.
श्री सौभाग्यचंद्र सिंगी, एम. ए.
श्री कांतिलाल डा. कोरा, एम. ए.
श्री सोहनलाल म. कोठारी
बी. ए., बी. कॉम. (लंडन), ए. सी. ए. (इंग्लंड)
श्री जयंतिलाल रतनचंद शाह
बी. ए., बी. कॉम. (लंडन)

卐

* जैनधर्म, तत्त्वज्ञान, साहित्य, कळा, स्थापत्य, इतिहास
* जीवनचरित्रने समाजप्रगतिने लगता विषयोनुं उत्तम मासिक

# जैन युग

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

दरेक १ली तारीखे प्रगट थाय छे.

भारतमां वार्षिक लवाजम रूपीआ २) बे

卐

## અનુક્રમ : ફેબ્રુઆરી ૧૯૬૦

| | પૃષ્ઠ નં. | |
|---|---|---|
| | ૧ | संस्था अने समाज |
| કાર્યાલય નોંધ | ૫ | श्री જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ |
| ' મધુકર ' | ૯ | समयनो संदेश |
| પૂ. આચાર્ય શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજ | ૧૧ | શ્રમણભગવાન મહાવીર પ્રભુના અઢારમો ભવ-ત્રિપૃષ્ઠ-વાસુદેવ |
| કુ. ' ચંદ્રરેખા ' | ૧૫ | પરમાત્મા ગુણોનું ચિંતન |
| શ્રી. રજનીકાન્ત સુરેશ ગાંધી | ૧૭ | મધ્યમવર્ગના ઉત્થાનના માર્ગો (ઇનામ નિબંધ) |
| श्री. कस्तुरमल शाह | २७ | कॉन्फरन्स सर्वप्रिय कैसे बने ? |
| Extract from Report | 29 | SPIRITUAL VALUES |

卐

*आ पत्रमां प्रगट थता लेखो माटे ते लेखना लेखको ज सर्व रीते जोखमदार रहेशे.*

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स कार्यालय
गोडीजी बिल्डिंग, २०, पायधूनी,
कालबादेवी, मुंबई नं. २



सिरोहीमें एक कलामय सर्वधातकी चौविसी (१० वीं शताब्दी)

डिरेक्टर-पब्लिक रिलेशन्स राजस्थान का सौजन्यसे ]



आचार्य श्री हीरविजयसूरिद्वारा प्रतिष्ठित चौमुखजीका जैनमंदिर-सिरोही



जैनमंदिर और धर्मशाला—अचलगढ

डिरेक्टर—पब्लिक रिलेशन्स राजस्थान का सौजन्यसे ]

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

# જૈન યુગ

વર્ષ : જૂનું ૨૨, નવું ૩ * વીરાત્ સં. ૨૪૮૬, વિક્રમાર્ક ૨૦૧૬ * તા. ૧ ફેબ્રુઆરી ૧૯૬૦ * અંક ૪

न हु सासण भत्तिमेत्तएण सिद्धंतजाणओ होइ ।
न वि जाणओ वि णियमा पण्णवणानिच्छिओ नामं ॥

માત્ર આગમની ભક્તિથી કોઈ સિદ્ધાન્તનો જ્ઞાતા નથી થઈ જતો તેમજ તેનો જ્ઞાતા પણ કંઈ નિયમથી પ્રરૂપણા કરવા માટે યોગ્ય બની જતો નથી.

—સિદ્ધસેન દિવાકર · સન્મતિ પ્રકરણ

卐

## સંસ્થા અને સમાજ

કૉન્ફરન્સના એકવીસમા અધિવેશનના દિવસો વધુ અને વધુ નજીક આવી રહ્યા છે. હવે આપણા હાથમાં બે મહિના કરતાં વધારે સમય નથી. એટલે આ અધિવેશનને બાહ્ય અને અભ્યંતર, એમ બન્ને રીતે સફળ બનાવવું હોય તો હવે જરા પણ કાળક્ષેપ કર્યો આપણને ન જ પાલવે. હવે કામે લાગવામાં જેટલો વિલંબ કરીશું તેટલા પ્રમાણમાં આપણે કરવા ધારેલ કાર્ય ઉપર માઠી અસર થયા વગર રહેવાની નથી એટલું આપણે ચોક્કસ સમજી લેવાની જરૂર છે. અને તેથી કૉન્ફરન્સના તમામ આત્માનું કૉન્ફરન્સના ચાહકો અને પ્રશંસકોનું તેમ જ સમાજસેવાની ધગશ અને દૃષ્ટિ ધરાવતાં બધાં ભાઈ-બહેનોનું ધ્યાન એ તરફ દોરવું અમને ઉચિત અને જરૂરી પણ લાગે છે.

અત્યારે આખા દેશમાં ઘોડાપૂરના વેગે પરિવર્તન આવી રહ્યું છે, એની અસર આપણા સમાજને થયા વગર રહેવાની છે ખરી? અમારી સમજ પ્રમાણે તો આ વાત દીવા જેવી સ્પષ્ટ છે અને એમાં લેશ પણ મતભેદને અવકાશ નથી કે આખા દેશમાં જે નવી પરિસ્થિતિ સર્જાતી જતી હોય, એની અસરથી દેશનો કોઈ પણ નાનો કે મોટો સમાજ અસ્પૃષ્ટ ન જ રહી શકે. ઠંડીની ઋતુમાં ઠંડી અને ગરમીની મોસમમાં ગરમી સૌને સમાન રીતે અસર કર્યા વગર નથી રહેતી.

દેશમાં જે ભારે પરિવર્તન આવી રહ્યું છે, અને જેની અસર જૈન સમાજ ઉપર પણ એટલી જ થવાની છે, એની સામે ટકી રહેવા માટે પાણી પહેલાં પાળ બાંધવાની દૂરંદેશી દાખવવાની જેમ કંઈ કરવાની જરૂર ખરી કે નહીં? આવી જરૂરનો ઇન્કાર કેવી રીતે થઈ શકે? એટલે જો આવી જરૂરનો સાચી રીતે સ્વીકાર કરવામાં આવે એટલે પછી આપમેળે જ એ કાર્યને સારી રીતે પહોંચી શકે, પાર પાડી શકે એવી સંસ્થાની જરૂર તરફ અને એવી સંસ્થાને ટકાવીને પ્રાણવાન બનાવવા માટે સમાજે શું કરવું જોઈએ એ વાત તરફ આપણું ધ્યાન ગયા વગર નથી રહેતું. આ રીતે આવી સમાજસેવાને વરેલી જાહેર સંસ્થાઓ અને એ સંસ્થા જે સમાજની

સેવા કરવા ઇચ્છતી હોય એ અને સમાજ, એ બન્ને વચ્ચેના સંબંધનો વિચાર કરવો જરૂરી છે.

આશરે છએક દસકા પહેલાં કૉન્ફરન્સની સ્થાપના કરવામાં આવી ત્યારે, દેશમાં સમયે સમયે રચાતી નવી નવી પરિસ્થિતિમાં સમાજના અભ્યુદયને માટે જે જે કરવાની જરૂર હોય, તે તે તરફ સમાજને જાગૃત રાખવો અને એ માટે સમાજને પ્રેરણા આપતાં રહેવું, તેમ જ એ માટે જે કંઈ કરવાની જરૂર હોય તે કરવામાં સક્રિય રીતે અને શક્તિપૂર્વક આગળ રહેવું, એવા ઉદ્દેશો નજર સામે રાખવામાં આવ્યા હતા; અને આજે પણ એ જ ઉદ્દેશો આપણી સામે ઊભા છે. અલબત્ત, મૂળ ઉદ્દેશો એક જ પ્રકારના રહેવા છતાં એનાં કાર્યોના પ્રકારમાં સમયે સમયે ફેરફાર જરૂર થાય, અને તે થતો રહેવો જ જોઈએ.

અને સમાજસેવા કે સમાજઉત્કર્ષના મૂળ ઉદ્દેશને કાયમ રાખવા છતાં સમયના ફેરફારની સાથે પોતાની પ્રવૃત્તિમાં જરૂરી ફેરફારને આવકારવામાં આવે તો જ એ સંસ્થા સાચી સેવા કરી શકે, પોતાની ઉપયોગિતા સાબિત કરી શકે, અને પોતે પ્રાણવાન બનીને સમાજને પ્રાણવાન બનાવી શકે. પરિવર્તનને ઝીલવાની કે આત્મસાત કરવાની પ્રક્રિયામાં જેટલી ઊણપ આવે, તેટલે અંશે સંસ્થાની શક્તિ ઓછી થતી જાય, અને સાથોસાથ એની ઉપયોગિતામાં પણ ઘટાડો થવા લાગે. એટલે જો સમાજને શક્તિશાળી રાખવો હોય, અને સંસ્થાને પ્રવૃત્તિપરાયણ અને પ્રાણવાન બનાવવી હોય તો, પલટાતી પરિસ્થિતિ ઉપર કાબૂ મેળવી શકાય, અર્થાત્ પલટાતી પરિસ્થિતિ સમાજ ઉપર માઠી અસર ન કરી જાય, એ રીતે કૉન્ફરન્સ કે એના જેવી સંસ્થાઓએ ખબરદાર રહી કામ કરવું જોઈએ.

પણ જરાક વધારે ઊંડા ઊતરીને વિચાર કરીએ તો આવી જાહેર સેવાની સંસ્થાઓ એ તો માત્ર સમાજની પોતાની જાતને તંદુરસ્ત અને સશક્ત રાખવાની ભાવના અને સમજણનું જ ફળ અથવા તો એ સમજણને અમલમાં મૂકવાનું સાધન માત્ર જ લેખી શકાય. સિપાઈઓ સરકારના કાયદાના અમલના રખેવાળ લેખાય છે, અને એ માટે એને અમુક અધિકારો પણ મળેલા હોય છે; આમ છતાં એ અધિકારનું મૂલ્ય ત્યાં સુધી જ અંકાય છે, જ્યાં સુધી એની પાછળ સશક્ત સરકારનું પીઠબળ હોય; જે ક્ષણે એ સરકાર શિથિલ બને તે જ ક્ષણે એ સિપાઈ એ સત્તાધારી અધિકારી મટીને સામાન્ય માણસ જેવો બની જાય છે, અને એની સત્તાનો કોઈ અર્થ રહેતો નથી, અને એના અધિકારને પછી કોઈ ગાંઠતું પણ નથી. આ જ વાત કોઈપણ જાહેરસેવાની સંસ્થાને લાગુ પડે છે. સમાજ પોતે ઇચ્છે ત્યાં સુધી જ આવી સંસ્થાઓ ટકી, નભી અને કામ કરી શકે છે. પણ જ્યારે સમાજ પોતે જ ઉદાસીન થાય ત્યારે એની અસર એણે સ્થાપેલી સંસ્થાઓ ઉપર થયા વગર ન જ રહે.

કોઈ પણ સંસ્થાને સ્થાપવી, નભાવવી, એને શક્તિશાળી બનાવવી કે એને નામશેષ થવા દેવી એ સમાજના પોતાના હાથની જ વાત છે. કૉન્ફરન્સના આટલાં બધાં વર્ષોના ઇતિહાસમાં જે અનેક આરોહ-અવરોહ આવ્યા, ક્યારેક સંસ્થા ખૂબ વેગપૂર્વક કામ કરતી લાગી અને ક્યારેક સમયના પરિવર્તનની કૂચમાં પાછળ પડી જતી લાગી, એ બધાનું મુખ્ય કારણ સમાજ તરફથી એને મળેલ વધુ કે ઓછો સાથ અને સહકાર જ છે. એટલે જ્યારે આવી કોઈ સંસ્થા ધારણા પ્રમાણે કામ કરી શકતી ન હોય ત્યારે દેખીતી રીતે તો આપણને એમ જ લાગે છે, અને એમ લાગે એ સાવ સ્વાભાવિક જ છે, કે સંસ્થા શિથિલ કે શક્તિહીન બની ગઈ છે. પણ એમ થવાનું ખરું કારણ તો એને સમાજ તરફથી સમયે સમયે મળવા જોઈતા પીઠબળમાં ઘટાડો થયો છે એ જ છે. અંદરની શક્તિ ઓછી થતાં હાથ ધાર્યું કામ ન આપી શકે તો, એમાં હાથનો શો દોષ લેખી શકાય? એવી કોઈ સંસ્થા ઓછું કામ કરી શકે કે અશક્ત બની જાય, તો એની માઠી અસર છેવટે તો સમાજ ઉપર જ થવાની છે, એટલું ભૂલવું ન જોઈએ. સમાજને અળગો કરી લઈએ તો પછી આવી સંસ્થાઓને પોતાની જાત પૂરતા લાભાલાભને કોઈ અવકાશ જ ન હોઈ શકે; આવી સંસ્થાઓ તો માત્ર સમાજને લાભ કરી આપવાનું સાધન માત્ર જ છે; અને તેથી એ સાધનનો કેવો ઉપયોગ કરવો, અને એનાથી કેટલો લાભ હાંસલ કરવો એ સમાજની પોતાની ઇચ્છા અને જવાબદારીની વાત છે.

બધી સંસ્થાઓની શક્તિનું ઉગમ સ્થાન અને એની જીવાદોરી સુદ્ધાં, સમાજ પોતે જ છે. સમાજ જ આવી સંસ્થાઓને સ્થાપે છે, એટલે એને નભાવવાનું, ટકાવી

રાખવાનું તેમ જ પ્રાણવાન બનાવવાનું કામ સમાજનું પોતાનું જ છે, પણ ક્યારેક, એક યા બીજા કારણે, સમાજ પોતાની આ જવાબદારીને વીસરી જાય છે અથવા એની ઉપેક્ષા કરે છે; ત્યારે એનું પરિણામ પોતાને હાથે જ પોતાની જાતને નુકસાન પહોંચાડવા જેવું આવે છે! કૉન્ફરન્સ સાથેના વ્યવહારમાં પોતાને હાથે આવું તો કાંઈ નથી થતું ને? એનો વિચાર જૈન સમાજે કરવાની ખાસ જરૂર છે.

હા, એટલું સાચું છે કે સંસ્થાઓને મળતા કાર્યકરો અને ખાસ કરીને એને મળતી નેતાગીરી પણ સંસ્થાના વિકાસમાં ઘણો મોટો ભાગ ભજવે છે. પણ છેવટે તો એ કાર્યકરો અને એ આગેવાનો પણ સમાજમાંથી જ આવે છે એટલું ધ્યાનમાં રહે તો કોઈપણ સંસ્થાને શક્તિશાળી અને પ્રગતિશીલ બનાવીને, એની મારફત એટલે કે એનો ઉપયોગ કરીને, સમાજને સત્ત્વશાળી અને પ્રગતિવાન બનાવવો, એ પણ સમાજનું પોતાનું જ કામ છે, એ સમજતાં વાર ન લાગે.

આ રીતે જ્યારે દરેક અભ્યુદયવાંછુ સમાજ દ્વારા સેવાની સંસ્થાઓની સ્થાપના કરવાની જરૂરનો સ્વીકાર કરવામાં આવે છે, ત્યારે સવાલ એ થાય છે કે એ સંસ્થાએ શું શું કામો કરવાં, અને સમાજનું ભલું કરવાની પોતાની જવાબદારીને અદા કેવી રીતે કરવી?

અમારી સમજ પ્રમાણે આ કામ એક-બે વ્યક્તિઓ અમુક સમયે ભેગી મળીને નક્કી કરી શકે એવું નથી. આ માટે દીર્ઘદૃષ્ટિ અને સમયજ્ઞતા ધરાવતા અનેક કાર્યકરોએ વારંવાર મળીને વિચાર કરવો જોઈએ, અને પલટાયેલી પરિસ્થિતિમાં ક્યારે શું કરવાની જરૂર છે, એનો પૂરો તાગ મેળવીને સંસ્થાનું સંચાલન અને સમાજને માર્ગદર્શન કરવું જોઈએ. આમ કરવામાં અત્યારે ઘણીવાર બને છે તેમ, વાદાવાદ કેવળ ચર્ચા-વિચારણા કે જ બધો સમય અને બધી શક્તિ ખરચાઈ ન જાય, એનું ધ્યાન રાખવાની ખાસ જરૂર છે. જો આધારશૂન્ય અને ખોટી ચર્ચાના બદલે વ્યવહારુપણાનો ખ્યાલ રાખીને આવી વિચારણા કરવામાં આવે તો આવી ચર્ચાને અંતે જે કંઈ નિર્ણય લેવામાં આવે તેને અમલી બનાવવામાં ઝાઝી મુશ્કેલી ન નડવી જોઈએ.

અને પલટાયેલી પરિસ્થિતિના પ્રકાશમાં, સમાજના હિતની દૃષ્ટિએ સંસ્થાને માટે કાર્યક્રમ નક્કી કરવા માટે, વધારે વ્યાપક રીતે સમાજમાં ચર્ચા-વિચારણા થાય, અને સંસ્થાના સભ્યો અને આગેવાનો ભેગા મળીને મુક્ત મને વિચારોની આપ-લે કરે એ અનેક રીતે લાભકારક છે. અને તેથી જ આવી સંસ્થાનું ખુલ્લું અધિવેશન વર્ષે કે છેવટે બેએક વર્ષે પણ મળે, એ જરૂરી અને લાભકારક છે. કૉંગ્રેસ જેવી સંસ્થા પણ પોતાનાં જંગી અધિવેશનો સમયે સમયે નિયમિતપણે ભરે છે, તે આ દૃષ્ટિએ જ.

આવાં અધિવેશનો બે રીતે લાભકારક બને છે: એક તો એ સંસ્થાના જુદા જુદા પ્રદેશોમાં વસતા કાર્યકરો એક સ્થાને ભેગા મળીને એક બીજાનો સંપર્ક સાધી શકે છે, અને પોતપોતાને થતા અનુભવને આધારે સમાજના કલ્યાણ માટે હવે શું કરવાની જરૂર છે, એ સંબંધી તલસ્પર્શી અને વ્યાપક વિચાર-વિનિમય કરીને ભાવિ કાર્યક્રમ નક્કી કરી શકે છે. અને બીજો લાભ થાય છે લોકસંપર્ક અને સંસ્થાના કાર્યક્રમનો જનસમુદાયમાં પ્રચાર કરવાનો. સંસ્થાને શક્તિશાળી બનાવવાની દૃષ્ટિએ, સંસ્થા મારફત સમાજની સેવા કરવાની દૃષ્ટિએ તેમ જ સમાજનું ધ્યાન સંસ્થા પ્રત્યે આકર્ષવાની દૃષ્ટિએ આવાં અધિવેશનો અમુક નિશ્ચિત સમયને અંતરે ભરાતાં રહે એ બહુ જ જરૂરી છે. તેથી સમાજે અને ખાસ કરીને તે સંસ્થાએ આ વાતનો પૂરેપૂરો ખ્યાલ રાખવો જોઈએ.

આ અધિવેશન સફળ થયું તો ત્યારે જ લેખાય કે જ્યારે એ અધિવેશનમાં કૉન્ફરન્સને વધુ સંગીન અને શક્તિશાળી બનાવવાના તેમજ સમાજને મૂંઝવતા અનેક અવનવા અને અટપટા પ્રશ્નોના નિકાલના વ્યવહારુ માર્ગો આપણે શોધી શકીએ. અને આ કામ ત્યારે જ બને કે જ્યારે સંસ્થાના બધા નાના-મોટા કાર્યકરો કૃતનિશ્ચય બનીને મક્કમતાપૂર્વક અત્યારથી કામે લાગે. આ રીતે સત્વર કામે લાગીને આ અધિવેશનને સંપૂર્ણ સફળ બનાવવાની લગની આપણામાં લાગે એ જ પ્રાર્થના.

卐

આપની જ

# મોહિની મીલ્સનું

કાપડ વાપરો

卐

મેનેજીંગ એજન્ટસ

## ચક્રવર્તી સન્સ એન્ડ કું.

: રજીસ્ટર્ડ ઓફીસ :

૨૨, કેનીંગ સ્ટ્રીટ, કલકત્તા

卐

સૌ કોઈને પોસાય તેવા વધતા ઓછા અને વ્યાજબી ભાવે કાપડના દરેક વેપારી પાસેથી આ મીલ્સનું કાપડ મળે છે.

મીલ નં. ૧ કુશ્ટીઆ
(પૂર્વ પાકિસ્તાન)

મીલ નં. ૨ બેલધરીઆ
(કલકત્તા)

# શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ

## કાર્યાલય પ્રવૃતિની ટૂંક નોંધ

( કાર્યાલય દ્વારા )

**લુધીઆના અધિવેશન**

કૉન્ફરન્સના લુધીઆના અધિવેશન માટે મુંબઈ તેમજ અન્યત્ર ઉત્સાહ ફેલાયેલ છે. કાર્યાલયમાં અનેક પ્રકારની સૂચનાઓ એ માટે મળતી રહે છે અને જે ઉમંગથી પંજાબવાસી ભાઈઓએ કાર્ય શરૂ કરેલ છે તે જોતાં આગામી અધિવેશન સમાજને આગળ લઇ જવામાં વિજયી નીવડશે એમાં શંકા નથી.

પંજાબના સંદેશા સાથે શ્રી. વિજયકુમાર જૈન અને શ્રી. દીપચંદજી અત્રે આવતાં તેઓને સંપૂર્ણ સહકારની ખાતરી અપાઈ છે. સ્થાયી સમિતિના સભ્યોની તેમજ કાર્યકરોની સભાઓ કૉન્ફરન્સ દ્વારા યોજાતાં ત્યાં સૌએ એકજ ધ્યેયને પાર પાડવા હૃદયના ઉલ્લાસથી જે વિચારવિનિમય કરેલ છે તે સમાજસ્વાસ્થ્ય માટે શુભ ચિહ્ન સમાન છે. આ માટે કૉન્ફરન્સ તરફથી નીચે પ્રમાણેની એક પ્રશ્નાવલી અખિલ ભારત સ્થાયી સમિતિના સર્વે સભ્યોને મોકલાવવામાં આવી છે તે તરફ સૌનું ધ્યાન આકર્ષિત કરી બનતી ત્વરાએ માર્ગસૂચન કરવા વિનંતિ છે.

" જૈન યુગ " માર્ચ ૧૯૬૦ના અંકને " અધિવેશન અંક " તરીકે પ્રકટ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. પ્રચાર સમિતિ માટે પણ યોજના હાથ ધરાઈ છે. કાર્યવાહકો મુંબઈ, અમદાવાદ તેમ જ અન્ય સ્થળોના આગેવાન ગૃહસ્થોના સંપર્કમાં છે અને તેઓ સાથે રૂબરૂમાં તેમ જ અન્ય રીતે વિચારોની આપલે કરી અધિવેશનને સફળ બનાવવા માટે પ્રયત્નશીલ છે. આ પ્રસંગે સકળ સંઘ જે પ્રકારે બની શકે તે પ્રકારે સહાયભૂત થઈ સમાજસેવાના યજ્ઞમાં પોતાનો ફાળો અર્પે એમ ઇચ્છીએ છીએ.

**માર્ગદર્શન અંગે પ્રશ્નાવલી**

૧. કૉન્ફરન્સની સ્થાપનાને ૫૮ વર્ષ થયાં. આ સમય દરમ્યાનના વીસ અધિવેશનોમાં તેની ઉપયોગિતા, પ્રતિષ્ઠા અને મહત્તા સમાજમાં તેમજ દેશમાં કઈ રીતે થઈ છે ?

આવી સંસ્થા દ્વારા સમાજની જે કંઈ સેવા અત્યાર સુધી થઈ શકી છે તેના ઉપરથી આપ આ સંસ્થાની ઉપયોગિતા સ્વીકારો છો ? સમાજમાં કૉન્ફરન્સ જેવી બીજી સંસ્થા નથી અને સારાયે સમાજનું પ્રતિનિધિત્વ ધરાવતી આ સંસ્થા દ્વારા ભવિષ્યમાં સમાજ-ઉત્કર્ષના અનેક કાર્યો થઈ શકે એમ આપને લાગે છે ?

૨. કૉન્ફરન્સ સમાજને સવિશેષ ઉપયોગી થઈ શકે, સમાજને યોગ્ય માર્ગદર્શન આપી શકે અને સમય અનુસાર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રવાહો સાથે રહી સમાજનું સ્થાન ટકાવી રાખે તે માટે આપ કંઇ સૂચવી શકશો ?

૩. કૉન્ફરન્સની હાલની પ્રવૃત્તિઓ ધીમી ગતિએ ચાલે છે એમ કેટલાકોને લાગે છે તેમાં વેગ આવે અને સમાજને સાચા માર્ગે દોરી શકે તે માટે આપ કોઈ વાસ્તવિક કાર્યવાહી સૂચવી શકશો ?

૪. કૉન્ફરન્સના અત્યારના ચાલુ બંધારણમાં આપ કોઈ ફેરફારો સૂચવો છો ? અને તેમ હોય તો તે ફેરફારોની વિગત દર્શાવશો.

૫. કૉન્ફરન્સ દ્વારા સમગ્ર જૈન શ્વે. મૂર્તિ. સમાજને આવરી લેતા અનેકવિધ પ્રશ્નોનો વ્યાપક દૃષ્ટિએ અને ગંભીરપણે વિચાર કરી જરૂરી અને સમયસર માર્ગદર્શન આપે, સરકારી અને બિનસરકારી સંસ્થાઓ પાસે સમાજના કૂટ પ્રશ્નો અસરકારક રીતે રજૂ કરે એ રીતે માર્ગદર્શનરૂપ કાર્ય કરવું એ બરોબર છે કે કૉન્ફરન્સ પોતાના હસ્તક થોડાં ઉદ્યોગગૃહો, ભોજનશાળાઓ વગેરેનું સંચાલન કરે એ બરોબર છે ? આવાં કાર્યોની જવાબદારી માથે લેતાં સંસ્થાનું બળ ઘટયું છે એમ કેટલાકો માને છે તે સંબંધી આપનો શો અભિપ્રાય છે ?

૬. સમગ્ર ભારતના વિધવિધ પ્રાંતોમાં કૉન્ફરન્સનું કાર્ય થાય અને દરેક તેમાં રસ લેતા બને તે અંગેનો નૈતિક ટેકો મેળવી કૉન્ફરન્સ સાચા અર્થમાં અખિલ ભારતની સંસ્થા બને તે માટે આપ શું સૂચવો છો ?

૭. વર્તમાન સંયોગો અને સમાજની અનેક વિચાર-શ્રેણીઓ તેમજ સમાજની સ્થિતિ જોતાં કૉન્ફરન્સને સુવ્યવસ્થિત, પ્રતિનિધિત્વશાળી અને સંગીન બનાવવા માટે આપ કોઈ સંગીન કાર્યવાહી સૂચવી શકો તો સમાજની ઉત્તમ સેવા કરી ગણાશે.

**મુંબઈમાં સભ્યોની સભા**

કૉન્ફરન્સના મુંબઈના સ્થાયી સમિતિના સભ્યોની અવિધિસરની એક સભા રવિવાર, તા. ૧૦–૧–૧૯૬૦ ના રોજ કૉન્ફરન્સ કાર્યાલયમાં મળી હતી. ૩૭ ગૃહસ્થો હાજર હતા. શ્રી. ફુલચંદ શામજી પ્રમુખસ્થાને હતા.

પ્રારંભમાં મુખ્યમંત્રી શ્રી. સોહનલાલ એમ. કોઠારીએ જણાવ્યું કે લુધીઆનામાં એપ્રિલ ૧૯૬૦ની શરૂઆતમાં મળનાર કૉન્ફરન્સના એકવીસમા અધિવેશનને યશસ્વી બનાવવાની દૃષ્ટિએ વિચાર-વિનિમય કરવા આજે સભા યોજવામાં આવેલી છે. સૌના માર્ગદર્શનથી અધિવેશનનું કાર્ય સરળ અને સફળ બનશે. બાદ શ્રી. ફુલચંદ શામજીએ નિવેદન કર્યું કે આજે એક મહત્ત્વના કાર્ય માટે આપણે એકત્ર થયા છીએ. કૉન્ફરન્સમાં નવજીવન સંચાર કરવા અને તેની પ્રવૃત્તિ માટે નીતિ નિર્માણ કરવાના અગત્યના મુદ્દાઓ આપ વિચારી યોગ્ય સૂચન કરશો. અને દરેક સંસ્થામાં ચડતી-પડતી આવ્યા જ કરે છે આપ સૌના બળથી તેનાં કાર્યને પ્રોત્સાહન મળશે જ. કૉન્ફરન્સ અંગે કેટલાક પ્રશ્નો આગેવાનોને પુછાવ્યા છે અને આપ પણ તે વિચારી સૂચન કરશો. પંજાબની ઉત્તમ ભાવના અને શિસ્ત આપણને આકર્ષિત કરી રહી છે અને મુંબઈ તેમ જ સમગ્ર ભારતના જૈનો તેને સવિશેષ જાગૃત કરે એમ ઇચ્છીશું.

અત્રે શ્રી આત્માનંદ જૈન મહાસભા–પંજાબ (અંબાલા) તરફથી આવેલ પત્ર મુખ્ય મંત્રીએ વાંચી સંભળાવ્યો હતો. શ્રી. પુંજાલાલ એન. શાહે પ્રશ્નાવલી બધા સભ્યોને મોકલાવવાની સૂચના કરી. શ્રી. કેશરીચંદ જેસંગલાલ શાહે તેને પુષ્ટિ આપી જણાવ્યું કે શ્રીમંતો અને કાર્યકરોના સહકારથી આપણે આગળ વધીએ તો પરિણામ સારું આવે. બંધારણમાં કેટલાક ફેરફારો થવા ઘટે. સાથે સાથે સમાજમાં ઉપસ્થિત થયેલા પ્રશ્નો અંગે પણ કાર્યવાહી કરવી જોઈએ. અત્યારના સંક્રાંતિ કાળમાં કૉન્ફરન્સે સંગઠિત બળથી આગળ ધપવું જોઈએ. શ્રી. રૂગનાથભાઈ જીવણે આક્ષેપ-પ્રતિકાર વિષે પગલાં લેવા કહ્યું. શ્રી. જેઠાલાલ લક્ષ્મીચંદ શાહે વર્તમાન અને ભવિષ્ય પ્રત્યે લક્ષ્ય આપવા સૂચના કરી. તેમણે ઉમેર્યું કે આ કર્તવ્યયુગમાં કોઈનાથી ચૂપચાપ બેસી ન રહેવાય. એકત્ર થઈ ઝંપલાવવાની જરૂર છે.

અત્રે શ્રી. ફુલચંદ શામજીએ કહ્યું કે સંસ્થાની બંધારણીય પરિસ્થિતિ લક્ષમાં રાખી આપણે કાર્ય કરવાનું છે. ધ્યેય એક હોવા છતાં માર્ગો જુદા હોઈ શકે. શ્રી. નરભેરામ રૂગનાથે 'ઈન્ફરમેશન બ્યુરો' અને 'જૈન બૅંક' સ્થાપવાની સૂચના કરી. બાદ શ્રી. ધીરજલાલ ટોકરશી શાહે જણાવ્યું કે કોઈપણ કાર્ય ન થયું હોય તો બધાએ સરખી જવાબદારી સ્વીકારવી ઘટે અને સંસ્થાને ભવિષ્યમાં સબળ બનાવવાના માર્ગો શોધવા જોઈએ. રચનાત્મક શૈલીએ કાર્ય કરતી આ સંસ્થા માટે પ્રચારની આવશ્યકતા છે. શ્રી. રતિલાલ છોટાલાલ શાહે જણાવ્યું હતું કે કોઈ પણ સંસ્થા ક્રિયાત્મક સિવાયની સંસ્થા ન હોઈ શકે. એક નાની સમિતિ બનાવી તે દ્વારા સૂચનો મેળવવાનું યોગ્ય થઈ પડશે. બાદ શ્રી. શાંતિલાલ રતનચંદ ઝવેરીએ અનેક પ્રશ્નો વિચારવા માટે એક 'સંમેલન' યોજવાની સૂચના કરી હતી. શ્રી. વાડીલાલ જીવરાજ શાહે જનસંપર્ક વધારવા સૂચવ્યું.

શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસીએ જણાવ્યું કે કૉન્ફરન્સ જેવી સંસ્થાએ બંધારણપૂર્વક કાર્ય કરવાનું રહે છે. પંજાબના પત્ર ઉપરથી ત્યાં અધિવેશનમાં વધુમાં વધુ સંખ્યામાં સર્વે પ્રાંતના પ્રતિનિધિઓ એકત્ર થાય તે માટે પ્રચાર કાર્ય કરવાની સૂચના ઉપર ગંભીર વિચારણા કરવી જોઈએ. કૉંગ્રેસ અને કૉન્ફરન્સના બંધારણમાં ઘણો ફેર છે. છતાં પ્રચાર દ્વારા સભ્યોની સંખ્યા વધારી બધા સ્થળોના કાર્યકરોને જાગૃત કરી શકીશું. ન્યાયાંભોનિધિ શ્રી આત્મારામજી મહારાજ પછી ગુરુવર્ય યુગદૃષ્ટા આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજે પંજાબમાં ધર્મ અને સમાજોત્થાનના કેવાં બીજ રોપ્યાં છે તે આપ ત્યાં જઈ જોશો તો ખબર પડશે. સમાજ

માટે બધાએ ભોગ આપ્યા સિવાય અન્ય માર્ગ નથી. પંજાબમાં કૉન્ફરન્સનું શૌર્ય વધશે જ.

શ્રી. શાંતિલાલ મગનલાલ શાહે જણાવ્યું હતું કે કૉન્ફરન્સના આગામી અધિવેશનને સફળ બનાવવા માટે પ્રચાર સમિતિની રચના કરી બધાનો સહકાર મેળવવો જોઈએ. મુંબઈ સિવાયનાં અન્ય સ્થળોના આગેવાનો તેમજ કાર્યકરોનો સંપર્ક સાધી કાર્ય કરીશું તો અધિવેશન યશસ્વિતાને વરશે. શ્રી. વરધીલાલ વમળશીએ અધિવેશન પ્રસંગે સ્પેશ્યલ ટ્રેનની યોજના કરવા સૂચવ્યું. શ્રી. પ્રાણજીવનદાસ હ. ગાંધીએ કોઈપણ કાર્ય પાર પાડવા માટે કાર્યકરોના સહકાર અને સંગઠન ઉપર ભાર મૂકયો. બાદ શ્રી. મોતીલાલ વીરચંદ શાહે પંજાબનો ઉત્સાહ વધારવા માટે કામે લાગી જવા સૂચવ્યું. શ્રી. જીવરાજભાઈ બી. શાહે પંજાબના કાર્યકરો જે રચનાત્મક કાર્ય માટે જાણીતા છે તેમને સંપૂર્ણ સહકાર આપવા વિનંતિ કરી હતી. બાદ અત્યંત ઉત્સાહપ્રેરક વાતાવરણ વચ્ચે સભા વિસર્જન થઈ હતી.

**કાર્યકરોની સભા**

પંજાબથી શ્રી. વિજયકુમારજી જૈન અને શ્રી. દીપચંદજી જૈન આગામી લુધીઆના અધિવેશનના કાર્યાર્થે મુંબઈ આવ્યા હતા. તેઓની સાથે વિચાર-વિનિમય કરવાની દૃષ્ટિએ કૉન્ફરન્સ કાર્યાલયમાં તા. ૧૪-૧-૧૯૬૦ ગુરુવારે મુંબઈના કેટલાક કાર્યકરોની સભા શ્રી. ફુલચંદ શામજીના પ્રમુખપદે યોજવામાં આવી હતી. લગભગ બાવીસ કાર્યકરો ઉપસ્થિત હતા.

શરૂઆતમાં શ્રી. ફુલચંદ શામજીએ નિવેદન કર્યું કે પંજાબના જે ભાઈઓ પધારેલા છે તેઓથી અધિવેશન અંગેની સર્વ પરિસ્થિતિ જાણી આપણે સર્વ પ્રકારે સહકાર આપવાનું રહે છે. બાદ શ્રી. વિજયકુમારજી જૈને જણાવ્યું કે પંજાબની અધિવેશન માટેની પ્રબળ ઇચ્છાને આપે જે પ્રકારે સિંચન આપેલ છે તે પંજાબના ગૌરવને વધારનાર છે. જે પુણ્યભૂમિ સ્વ. આચાર્ય શ્રી વિજયાનંદસૂરિજી અને શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના પાદ-કમળથી પવિત્ર બનેલી છે તેમાં સમગ્ર ભારતના શ્રીસંઘની ઉલ્લાસપૂર્વક ભક્તિ કરવા પંજાબ તલસી રહેલ છે. તે માટે પંજાબમાં સભાઓ મળી છે, પોસ્ટરો પ્રકટ થયાં છે અને જુદી જુદી સમિતિઓ કામે લાગી ગઈ છે. શ્રી સંઘે ત્યાં એકત્ર થઈ સંગઠિત બની આગેકૂચકદમ કરવાની છે. અન્ય સમાજ જે વખતે એકત્રિત થઈ આગળ વધી રહ્યા હોય તે વખતે શ્વેતામ્બર મૂર્તિ. સમાજ ચૂપ ન જ બેસી શકે. કર્તવ્ય કરવા માટે તન, મન અને ધનની કુરબાની આપવા સૌ કટિબદ્ધ થાય અને લુધીઆના અધિવેશન કૉન્ફરન્સના જ નહિ પણ જૈન સમાજના ઇતિહાસમાં એક અનુપમ પૃષ્ઠ સમાન બને તે રીતે આપ સૌ પ્રેરણા અને સહકાર આપશો.

શ્રી. મોતીલાલ વીરચંદ શાહે નિવેદન કર્યું કે અધિવેશન સફળ બનાવવા માટે પ્રચાર કાર્ય ગતિમાન કરવાની જરૂર છે. જુન્નેર અધિવેશન પૂર્વે સમાજમાં સુષુપ્તિ હતી તે પ્રચારથી દૂર થઈ. સમાજ પાસે શ્રીમંત, ધીમંત અને કાર્યકર એ ત્રણે વર્ગો છે. તેઓના સહકારથી જો કાર્ય કરીશું તો આવતી કાલ આપણી જ છે. પંજાબ સ્વાગત અને આતિથ્ય કરે અને આપણે સંગઠિત બળ દ્વારા યોજનાપૂર્વક સંસ્થાને સવિશેષ પ્રવૃત્તિમય બનાવીએ અને આમંત્રણો ઉપર આમંત્રણો આવે તેમ કરીએ. શ્રી. દીપચંદ મગનલાલ શાહે જણાવ્યું કે પંજાબના ઉત્સાહ સાથે આપણે આત્મનિરીક્ષણ કરી ચાલીએ તો જરૂર સુંદર કાર્ય થઈ શકશે. જે અનુપમ ભાવના, ધગશ અને શ્રદ્ધાના બળે પંજાબે શ્રી સંઘની સેવા કરવાનું સ્વીકાર્યું છે તેને કર્તવ્ય વડે સિંચન કરી બતાવવાની આ સોનેરી તક છે. શ્રી. સૌભાગ્યચંદજી સિંઘીએ કહ્યું કે કોઈ પણ સંસ્થા વ્યક્તિ ઉપર નભવી ન જોઈએ. સંસ્થાએ પોતાના કાર્યક્રમની જાણ જનતાને કરી સહકાર માંગવો જોઈએ. માર્ગ નિશ્ચિત હશે તો ધ્યેય ઉપર જરૂર પહોંચાશે જ. શ્રી. પુંજાલાલ એન. શાહે પંજાબના ભાઈઓના ઉત્સાહમાં વૃદ્ધિ કરનાર સૂચન કર્યાં. શ્રી. શાંતિલાલ મગનલાલ શાહે જણાવ્યું કે કાર્યવાહક સમિતિ મેળવી વ્યવસ્થિતપણે કામે લાગી જવાનો આ અવસર છે. બધાં સારાં વાનાં થઈ રહેશે. ખર્ચની ચિંતા કરવી નહિ જોઈએ. કામ હશે ત્યાં પૈસા તો અવશ્ય આવી મળશે.

બાદ શ્રી. ફુલચંદ શામજીએ નિવેદન કર્યું કે કૉન્ફરન્સની જરૂર વિષે બે મત નથી. સૌની ભાવના તેની પ્રવૃત્તિઓ વધારી સમાજોપયોગી થવાની છે. અધિવેશન એકત્રિત બળથી કાર્ય કરવાની તક આપે છે. પ્રચારના અંગને આપણે અપનાવતા આવ્યા છીએ અને હવે તુરત તે દિશામાં પ્રયાણ કરીશું. બાદ શ્રી. વિજયકુમારજી જૈન અને શ્રી મોતીલાલ વીરચંદનાં વક્તવ્યોથી સભાજનોએ સંગઠિત થવાની પ્રેરણા મેળવી હતી.

**કૉન્ફરન્સનો ઇતિહાસ**

કૉન્ફરન્સની સ્થાપનાથી અત્યાર પર્યન્તના ઇતિહાસ આલેખન માટે શ્રી. નાગકુમાર નાથાભાઈ મકાતીને વિનંતિ થતાં તેઓએ તે કાર્ય પૂર્ણ કરેલ છે અને મુદ્રણ માટે કૉન્ફરન્સ તરફથી મોકલવામાં આવેલ છે. લુધીઆના અધિવેશન પૂર્વે તે છપાઈ તૈયાર થઈ જવાની ધારણા છે.

**એજ્યુકેશન બોર્ડ**

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તરફથી ચાલુ પ્રવૃત્તિઓને પુષ્ટિ આપી વિકસાવવા રૂા. ૧૦૦૦૦) દસ હજાર એકત્ર કરવા માટે વિજ્ઞપ્તિ થઈ છે. ધાર્મિક શિક્ષણ ક્ષેત્રે છેલ્લા એકાવન વર્ષથી ઉપયોગી સેવા અર્પતી આ સંસ્થાથી સમાજ સુપરિચિત છે. બોર્ડે નક્કી કરેલ અભ્યાસક્રમ ભારતના જુદા જુદા વિભાગની લગભગ ૧૨૫ નાનીમોટી પાઠશાળાઓમાં કરાવવામાં આવે છે. દર વર્ષે બોર્ડ તરફથી લેખિત પરીક્ષાઓ લેવાય છે, જેનો લાભ આશરે ૨૦૦૦ વિદ્યાર્થીઓ લે છે. અને ઉત્તેજનાર્થે રૂા. ૨૨૫૫) સુધીના ઇનામો વહેંચવા માટે પ્રબંધ થયેલ છે. ધાર્મિક શિક્ષણ પ્રવૃત્તિમાં રસ લેતી દરેક વ્યક્તિને રૂા. ૧૦૦૦૦) એકત્ર કરવાની પ્રવૃત્તિમાં સંગીન સહાય અને સહકાર આપવા ખાસ આગ્રહભરી વિનંતિ છે.

**'જૈન યુગ' વાર્તા હરીફાઈ**

જૈન ઇતિહાસ, ધર્મ અને સંસ્કૃતિને સ્પર્શતી વાર્તા હરીફાઈ 'જૈન યુગ' તરફથી યોજવામાં આવી છે. પરીક્ષક સમિતિ શ્રેષ્ઠતાનો ક્રમ નક્કી કરી રૂા. ૧૦૦), રૂા. ૭૫) અને રૂા. ૫૦)ના ત્રણ ઇનામો આપવાનાં છે. વાર્તાઓ સ્વીકારવાની છેલ્લી તા. ૩૧-૩-૧૯૬૦ છે. વાર્તા હરીફાઈની શરતો આ અંકમાં રજૂ કરેલ છે.

**વિનંતિ**

અખિલ ભારત સ્થાયી સમિતિના સભ્યોને વાર્ષિક લવાજમ તરત મોકલી આપવા વિનંતિ છે.

'જૈન યુગ'ના ગ્રાહકબંધુઓને પણ ચડેલા લવાજમની રકમ તરત મોકલી આપવા વિનંતિ છે.

**'जैन युग'**

कॉन्फरन्सना एकवीसमा अधिवेशन प्रसंगे 'जैन युग' नो मार्चनो अंक विशेषांक तरीके प्रगट थशे. आ अंक पहेली मार्चना रोज प्रगट थवाने बदले मार्चना त्रीजा सप्ताहमां प्रगट थशे.

लेखकबंधुओने तेमनी कृतिओ ता. १-३-१९६० सुधीमां मोकली आपवा विनंति छे.

卐


## कॉन्फरन्स को आप किस प्रकार से मदद कर सकते हैं?

**सभासद बन कर**

| | | |
|---|---|---|
| पेट्रन 'अ' वर्ग — — | रु. १००१ | प्रदान कर |
| पेट्रन 'ब' वर्ग — — | रु. ५०१ | " |
| आजीवन सभ्य 'अ' वर्ग | रु. २५१ | " |
| " " 'ब' वर्ग | रु. १०१ | " |

**कॉन्फरन्स द्वारा जैन साहित्य प्रचार**

जेसलमेर ज्ञानभंडार सूचि और धी जैन रिलीजीअन अेन्ड लिटरेचर के लिए ज्ञान विभागमें (खातामें) उचित रकम भिजवा कर अथवा स्वयं प्रदान कर

**जैन युग**

*ग्राहक बनकर वार्षिक उपहार रु. ? (प्रतिमास ता. १ को प्रकट किया जाता है)*

# સમયનો સંદેશ

'મધુકર'

જાગો યુવાન હૃદયો,'
જગાડો સૌ સૂતેલાને,
ક્યાં સુધી ગાઢ નિદ્રા ?
ક્યાં સુધી ઉદાસીન મુદ્રા ?
ક્યાં સુધી નિષ્ક્રિયતા ?
ક્યાં સુધી નિશ્ચિંતતા ?
જાગો જાગો મહારથીઓ,
જાગો જાગો ઘડવૈયા,
જાગો જાગો શ્રીમાનો,
જાગો જાગો ધીમાનો,
સમાજ શીર્ણ વિશીર્ણ
દુઃખના દરિયામાં ડૂબતો
મૃત્યુ સમીપે ધસમસી રહ્યો
સદા બળબળતો ઊભો.

મંદિરો ને ઉપાશ્રયો,
ભંડારો ને તીર્થધામો,
સંસ્કૃતિના રક્ષકો
જ્યોતિર્ધરોની મહામૂલી ભેટ
આજે પણ ધર્મઘોષ જગાવે છે.

પણ જ્યારે લાખો એકારી
નાગચૂડમાં ભીંસાતા
આત્મઘાતને પંથે
પડતા-વિચરતા હોય
ત્યારે શો ધર્મ સૌનો ?
સ્વામીવાત્સલ્યને નાતે
સંગઠનની સાધના કરી
યુવાન હૃદયોને ઢંઢોળી

ગામેગામ જાગૃતિના પૂર રેલાવી
મહાપરિવર્તનનો ઘોષ જગાવી
રચનાત્મક કાર્યની ભેરી બજાવી
લાખોના સમર્પણ કરી
જીવનને ધન્ય બનાવી
સમાજને નવચેતના આપો,
કાયાપલટ કરવા કમર કસો,
મહાપ્રસ્થાન કરો જ કરો.

સમયના સંદેશ સુણો,
નવનિર્માણના ડગ ભરો,
શિક્ષણસંસ્થાઓ પલ્લવિત કરો,
યુવકમંડળોને અપનાવો,
સેવામંડળોની સેવા સ્વીકારો,
બહેનોને બહાદૂર બનાવો,
સાહિત્યની પ્રભાવના કરો,
ઉદ્યોગકેન્દ્રો ને સેવાસમાજો,
બાલમંદિરો-કન્યાવિદ્યાલયો,
ગુરુકુળો-મહિલા મંડળો
સાચાં સમાજ ભૂષણો બને.

બહુજનસુખાય,
બહુજનહિતાય,
ઉત્થાન-જાગૃતિ
સેવા સમર્પણ કરી
સમાજને પ્રાણવાન
શક્તિ આપી બળવાન
ચેતનાના પુંજ સમો
આજે જ આજ ઘડીએ
સાચો ઉદ્યોત સર્જીએ.

પંજાબના ગુરુભક્ત પ્રેમીજનો,
કૉન્ફરન્સ માતાને જગાડવા
શ્રીમંતો–કાર્યકરો,
સેવકો–યુવકો
બધાને ચીમકી આપીને
સમાજ ઉત્થાનના યજ્ઞ માટે
ઢંઢોળી ઢંઢોળીને
જગાડવા–સત્કર્મ માટે
હજારો બહેન ભાઈઓ
જાગી ઊઠ્યા છે.

ગુરુદેવનો સંદેશ સુણી સુણી,
એ સંદેશને ગામેગામ
શહેરે શહેરે–મંદિરે મંદિરે
પહોંચાડવા–જગવવા,
વિનમ્રભાવે વિનવી રહ્યા છે.

ગાઓ પ્રેમગાનની ગાથા,
સમાજ ઉત્થાનની યશગાથા,
કૉન્ફરન્સ મૈયા જગાવે, જાગો,
નવનિર્માણ માટે જાગો,
સમાજના સંગઠન માટે જાગો,
મધ્યમવર્ગના ઉત્કર્ષ માટે જાગો,
આચાર્યપ્રવરો સૌને જગાડે,
ગૃહસ્થો પણ સાથ આપે
મુનિવૃંદો આંદોલન જગાવે,
સાધ્વીજીઓ તો ઘરઘરને જગાડે,
યુવાનો–સેવકો ધૂમી વળે.

શ્રીમંતો–દાનવીરો,
સમાજના કર્ણધારો
આજે આપદ્ ધર્મમાં
પોતાની સદ્ કમાઈ આપે,
સમાજની જાગૃતિ–ઉત્થાન
નવરચના કાયાપલટ માટે
સંઘને ચરણે દાનઝરણાં વહાવે.

આજથી-આજની ઘડીથી
સમાજશાસન કલ્યાણની
પ્રતિજ્ઞાઓ કરી કરી,
પંજાબમાં રચનાકાર્યના
શ્રીગણેશ માંડી,
પ્રાંતે પ્રાંતે જીલ્લે જીલ્લે
શહેરે શહેરે ગામે ગામ
કાર્ય–કાર્ય ને કાર્યની
ભેરી બજાવો બજાવો.

નવલોહિયા યુવાન હૃદયો,
સ્વતંત્રતાના યુગમાં
પ્રજા-પ્રજાની મૈત્રી જામે છે ત્યારે
જૈન સમાજના ત્રણેય ફીરકા
સંગઠનની ભેરી બજાવી
સમાજની કલ્યાણ યાત્રામાં
જોડાઈ ખપી જવા
શાસનનો જયજયકાર કરે.

# શ્રમણ ભગવાન

લેખાંક ૯]

# મહાવીરપ્રભુનો અઢારમો ભવ-ત્રિપૃષ્ઠ વાસુદેવ

卐 પૂ. આચાર્ય શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજ

શ્રમણ ભગવાન મહાવીરપ્રભુના સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી મોક્ષગમન સુધીના સ્થૂલ સત્તાવીશ ભવોના નિરૂપણમાં અઢારમા વાસુદેવના ભવનું નિરૂપણ લેખાંક ૭–૮ થી ચાલુ છે. પ્રતિવાસુદેવ અશ્વગ્રીવનો રણસંગ્રામમાં ત્રિપૃષ્ઠવાસુદેવે વધ કર્યો. દેવોએ ત્રિપૃષ્ઠકુમાર ઉપર પુષ્પવૃષ્ટિ કરવા સાથે પ્રથમ વાસુદેવ તરીકે તેમને જાહેર કર્યા. પ્રતિવાસુદેવ અશ્વગ્રીવની આજ્ઞાને આધીન રહેલા અને રણસંગ્રામમાં સામેલ થયેલા નાના મોટા સર્વ રાજાઓ ત્રિપૃષ્ઠ વાસુદેવના ચરણમાં પ્રણામ કરી, થયેલા અપરાધની માફી માંગવા લાગ્યા. ત્રિપૃષ્ઠવાસુદેવે સર્વ રાજાઓને સાંત્વન આપી સુખેથી પોતપોતાનું રાજ્ય પાલન કરવાનું ફરમાન કર્યું અને વાસુદેવની આજ્ઞા શિરોમાન્ય રાખી સર્વ રાજાઓ પણ પોતાના સ્થાને ગયા.

**સુખનું અનન્ય સાધન ધર્મ જ છે**

ત્રિપૃષ્ઠવાસુદેવે ત્યારબાદ પોતાના નગરમાં આવી વાસુદેવ નામકર્મના ફળ સ્વરૂપે પોતાના બંધુ બલદેવ **અચલકુમાર** તેમ જ ચક્ર વગેરે સાતેય રત્નોની સામગ્રી સાથે ભરતના ત્રણ ખંડને સાધવા માટે શુભમુહૂર્તે પ્રયાણ કર્યું. **લવણસમુદ્ર**ની નજીકમાં આવી પૂર્વ દિશામાં **મગધદેવ**ની, દક્ષિણદિશામાં **વરદામદેવ**ની અને પશ્ચિમ દિશામાં પ્રભાસદેવની સાધના કરી. ત્યારબાદ **વૈતાઢ્ય**-પર્વત ઉપર વર્તતી વિદ્યાધરોના નગરોની બન્ને શ્રેણિઓને પણ પોતાના બલ વડે સાધી લીધી, અને પોતાના સસરા **જ્વલનજટી** વિદ્યાધરને ત્યાંની વ્યવસ્થા માટે નિયુક્ત કર્યા. વૈતાઢ્ય પર્વતથી દક્ષિણમાં લવણ સમુદ્ર-પર્યંત ત્રિખંડ પૃથ્વીનું એકછત્રીય સામ્રાજ્ય પ્રાપ્ત કરી પોતાની રાજધાની **પોતનપુર** નગર તરફ ત્રિપૃષ્ઠકુમારે પ્રયાણ કર્યું. ચાલતાં ચાલતાં ત્રિપૃષ્ઠવાસુદેવ પોતાના પરિવાર સાથે મગધદેશમાં આવી પહોંચ્યા. ત્યાં ક્રોડો માણસો ભેગા થાય તો પણ ન ખસેડી શકાય એવી એક મોટી શિલાને દેખતાં જનતાને પોતાનું બળ દેખાડવા લીલા માત્રમાં એ શીલાને ઊંચકીને દૂર ફેંકી દીધી. વાસુદેવનું આવું અદ્‌ભુત બળ જોઈ ત્યાં હાજર રહેલા સર્વ લોકો અત્યંત આશ્ચર્ય પામ્યા. ચક્રવર્તીને પુન્યબલના યોગે ચૌદ-રત્નો હોય છે અને વાસુદેવને સાત રત્ન હોય છે. ચક્રવર્તીને પોતાના શરીરમાં જે બલ અને સામર્થ્ય હોય છે, વાસુદેવના શરીરમાં તેનાથી અર્ધું બલ હોય છે. ચક્રવર્તી તથા બલદેવ બન્ને મનુષ્ય છતાં હજારો દેવો તેમની સેવામાં હાજર હોય છે. એ બધોય પ્રભાવ જો કોઈનો હોય તો પૂર્વજન્મમાં કરેલી ધર્મની આરાધનાનો છે. અભ્યંતર સુખ યાવત્ મોક્ષની પ્રાપ્તિમાં ધર્મ એ અનન્ય સાધન છે જ, પરંતુ શારીરિક બલ, ધન દોલતની પ્રાપ્તિ અને રાજરાજેશ્વરના અધિકારની અનુકૂળતા વગેરે બાહ્ય સુખનાં સાધનો પણ ધર્મની આરાધના અને તજ્જન્ય પુન્યોદયથી જ પ્રાપ્ત થાય છે. શ્રુતકેવલી ભગવાન **શય્યંભવસૂરિ** મહારાજે દશવૈકાલિકસૂત્રના પ્રથમ અધ્યયનની પ્રથમ ગાથામાં એક વાત સ્પષ્ટપણે નિર્દેશી છે કે "देवावि तं नमंसंति, जस्स धम्मे सया मणो" જે મહાનુભાવના મનોમંદિરમાં ધર્મનો પ્રકાશ અને તે કારણે સંચિત થયેલ પુન્યબલ વિદ્યમાન છે તે મહાનુભાવના ચરણોમાં સ્વર્ગલોકમાં વર્તતા દેવો પણ નમસ્કાર કરે છે. વ્યવહાર અને નિશ્ચય ઉભય પ્રકારે ધર્મ જો અવિકૃત અર્થાત્ શુદ્ધ હોય તો એ ધર્મ આત્માને સ્વર્ગાદિ સુખોની પરંપરા સાથે પરિણામે મોક્ષે પહોંચાડે છે, અને એ ધર્મ જો અંતરંગ દૃષ્ટિએ અશુદ્ધ હોય તો અમુક સમય પૂરતી બાહ્ય સુખની અનુકૂળતા પ્રાપ્ત થયા બાદ પરિણામે તે આત્મા દુર્ગતિનો અધિકારી બને છે. ત્રિપૃષ્ઠવાસુદેવના આત્માને વર્તમાન-ભવમાં ત્રણ ખંડનું જે ઐશ્વર્ય મળ્યું છે તે શુદ્ધ ધર્મના કારણે નહિં પણ અશુદ્ધધર્મના કારણે મળ્યું છે. અને તેથી જ વાસુદેવના ભવની પૂર્ણાહુતિ પછી એ વાસુદેવનો આત્મા નરક ગતિનો અતિથિ થવાનો છે. આપણે આગળના લેખોમાં એ વાત જાણી ગયા છીએ કે

સોળમા વિશ્વભૂતિના ભવમાં સંયમ અને તપની સુંદર આરાધના છતાં વિશાખનંદીએ કરેલા ઉપહાસનું નિમિત્ત મળતાં એ મહામુનિએ ઉગ્ર અશુભભાવે નિયાણું કર્યું હતું કે "મારા સંયમ અને તપના ફળ સ્વરૂપે આગામી મનુષ્યજન્મમાં હું અસન્ત બળ પ્રાપ્ત કરું અને એ બળ વડે મારો ઉપહાસ કરનાર વિશાખનંદીનો બદલો લઈ શકું." સંયમ અને તપ એ મોક્ષસાધક શુદ્ધધર્મ હતો. એમ છતાં પૂર્વોક્ત નિયાણાની આવેશભરી અનિષ્ટ વૃત્તિએ એ સંયમ તપને વિશિષ્ટ બલપ્રાપ્તિ દ્વારા દુર્ગતિના સાધન રૂપ બનાવી દીધા. આ વાત તો પ્રાસંગિક છે. મૂળ વાત તો એટલી જ છે કે જીવનમાં કોઈ પણ પ્રકારની વર્તમાન સુખની અનુકૂળતાનું મુખ્ય કારણ ધર્મ સિવાય કોઈ જ નથી.

**વાસુદેવનો રાજ્યાભિષેક**

ત્રિપૃષ્ઠ વાસુદેવ અનુક્રમે પોતનપુર નગરમાં આવી પહોંચ્યા. નગરની પ્રજાએ પોતાના માલિક રાજાધિરાજનો દબદબાભર્યો નગરપ્રવેશ કરાવ્યો. રાજમહેલમાં પહોંચતાં રાજસભાના મધ્યભાગે રહેલ મણિરત્નજડિત સુવર્ણના સિંહાસન ઉપર વાસુદેવ વિરાજમાન થયા. મહામંત્રીશ્વર, નગરશેઠ, સેનાધિપતિ વગેરે અધિકારી વર્ગે એમનો વિધિપૂર્વક રાજ્યાભિષેક કર્યો અને દેવોએ પણ એ શુભકાર્યમાં યથાવિધિ સાથ આપ્યો. અચલકુમારને બલદેવ તરીકે અભિષિક્ત કરવામાં આવ્યા. આ પ્રમાણે વાસુદેવ-બલદેવ એ ઉભય બંધુબેલડીની નિશ્રામાં પ્રજાજનો આનંદથી પોતાનો સમય પસાર કરવા લાગ્યા.

**પોતનપુરના પરિસરમાં ભગવાન શ્રેયાંસનાથ**

ત્રિપૃષ્ઠવાસુદેવ વર્તમાન અવસર્પિણીમાં થનારા નવ વાસુદેવો પૈકી પ્રથમ વાસુદેવ હતા. એ અવસરે વર્તમાન અવસર્પિણીના ચોવીસ તીર્થંકરો પૈકી અગીયારમા તીર્થંકર ભગવાન શ્રેયાંસનાથ પ્રભુનું શાસન હતું. જે અવસરે ત્રિપૃષ્ઠકુમારને ત્રણ ખંડના આધિપત્યરૂપ વાસુદેવપણું પ્રાપ્ત થયું, લગભગ એ સમય દરમ્યાન ભગવાન શ્રેયાંસનાથ પ્રભુને ઘાતીકર્મનો ક્ષય અને કેવલજ્ઞાન-કેવલદર્શનની પ્રાપ્તિ થઈ. તેમજ એ સર્વજ્ઞપ્રભુ શ્રેયાંસનાથ ભગવાન કેવલી અવસ્થામાં ગ્રામાનુગ્રામ વિહાર કરતા પોતનપુર નગરના પરિસરમાં પધાર્યા. ઇન્દ્રાદિ દેવોએ ત્યાં પ્રભુનું સમવસરણ રચ્યું. વનપાલકે રાજાધિરાજ ત્રિપૃષ્ઠ વાસુદેવને પ્રભુની પધરામણીની વધામણી આપી. પ્રભુની પધરામણીના સમાચાર શ્રવણ કરતાં વાસુદેવ અત્યંત પ્રસન્ન થયા અને વધામણી આપનાર વનપાલકને ક્રોડ સોનૈયા દાનમાં આપ્યા. પોતાના બંધુ બલદેવ અચલકુમાર વગેરે પરિવાર તેમજ રાજ્યના તમામ વૈભવ સાથે ત્રિપૃષ્ઠવાસુદેવ ભગવંતની પાસે પહોંચ્યા. પંચાભિગમ સાચવી ત્રણ પ્રદક્ષિણા આપવા પૂર્વક પ્રભુને વંદન કરી ત્રિપૃષ્ઠ વાસુદેવ યોગ્ય આસને બેઠા એટલે પ્રભુએ પણ યોજનગામિની અમૃતમય ધર્મ દેશનાનો પ્રારંભ કર્યો.

**પ્રભુની ધર્મદેશના અને સંવર નિર્જરાનું સ્વરૂપ**

ભગવાન શ્રેયાંસપ્રભુની ધર્મદેશનામાં **સંવર** અને **નિર્જરા** તત્ત્વની પ્રધાનતા હતી. "કર્મસ્કંધોનો આત્મપ્રદેશોની સાથે અમુક પ્રમાણમાં પણ જ્યાં સુધી સંબંધ હોય છે અને નવા નવા કર્મસ્કંધોનું ગ્રહણ ચાલુ છે ત્યાં સુધી આત્માને મુક્ત અવસ્થા પ્રાપ્ત થતી નથી તથા જન્મજરામરણાદિ દુઃખોની પરંપરા ચાલુ રહે છે. મુક્ત અવસ્થાનું અસાધારણ કારણ સંવર અને નિર્જરા છે તથા સંવર-નિર્જરાનું કારણ સમ્યગદર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે. સમ્યગ્દર્શન એ આત્માનો શુદ્ધોપયોગ અથવા શુદ્ધ ચેતના છે. અને સમ્યક્ચારિત્ર એ પણ આત્માની શુદ્ધ ચેતના છે. જેટલો જેટલો આત્માનો શુદ્ધોપયોગ અથવા શુદ્ધચેતના તેટલા તેટલા અંશે કર્મનો સંવર અને સકામ નિર્જરા પ્રગટ થાય છે. કોઈપણ સુવિહિત ધર્માનુષ્ઠાનનું શુદ્ધધ્યેય સંવર અને નિર્જરા છે. અનુક્રમે ચૌદમા અયોગી ગુણસ્થાન કે સર્વસંવર અને સંપૂર્ણ નિર્જરા પ્રાપ્ત થાય છે. તેમ જ આત્મા સર્વ પ્રકારે કર્મરહિત થઈ મુક્ત અવસ્થા પ્રાપ્ત કરે છે. આ બધી અનુકૂલતા મનુષ્યજીવન સિવાય અન્ય કોઈપણ જીવનમાં પ્રાપ્ત થતી નથી. મનુષ્યજીવનમાં ચક્રવર્તીપણું અથવા વાસુદેવની પદવી પુણ્યયોગે કદાચ પ્રાપ્ત થઈ જાય, એમ છતાં એ બધોય વૈભવ અનિત્યસંયોગી છે. સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ આત્માનું સ્વતત્ત્વ છે તેમ જ ક્ષાયિક ભાવે એ ગુણો જો આત્મમંદિરમાં પ્રગટ થયા તો પછી અનંતકાળપર્યંત તે ગુણો આત્મમંદિરમાં સદાય અવસ્થિત રહે છે. કર્મના ઔદયિક ભાવે કોઈપણ અનુકૂળ કે પ્રતિકૂળ સામગ્રી જીવનમાં પ્રાપ્ત થયા બાદ સંવર અને નિર્જરા કરાવનાર સ્વભાવદશામાં આત્મરમણતા ટકી જાય તો જીવન ધન્ય ધન્ય બની જાય છે."

**ત્રિપૃષ્ઠવાસુદેવને પુનઃ સમ્યક્ત્વની પ્રાપ્તિ**

ભગવાન શ્રેયાંસનાથ પ્રભુની ધર્મદેશનાનો આ તો

અતિ સંક્ષિપ્ત સાર છે. ત્રિપૃષ્ઠ વાસુદેવના અંતઃકરણમાં અમૃતથી પણ અધિક મધુર પ્રભુની ધર્મદેશના શ્રવણ થતાં આનંદ આનંદ પ્રગટ થયો. કોઈપણ મહાનુભાવની વર્તમાન અવસ્થા ગમે તે પ્રકારની હોય, પરંતુ જેના આત્મમંદિરમાં તીર્થંકર પદની યોગ્યતા વર્તતી હોય અને એકવાર પણ સમ્યગ્દર્શનની દિવ્યજ્યોતિ પ્રગટ થઈ ગયેલી હોય એ મહાનુભાવને જ્યારે જ્યારે દેવ-ગુરુ ધર્મનો સુયોગ મળે તેમ જ પ્રભુની મંગલમય વાણી શ્રવણ કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય ત્યારે ત્યારે તે આત્માનું હૃદયકમળ નવપલ્લવિત બને છે અને એકવાર તો મોહનું આવરણ દૂર થતાં સમ્યક્ત્વનો પ્રકાશ પુનઃ પ્રગટ થઈ જાય છે.

**નિમિત્તવાસી આત્મા**

ભગવાન મહાવીર ભગવંતને નયસારના ભવમાં સર્વથી પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ થયું હતું. મરિચિના ભવમાં કપિલનો સમાગમ અને ઉત્સૂત્રપ્રરૂપણાનું નિમિત્ત મળતાં એ ગુણનો તિરોભાવ થયો. સોળમા વિશ્વભૂતિના ભવમાં સંયમગ્રહણનો સંયોગ અને તીવ્ર-તપશ્ચર્યાના પ્રસંગે એ સમ્યગ્દર્શનનો પુનઃ આવિર્ભાવ થયો તેમજ એ જ ભવમાં વિશાખનંદીનો ઉપહાસ અને નિયાણાનો પ્રસંગ પ્રાપ્ત થતાં પુનઃ એ પ્રકાશ અસ્ત થયો. એથી આગળ ચાલુ અઢારમા ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં શ્રેયાંસનાથ ભગવંતની ધર્મદેશના શ્રવણ કરતાં પુનઃ એ સમ્યક્‌ત્વગુણ ભગવંતના આત્માને પ્રગટ થયો. એકવાર સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થયા બાદ જ્યાં સુધી આત્મામાં એ ગુણ ક્ષાયિક ભાવે પ્રગટ ન થાય ત્યાં સુધી પ્રાયઃ ગુણનો ઉદય અને અસ્ત-ઉદય, અસ્ત એમ પરંપરા ચાલ્યા કરે છે. આત્મહિત માટે અનુકૂળ નિમિત્ત મળતાં આત્મામાં અનુકૂળતા પ્રગટ થાય છે અને પ્રતિકૂળ નિમિત્ત મળતાં આત્મામાં પ્રતિકૂળતા પ્રાપ્ત થાય છે. પરંતુ આ પરિસ્થિતિ પ્રાયઃ ત્યારે જ બને છે કે એક વાર પણ આત્માને નિજાનંદનો અનુભવ થઈ ચૂકયો હોય. 'निमित्तवासी आत्मा' એ વાકયના ચરિતાર્થપણાનો અનુભવ પણ આવા પ્રસંગે પ્રગટ સમજાય છે.

**ત્રિપૃષ્ઠવાસુદેવની વિષયલોલુપતા**

ભગવાન શ્રેયાંસનાથ પ્રભુની ધર્મદેશના શ્રવણ થતાં ત્રિપૃષ્ઠ વાસુદેવના આત્મા ઉપર વર્તતું દર્શનમોહનું આવરણ તત્કાલ પૂરતું દૂર થઈ ગયું, અને સમ્યગ્દર્શનનો પ્રકાશ પ્રકટ થયો. પ્રભુને વંદના નમસ્કાર કરીને વાસુદેવ પોતાના પરિવાર સાથે રાજમહેલમાં પધાર્યા. વાસુદેવનું જીવન બહુલતાએ વિષયોની લોલુપતાથી ભરપૂર હોય છે, અને એ વિષયોની વધુ પડતી લોલુપતાના કારણે સમ્યગ્દર્શન વગેરે ગુણોનો લાંબો સમય ટકાવ થતો નથી. દીવો પ્રગટ થયા બાદ એ દીવાની જ્યોત ન બુઝાઈ જાય તે માટે જેમ કાચ વગેરેના સંરક્ષણની જરૂર છે, તેજ પ્રમાણે આત્મગુણની પ્રગટ થયેલ જ્યોતને સજાગ રાખવા જીવનમાં સંયમ, તપ વગેરેની ઘણી ઘણી જરૂર છે. અનંતકાળની વિષયલોલુપતા તપ અને સંયમ સિવાય ટળતી નથી એ નક્કી વાત છે. તપ અને સંયમનું પારમાર્થિક રહસ્ય જો કોઈપણ હોય તો વિષયોની લોલુપતાનો અભાવ અથવા મંદતા છે. ત્રિપૃષ્ઠવાસુદેવને ઇન્દ્રયોના વિષયોની તીવ્ર લોલુપતા હતી. તેમાં પણ શ્રવણેન્દ્રિયની લોલુપતાનું પ્રમાણ સર્વથી વધુ પ્રમાણમાં હતું. સંગીત અને નૃત્યકળામાં કુશળ ગણાતા અનેક સંગીતકારો નૃત્યકારો જુદા જુદા દેશોમાંથી બોલાવીને તેણે પોતાની રાજધાનીમાં રાખ્યા હતા. રાજ-સભામાં તો એ સંગીત નૃત્યના જલસાઓ નિરંતર ચાલુ રહેતા, ઉપરાંત રાત્રે શયન પ્રસંગે પણ એ મધુરા સંગીતના આલાપો શ્રવણ થાય તો જ ત્રિપૃષ્ઠ વાસુદેવ નિદ્રાદેવીને આધીન થાય. આવી વધુ પડતી વિષય-પરાધીનતાએ વાસુદેવને ઘેરી લીધા હતા.

**સર્વ અનિષ્ટનું મૂળ વિષયોની લોલુપતા**

જ્ઞાની ભગવંતોએ સંસારી જીવો માટે બાહ્ય તેમજ અંતરંગ આપત્તિઓનું મૂલ કારણ ઇંદ્રિયોનો અસંયમ કિંવા ઇન્દ્રિયોની ગુલામી વર્ણવેલ છે. आपदां कथितः पन्थाः इन्द्रियाणां असंयम: । तज्जयः सम्पदां मार्गः येनेष्टं तेन गम्यताम् ॥ [ ઇન્દ્રિયોનો અસંયમ એ આપત્તિનો માર્ગ છે અને ઇન્દ્રિયો ઉપર વિજય એ સંપત્તિનો માર્ગ છે. એમ જાણીને હે આત્મન્ ! તને જે માર્ગ ઇષ્ટ હોય તે માર્ગે ચાલ્યો જા. ] આશ્રવ તત્ત્વના નિરૂપણ પ્રસંગે પણ નવતત્ત્વમાં બધાય આશ્રવોના મૂળ તરીકે इंदिय कसाय अव्वय એ ગાથામાં ઇન્દ્રિયોનું જ સ્થાન પ્રથમ જણાવેલું છે. ઇન્દ્રિયોના અસંયમથી એટલે કે વિષયોની લોલુપતાથી કષાય ભાવ પ્રકટ થાય છે, કષાય ભાવથી હિંસક પરિણામ પ્રકટ થાય છે અને હિંસક પરિણામમાંથી મન-વાણી-કાયાના વિપરીત વ્યાપારો ચાલે છે તેમ જ પ્રતિ ક્ષણે નવું નવું કર્મ બંધન ચાલુ રહે છે. સર્વ પ્રકારના અનિષ્ટનું મૂળ જો કોઈ પણ હોય તો વિષયોની લોલુપતા જ છે એક અવસરે ત્રિપૃષ્ઠવાસુદેવે પોતાના શય્યાપાલકને રાત્રિએ શયન કરવા અગાઉ આજ્ઞા કરી

કે 'હમણાં જે સંગીતકારો મધુરું સંગીત કરી રહ્યા છે, તે સંગીતના મધુરા નાદમાં મને નિદ્રા આવી ગયા બાદ સંગીત ચાલુ ન રાખતાં બંધ કરવાનું આ સંગીતકારોને જણાવી દેજે. જેથી સંગીતના શબ્દથી મારી નિદ્રામાં સ્ખલના ન થાય.' શય્યાપાલકે પોતાના માલિકની આજ્ઞા સાંભળી લીધી, પણ સંગીતના મોહમાં આજ્ઞાનો અમલ ન થયો. સંગીતમાં એવી શક્તિ છે કે તેનો જો અચ્છો જાણકાર હોય તો તેના સંગીતથી ઊંઘ ન આવતી હોય તેને મીઠી ઊંઘ આવી જાય, વરસાદ ન વરસતો હોય તો સંગીતથી વરસાદ પણ આવે, અમુક પ્રકારનાં દર્દો જે ગમે તેવી ઉંચી દવાઓથી દૂર ન થતાં હોય તે સંગીતના પ્રભાવે દૂર થઈ જાય. સંગીતકારોના મધુર સંગીતથી વાસુદેવ ક્ષણવારમાં નિદ્રાને આધીન તો થઈ ગયા. પણ શય્યાપાલક સંગીતના નાદમાં એવો મુગ્ધ બની ગયો કે પોતાના માલિકની આજ્ઞાનો અમલ કરવાનું વીસરી ગયો. અમુક સમય બાદ ત્રિપૃષ્ઠવાસુદેવે, જાગૃત થઈ જતાં, સંગીત ચાલુ દેખ્યું અને પોતાની આજ્ઞાનું પાલન ન કરવા બદલ શય્યાપાલક ઉપર તીવ્ર રોષ પ્રકટ થયો. પ્રભાતે રાજસભામાં શય્યાપાલકને ખડો કરી ગરમ કરેલું કથિર તેના કાનમાં રેડવાનો પોતાના સેનાપતિને હુકમ કર્યો અને પોતાની આજ્ઞાનું ખંડન કરનારને કેવી આકરી શિક્ષા ભોગવવી પડે છે તેનો દાખલો બેસાર્યો. કાનમાં કથિર રેડવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં શય્યાપાલક મરણને શરણ થયો. અને ત્રિપૃષ્ઠવાસુદેવ પણ તીવ્ર વિષયલોલુપતા, તીવ્રકષાયભાવ વગેરે આત્મદોષના કારણે સમ્યક્ત્વને વમી અનેક પાપ પ્રવૃત્તિઓમાં બાકીનું જીવન પૂર્ણ કરી સાતમી નરકના અધિકારી થયા. એ પ્રમાણે ભગવંત મહાવીરના અઢારમા ભવની હકીકત અહીં પૂર્ણ થઈ.

(ક્રમશઃ)

★

## श्री जैन श्वेताम्बर कॉन्फरन्स

| अधिवेशन स्थळ | प्रमुख | अधिवेशन संवत |
|---|---|---|
| १. फलोधी | श्री बख्तावरमल महेता | १९५८ |
| २. बम्बई | राय बद्रिदास बहादुर | १९५९ |
| ३. वडोदरा | रायबहादुर बुद्धिसिंहजी दुधेडीया | १९६१ |
| ४. पाटण | श्री वीरचंद दीपचंद | १९६२ |
| ५. अमदावाद | रायबहादुर सितापचंदजी नहार | १९६३ |
| ६. भावनगर | श्री मनसुखभाई भगुभाई | १९६४ |
| ७. पुना | ,, नथमल गोलेच्छा | १९६५ |
| ८. मुलतान | ,, पन्नालाल जोहरी | १९६९ |
| ९. सुज्ञानगढ | ,, मोतीलाल मुलजी | १९७१ |
| १०. बम्बई | डॉ. बालाभाई मगनलाल नाणावटी | १९७२ |
| ११. कलकत्ता | श्री खेतसी खीअसी | १९७४ |
| १२. सादडी | लाला दोलतराम नहार | १९७६ |
| कन्वेन्शन सम्मेलन-बम्बई | श्री कस्तुरभाई लालभाई | १९८१ |
| खास अधिवेशन बम्बई (शत्रुंजयका प्रश्न) | बाबु बहादुरसिंहजी सिंघी | १९८२ |
| १३. जुन्नेर | रावसाहेब रवजी सोजपाल | १९८६ |
| १४. बम्बई | बाबु निर्मलकुमारसिंहजी नवलखा | १९९० |
| १५. निंगाळा | श्री छोटालाल त्रिकमलाल पारेख | १९९७ |
| १६. बम्बई | श्री मेघजीभाई सोजपाळ | २००१ |
| १७. फालना | श्री कांतीलाल ईश्वरलाल | २००६ |
| १८. जुनागढ | श्री कांतीलाल ईश्वरलाल | २००७ |
| १९. बम्बई (सुवर्ण जयंति) | श्री अमृतलाल कालीदास दोशी [ बाद में : श्री पोपटलाल रामचंद्र शाह ] | २००८ |
| २०. बम्बई | श्री मोहनलाल लल्लुचंद शाह | २०१३ |

# ॐ પરમાત્માના ગુણોનુ ચિંતન ॐ

**કુ. 'ચંદ્રરેખા'**

અહીં પરમોપકારક, આગમસાહિત્યના ધારક અને ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ પ્રત્યે ભક્તિ ધરાવનાર એવા મુનિ દેવચંદ્રજીએ રચેલ ભગવાન સુપાર્શ્વનાથ સ્વામીની સ્તુતિ દ્વારા પ્રભુના ગુણોનું ચિંતન કરીએ છીએ.

જગતના જીવો પુદ્ગલાનંદી છે અર્થાત્ તેઓ નવાં પુદ્ગલ લઈને આનંદ પામે છે, પણ તે પુદ્ગલસંયોગથી ઉત્પન્ન એવાં સુખ અને દુઃખ તે આત્મહિત નથી, એ તો આત્માનો વિભાવ એટલે તેની વિકૃત થયેલી હાલત છે. આત્માનું સહજ સુખ, તે આત્મધર્મ છે એ રીતે આગમમાં ઉપદેશ છે.

શ્રી સુપાસ આનંદમેં, ગુણ અનંતનો કંદ હો, જિનજી<br>
જ્ઞાનાનંદે પૂરણો, પવિત્ર ચારિત્રાનંદ હો જિનજી<br>
શ્રી સુપાસ આનંદમેં...(૧)

ભગવાન સુપાર્શ્વનાથ સહજાનંદ સુખના સ્વામી છે, તે સહજાનંદ સુખ જીવને ઇંદ્રિયોના વિષયોના આનંદના સુખોમાંથી પરમસુખની બુદ્ધિ ન ખસે, સંયમીપણું મનમાં ન વસે, ભગવાનના ગુણો સાથે પ્રેમસગાઈ ન બંધાય અને એકાંતમાં આત્મનિરીક્ષણ કરવા જ્યાં સુધી જીવ ન પ્રેરાય ત્યાંસુધી દુર્ગમ્ય છે.

વળી ભગવાન અનંત કલ્યાણગુણોના સ્વામી છે. ભગવાનમાં ચેતના ગુણ મુખ્ય છે અને તેને અનુસરીને જ્ઞાન, દર્શન, ચારિત્ર, ક્ષાયિક સમ્યક્ત્વ, દાન, લાભ, વીર્ય, ભોગ અને ઉપભોગ આદિ અનંતગુણો ભગવાનની જ્ઞાન સમાધિમાં પ્રગટ અનુભવાય છે. ચારિત્રનો અર્થ અહીં નિર્મળ જ્ઞાનના અનુભવની સંપૂર્ણ સ્થિરતા છે.

સંરક્ષણ વિણ નાથ છો, દ્રવ્ય વિના ધનવંત હો' જિનજી;<br>
કર્તાપદ કિરિયા વિના સંત અજેય અનંત હો, જિનજી શ્રી૦ (૨)

પ્રભુ કોઈ અન્ય જીવનું રખોપું કરતા નથી, અને તેમ છતાં તેઓ મોક્ષના હેતુ હોવાથી શરણરૂપ છે, માલિક છે. ભગવાન ઘરબાર, ધનધાન્ય, સુવર્ણરત્ન, નોકરચાકર, રાજપાટ જેવી કોઈ પણ લક્ષ્મીને ન તો રાખે છે, ન તો ઇચ્છે છે, છતાં જ્ઞાનલક્ષ્મી વડે પરમાત્મા ધનવાનમાંયે ઉત્તમ ધનવાન છે. ભગવાનને કોઈપણ જાતનો પ્રયાસ નથી છતાં દ્રવ્યના સહજ પરિણામથી આનંદવેદન છે તેથી સાહજિક કર્તાપણું છે, પ્રભુ ઉત્તમપુરુષ છે, જીતી ન શકાય એવી અપરાજેય પદવીના ધારક તેમ જ અંત રહિત એવા સમાધિરૂપ સામ્રાજ્યના ચક્રવર્તી છે.

અગમ અગોચર અમર તું, અન્વય ઋદ્ધિસમૂહ હો, જિનજી,<br>
વર્ણ ગંધ રસ ફરસ વિણ, નિજ ભોક્તા ગુણવ્યૂહ હો, જિનજી, શ્રી૦...(૩)

તમારું સ્વરૂપ તુચ્છજ્ઞાની જાણી શકે નહિ, તેથી અગમ્ય છે. ઇંદ્રિય અને નોઇંદ્રિય (મન) તેના દ્વારા તમે જાણી શકાતા નથી, પણ આત્માની સમાધિસહિત ઇંદ્રિય–નોઇંદ્રિયના આપ વિષય છો તેથી ઇંદ્રિયાતીત છો એટલે અગોચર છો. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ જે પુદ્ગલ ધર્મ તેનાથી અને મરણથી તમે મુક્ત છો, અન્વય એટલે જ્ઞાનગુણની વ્યાપના, તે અનંતગુણોમાં છે તેથી અનંત અન્વયી-ગુણોથી પ્રભુ સમૃદ્ધ છો, કષાયાદિકના અસ્તથી થયેલા ગુણોને, સમ્યક્ત્વ અને ચારિત્રને વ્યક્તિરેક ગુણ કહીએ તેના પ્રભુ, તમે આધાર છો. આમ નિજ એટલે પોતાના સ્વરૂપગુણના વ્યૂહ કહેતાં એકત્વરૂપ સમૂહ પ્રભુ આપ છો; હું પામર હાલ તો આપના ચિંતનથી જ મનોરથો પૂર્ણ થયેલા માનું છું, પરંતુ તમને પામવાની આશાને મુખ્ય બનાવી જીવન વિતાવી રહ્યો છું એટલું મારું સદ્ભાગ્ય છે.

અક્ષય દાન અચિંતના, લાભ અયત્ને ભોગ હો, જિનજી,<br>
વીર્યશક્તિ અપ્રયાસતા, શુદ્ધ સ્વગુણ ઉપભોગ હો, જિનજી, શ્રી૦ (૪)

ભગવાન, આપનો સામર્થ્યનો ગુણ જેને શાસ્ત્રીય-ભાષામાં વીર્યગુણ અથવા બલ કહેવાય છે તેને જ્ઞાન-ગુણની સહાય છે. જ્ઞાનમાં જ રમણ રહે અને પરરમણ ન સંભવે એ સમાધિ જ્ઞાનગુણમાં ચારિત્રગુણની સહાયતા વડે આવે છે, એમ એક ગુણને અનંત ગુણની સહાયતા છે, તે જ આત્મસ્વરૂપ સંબંધે દાન છે. દાન આપના-રનું દાન તો ક્યારેક પણ ક્ષય પામે પણ પ્રભુનું વીર્ય અક્ષય હોવાથી તેઓ સ્વગુણ પાત્રને અનંતું દાન અક્ષય-પણે આપ્યા કરે છે. યત્ન વિના શક્તિની પ્રાપ્તિ તે લાભ છે, આપને વિશે ચિત્તના વિકલ્પરૂપ લાભાર્થીપણું નથી છતાં અનંત લાભ સદૈવ આપને ઉપસ્થિત છે.

આપ આપના પર્યાયને અપ્રયાસપણે ભોગવો છો, અનુભવો છો એ આપનો ભોગ છે. વળી આ ગુણોનો આપને સતત અનુભવ છે એ આપનો ઉપભોગ છે. આમ આપ નિર્મોહી હોવાથી પ્રગટ સમાધિસુખમાં તન્મય છો.

એકાંતિક આત્યંતિકો, સહજ અકૃત સ્વાધીન હો
જિનજી,
નિરુપચરિત નિર્દ્વંદ્વ સુખ, અન્ય અહેતુક પીન હો
જિનજી, શ્રી૦ (૫)

વળી સ્વામી, આપનું સુખ ઐકાંતિક એટલે નિર્ભેળ છે, આત્યંતિક કહેતાં છેલ્લી સીમાનું છે, તે સુખ સહજ, અપ્રયાસી અને સ્વતંત્ર છે; વળી ઉપચાર વગરનું સુખ આપ અનુભવો છો. અવિદ્યમાન વસ્તુનો આરોપ તેને ઉપચાર કહીએ, તમારા સુખમાં કોઈ જાતનો આભાસ નથી તેથી તે નિરુપચરિત સુખ છે, તેમાં રાગદ્વેષના દ્વંદ્વ નથી, તે સુખને અન્યદ્રવ્યની અપેક્ષા નથી, તે સદાય જાતે જ પુષ્ટ છે.

એક પ્રદેશે તાહરે, અવ્યાબાધ સમાય હો,
જિનજી,
તસુ પર્યાય અવિભાગતા, સર્વાકાશ ન માય હો,
જિનજી શ્રી૦ (૬)

આત્માને દરેક પ્રદેશે અનંત ગુણ અને તેમના અનંત પર્યાય છે, પ્રભો, તમારે એક પ્રદેશે જે અવ્યાબાધ (નિર્વિઘ્નતા)નો ગુણ વસે છે તે અનંતો છે, કેવલજ્ઞાનની પ્રજ્ઞાએ જેના બે વિભાગ ન થાય એવા ગુણાંશને અવિભાગ કહીએ. હવે આપના એક પ્રદેશે રહેલા અવિભાગોને પ્રત્યેક આકાશના પ્રદેશને વિશે રાખીએ તો પણ તે સર્વાકાશમાં સમાવેશ પામે નહીં, મતલબ કે આપનું સમાધિસુખ અનંત છે, આપ આનંદઘન છો, અને ભવ્યોના આધાર છો.

એમ અનંત ગુણનો ધણી, ગુણગુણનો આનંદ હો
જિનજી,
ભોગ રમણ આસ્વાદયુત, પ્રભુ તું પરમાનંદ હો
જિનજી, શ્રી૦ (૭)

ભગવાન, આમ આપ અનંતગુણના સ્વામી છો, પ્રત્યેક ગુણનો આપને ભિન્નભિન્ન આનંદ છે, સંસારી જીવને જેમ ધનનું સુખ ભિન્ન, રૂપનું સુખ ભિન્ન, આરોગ્યનું સુખ ભિન્ન, કુટુંબનું સુખ ભિન્ન, એમ અનેક સુખો છે, તેમ સિદ્ધોને અનંતગુણોનું સુખ છે, તે અનંતો પારમાર્થિક ભોગ છે, તે ગુણોમાં તેમનું અનંતું રમણ છે અને આસ્વાદ પણ છે, એટલે પ્રભુ આનંદમાં વિલસે છે, આમ પ્રભુ પરમાનંદ સ્વરૂપ છે અને ભવ્યોની સાધનાના ધ્રુવતારક છે.

અવ્યાબાધ રુચિ થઈ, સાધે અવ્યાબાધ હો
જિનજી,
દેવચંદ્ર પદ તે લહે, પરમાનંદ સમાધ હો,
જિનજી, શ્રી૦ (૮)

જેને, હે પ્રભુ, તમારા નિર્વિઘ્ન સ્વરૂપ પર પ્રીતિ થઈ છે તે પોતાનું સ્વરૂપ સાધે છે અને પરમાનંદની સમાધિ-વાળું દેવોના પણ ચંદ્ર એવા જિનેન્દ્રનું સ્વરૂપ સાધે છે. આવું સુખ મારે વિશે પણ છે એવી જેને શ્રદ્ધા થઈ તેણે મોક્ષમાર્ગની શરૂઆત કરી દીધી. જે મનુષ્યને જે પદાર્થ પર સાચી પ્રીતિ છે તે તેને મળ્યા વિના રહેતો નથી. આવો જીવ આ પછી આત્મસાધક શ્રમણોની ઉપાસના કરે, સ્યાદ્વાદ આગમ શ્રવણ કરે, પાંચ આશ્રવોથી વિરમે, શુદ્ધ સંયમી થઈને દેહની પણ સ્પૃહા ન રાખે અને મોક્ષને સાધે. આવા મુનિ વિષયના અવાંછક, તત્ત્વગવેષી, સૂક્ષ્મ તત્ત્વના જિજ્ઞાસુ, પોતાનું તત્ત્વ કર્મપ્રસંગે દબાયું છે તેને પ્રગટ કરવા માટે સકલ પુદ્ગલભાવથી વિરક્ત થઈ ગુણશ્રેણી પર આરોહણ કરે છે અને શાશ્વતશાંતિ પ્રાપ્ત કરે છે.

卐

# મધ્યમવર્ગના ઉત્થાનના માર્ગો*

શ્રી. રજનીકાન્ત સુરેશ ગાંધી

મધ્યમવર્ગની હાલની સમસ્યા એ સામાજિક સમસ્યા છે. આ સામાજિક સમસ્યાની છણાવટ અથવા પૃથક્કરણ શાસ્ત્રીય ઢબે અથવા સામાજિક વિજ્ઞાનની ભાષામાં કહીએ તો વૈજ્ઞાનિક પદ્ધતિએ થવાની જરૂર છે. મધ્યમવર્ગના ઉત્થાનના માર્ગો અમલમાં મૂકવા એ તો સામાજિક કાર્યકરોનું કામ છે અને વળી આવા ઉત્કર્ષના પ્રશ્નો ઉપર વધુ પડતો વેધક પ્રકાશ ફેંકવો એ પણ સામાજિક કાર્યકરોનું જ ક્ષેત્ર છે; પરંતુ આજનો સમાજશાસ્ત્રી જે વૈજ્ઞાનિક પદ્ધતિ પર ભાર મૂકે છે તેના લીધે સામાજિક કાર્યકરો પણ સમાજશાસ્ત્રીઓના પૃથક્કરણ ઉપર જ આધાર રાખે છે. સામાજિક કાર્યકરોની સફળતાનો આધાર પણ સમાજશાસ્ત્રીઓના પૃથક્કરણ પર જ છે. સામાજિક કાર્યકરો એ પૃથક્કરણને સમસ્યાઓના નિરાકરણ માટે વાપરે છે. આ રીતે એમને સાચું દિશા-સૂચન પણ થાય છે; નહીં તો પછી જો એ લોકો મધ્યમવર્ગની સમસ્યાઓના ઉકેલ માટે પગલાં લેવા જાય તો ઊંધી દિશાએ દોરવાવાનો, ગૂંચવણો પેદા થવાનો અને સમય અને શક્તિના વ્યય પછી પણ કશા જ પરિણામ પર ન આવવાનો સવિશેષ સંભવ રહે છે. કેટલીક વાર તો સમાજશાસ્ત્રીઓના નિર્ણયો પર અવલંબિત નહીં રહેનારા એવા સામાજિક કાર્યકરો પ્રશ્નોના ઉકેલ લાવવા તો એક બાજુએ રહ્યા પરંતુ 'દુઃખે પેટ અને ફૂટે માથું' એના જેવી વિચિત્ર પરિસ્થિતિ પેદા કરે છે.

આ બધી ગૂંચવણોનો સંભવ ન રહે એટલા માટે મધ્યમવર્ગના પ્રશ્નોની છણાવટનો શાસ્ત્રીય પદ્ધતિએ વિચાર કરવો એ જ એક રસ્તો રહે છે. અહીં જે નિર્ણય ઉપર અવાય તે મધ્યમ વર્ગના માનવીઓને સમજાવવા માટે અને સામાજિક કાર્યકરોને પરિસ્થિતિની સુધારણા માટે કામ લાગે. આ શાસ્ત્રીય પદ્ધતિ અપનાવતાં પહેલાં કેટલીક બાબત સ્પષ્ટ કરવાની જરૂર રહે છે. પ્રથમ તો એ કે આ આખા ય પ્રશ્નનો વિચાર સમાજશાસ્ત્રીય પદ્ધતિએ જ કરેલ છે. આ પદ્ધતિ અપનાવવાથી ક્ષેત્ર મર્યાદિત બની જાય છે કારણ કે લક્ષ્યબિંદુ તો સમાજશાસ્ત્રીય જ રહેવાનું. ખરી રીતે તો સમાજશાસ્ત્ર એવું શાસ્ત્ર છે કે જે બીજાં સામાજિક શાસ્ત્રો જેવાં કે સામાજિક માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ વગેરે સાથે ખૂબ નિકટનો સંબંધ ધરાવે છે; એટલે મુખ્ય દૃષ્ટિ સમાજશાસ્ત્રીય રાખતાં ય મધ્યમવર્ગની સમસ્યાઓનો અહીં આર્થિક, માનસશાસ્ત્રીય, રાજકીય, ઐતિહાસિક વગેરે દૃષ્ટિએ વિચાર કરવો પડશે. બીજું, આમ કરવાનું મુખ્ય કારણ તો એ છે કે આ બધી દૃષ્ટિએ આ પ્રશ્ન વિચારતાં પણ ખાસ તો એ સમાજશાસ્ત્રનો જ પ્રશ્ન છે એટલે સમાજશાસ્ત્રનું દૃષ્ટિબિન્દુ કેન્દ્રમાં રાખીને એમાં બીજાં દૃષ્ટિબિન્દુઓનો સુમેળ સાધીને આપણે એને વધુ સારી રીતે અને વધુ સાચી રીતે સમજી શકીશું અને આ જ પદ્ધતિએ એના સાચા ઉત્થાનના માર્ગો શોધી શકીશું.

પ્રથમ તો આ પ્રશ્નની છણાવટ શાસ્ત્રીય પદ્ધતિથી કરવાની હોવાથી સમાજ અને સમાજમાં મધ્યમવર્ગનું સ્થાન, એ વર્ગનું ઉત્પત્તિ-સ્થાન, ભારતમાં મધ્યમવર્ગની ખાસિયતો અને એના પ્રશ્નો-સમસ્યાઓ રજૂ કર્યા પછી જ એના ઉત્થાનના માર્ગોની સાચી સમજણ પડે. આમ આખો લેખ બે ભાગમાં વહેંચાયેલો રહેશે, પ્રથમ, મધ્યમવર્ગ અને તેના પ્રશ્નોનું સ્પષ્ટીકરણ અને બીજું, એના ઉત્થાનના માર્ગો.

## [ ૧ ]

આ પ્રશ્નનો વૈજ્ઞાનિક ઢબે વિચાર થવો ઘટે છે. વૈજ્ઞાનિક પદ્ધતિ અથવા શાસ્ત્રીય પદ્ધતિ વિશે બહુ ઊંડાણમાં ન જતાં અહીં એટલું જ કહેવું બસ થશે

* 'જૈનયુગ' યોજિત નિબંધ હરીફાઈમાં પ્રથમ ઇનામ મેળવનાર નિબંધ.

કે સામાન્ય વ્યક્તિની અને વૈજ્ઞાનિકની વિચારસરણીમાં ઘણો તફાવત છે. વૈજ્ઞાનિક નિઃસ્પૃહ ભાવે, પરલક્ષીપણે કોઈ પણ સામાજિક ક્રિયાનું નિરીક્ષણ કરે છે. દા. ત. હું જો મધ્યમવર્ગનો માણસ હોઉં અને એની સમસ્યાઓ ઉપર વિચાર કરવા બેસું તો મારા વિચારો આત્મલક્ષી બની જવાનો સંભવ રહે છે અથવા તો મારી વિચારસરણીમાં મારી અંગત લાગણીઓનો પ્રભાવ પડ્યા વિના રહેતો નથી. વૈજ્ઞાનિક વિચારસરણી રજૂ કરનારે આ આત્મલક્ષીપણાથી દૂર રહેવું પડે છે. વધુમાં, વૈજ્ઞાનિક પદ્ધતિ એટલે આપણે સમાજશાસ્ત્રના પિતા અને પ્રત્યક્ષવાદના પુરસ્કર્તા ઑગસ્ટ કૉમ્તના કથનાનુસાર ભવિષ્યકથન માટે નિરીક્ષણ અને નિયંત્રણ માટે ભાવિકથન–એ પ્રમાણે જ ચાલવું રહ્યું. અહીં પણ આપણે એ વૈજ્ઞાનિક પદ્ધતિ પ્રમાણે, મધ્યમવર્ગની સમસ્યાઓનું નિરીક્ષણ, એનું ભાવિ અને ભાવિને અમુક જ દિશાએ વાળવા માટે–ઉત્થાનના માર્ગો માટે એનું અમુક સાધનો દ્વારા તેમજ સ્વેચ્છાએ નિયંત્રણ, એ રીતે ચાલીશું.

મધ્યમવર્ગનો વિષય સમાજશાસ્ત્રમાં અગત્યનું સ્થાન ધરાવે છે. સમાજશાસ્ત્રમાં એની ચર્ચા સામાજિક વિભાગીકરણમાં થાય છે. સમાજશાસ્ત્રીઓ માને છે કે વર્ગ–વિભાગ એ તો કોઈ પણ સમાજની સામાન્ય ક્રિયા છે. વિખ્યાત સમાજશાસ્ત્રીઓ જેવા કે પિટ્રિમ સોરોકીન અને કિંગ્સલી ડેવીસ વગેરે માને છે કે કોઈ પણ સમાજ વર્ગવિહીન હોવો એ તો તદ્દન અશક્ય વાત છે; એટલે ચુસ્ત માર્ક્સવાદીઓ જેઓ વર્ગવિહીન સમાજનાં સ્વપ્નો સેવે છે તે સાવ કપોલ કલ્પિત (Utopian) છે. સોવિયેત રશિયામાં પણ ઉચ્ચ-નીચ હોદ્દાઓ અને સત્તાની સાઠમારી ચાલી રહી છે તે એ વાતની પોકળતાનું આબેહૂબ દૃષ્ટાન્ત છે. આજના સમાજશાસ્ત્રીઓએ નિહાળ્યું છે કે સાવ આદિમ જાતિઓ કે જ્યાં સમાનતાનું ધોરણ સર્વવ્યાપક હોય છે ત્યાં પણ કોઈ ને કોઈ પ્રકારે વર્ગીકરણ તો હોય જ છે હા, કોઈ સમાજમાં એનાં બંધન વધુ ઢીલાં તો કોઈ સમાજમાં વધુ મજબૂત હોઈ શકે.

સમાજશાસ્ત્રીઓનો આ નિર્ણય માન્ય કરતાં કબૂલ કરવું પડે છે કે દરેક સમાજમાં આવા વર્ગોના થર હોય છે. આવા વર્ગોના થરોની સમાજમાં ચડતા ઉતરતા ક્રમમાં-કોટિક્રમ પ્રમાણે (hierarchical) ગોઠવણ હોય છે. એક નિસરણીની માફક ગોઠવાયેલા આ વર્ગોમાં એક સૌથી ઉપરનો હોય; એક સૌથી નીચેનો. સમાજના આ ભાગલા વ્યક્તિઓમાં નજરે પડતા અમુક પ્રકારના ભેદભાવો ઉપર નિર્ધારિત હોય છે. આપણે ભલે કહીએ કે ‘સહુજન એક સમાન.’ પણ એ તો આપણા સામાન્ય અનુભવની વાત છે કે બે માણસો કદી સરખા હોતા નથી. કેટલાક ભેદભાવો આનુવંશિક હોય છે તો કેટલાક સંજોગવશાત્ પેદા થયા હોય છે. વળી કેટલાક ભેદભાવો ધન, ધર્મ, ધંધો, જન્મ, જાતિ કે સત્તા ઉપર રચાયેલા હોય છે. પરંતુ આવા ભેદભાવોની એક ખાસિયત એ હોય છે કે અમુક કારણસર અમુક હોદ્દાઓ ધરાવતા માણસોના મનમાં પોતાના હોદ્દા વિષે સ્વાભિમાન અથવા પૂર્વગ્રહ બંધાઈ જાય છે. આ માનસશાસ્ત્રીય ક્રિયા છે. આમ ઉચ્ચ-નીચ હોદ્દા ધરાવતી વ્યક્તિઓનાં જૂથ રચાય છે કેમકે સમાજમાં સરખું સ્થાન પામેલા માણસોને એકત્રિત થવાની ટેવ હોય છે અને આ રીતે સમાજમાં વર્ગો (classes) રચાય છે. આધુનિક ભારતમાં આવા વર્ગો ધનદોલત અથવા મિલકત ઉપર રચાયેલા છે–જો કે આ ધનદોલતને વેપારધંધા સાથે અને વેપારધંધાને જ્ઞાતિઓ સાથે સંબંધ તો છે જ. મોટે ભાગે ઉચ્ચ જ્ઞાતિનાં લોકો જ મોટા વેપારધંધા ખેડે છે અને ઉચ્ચ વર્ગમાં સ્થાન મેળવે છે. આમાં અપવાદ પણ મળી આવે. પરંતુ સર્વ સામાન્ય ક્રિયા તો એ જ હોઈ શકે. હવે ધનદોલત કે વેપારધંધામાં ચડતી પડતી તો હોય છે જ એટલે જે સમાજમાં આવી સામાજિક ચડઊતરને સવિશેષ સ્થાન હોય તે સમાજમાં ખુલ્લી-વર્ગ-પદ્ધતિ છે એમ કહી શકાય. જે સમાજમાં વ્યક્તિ એક વાર એના પર ઠોકી બેસાડેલો હોદ્દો બદલી શકતી નથી એનું સામાજિક-સ્થાન જન્મથી મરણ સુધી એક જ રહે છે, એ સમાજના સામાજિક વિભાગીકરણને જ્ઞાતિ-પ્રથા કહે છે. આ જ્ઞાતિ-પ્રથા એ બંધ-વર્ગ-પદ્ધતિનો એક આદર્શ નમૂનો છે. એમાં સામાજિક ચડઊતર સાવ બંધ હોય છે.

હવે આપણને ભારતની જ્ઞાતિ-પ્રથા અને વર્ગ-પ્રથા એ બન્ને વચ્ચેના તફાવતનો સ્પષ્ટ ખ્યાલ આવશે. જે લોકો જન્મથી બ્રાહ્મણ, વણિક કે શૂદ્ર છે તે લોકો એમાં કદી ફેરફાર કરી શકતા નથી; જ્યારે આર્થિક ચડતીપડતી સાથે વર્ગની અદલાબદલી થઈ શકે છે. ભારતનાં ગામડાઓમાં જ્ઞાતિ-પ્રથાની પકડ હજી એટલી જ મજબૂત છે. વર્ગ-

પ્રથાનું જન્મસ્થાન આપણાં શહેરો કે નગરો છે. શહેરોમાં જ્ઞાતિ-પ્રથાની પકડ ઢીલી પડી છે. પશ્ચિમી સત્તાનો પ્રભાવ, વિવિધ નાતજાતનો સંપર્ક અને આધુનિક શહેરી જીવનને કારણે જ્ઞાતિઓ તૂટતાં વર્ગો અસ્તિત્વમાં આવ્યા અને ઇંગ્લાંડ તેમજ અમેરિકામાં જે વર્ગ-પ્રથાની સમસ્યાઓ છે તે સમસ્યાઓની ભારતમાં આયાત થઈ.

હવે ભારતમાં સામાજિક વર્ગોની અને તેમાંય ખાસ કરીને મધ્યમવર્ગની સમસ્યાઓની ખાસિયતો જાણવા માટે એનું અસ્તિત્વ અને અસ્તિત્વ પછીનો ટૂંક ઇતિહાસ આપણે જાણવો રહેશે. વિખ્યાત અર્થશાસ્ત્રી પ્રો. ડી. આર. ગાડગીલ માને છે કે ભારતમાં મધ્યમવર્ગની સમસ્યાઓ બ્રિટિશ સત્તાના આવ્યા પછી જે ઔદ્યોગિક ઉત્ક્રાંતિ શરૂ થઈ તેના લીધે ઊભી થઈ. લગભગ ઈ. સ. ૧૮૭૦–૮૦ પછી ખેતીવાડીની પડતી શરૂ થઈ, વેપાર-ધંધાનું ઉદ્યોગીકરણ થવા માંડ્યું, દુષ્કાળો પડ્યા, અને ગૃહઉદ્યોગો તેમજ હસ્તઉદ્યોગો પડી ભાંગતાં ગામડાં ખાલી થઈ શહેરો ભરાવા લાગ્યાં. વળી બ્રિટિશોના આવ્યા પછી આપણા દેશમાં વાહનવ્યવહાર, રેલ્વે, તાર-ટપાલ, છાપખાનાં અને યાંત્રિક ઉત્પાદનો શરૂ થયાં. આ બધાંનું પરિણામ એ આવ્યું કે શહેરી જીવનનો ચાહક એક વર્ગ ઊભો થયો અને મોટામોટા વેપારીઓ તેમજ ધંધાદારીઓ શહેરમાં ઠલવાવા માંડ્યા. આ વર્ગે પશ્ચિમી સત્તા સાથે હાથ મિલાવી વેપારધંધા શરૂ કર્યા અને એ લોકો એમનો બધો ય સમય દ્રવ્ય–ઉત્પાદન પાછળ જ ખર્ચવા લાગ્યા. આ કહેવાતો ઉચ્ચ વર્ગ માત્ર પશ્ચિમના આંધળા અનુકરણમાં જ માનતો થયો. જેને આપણે સાચા અર્થમાં પશ્ચિમીકરણ કહીએ તે એમણે અપનાવ્યું નહોતું; એમણે તો એમની કેટલીક બાહ્ય અને ઉપરછલ્લી રીતભાતોમાં માત્ર આધુનિકકરણ આણ્યું હતું. આ સત્તાધારી વર્ગે કે જે પૈસેટકે પણ ઉચ્ચ સ્થાન ધરાવતો હતો અને રાજ્ય-સત્તા સાથે પણ સારો સંબંધ ધરાવતો હતો તેમણે ગામડાંઓમાંથી ચાલ્યા આવતા મજૂરો, કારીગરો અને કામદારોનું શોષણ શરૂ કર્યું અને આમ દલિત વર્ગ અસ્તિત્વમાં આવ્યો. આ બે વર્ગોની વચ્ચે સત્તાધારી વર્ગની સેવા કરનારો એક ત્રીજો વર્ગ અસ્તિત્વમાં આવ્યો. એને આપણે મધ્યમવર્ગ તરીકે ઓળખીએ છીએ. આ વર્ગમાં ખાસ કરીને નાના દુકાનદારો, નાના વેપારીઓ, સ્વતંત્ર કારીગરો, શિક્ષકો, કારકૂનો અને અમલદારો સમાવેશ થયો.

પરંતુ ખૂબીની વાત એ છે કે જે વખતે એક વર્ગ સત્તા અને ધનમાં મહાલતો હતો, બીજો વર્ગ કચડાયેલો હતો ત્યારે આ જ મધ્યમવર્ગે આપણામાં રાષ્ટ્રીય ચળવળ શરૂ કરી હતી. શ્રી અક્ષય દેસાઈ ' Social background of Indian Nationalism 'માં નોંધે છે તેમ ઈ. સ. ૧૯૧૮ પછી ઇન્ડીયન નેશનલ કૉન્ગ્રેસની આગેવાની બુદ્ધિશાળી શિક્ષિત મધ્યમવર્ગે લીધી. તેમાં ગોખલે, નવરોજી, રાનડે, તિલક, લાલા લજપતરાય વગેરેનો સમાવેશ થતો હતો. આ વર્ગ ત્યારે સ્વયંપ્રકાશિત વર્ગ કહેવાતો.

અહીંથી જ કેટલીક મધ્યમવર્ગની સમસ્યાઓનો આરંભ થયો. ભારતમાં આધુનિક શિક્ષણ લેનારો એક નવો વર્ગ પેદા થયો, પણ સાથેસાથે આપણા દેશના એટલો જ ઝડપી આર્થિક વિકાસ ન થયો. આપણા દેશમાં સુખ–સમૃદ્ધિ લાવનાર ઔદ્યોગિક વિકાસ, જે આર્થિક ઉન્નતિની ખાતરી આપી નોકરીધંધાની શક્યતાઓ અને આવકનાં સાધનો વધારે છે, તે સાવ મંદ પડી ગયો. બ્રિટિશ સત્તાએ અપનાવેલી આર્થિક નીતિ પણ આ રૂંધાયેલા વિકાસનું મોટું કારણ હતું. પરિણામે શિક્ષિત મધ્યમવર્ગમાં બેકારીએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું. આમાંથી જે આર્થિક સંકડામણો જન્મી, તેણે જ રાજકીય અસંતોષ પ્રગટાવ્યો. આ શિક્ષિત મધ્યમવર્ગની સંખ્યા અને સમસ્યાઓ વધતી જતી હોવાથી એ વર્ગ પોતાનાં સ્થાપિત હિતો માટે વધુને વધુ સભાન થવા લાગ્યો. પોતાનો અસંતોષ પ્રગટ કરવા તેમજ માગણીઓ રજૂ કરવા આ વર્ગ જૂથો રચવા લાગ્યો. જે સમસ્યાઓનાં મૂળ ભારતમાં બ્રિટિશ રાજ્ય વખતે નંખાયેલાં, એ જ સમસ્યાઓ હજુ આઝાદ ભારતમાં ચાલુ રહી છે.

ભારત આઝાદ થયા પછી, હિન્દુસ્તાન–પાકિસ્તાનના ભાગલા થયા અને સેંકડો શ્રીમંત કુટુંબો પણ મધ્યમ વર્ગમાં ધકેલાયાં. પાકિસ્તાનમાંથી હિજરત કરીને ભારતમાં આવી વસેલાં કુટુંબોની એક જુદી સમસ્યા ઊભી થઈ. વધુમાં ભારતે બે પંચવર્ષીય યોજનાઓ અમલમાં મૂકી; તેમાં મધ્યમવર્ગના ઉત્થાન માટે કોઈ પૂર્વવિચારણા કરીને ખાસ યોજના અમલમાં મૂકી હોય એવું ધ્યાનમાં નથી. હા, ભારતે સમાજવાદી ધોરણની સમાજરચનાની જાહેરાત કરી છે અને

એમાં આડકતરી રીતે મધ્યમવર્ગના ઉત્થાનની દૃષ્ટિ સંકળાયેલી છે પરંતુ એની સફળતાનો આધાર ભવિષ્યની રાજ્યનીતિ અને સમાજની જાગૃતિ પર છે.

ટૂંકમાં, મધ્યમવર્ગનો ઇતિહાસ તપાસતાં, સમાજ-શાસ્ત્રીય ભૂમિકા ઉપર રહીને શાસ્ત્રીય ઢબે એનું પૃથક્કરણ કરતાં, એની અનેક સમસ્યાઓ ઉપર વેધક પ્રકાશ ફેંકાય છે.

[ ૧ ] પ્રથમ આપણે સામાજિક સમસ્યાઓ લઈએ. આપણે જોયું કે મધ્યમવર્ગનો મૂળ પાયો આર્થિક સંજોગો છે. ભારતમાં આર્થિક અસમાનતાને કારણે આ મધ્યમવર્ગની સ્થિતિ પેલા ઋષિ ત્રિશંકુ જેવી છે, જે શાપને લીધે પૃથ્વી અને આકાશ વચ્ચે લટકી રહ્યા હતા. આપણે એ પણ જોયું કે વર્ગપ્રથા એ કોઈ પણ સમાજની સર્વ સામાન્ય ક્રિયા છે. એમાં ચડતીપડતી સંભવે છે પરંતુ ભારતમાં વારસાગત મિલકત ચાલતી આવવાની પ્રથા ઘણી મજબૂત હોવાથી વર્ગો અવિચળ રહે છે. વળી આપણા લોકો ધાર્મિક હોવાથી અને કર્મવાદમાં માનતા હોવાથી હતાશ થઈને બેસી રહે છે. લોકોની શ્રદ્ધા પ્રત્યે માન ધરાવીએ તો પણ આવી અંધ માન્યતા એક સામાન્ય સામાજિક ક્રિયા પ્રત્યેનું અજ્ઞાન જ દર્શાવે છે. આ વર્ગપ્રથામાં ચડઊતર અસંભવિત થવાથી જુદા જુદા વર્ગો વચ્ચેનો સામાજિક સહચાર નાશ પામે છે, હરીફાઈ અથવા સ્પર્ધાની લાગણી જન્મે છે. રોટી-બેટીના વ્યવહારો બંધ થાય છે. વિચારોની આપલે બંધ થવાથી ઈર્ષ્યા, દ્વેષ, ખોટી માન્યતાઓ અને એક-બીજાના વર્ગો પ્રત્યે ‘સૂગ’ની ભાવના જન્મે છે.

[ ૨ ] માનસશાસ્ત્રીય દૃષ્ટિએ જોતાં મધ્યમવર્ગની પોતાના જ વર્ગ પ્રત્યેની લાગણીનો અભાવ; ઉચ્ચ વર્ગ પ્રત્યેનો પૂર્વગ્રહ, નીચલા વર્ગ પ્રત્યેની ‘સૂગ’; ખોટી દેખાદેખી, આંધળું અનુકરણ જેમાં ઉપલા વર્ગની ફેશનો, ખર્ચાળ જીવન વગેરેનો પણ સમાવેશ થઈ જાય છે. આ ઉપરાંત અદેખાઈ, ઈર્ષ્યા, ખોટી સ્પર્ધા અને માનહાનિનો ખોટો ભય વગેરે માનસશાસ્ત્રીય સમસ્યાઓ ઊભી કરે છે. તાજેતરના એક સંશોધનમાં જણાયું છે કે મધ્યમવર્ગ પોતાના વર્ગને અનુસરીને ચાલતો જ નથી. એનો અનુસૂચિત વર્ગ ઉચ્ચ વર્ગ જ હોય છે, આના લીધે એક તીવ્ર દેખાદેખીની લાગણી જન્મે છે જે કેટલીકવાર માણસને આત્મહત્યા સુધી લઈ જાય છે.

[૩] હવે આપણે આર્થિક સમસ્યાઓ ઉપર આવીએ. મધ્યમવર્ગના કેટલાક મૂળભૂત પ્રશ્નો આર્થિક અસમાનતા ઉપરથી જ ઊભા થયા છે. વળી કેટલીક સામાજિક અસમાનતાનો મૂળ પાયો આર્થિક અસમાનતામાં જ છે.

ભારત મુખ્યત્વે ગામડાંઓનો દેશ છે. મધ્યયુગ પહેલાં આ બધાં ગામડાં આબાદ હતાં. ગામડાંઓમાં જ્ઞાતિ-પ્રથા પ્રચલિત હતી. દરેક ગામડું અને દરેક ગામડાના ગ્રામવાસીઓના સ્વતંત્ર ધંધા હતા. સ્વતંત્ર ઉત્પાદન, સ્વતંત્ર ધંધા, સ્વતંત્ર કમાણી અને સ્વતંત્ર રહેણીકરણી, એમ બધાં ગામડાં સ્વયં-પૂર્ણ હતાં. ભારતમાં જમીનદારી પદ્ધતિના અસ્તિત્વ સાથે, એક જમીનદાર વર્ગ અને બીજો મજૂર અથવા ગુલામવર્ગ એવા બે વર્ગ હયાતીમાં આવ્યા. આ વખતે મધ્યમવર્ગ અસ્તિત્વમાં નહોતો. જમીનદારોનો વર્ગ વધુ ને વધુ ધન એકઠું કરી સર્વોપરી સત્તા ભોગવતો હતો અને ગુલામવર્ગ ઉપલા વર્ગ પર નિર્ભર રહી, માત્ર મજૂરી પર જીવતો હતો.

આપણે અગાઉ જોયું તેમ ભારતમાં ઔદ્યોગિક ઉત્ક્રાંતિ પછી મૂડીવાદી સમાજની રચના થઈ. આવી જાતની સમાજરચનાને લીધે જ મધ્યમ-વર્ગની સમસ્યાઓ ઊભી થઈ. એક બાજુથી આ વર્ગની પાસે મૂડીવાદીઓની પેઠે પૈસા નહોતા; તેમનામાં સાહસનો અભાવ અને ધંધાદારી જ્ઞાન નહોતું તો બીજી બાજુથી મજૂર-વર્ગની માફક તેમનામાં મજૂરીની શક્તિ નહોતી; એટલે આ નિરાધાર વર્ગ પરોપજીવી પ્રાણી જેવો થઈ ગયો. માત્ર એની પાસે થોડુંઘણું શિક્ષણ હતું એટલે આ વર્ગ માનસિક શ્રમ માટે જ તૈયાર હતો. આથી તેઓએ કારકૂનો, શિક્ષકો, પત્રકારો વગેરેની નોકરીઓ સ્વીકારી. મધ્યમવર્ગની આવી કફોડી સ્થિતિ થઈ. જૂના વખતમાં જે લોકો જમીનદારો હતા અને પોતાની મિલકતના જોરે મહાલતા હતા એ લોકોની મિલકત ખલાસ થતાં, તો કેટલાક વળી હિન્દુસ્તાન-પાકિસ્તાનના ભાગલા પડતાં પોતપોતાની સ્થાવર-જંગમ મિલકત છોડીને હિંદમાં નાસી આવતાં અને વળી વેપાર-ખેડાણની વૃત્તિનો એમનામાં અભાવ હોવાથી તેમજ મજૂરી કરવાની ભારોભાર શરમ લાગતી હોવાથી મધ્યમ-વર્ગનું કદ મોટું થતું જ ગયું.

ફુરસદે સમય ફાજલ પાડી શકતી મધ્યમવર્ગની સ્ત્રીઓની પણ મોટી સમસ્યા છે. મજૂર વર્ગની સ્ત્રીઓને મજૂરી કરવામાં નાનપ નથી લાગતી અને ઉચ્ચવર્ગની

સ્ત્રીઓને કામકાજનો સવાલ જ નથી જ્યારે મધ્યમવર્ગની સ્ત્રીઓને વધુ આવકની જરૂર હોવા છતાં લોકાચારને લીધે બહાર નોકરી કરવા જતી નથી તેમજ નથી કોઈ ગૃહઉદ્યોગ કરતી. ઉપરથી વળી ઘરમાં કામવાળીની જરૂર પડે અને પુરુષ આખો દિવસ નોકરીમાં રહેતો હોવાથી ઘરનાં બાળકોને ટ્યુશન માટે માસ્તરની જરૂર પડે! આ રીતે મધ્યમવર્ગ બધી રીતે આર્થિક ભીંસમાં દબાઈ રહ્યો છે.

એક બાજુ ઓછી આવક, બીજી બાજુ અમુક જરૂરિયાતો વગર ચાલે નહીં, સ્ત્રીઓ કામ વિનાની બેસી રહે અને એક પછી એક સંતતિની ઉત્પત્તિ વધતી જાય. પરિણામે કમાનાર માણસ એક, બીજાં અડધો ડઝન છોકરાં–એમનાં કપડાં-લત્તાં, નિશાળના ખર્ચા પૂરા કરવા, સાજા માંદા થાય ત્યારે ડૉક્ટરનાં બિલ ભરવાં અને સ્ત્રીની જરૂરિયાતો પૂરી કરવી–આવી સ્થિતિ મધ્યમવર્ગના દરેક કુટુંબની થઈ છે.

વિશેષમાં ઝડપથી પલટાઈ રહેલા આપણા આર્થિક ધોરણ પ્રત્યે પણ ધ્યાન ખેંચવું જરૂરી છે. પંચવર્ષીય યોજનાઓને લીધે, વિકાસ–કાર્યો અંગે થતા ખર્ચને લીધે તો કાંઈક હજુ પણ ચાલુ રહેલી મૂડીવાદીઓની સંગ્રહખોરી, શોષણ–નીતિ, કાળાબજાર વગેરેના લીધે દિનપ્રતિદિન મોંઘવારીનો આંક વધતો જાય છે એ વાત તો સામાન્યમાં સામાન્ય માણસ પણ નિઃશંક કબૂલ કરશે. દર વર્ષે રજૂ થતા ખાધવાળા બજેટના લીધે તો કોઈવાર વળી દેશની આર્થિક ઉન્નતિ માટે રોજ-બરોજની વપરાશની ચીજ–વસ્તુઓ ઉપર વેરો વધતો જ જાય છે. આથી સૌથી વધુ શોષવું પડતું હોય અને સહન કરવું પડતું હોય તો મધ્યમ–વર્ગને કારણ કે ઉચ્ચ વર્ગ સીધી અથવા આડકતરી રીતે વેપારધંધા સાથે સંકળાયેલો હોવાથી તેની આવક વધતી જાય છે એટલે એ મોંઘવારીને પહોંચી વળે છે અને નીચલા વર્ગના કુટુંબના ઘણાખરા સભ્યો કમાતા હોય છે અને એમને ઉચ્ચ વર્ગ જેવાં કપડાં–લત્તાં હોતાં નથી અને છોકરાઓને ભણાવવાનો સવાલ હોતો નથી–એટલે આ બન્ને વર્ગ મોંઘવારી સાથે બાથ ભીડી શકે છે પરંતુ મધ્યમવર્ગ એની નીચે દબાઈ જાય છે.

મોંઘવારી વધવાની સાથે મધ્યમવર્ગની આવક વધી નથી–એ તો એટલી ને એટલી જ રહી છે અને ઉપરથી અગાઉની સરખામણીમાં એ એના જીવનમાં મોજશોખ અને જરૂરિયાતની વસ્તુઓને વધારતો રહ્યો છે. આમ મધ્યમવર્ગની કમાવાની શક્તિ મજૂરવર્ગ કરતાં પણ ઓછી છે જ્યારે એની વાપરવાની શક્તિ ઉચ્ચ વર્ગની હદે પહોંચી ગઈ છે.

શિક્ષિત બેકારોની સમસ્યા એ પણ મધ્યમવર્ગની મોટી સમસ્યા છે. કેટલાક અર્ધશિક્ષિતો પોતાના બાપ-દાદાનો ધંધો સંભાળતા નથી અને એમણે પૂરતું શિક્ષણ ન લીધું હોવાના કારણે કોઈ નોકરીમાં પણ રાખતું નથી. કેટલાક ડિગ્રીધારીઓએ કોઈ ઉપયોગી શિક્ષણ લીધું હોતું નથી એટલે એક બાજુથી એમને સામાન્ય કારકૂની સિવાય કોઈ બીજી નોકરી મળતી નથી હોતી અને બીજી બાજુથી ઉપાધિ વહોરી હોવાથી વેપાર-ધંધો કરતાં એમને શરમ આવતી હોય છે.

ટૂંકમાં એમ કહીએ તો ચાલે કે મધ્યમવર્ગની આર્થિક સમસ્યાઓએ ઘણું વિકટ સ્વરૂપ ધારણ કર્યું છે.

[૪] હવે રહી રાજકીય અને કાયદા વિષયક સમસ્યાઓ. ભારત પાસે મધ્યમવર્ગના ઉત્થાન માટેનો તરત અમલમાં મૂકી શકાય એવો સર્વાંગી વિકાસ સાધતો કોઈ રચનાત્મક કાર્યક્રમ છે નહીં. આપણા રાજબંધારણે કોર્ટ અને કાયદા સમક્ષ સર્વ વર્ગોની સમાનતાનો દાવો કર્યો છે, પરંતુ હજુ મધ્યમવર્ગને વિશાળ રાજકીય તકો નહીં મળી હોવાથી તેમ જ પાર્લમેન્ટમાં મધ્યમવર્ગનું પ્રતિનિધિત્વ ઘણું નબળું હોવાથી મધ્યમવર્ગના હક્કો અને માગણીઓ સબળ રીતે રજૂ થયાં નથી અને એના ઉત્થાન માટે ઝડપી પગલાં લેવા માટે અવાજ રજૂ થયો નથી એટલે સરકાર મધ્યમવર્ગ પ્રત્યે પોતાનું લક્ષ કેન્દ્રિત કરવા કટિબદ્ધ થઈ નથી. દૃષ્ટાન્તરૂપે પત્રકારોના પગારનું ધોરણ સુધારવાનું બિલ હજુ પાર્લમેન્ટમાં જ અટવાયા કરે છે; પ્રાથમિક તેમ જ માધ્યમિક શાળાઓના શિક્ષકોના પગારવધારા પ્રત્યે કોઈ લક્ષ્ય આપતું નથી; વિદ્યાપીઠોના અધ્યાપકો અને પ્રાધ્યાપકોનું ધોરણ પણ સુધારવાની જરૂર છે.

[૨]

આ નિબંધના પહેલા ભાગમાં મધ્યમવર્ગ અને તેની સમસ્યાઓ વિચારી એટલે હવે એ સામાજિક, માનસિક, આર્થિક અને રાજકીય સમસ્યા-ઓનો ઉકેલ કઈ રીતે આણવો અને ઉત્થાનના ક્યા

કયા માર્ગ નક્કી કરવા તે વૈજ્ઞાનિક પદ્ધતિએ સમજી શકાશું. અંતમાં, મધ્યમવર્ગના ભાવિ પ્રત્યે અંગુલિનિર્દેશ કરી એના નિયંત્રણનો ઉલ્લેખ ઉચિત થઈ પડશે.

[૧] મધ્યમવર્ગના સામાજિક પુનરુત્થાન માટે આપણે આ નિબંધના પહેલા ભાગમાં પૃથક્કરણ કર્યું તદનુસાર આપણે વર્ગોની તીવ્ર સ્પર્ધા અને સ્પૃહાની ભાવના તોડી નાખવી જોઈએ. વધુ ને વધુ ઉચ્ચ વર્ગ ભણી મુખ ઊંચું રાખવાને બદલે આપણા જ વર્ગ પ્રત્યે સદ્ભાવ અને અન્ય વર્ગો પ્રત્યે સમભાવ કેળવવો જોઈએ. આપણે આપણા જ વર્ગના સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યો સમજવાં જોઈએ અને આપણે ન ભૂલવું જોઈએ કે ધનદોલત એ જ આ વિશ્વમાં સર્વ કંઈ નથી. ઇતિહાસમાં એક આ જ વર્ગે દેશના ઉત્કર્ષ માટે ફાળો આપ્યો છે અને આ જ વર્ગે સ્વયં-પ્રકાશિત બની અનેક પ્રશ્નો ઉકેલ્યા છે.

સામાજિક ચડસાચડસીમાં આપણે આપણાં મૂલ્યો ભૂલી જઈ ઉચ્ચ વર્ગ ભણી દૃષ્ટિ રાખીને જ ચાલીએ છીએ. લગ્નવ્યવહારમાં પણ મધ્યમવર્ગની કન્યાઓને ઉચ્ચ વર્ગમાં પરણાવવાની ભાવના હોય છે. કેટલાંક માતા-પિતાને આમ કરવાથી સારા પૈસા મળવાની અને છોકરીને સુખી કરવાની આશા બંધાય છે. ખરી રીતે પરિસ્થિતિ એનાથી ઊલટી જ હોય છે. છોકરીને કાયમ દબાયેલી રહેવું પડે છે અને વળી કરિયાવર પણ સારો કરવો પડે છે. આમાં કેટલાક મધ્યમવર્ગનાં કુટુમ્બો દેવાં પણ કરે છે અને પછી કદી ઊંચાં આવતાં જ નથી. ખરી રીતે મધ્યમ વર્ગે છોકરા-છોકરીઓની આપલે પોતાના જ વર્ગમાં કરવાની જરૂર છે. કરિયાવરની પ્રથા વિશે આપણી સરકાર હમણાં જે નિયામક ખરડો લાવી રહી છે તેને અનુસરવું જરૂરી છે.

વળી, મધ્યમ વર્ગમાં સામાજિક જાગૃતિ લાવવાની જરૂર છે. સુવિખ્યાત સમાજશાસ્ત્રી ડરખીમે એના 'કાર્ય-વિભાજન' નામના પુસ્તકમાં જણાવ્યું છે કે આધુનિક સમાજમાં દરેક વ્યક્તિ એના ખાસ કામને લીધે અગત્યનું સ્થાન ધરાવે છે. ઉચ્ચ વર્ગ પણ ઘણાંખરાં કામો માટે મધ્યમવર્ગ પર આધાર રાખે છે. આ સામાજિક સત્ય સમજ્યા પછી મધ્યમવર્ગે નિરાશાની ભાવના દૂર કરવી ઘટે અને પોતે પણ સમાજની સંગીનતા અને હિત માટે અગત્યનો ફાળો આપી રહેલ છે એમ માનવું જોઈએ.

મધ્યમવર્ગ દેશનું સાંસ્કૃતિક ધોરણ ઊંચું લાવવામાં અગત્યનો ફાળો આપી શકે તેમ છે. અત્યારે પણ ઉચ્ચ તેમ જ મજૂર વર્ગ શિક્ષણની બહુ દરકાર રાખતો નથી. મધ્યમવર્ગના પુરુષો તેમજ સ્ત્રીઓએ ઉચ્ચ શિક્ષણ લઈને સમાજમાં નવાં મૂલ્યોનું સ્થાપન કરવું જોઈએ. વાતચીત, કપડાં, વિચારો તેમ જ સામાજિક મેળાવડાઓ દ્વારા એમણે એમના વર્ગનું સંસ્કૃતીકરણ કરવું જોઈએ. ઉચ્ચ વર્ગની નકલ ન કરતાં પશ્ચિમીકરણનો ત્યાગ કરીને એમણે મિલ્કત સિવાય બીજી બધી બાબતોમાં ઉચ્ચ વર્ગની આગળ થઈ જવું જોઈએ અને સૌથી મોખરે નીકળી જઈ ઉચ્ચ વર્ગ પણ એમનું દૃષ્ટાંત લે એ રીતે લોકોને આકર્ષવા જોઈએ.

સમાજશાસ્ત્રના સંશોધન ઉપરથી એ સાબિત થઈ ચૂક્યું છે કે હજુ સુધી વર્ગવિહીન સમાજની સ્થાપના થઈ શકી નથી. મધ્યમવર્ગે વર્ગ-વિગ્રહથી કંટાળી જઈ માર્ક્સવાદીઓના ટોળામાં ભળી જવું એ મૂર્ખાઈભર્યું જ ગણાશે. માર્ક્સે તો કહ્યું હતું કે આ મધ્યમવર્ગ માત્ર અસ્થાયી જ છે. થોડા જ વખતમાં એ મજૂર-વર્ગમાં ભળી જશે અને પછી મૂડીવાદીઓ સામેના વિગ્રહમાં સામેલ થશે! ઊલટું મધ્યમવર્ગ તો હજુ એવો ને એવો જ રહ્યો છે એટલે માર્ક્સવાદીઓની વિગ્રહખોર સલાહ સાંભળી ઊંધા રવાડે ચડી જઈ મૂડીવાદીઓ અને મજૂરોના સનાતન ઝગડામાં મધ્યમવર્ગે સામેલ થવાની જરૂર નથી.

આમ સામાજિક ઉત્થાન માટે મધ્યમ-વર્ગે સારી રીતે સમજી લેવાની જરૂર છે કે એની 'મધ્યમ' સ્થિતિ પાછળ કોઈ ઇશ્વરી સંકેત નથી; એ તો એક સર્વ સામાન્ય સામાજિક ક્રિયા છે અને એના નિરાકરણ માટે હર-હંમેશ સ્વપ્રયત્નોની જરૂર છે.

[૨] હવે મધ્યમવર્ગના માનસિક ઉત્થાન વિષે વિચાર કરીએ. સુવિખ્યાત સામાજિક માનસશાસ્ત્રી ઓટો ફ્રીડમને (Otto Friedman) કહ્યું છે કે મધ્યમ-વર્ગની વિકટ પરિસ્થિતિ દૂર કરવા માટે વર્ગ-ભાવનાને રાષ્ટ્રીય ભાવના અથવા કોમભાવનામાં પલટી નાખવાની જરૂર છે. આના માટે પોતાની જ કોમના બધા વર્ગો વચ્ચે સમૂહભોજન તેમ જ અન્ય સામાજિક મેળાવડાઓ યોજવા જોઈએ. આના લીધે બધા વર્ગો વચ્ચે સામાજિક સહચાર વધશે અને એકબીજાની

પારસ્પારિક સમજણથી વ્યર્થ સ્પર્ધા, તિરસ્કાર, ઇર્ષ્યા, આંધળું અનુકરણ અને ખોટા ખ્યાલો દૂર થશે.

મધ્યમવર્ગને એ પણ સારી રીતે સમજાવવાની જરૂર છે કે વધારે આવકવાળા માણસો કંઈ બધીય રીતે ઉચ્ચ હોતા નથી. એમને પણ એમના આગવા પ્રશ્નો હોય છે અને સાવ ઓછી આવકવાળા માણસો એમનાથી અનેકગણી રીતે ચડિયાતા હોય છે. આ કારણસર એમનાં કપડાં, ફેશન, ઢબછબ કે આધુનિક રહેણીકરણીનું અનુકરણ માત્ર દેખાદેખી, દંભ અને માનસિક તંગદિલી જ ઊભાં કરે છે. આવી માનસિક તંગદિલી કેટલીકવાર મધ્યમ-વર્ગના માણસને કુટુમ્બમાં લડાઈઝગડા, તમાચો મારીને મોં લાલ રાખવાની વૃત્તિ, દેવું કરવાની વૃત્તિ અને છેવટે આત્મ-હત્યા સુધી પણ દોરી જાય છે. એટલે આ વસ્તુનો સત્વરે ત્યાગ કરવાની જરૂર છે.

આવી માનસિક તંગદિલીઓ અને માનસશાસ્ત્રીય સમસ્યાઓના ઉકેલ માટે આપણું સામાજિક ઉત્કર્ષ મંડળ, તાલીમ પામેલા સામાજિક કાર્યકરો તેમજ ફિલ્મ, રેડિયો અને માસિકપત્રો પ્રચાર દ્વારા સારો ફાળો આપી શકે તેમ છે.

[૩] મધ્યમવર્ગના આર્થિક ઉત્થાન માટે લંબાણમાં ઊતરવું પડશે.

મધ્યમવર્ગ મોટે ભાગે નોકરિયાત વર્ગ હોવાથી એની આવક હંમેશાં ઓછી હોય છે. આવક વધારવા માટે મધ્યમવર્ગના લોકોએ તેમજ સરકારે પ્રયત્નો કરવા જરૂરી છે.

મધ્યમવર્ગના નોકરિયાત પુરુષો લગભગ બાવીસ કે ચોવીસ વર્ષની ઉમ્મર સુધી અમુક શિક્ષણ લે છે અને પછી માત્ર થોડા વધારા સાથે એમને જિંદગીભર એકધારો પગાર મળ્યા કરે છે. મોટી ઉમ્મર સુધી બેસી રહેવા કરતાં અભ્યાસની સાથે સાથે તેમજ વેકેશનોમાં મધ્યમવર્ગના વિદ્યાર્થીઓ કંઈક નાનું મોટું કામ કરે અને એ રીતે આવક વધારે, અવનવું શીખી અને કુટુમ્બમાં ઉપયોગી થાય એ ઇચ્છવા યોગ્ય છે. આ માટે બહાર ક્યાંય નોકરી કે કામ ન મળે તો કોઈક ગૃહઉદ્યોગો શીખી લેવાની જરૂર છે. આ ગૃહઉદ્યોગ દ્વારા બનાવેલી ચીજો જેવી કે સાબુ, તેલ, વગેરે વેપારીઓને વેચી પૈસા મેળવી શકાય છે.

વળી વિદ્યાર્થીઓ અનુસ્નાતકો થઈ વિદ્યાપીઠોની બહાર નીકળે છે ત્યારે તેમની માત્ર બી. એ., એમ. એ. કે બી. એસસી. જેવી ડિગ્રીઓ હોવાથી એમને તરત ક્યાંય નોકરી મળતી નથી. આ કારણસર મધ્યમવર્ગે વધુ પડતું ધ્યાન પોતાના દેશને તેમજ કુટુમ્બને ઉપયોગી થઈ પડે એવું શિક્ષણ લેવા પ્રત્યે આપવું જોઈએ. આપણી સરકાર પણ અત્યારે ટેકનીકલ વિષયો પરત્વે ખૂબ ધ્યાન આપે છે. અમુક કારણોસર એન્જીનિયરીંગ વગેરે કૉલેજોમાં વિદ્યાર્થીઓને દાખલ થવાની મુશ્કેલી પડતી હોય તો ડિપ્લોમામાં કે બીજી કોઈપણ કસબ-વૈજ્ઞાનિક શાળામાં દાખલ થઈ જવું.

માનસિક શ્રમ કરનારો આ વર્ગ એવો છે કે એની પાસે કોઈ ઉપયોગી જ્ઞાન નહીં હોય તો ય એક બાજુથી જીવનજરૂરિયાતની વસ્તુઓ ઉપરાંત પણ મોજશોખનાં સાધનો ઓછાં નહીં કરે, મામૂલી કારકૂનીમાં સબડ્યા કરશે અને સદાય નિરાધાર પરિસ્થિતિમાં આખા ય કુટુમ્બને દુઃખી કર્યા કરશે. ખરી રીતે આવા માણસોએ શારીરિક શ્રમની સૂગ કાઢી નાખવી જોઈએ; સાહસ અને વેપાર-ખેડાણની વૃત્તિ કેળવવી જોઈએ, પાસે થોડી મૂડી હોય તો ય નાની મૂડીથી થતા વેપાર, ઉદ્યોગ, ધંધા તરફ એમણે લક્ષ્ય ખેંચવું જોઈએ.

મધ્યમવર્ગની કામ વગર બેસી રહેતી સ્ત્રીઓએ ઘરમાં નોકર ન રાખતાં ઘરનાં બધાં જ કામ જાતે જ સંભાળી લેવાં જોઈએ. તદુપરાંત ફાલતુ સમયમાં નકામા બેસી રહેવું કે પાડોશમાં જઈ ગપાટા મારવા તેને પોસાય તેમ નથી. તેણે તો શીવણ વગેરે ઘર-ઉપયોગી કામ શીખી લેવાં જોઈએ. જરૂર પડ્યે બહાર નોકરી કરીને પતિને પડખે ઊભા રહેવામાં શરમ ન રાખવી જોઈએ. સમાનતાનો હક્ક માગતાં પહેલાં આ સ્ત્રીઓએ શીખી લેવું જોઈએ કે કુટુમ્બના આર્થિક કે સામાજિક વિકાસમાં પણ તેમણે સરખો હિસ્સો નોંધાવવાનો છે.

મધ્યમવર્ગના વેપારીઓએ પોતાના ધંધા વધુ નીતિથી તેમજ સ્વતંત્રતાથી ખેડવાની જરૂર છે. વળી આવા નાના વેપારીઓએ મંડળો રચી એના ધારા-ધોરણો ઘડવાં જરૂરી છે જેથી અંદરોઅંદર હરીફાઈમાં કે ખોટી ચડસાચડસીમાં એકબીજાને નુકસાન ન જાય. આ જ રીતે ખાનગી સંસ્થાના નોકરો, કારકૂનો, શાળા

તેમજ કોલેજોના શિક્ષકો, પત્રકારો વગેરેએ પોતાનાં મંડળો સ્થાપી એકમતે વધુ મોંઘવારી, વધુ પગારો અને પ્રૉવીડન્ટ ફન્ડ વગેરે હક્કો માટે માગણીઓ રજૂ કરવી અને સરકારનું ધ્યાન આ ભીંસાઈ રહેલા વર્ગ પ્રત્યે દોરાય એ માટે અવાજ રજૂ કરવો.

એ તો દેખીતી વાત છે કે એક બાજુ મોંઘવારી વધતી જતી હોય, ઝડપી ઉદ્યોગીકરણ ન હોય, ત્યારે વસ્તીવધારો એ વ્યક્તિ દીઠ આવકનું ધોરણ તેમ જ દેશનું આર્થિક ધોરણ ખૂબ જ નીચે ઉતારી દે છે. એમાંય મધ્યમવર્ગને તો વસ્તી-નિયમન અથવા કુટુંબ-નિયોજનની ખાસ જરૂર છે. ઉચ્ચ વર્ગને વધુ બાળકો પોષાઈ શકે છે; કારણ કે એમની ખાધાખોરાકી અને શિક્ષણ માટે એ જોઈએ તેટલો ખર્ચ કરી શકે છે; નીચલો વર્ગ તો બાળકો પાસે નાનપણથી મજૂરી કરાવી શકશે પરંતુ મધ્યમવર્ગને સ્વેચ્છાએ સંયમ કે બ્રહ્મચર્ય દ્વારા પ્રજોત્પાદન અટકાવવા સિવાય છૂટકો જ નથી. આપણી સરકાર પણ કુટુમ્બ-નિયોજન યોજના દ્વારા આ વાતને ટેકો આપી રહી છે. કોઈપણ મધ્યમવર્ગના કુટુમ્બમાં બેથી વધુ બાળકો ન જોઈએ. કુટુમ્બ-નિયોજન દ્વારા દરેક કુટુમ્બ આરોગ્ય, તન્દુરસ્તી, બાળકોની દેખરેખ, શિક્ષણ અને ભાવિ સુખાકારી માટે નિશ્ચિંત રહી શકે છે.

હવે સરકારપક્ષે મધ્યમવર્ગના સહકાર વડે, એના ઉત્થાનના કયા કયા માર્ગો વિચારવા યોગ્ય છે તે જોઈએ.

પ્રથમ તો આપણી સરકારે આ દેશમાં હસ્ત-ઉદ્યોગ તેમ જ ગૃહઉદ્યોગનું પુનઃસ્થાપન કરવાની જરૂર છે અને સારા સ્વદેશી માલની પેદાશ વધારી લોકોમાં સ્વદેશી વસ્તુઓ પ્રત્યે વિશ્વાસ પેદા કરવાની જરૂર છે. આ દિશામાં આપણી સરકારે ઠીકઠીક પ્રયત્નો કર્યા છે પરંતુ મધ્યમવર્ગ, જે હંમેશાં માનસિક શ્રમ માટે જ તૈયાર છે, તે આ વિષે જરાય જાગૃત થયો નથી. સરકારે એ તરફ તે વર્ગનું ધ્યાન ખેંચવાની જરૂર છે.

ભારતમાં જે સહકારી ચળવળ શરૂ થઈ છે તેને પણ મધ્યમવર્ગ તરફથી પ્રોત્સાહન મળવું જોઈએ. આપણા દરેક મધ્યમવર્ગના મહોલ્લામાં આવો સહકારી સમાજ સ્થાપવો જોઈએ; એમાં નાતજાતનાં બંધનો ભૂંસી નાખવાં જોઈએ અને જીવન જરૂરિયાતની તેમ જ ઘરવપરાશની વસ્તુઓની દુકાનો ખોલવી જોઈએ. આવી દુકાનો ફાજલ સમયમાં વિદ્યાર્થીઓ અથવા સ્ત્રીઓ પણ ચલાવી શકે છે. આ રીતે દુકાનો ચલાવતાં જે નફો થાય તે ફરી પાછો મધ્યમવર્ગમાં સરખે ભાગે વહેંચી આપવો જોઈએ. આવા પ્રકારની યોજનાઓને સરકાર પણ મદદ કરી શકે છે. આ રીતે કરકસર, બચત અને પૈસા મોટા વેપારીઓ તરફ ઘસડાઈ જતાં અટકે–વગેરે ફાયદા થાય છે.

વધુમાં સ્ત્રીઓ, વિદ્યાર્થીઓ તેમજ યુવાનો નવરાશના સમયમાં ઘેર બેઠાં કામ કરીને આવક કરી શકે એ રીતની સરકારે યોજનાઓ કરવી જરૂરી છે. અંબરચરખાની માફક ઘરે જ કેટલોક માલ–સામાન બનાવી શકાય એવાં મશીનો અમુક સરકારી સંસ્થાઓ દ્વારા મધ્યમ-વર્ગના ઘરોને ભાડેથી મળવાં જોઈએ. આ ભાડાથી એવાં જ બીજાં નવાં મશીનો ખરીદી શકાય છે. ધારે તો સરકાર આવક પણ કરી શકે છે અને મધ્યમવર્ગનો ઉત્કર્ષ પણ સાધી શકે છે.

દેશનું ઝડપી ઉદ્યોગીકરણ એ મધ્યમવર્ગના આર્થિક ઉત્કર્ષનું ઝડપી સાધન છે. નવા ઉદ્યોગધંધા શરૂ થવાથી નવી મિલો, નવાં કારખાના, નવી ફેક્ટરીઓ અને નવી ઑફિસો ખૂલવાથી મધ્યમવર્ગ માટે નોકરીઓ વધે છે. જો કે આપણે ત્યાં પંચવર્ષીય યોજનાઓ દ્વારા આવા વિકાસ તો સધાય જ છે પણ એ ઘણા ધીમા છે.

મિલકત અને આવકની અસમાનતા દૂર કરવા માટે સામ્યવાદીઓએ જે પદ્ધતિ રશિયામાં અપનાવી છે તે આપણે ભારતમાં અપનાવી શકીએ તેમ નથી. સામ્યવાદીઓ વર્ગવિહીન સમાજની સ્થાપના તો કરી શક્યા નથી પરંતુ એ લોકો વર્ગભેદની તીવ્રતા તોડી શક્યા છે ખરા. એમનું રાજ્ય એટલું સબળ છે કે સરકાર દરેક વ્યક્તિની જન્મે ત્યાંથી માંડીને મરે ત્યાં સુધી સારસંભાળ રાખે છે. પરિણામે વ્યક્તિગત મિલકત અને આનુવંશિક મિલકતને બહુ સ્થાન નથી. આવી મોટી મિલકત એકઠી થઈ હોય તો તેને પણ સરકાર લઈ લે છે. આ વાત સામ્યવાદી સમાજ-રચનાની થઈ. આપણી સરકારે તો સમાજવાદી સમાજરચનાનું ધોરણ અપનાવ્યું છે. આ પ્રકારનું ધોરણ મૂડીવાદીઓ પાસેથી બહુ મોટો ત્યાગ માગી લે છે. અન્ય વર્ગો પાસેથી એ સામાજિક જાગૃતિ માગી લે છે. આમાં આપણે કેટલે અંશે સફળ થઈએ છીએ એ તો માત્ર ભાવિ જ કહી શકે.

[૪] મધ્યમવર્ગના રાજકીય ઉત્થાન માટે એ વર્ગે તેમ જ સરકારે ધ્યાન રાખવું જોઈએ કે લોકશાહી બંધારણના સિદ્ધાંતો માત્ર બંધારણમાં રહેવાને જ સર્જાયેલા નથી. વાસ્તવમાં પણ એ જોવું જરૂરી છે કે મધ્યમવર્ગને એની બુદ્ધિ અને શક્તિ પ્રમાણે સમાનાધિકાર પ્રાપ્ત થાય છે કે નહીં.

તદુપરાંત મધ્યમવર્ગે વધુમાં વધુ શિક્ષણ લેવું જોઈએ, વધુ શિક્ષિત હોવાથી વધુ જાગૃત રહેવું જોઈએ અને ભારતના રાજકારણમાં સક્રિય ભાગ લઈ, પોતાના પ્રતિનિધિઓ દ્વારા પોતાના પ્રશ્નો ધારાસભા સુધી પહોંચાડવા જોઈએ. મધ્યમવર્ગે એ જોવું જોઈએ કે આપણી રાષ્ટ્રીય ચળવળની શરૂઆતમાં આ જ વર્ગ સ્વયં-પ્રકાશિત કહેવાતો, તો પછી આજે એ આટલો બધો પછાત કેમ રહી જાય?

આપણા બંધારણે પણ કોર્ટ અને કાયદા સમક્ષ વર્ગભેદ નહીં સ્વીકારવાની અને સમાનતાની જાહેરાત કરી છે. આજે બન્યું છે એવું કે કાયદો શ્રીમંત વર્ગના હાથમાં પ્યાદું બની ગયો છે. આ માટે એક નમ્ર સૂચન થઈ શકે. મધ્યમ વર્ગના જ વકીલોનો એક સંઘ રચાવો જોઈએ અને જ્યારે જ્યારે મધ્યમ વર્ગને અન્યાય થાય ત્યારે ત્યારે આ સંઘે એને મદદ કરવી જોઈએ.

આ ઉપરાંત અગાઉ જણાવ્યું છે તેમ, સીધી યા આડકતરી રીતે રાજ્ય અને કાયદો મધ્યમ વર્ગના ઉત્કર્ષમાં પોતાનો ફાળો નોંધાવી શકે છે.

અંતમાં, મધ્યમવર્ગના ઉત્થાન માટે બાહ્ય તેમ જ આંતરિક બન્ને સાધનોની જરૂર છે. બાહ્ય દૃષ્ટિએ ઉત્થાનના પ્રશ્નોમાં આપણી સરકારનો રસ અને એના માટેની પૂરતી વ્યવસ્થા એ ખાસ જરૂરી છે. આંતરિક દૃષ્ટિએ જોતાં ખુદ મધ્યમવર્ગે પોતે જ સ્વયં પ્રકાશિત થવાની જરૂર છે. પોતાની શક્તિઓનો ખ્યાલ, ચેતના, જાગૃતિ અને પોતાના પ્રશ્નો પોતાની મેળે ઉકેલવાની ધગશ વિના મધ્યમવર્ગનું ઉત્થાન શક્ય નથી.

આ પુરાણા મધ્યમવર્ગના હાથમાં હજુ પણ શ્રીમંત વર્ગ જેટલી દોલત આવવાની નથી. આ વર્ગની આર્થિક શક્તિ હજી પણ ઘણાં વર્ષો સુધી નબળી રહેવાની છે કારણ કે આ ગરીબ દેશને સમૃદ્ધ થતાં હજી ઘણી વાર લાગશે અને દેશનું ભાવિ આર્થિક સ્થિતિ પર નિર્ભર હોવાને લીધે હજી એણે શ્રીમંત વર્ગ ઉપર જ આધાર રાખવો પડશે અને છતાંય મધ્યમવર્ગનું ભાવિ આશાસ્પદ છે. કારણ કે ભાવિ નાગરિકો તૈયાર કરતા શિક્ષકો, આદર્શ નેતાઓ, ટેકનીકલ વિષયના જાણકારો, પત્રકારો, શિક્ષણવિદો, સાહિત્યકારો અને કલાકારો એ સૌ મધ્યમવર્ગના જ સભ્યો છે અને એ બધાં વિદ્વાનો, વૈજ્ઞાનિકો અને જ્ઞાનીઓ સિવાય નૂતન સમાજનું સુકાન કોણ સંભાળી શકે તેમ છે? મધ્યમવર્ગ માટે આવું ઊજળું ભાવિ હોવા છતાંય ભાવિના ગર્ભમાં અનેક પ્રશ્નો છુપાયેલા પડ્યા છે: નાના ઉદ્યોગો, હસ્તોદ્યોગો, ગ્રામોદ્યોગો, ગૃહોદ્યોગો વધુ વિકસશે કે યંત્રીકરણને લીધે નાશ પામતા જશે? પંચવર્ષીય યોજનાઓ પૂરી થયા પછી દેશનો સંપૂર્ણ આર્થિક વિકાસ સધાશે કે નહીં અને મધ્યમવર્ગ માટે ઊંચા પગારોની તેમ જ વધુ નોકરીઓની આશા રાખી શકાય કે નહીં? ટેકનીકલ, વૈજ્ઞાનિક અને શૈક્ષણિક રીતે બુદ્ધિશાળી થતો જતો આ વર્ગ એની બુદ્ધિને શાંતિનાં કાર્યો માટે વાપરશે કે વિગ્રહનાં? આવા પ્રશ્નોના ઉત્તર તો સમયનો પ્રવાહ અને ઐતિહાસિક પરિબળો જ આપી શકે.

છેલ્લે, G. D. H. Cole ના શબ્દોમાં કહીએ તો: "A study of the recent evolution in both capitalist and Soviet Countries goes to show, mainly two things: first, that the road to economic equality, even if open, is much longer and more difficult than many socialists used to suppose, and that the mere suppression of capitalism by a sort of Socialism by no means wipes out differences of social status or income, though it does, as Marx long ago said, it would largely substitute income differences based on personal service and capacity for differences based on ownership of property or of inherited economic claims. Secondly, that as economic differences come to be more closely related to personal capacities and educational advantages and as education and training come to be more and more state-provided services open to wider sections of the population, social and

economic superiority come, in capitalist as well as socialist countries to be more and more individual and much less family matters....where the family loses its class character under the influence either of abundant economic opportunity or of an open educational system resting on public provision at the higher as well as at the lower levels, 'middle class' tends to become a merely descriptive adjective designating those in the middle, rather than a term defining a distinctive section of the population."

ભાવિને આ દિશામાં વાળવા માટે, એના નિયંત્રણ માટે, મધ્યમવર્ગના ઉત્થાન માટે અહીં સૂચિત બાહ્ય તેમજ આંતરિક સાધનો દ્વારા એ દિશામાં ગતિ કરવી જ રહી; સબળ પ્રયાસો કરવા જ રહ્યા.

卐

# "जैन युग" वार्ता हरीफाई

જૈન ઇતિહાસ, ધર્મ અને સંસ્કૃતિને સ્પર્શતી વાર્તાઓમાં ભાગ લેવા સર્વે વાર્તાકારને અમારું હાર્દિક નિમંત્રણ છે. આ પ્રકારની વાર્તા (૧) ગુજરાતીમાં જ લખેલી મૌલિક હોવા ઉપરાંત આજ સુધીમાં તે ક્યાંય પ્રસિદ્ધ કે મુદ્રિત થયેલ હોવી ન જોઈએ (૨) વાર્તાકારે પોતાનું નામ-સરનામું વાર્તા સાથે ન આપતાં જુદા કવરમાં કાર્યાલયની જાણ માટે વાર્તાના શીર્ષક સાથે પોતાનું પૂરું નામ અને સરનામું મોકલવું, જેથી પરીક્ષકો સમક્ષ કેવળ વાર્તાઓ જ નિર્ણય માટે મૂકી શકાય. (૩) વાર્તા વધુમાં વધુ ૩૫૦૦ શબ્દોથી વધારે લાંબી ન હોવી જોઈએ (૪) વાર્તા ફુલસ્કેપ સાઈઝના કાગળની એક બાજુએ હાંસિયો પાડીને શાહીથી સુવાચ્ય અને સ્વચ્છ રીતે લખાયેલ હોવી જોઈએ (૫) **વાર્તાઓ સ્વીકારવાની છેલ્લી તા. ૩૧-૩-૧૯૬૦ છે, ત્યારપછી મળેલ વાર્તાઓ વાર્તા-હરીફાઈ માટે સ્વીકારશે નહિ** (૬) પરીક્ષક સમિતિ શ્રેષ્ઠતાનો ક્રમ નક્કી કરી રૂા. ૧૦૦), ૭૫) અને રૂા. ૫૦)નાં ત્રણ ઇનામો આપશે (૭) ઇનામને પાત્ર ઠરેલી વાર્તાઓને પ્રથમ પ્રસિદ્ધ કરવાનો, ભાષાંતર કરવાનો અથવા કાયમી રીતે ગ્રંથબદ્ધ કરવાનો અધિકાર જૈન શ્વે. કૉન્ફરન્સના મુખપત્ર "જૈન યુગ"ની કાર્યવાહક સમિતિને રહેશે. ઇનામી વાર્તાઓના લેખક પોતાના વાર્તાસંગ્રહમાં તે ઇનામી વાર્તાનો ઉપયોગ "જૈન યુગ"માં પ્રકટ થયા પછી કરી શકશે. હરીફાઇમાં પ્રવેશ પામેલ છતાં ઇનામ ન પામેલ વાર્તાઓની પણ પ્રથમ પ્રસિદ્ધિનો અધિકાર "જૈન યુગ"ની કાર્યવાહક સમિતિને રહેશે અને તે બદલ પુરસ્કાર આપવામાં આવશે. આ કક્ષાની પસંદ થયેલી વાર્તાઓ પાછી આપવામાં આવશે નહિ તેમજ લેખક તે વાર્તા બીજે છપાવી શકશે નહિ. (૮) વાર્તા હરીફાઈનું પરિણામ 'જૈન યુગ'ના જૂન ૧૯૬૦ના અંકમાં પ્રકટ કરવામાં આવશે. (૯) હરિફાઈ અંગે 'જૈન યુગ'ની કાર્યવાહક સમિતિએ નીમેલ પરીક્ષક સમિતિનો નિર્ણય છેવટનો અને બંધનકર્તા ગણાશે તથા તે અંગે કશા પત્રવ્યવહારમાં ઊતરવામાં નહિ આવે.

વાર્તા મોકલવાનું સરનામું

તંત્રીઓ "જૈન યુગ"

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ

ગોડીજી બિલ્ડીંગ, ૨૦, પાયધૂની, કાલબાદેવી, મુંબઈ ૨

# कॉन्फरन्स सर्वप्रिय कैसे बने?

श्री. कस्तूरमल शाह

अखिल भारतीय जैन श्वेतांबर कॉन्फरन्स का अधिवेशन कुछ दिनों बाद ही लुधीयाना (पंजाब) में हो जा रहा है। इस अवसर पर यदि हम में थोड़ी भी समाजोत्कर्ष की भावना है तो कुछ विचारणीय प्रश्नों पर गहराई से मनन करना होगा। किसी भी संस्था को जीवित बनाये रखने के लिये सबसे पहले उसे अधिक से अधिक लोकप्रिय और जनग्राही बनाने के लिये प्रयत्नशील रहना होगा।

हमारी यह संस्था वैसे तो जल्दी ही अपने जीवन की तीन बीसियां पूर्ण करेगी। किसी संस्था की यह आयु कम नहीं–वास्तव में तो शैशव व युवाकाल के बाद यह उम्र तो अनुभव की परिपक्वता और गम्भीरता की पूर्ण परिचायक हो जाती है। यद्यपि हमारी इस संस्था नें भी इस काल में अनेक महत्त्वपूर्ण कार्य किये है, पर जो कुछ समाज से संस्था को मिलना चाहिये था न तो वह दिया ही जा सका है और न समाज को संस्था से जितना लाभ मिलना चाहिये था वह ही मिल सका है।

पर अब तक जैसा भी बना समाजसेवीयों को तो भूतकाल के अनुभवो से शिक्षा लेकर वर्तमान में सुआयोजित ढंग से कामकर भविष्य को सुन्दर बनाना ही अपना मूल ध्येय बनाना चाहिये। और यही मानकर हम भूतकाल के लिये तो संक्षेप में यही कह सकते हैं कि कॉन्फरन्सने अपने जीवन के इतने लम्बे काल में अनेक विघ्न बाधाओं और संकटों के बीच से गुजर कर भी समाज की अनुपम सेवा की है और इसका सबसे जीता जागता प्रमाण यही है कि आज भी समाज में उसकी प्रति-स्पर्धा वाली कोई दुसरी प्रतिनिधि संस्था नहीं है और उसका समाज पर एक छत्र शासन है।

अब प्रश्न वर्तमान का है। इस अधिवेशन में हमें इसी ओर विशेष ध्यान देना है। किसी भी संस्था के उन्नत बनाने में एक ही चीज कारगर होगी कि अधिक लोगों का सह-योग प्राप्त करना और अधिक से अधिक लोगों के लाभ के लिये कल्याणकारी काया का आयोजन करना जिससे जन का विश्वास संस्था में कायम हो जावे। अतः सर्व प्रथम हमें इसे लोकप्रिय बनाने के लिये प्रयत्न करना होगा। भारत में कोई शहर व गांव जहां हमारी आबादी हो ऐसा न रहे कि जहां कॉन्फरन्स का संदेश न पहुंचा हो। हर जगह उसकी शाखायें हों। वे शाखायें अपना प्रमुखतम ध्येय यही रखे कि उस गांव या शहर में अपने समाज के किसी भी तरह की आवश्यकता चाहने वाले भाई बहन के कार्य में हम कुछ भी योग दान करे सकें ताकि वह यह महसूस करता रहे कि में अकेला नहीं हूं–समाज का एक अंग हूं मेरे दुख में अनेक दुखी है मेरे प्रति ओरों की सहानुभूति है। यदि कमजोर भाई में यह भावना रही तो वह भी समाज के लिये, उसकी संस्थाओंके लिये जान देगा–और सच समझिये तो आपके समाज और संस्था की वास्तविक ताकत ये ही वर्ग है।

समाज में धार्मिक विचारधारा की ओर जो उपेक्षा भावना दृष्टिगोचर हो रही है उस ओर भी कॉन्फरन्स के कार्यकर्ताओं को ध्यान देना होगा। आज जो दिखाव व व्यर्थ के खर्चाल आयोजन होते है, तथा ऐसे कारण बनते हैं जिनसे धर्म का वास्तविक रूप दबता जाता है उनके प्रति जागरूक रहना पडेगा। नई पीढी में धार्मिक संस्कार यदि हम पनपा सके तब ही वे अपने को जैन मानने का गौरव समझ सकेंगे। और धार्मिक विचार धारा के पनपने से ही समाज सेवा की वृत्ति भी आ सकेगी।

संस्था के कार्यकर्ताओं को सामाजिक रिवाजों के प्रति भी जागरूक रहना पडेगा–समाज को गहरे अन्धकार में ढकेलने वाले अनेक कुतियों व कुरिवाजों के प्रति विद्रोह भी करना पडेगा और नई पिढी को मार्गदर्शन भी देना पडेगा। जैसा कि आज दिख रहा है कि १०–२० वर्ष बाद आज की परिस्थिति मुजब शायद सामाजिक कार्यकर्ता उपलब्ध भी न हो सकेगें ऐसी स्थिति से बचाव करने के लिये अभी से तत्पर होने से समाज टीका रह सकेगा।

कॉन्फरन्स पूर्ण रूपसे न धार्मिक संस्था है न सामाजिक अपितु दोनों ही कार्यों का प्रतिनिधित्व करती रही है ऐसी स्थिति में संस्था के क्षेत्र कों और भी विस्तृत करना होगा। हो सकता है संस्था ही के कुछ सदस्यो कों इस ओर बढना रुचिकर न दिखाई दे पर समय के प्रवाह को कोई रोक नहीं सकेगा। और जो लोग समय के साथ नही चल सकेगें–समय उनका इन्तजार नहीं करेगा और उनको पीछे छोडकर आगे बढ जावेगा और फिर समय के साथ न चल सकनेवाला व्यक्ति और समाज अपने को समय से ५० वर्ष पहले के युग में पायेगा और ऐसी परिस्थिति में न वह समय के साथ चल सकेगा न समय उसके साथ चल सकेगा और निराशा का जीवन बिता कर न वह स्वयं का कल्याण कर सकेगा न समाज के ही काम आ सकेगा। आज के युग प्रवाह व समय के तकाजे रूप दहेज आदि अनेक प्रश्नों पर संस्था को अपना एक निश्चित दृष्टिकोण बनाना पडेगा। इसके अलावा समाज के प्रमुख अंग साधु संस्था की ओर भी कुछ ध्यान देना होगा–यह समाज का सौभाग्य है कि इस कॉन्फरन्स के युग में हमारे समाज में उच्च कोटी के विद्वान साधु व आचार्य हुए और है पर इस के बावजूद समाज उत्थान–एकता आदि कार्यो व समाज की स्थिति के अनुरूप अपने को ढालने में वे कामयाब नही हो सके। हाल का असफल श्रमण सम्मेलन इसकी जीती जागती मिसाल है। यह सब क्यों? यह एक प्रश्न है जो दिमाग में हर वक्त घूमता है। वैसे तो चतुर्विधसंघ में श्रमण संघ का स्थान प्रमुख है पर जब वातावरण ठीक न बन पा रहा हो–लाभ के बदले हानि हो रही हो तब श्रावक संघ भी यदि शासन की एकता के लिये कटिबद्ध रहे तो उतना बिगाड नही हो सकता–इसलिये आज समय है जब कॉन्फरन्स श्रावक संघ का नेतृत्व कर समाज में मोटे रूप में फैले हुए विवादों में एक रूपता लाने के लिए प्रयत्न करे और आवश्यकता होने पर संघ के लाभ हेतु बडा कदम भी उठाना पडे तो उठाये–पर यह तब ही सम्भव हो सकता है जब कॉन्फरन्स को हम मजबूत बनाये–यह कैसे सम्भव हो? इसपर भी कुछ हम विचार कर लें तो ठीक होगा। कॉन्फरन्स का बंधारण (विधान) समय के अनुकूल बनाना होगा। पुराने बने हुये बंधारण में योग्य परिवर्तन भी करने होंगे। कुछ सूझाव इस सम्बन्ध में हम यहां सूचित कर देना भी ठीक मानते हैं ताकि अधिवेशन के समय तक इनके बारे में अधिक से अधिक जनमत जाना जा सके।

प्रथम आज के युग रूप संस्था का नाम सर्वव्यापी यानी अखिल भारतीय जैन श्वे० श्री संघ होना चाहिये। यह हमारी संस्कृति और शास्त्रीय परिभाषा के अनुरूप है। इससे संस्था का क्षेत्र विस्तृत व दृष्टिकोण व्यापक बनेगा। दुसरे संस्था की कार्यवाही केवल सभा या अधिवेशनो तक ही स्थिर न रहे बल्की रचनात्मक कार्य की ओर शक्ति लगाई जावे–प्रेरणा देकर–जगह जगह–उद्योगशालायें–पाठशालायें आयम्बिल–शालायें व इसी तरह की दुसरी संस्थायें खूलवाई जावे व मंदिर, उपाश्रय, धर्मशालाओं की सुन्दर से सुन्दर व्यवस्था बनाने का प्रयत्न किया जावे। विधान में अध्यक्षीय चूनाव की प्रणाली जनग्राही नहीं है वास्तव में आज की ससदीय प्रणालियों के अनुरूप–संस्था के अध्यक्ष का निर्वाचन उपर के बजाय नीचे से किया जावे यानि स्थाई-समिति का प्रत्येक सदस्य यह महसूस करे कि सभापति के निर्वाचन में मेरा सीधा अधिकार है। इस लोकतंत्रीय प्रणाली से प्रांतीय शाखाओं में भी जान आवेगी और प्रतिवर्ष अध्यक्ष के चुनाव के कारण हरेक जगह के सदस्यों का कॉन्फरन्स कार्यालय से सीधा सम्पर्क भी कायम हो जावेगा। अब तक के बंधारण में जो स्थायी समिति के सदस्यों का बटवारा किया गया हैं उसमें भी आजकी राजनैतिक परिस्थितियों व सीमाबंदियो के अनुरूप परिवर्तन आवश्यक है। यह प्रतिनिधित्व सारे भारत में हमारी जनसंख्या के अनुपात से होना चाहिये और इस दृष्टि से राजस्थान को कम से कम ½ हिस्सा प्रतिनिधित्व मिलना चाहिये यह भी प्रयत्न करना चाहिये कि किसी भी प्रान्तका कोई शहर जिसमें अपनी आबादी हो प्रतिनिधित्व से वंचित न रह जावे इसके लिये प्रांतीय शाखायें कायम की जावे। उनको मजबूत बनाया जावे। ये शाखायें सारे भारत में कम से कम ७ अवश्य होनी चाहिये। जितनी प्रान्तीय शाखाये मजबूत होगी उतनी ही केंद्रीय संस्था को बल मिलेगा।

स्थायी समिति के सदस्यों का जो निर्वाचन अधिवेशन के वक्त रखा गया है वह भी हमारी दृष्टि से उचित नहीं है। यदि ये निर्वाचन प्रांतीय शाखाओं द्वारा अधिवेशन से एक माह पूर्व करायें जावे तो सब लोग इस ओर आकर्षित होंगे यह समाज में प्रेरणादायी एक चीज बन जावेगी। कॉन्फरन्स का गांव-गांव और शहर-शहर में प्रचार होगा और लोगों को कॉन्फरन्स की गति विधि से जानकारी होगी।

इस तरह मोटे रूप में ये परिवर्तन अपेक्षित हैं। इनके अलावा संस्था के मुखपत्र 'जैन युग' को अधिक से अधिक प्रसारित करने का प्रयत्न भी करना अति आवश्यक है। पत्र के द्वारा आपस का सम्पर्क-सहयोग और सहकार बढ सकता है। इसके द्वारा ठोंस सूझाव-संस्था की गति-विधि संबंधी जानकारी व समाज की दैनिक हलचलों के संबंध में काफी सुंदर ढंग से लिखा जाकर जन-जन तक पहुंचाया जा सके तो समाज की ठोंस सेवा होगी।

भूत और वर्तमान पर विचार कर लेने के बाद भविष्य के लिये भी एक मुद्दे की और ध्यान खेंचना चाहेंगे। करीब १३–१४ वर्ष बाद भगवान महावीर के निर्वाण के ढाई हजार वर्ष पूर्ण होंगें-यह जैन शासन का चिरस्मरणीय समय होगा। हालही में भगवान बुद्ध की इसी तरह की २५०० वी तिथि पर देश विदेश में सरकारी और गैर सरकारी स्तर पर आयोजित कार्यक्रमों से हमें प्रेरणा लेनी चाहिये। हमारी कॉन्फरन्स इस संबंध में अभी से कार्य प्रारम्भ कर सकती हैं—जैन समाज के एक विशिष्ट वर्ग की प्रतिनिधि संस्था के नाते समाज के विभिन्न वर्गों की दुसरी प्रतिनिधि संस्थाओं से सम्पर्क स्थापित कर कोई ऐसा कार्यक्रम निश्चित करने में पहल करे ताकि वह अवसर आकर्षणीय कार्यक्रमों का केंद्र बन जावे। जिससे हमारी जैन संस्कृति का परिचय जैनाजैन सब ही प्राप्त कर सके। भारत का कोई कोना ऐसा न रहे जिस में भगवान वीर की वाणी न गुंजे, कोई शहर ऐसा न रहे जिसमें इस अवसर पर कोई यादगार रूप कार्य सम्पन्न न हुआ होवे।

ये हैं कुछ विचार जो कॉन्फरन्स के लुधीयाना अधिवेशन से पूर्व आप के पास कुछ मनन हेतु पेश कीये जा रहे हैं।— आशा है लुधीयाना की कॉन्फरन्स वीर भूमि पंजाब में होकर पंजाब के समान मजबूत बन कर निकलेगी और समाज की महान संस्था बनेगी।

卐

# SPIRITUAL VALUES

The Committee on Religious and Moral Instruction appointed by the Government of India in August last to make a study of the question of religious and moral instruction in educational institutions in the country has emphasised in its report that it is most desirable that provision should be made for the teaching of moral and spiritual values in educational institutions in the country.

The report of the Committee, which was headed by Mr. Sri Prakasa, Governor of Bombay was submitted to the Union Education Ministry recently. The other members of the committee were Mr. G. C. Chatterjee, former Vice-Chancellor of the University of Jammu and Kashmir, and Mr. Kirpal, Joint Secretary in the Union Ministry of Education who was member-secretary of the Committee.

The Committee, which wants all difficulties in the way of providing moral and spiritual education to be surmounted, is of the view that many ills in the education world and in society as a whole today, which resulted in widespread disturbances were mainly owing to the gradual disappearance of the hold of religion on the people.

## NEW IDEOLOGIES

"The old bonds that kept men together," says the Committee, "are fast

loosening and the various new ideologies that are coming to us, and which we are outwardly accepting without inwardly digesting their meaning, are increasingly worsening the situation. The only cure, it seems to us, is the deliberate inculcation of moral and spiritual values from the earliest years of our lives.

"If we lose these, we shall be a nation without a soul; and our attempts to imitate the outer forms of other lands, without understanding their inner meaning, or psychologically attuning ourselves to them, would only result in chaos and confusion, the first signs of which are distinctly visible on the horizon.

"Our nation of tomorrow is going to be what the young people at the school, college and university today will make it."

The Committee points out in its report that diversity of religion is one of the most important features of India's national life and it would be of the greatest advantage if every educated Indian were to know and understand the guiding principles and spiritual values of religions other than his own. An objective, comparative and sympathetic study of all important religions of India is, therefore, advocated.

In their report, the committee members have made suggestions giving the broad framework of instruction in moral and spiritual values at different stages of education.

## ELEMENTARY STAGE

At the elementary stage, the members suggest, among other things, group singing at school assembly; simple and interesting stories about the lives and teachings of prophets and saints; audio-visual exhibitions on art and architecture connected with main religions; propagation of the attitude of service; and schemes of physical education. Two periods a week should be set aside for moral instruction, it is suggested.

## SECONDARY STAGE

At the secondary stage, the suggestions include morning assembly, essential teachings of great world religions, organised social service during holidays and outside class hour, forming part of extra-curricular activities. It has also been recommended that qualities of character and behaviour of students should form an essential part of the over-all assessment of the students' performances at school.

## UNIVERSITY STAGE

At the university stage, the committee has recommended that a general study of different religions should be an essential part of the general education course in degree classes. Referring to the University Education Commission's (Radhakrishnan Commission's) recommendations, the committee suggests the introduction of teaching in first and second year of degree classes of religion and scriptures. The institution of a post-graduate course in comparative religion is also emphasised.

Referring the constitutional provision of (articles 28 and 30) relating to religious education, the committee says it is not their desire to recommend any departure from the principles embodied in them.

The committee members state that they find a great deal of discontent and disturbance at colleges and universities.

Discipline, as generally understood, appears to have vanished. Even persons in authority are found quarrelling among themselves in many places, thus vitiating the atmosphere in which education is being imparted to our youth.

The situation appears to be deteriorating rapidly, states the report, and there is evidently an urgent need for developing a better sense of values and qualities of character among the youth.

Among the broad conclusions of the Committee are the following:—

(A) The teaching of moral and spiritual values in educational institutions is desirable, and specific provision for doing so is feasible within certain limitations.

(B) The context of such education in moral and spiritual values should include a comparative and sympathetic study of the lives and teachings of great religious leaders and at later stages their ethical systems and philosophies. The inclusion of good manners, social service and true patriotism should be continuously stressed at all stages.

(i) We regard it most important that in any educational scheme, the home should not be left out; and we suggest that through mass media, the faults and drawbacks of our homes both in the matter of their physical orderliness and their psychological atmosphere, should be pointed out, and instructions should be given on how these can be removed.

(ii) It would be very desirable, as suggested by the University Education Commission (Radhakrishnan Commission) to start work every day in all educational institutions with a few minutes of silent meditation either in the classroom or in a common hall.

(iii) Suitable books should be prepared for all stages—from primary to the university—which should describe briefly in a comparative and sympathetic manner the basic ideas of all religions as well as the essence of the lives and teachings of the great religious leaders.

## GOOD MANNERS

(iv) Special stress should be laid on teaching good manners and promoting the virtues of reverence and courtesy which are badly needed in our society.

(v) Some form of physical training should be compulsory at every stage.

The report emphasises that very much depends upon the atmosphere that only good teachers can create and therefore great care has to be taken in the recruitment and training of teachers which is too low to attract talented persons to the profession. It is necessary, says the report, to improve the general status of the teacher in society and to restore to him something of that honour and respect which he commanded in olden times.

[TI.IE]

卐

Modified
DESIGN

*'Diamond'*

PURE GOLD BARS
OF
MANILAL CHIMANLAL & CO.

AVAILABLE IN 5, 1, 1/2 & 1/4 TOLA

WE BUY OLD GOLD AND SILVER ORNAMENTS AND OTHER ARTICLES.

MANILAL CHIMANLAL & CO.
188, SHROFF BAZAR, BOMBAY 2

PHONE: 20898

GRAM: "KAKALJI"

સોનું-ચાંદી-પ્લેટિનમ તથા જરી ગાળવાનું શુદ્ધ
કારખાનું તથા ટચ કાઢવાનું ભરોસાપાત્ર મથક

NATIONAL REFINERY NR BOMBAY

નૅશનલ રિફાઇનરી છાપની ચાંદી

રિઝર્વ બૅંક ઑફ ઇન્ડિયા, મુંબઈ, બોમ્બે બુલિયન એસોસિએશન લિ. મુંબઈ ૨
તેમજ
ઇન્ડિયા ગવર્નમેન્ટ મિન્ટ, મુંબઈએ માન્ય રાખેલ છે
N. R. છાપ સિલ્વર નાઇટ્રેટ બનાવનાર અને વેચનાર

લૅબોરેટરી અને રિફાઇનરી
૮૭, તારદેવ રોડ, મુબંઈ નં. ૭
ફોન નં. ૪૨૭૯૫

મરચન્ટ્સ બુલિયન મેલ્ટિંગ
ઍન્ડ એસેઇંગ ડિપાર્ટમેન્ટ
ધનજી સ્ટ્રીટ, મુબઈ – ૩.    તાર : ARGOR

# श्री जैन श्वेताम्बर एज्युकेशन बोर्ड

**गोडीजी बिल्डिंग, पायधुनी, मुंबई नं. २**

सुज्ञश्री :

श्री जैन श्वेताम्बर एज्युकेशन बोर्ड जैन धर्म अने समाजना श्रेयार्थे धार्मिक शिक्षण प्रचारनी दिशामां जे सेवा बजावी रहेल छे तेनी संक्षिप्त माहितीस्वरुप आ निवेदन रजू करतां आनंद थाय छे.

आपने विदित छे के श्री जैन श्वेताम्बर कोन्फरन्सना संवत् १९६५ मां पुनामां मळेल सातमा अधिवेशनमां व्यावहारिक अने धार्मिक केळवणीना प्रचार माटे एज्युकेशन बोर्डनी स्थापना करवामां आवी हती. एकावन वर्षना आ समय दरम्यान आ संस्थाना प्रचारादिथी अनेक स्थळोए धार्मिक शिक्षण माटे पाठशाळाओ अथवा कन्याशाळाओ अस्तित्वमां आवी छे, जेमां विपुल संख्यामां बाळक-बालिकाओ जीवनना तत्त्वस्वरुप धार्मिक शिक्षण लेवा प्रेरायां छे. अने आ रीते संस्थानी मुख्य प्रवृत्ति धार्मिक शिक्षण प्रचार पर केन्द्रित थयेली छे.

वर्षो अगाउ बोर्डना प्रयासथी पाठशाळाओमां पद्धतिसर धर्मशिक्षण अपाय ते हेतुथी एक अभ्यासक्रमनी योजना घडवामां आवी, जेमां पूज्य मुनिवर्यो अने विद्वानोनी दोरवणीए मुख्य भाग भजव्यो. आ २४ धोरण युक्त अभ्यासक्रम बाळकथी मांडी वृद्ध स्त्रीपुरुषने धार्मिक ज्ञान माटे उपयोगी छे. अत्यारे भारतना भिन्न भिन्न प्रदेशोनी लगभग १२५ नानी मोटी पाठशाळाओमां आ अभ्यासक्रम चालु छे. तदनुसार दर वर्षे बोर्ड तरफथी युनिवर्सिटीना धोरणे लेखित परीक्षाओ लेवाय छे, जेनो लाभ आशरे २००० विद्यार्थीओ ले छे अने तेमां उत्तीर्ण थनारने रु. २२५५) सुधीना ईनामो आपवानी योजना करवामां आवेल छे.

आ प्रवृत्ति विकसाववानी खूब जरुर छे. आजे पाठशाळाओ अने कन्याशाळाओनी संख्या वधती रही छे अने तेमां एकसरखा अभ्यासक्रमनी योजना करवानी जरुर उपस्थित थई छे. तेनी साथे धार्मिक शिक्षण माटेना पुस्तको नूतन शैलीथी लखावी प्रसिद्ध कराववाना कार्यने पण पूरतो अवकाश छे.

बोर्ड अत्यारे युनिवर्सिटीना धोरणे लेखित परीक्षाओ लई प्रमाणपत्रो अने ईनामो आपे छे. तेमां उत्तीर्ण थनारने धार्मिक शिक्षण क्षेत्रमां शिक्षक के शिक्षिका तरीके मान्य राखवामां आवे छे. ए एक महत्त्वनी सिद्धि लेखी शकाय. पण ज्यां सुधी संगीन भंडोळ न होय त्यां सुधी आ कार्यने विकसाववामां अने तेनी साथे संलग्न एवा पुस्तक प्रकाशनादिना कार्यने हाथ धरवानी जवाबदारी स्वीकारतां विचार कर्या विना चाले तेम नथी.

आजे देशमां जैन धर्म अने समाजनी कसोटी थई रही छे. विश्वनी समस्याओनो उकेल धार्मिक शिक्षण उपर छे. मानवजीवननी खरी किंमत धर्मना अंगीकार अने आचरण उपर रहेली छे, जे माटे बोर्ड एक उत्तम साधनरुप संस्था छे. ते माटे ओछामां ओछा रु. १०,०००) दशहजार तुरतमां मेळववा अमारी झंखना छे. तेने पोषण आपवुं ए समाजनुं प्राथमिक अने महत्त्वपूर्ण कर्तव्य छे. आपश्री तेमां ओछामां ओछा रु. १०१) संस्थाने भेट आपी आ प्रवृत्तिने वेग आपशो एवी नम्र विनंति छे.

आप रु. १०१) मोकली आभारी करशोजी.

ता. १ जान्युआरी १९६०

लि. सेवक
चंदुलाल वर्धमान शाह
मानद मंत्री




आ पत्र श्री जैन श्वेताम्बर कॉन्फरन्स, मुंबई माटे श्री मौज प्रिंटिंग ब्यूरो, खटाउ मकनजी वाडी, गिरगांव, मुंबईमां श्री माणेकलाल डी. मोदीए छाप्युं अने श्री जैन श्वेताम्बर कॉन्फरन्स ऑफिस, गोडीजी बिल्डिंग, २०, पायधुनी, मुंबईथी प्रकट कर्यु.

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

# जैन युग

तंत्री

सोहनलाल म. कोठारी
बी.ए., बी.कॉम्. (लंडन), ए. सी. ए. (इंग्लंड)

जयंतीलाल र. शाह
बी.ए., बी.कॉम्. (लंडन)

मार्च-एप्रिल १९६०

मूल्य : ७५ नये पैसे

## श्री महावीर जन्मकल्याणक और अधिवेशन विशेषांक

卐

: व्यवस्थापक मंडल :

श्री चंदुलाल वर्द्धमान शाह, जे. पी.
श्री सौभाग्यचंद्र सिंगी, एम. ए.
श्री कांतिलाल डा. कोरा, एम. ए.
श्री सोहनलाल म. कोठारी
बी. ए., बी. कॉम. (लंडन), ए. सी. ए. (इंग्लंड)
श्री जयंतिलाल रतनचंद शाह
बी. ए., बी. कॉम. (लंडन)

卐

* जैनधर्म, तत्त्वज्ञान, साहित्य, कळा, स्थापत्य, इतिहास
* जीवनचरित्रने समाजप्रगतिने लगता विषयोनुं उत्तम मासिक

# જૈન યુગ

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

卐

दरेक १ली तारीखे प्रगट थाय छे.

卐

भारतमां वार्षिक लवाजम रूपीआ २) बे

卐

## અનુક્રમ : માર્ચ-એપ્રિલ ૧૯૬૦


| | પૃષ્ઠ નં. | |
|---|---|---|
| महावीर जीवननो महिमा | १ | |
| શ્રી જૈન શ્વેતાંમ્બર કૉન્ફરન્સ | ५ | કાર્યાલય પ્રવૃત્તિની ટૂંક નોંધ |
| માર્ગદર્શન પ્રશ્નાવલિના પ્રત્યુત્તર | ૯ | શ્રી. હિરાલાલ હાલચંદ દલાલ |
| ,, | ११ | શ્રી. બાલચંદ હીરાચંદ |
| ,, | १३ | श्री. प्रतापमल सेठीआ |
| ઋષભદેવનું વૈરાગ્યનિમિત્ત | १९ | ડૉ. હરિવલ્લભ ભાયાણી, એમ.એ., પીએચ. ડી. |
| મથુરાના 'વોદ્ધ-થૂપ'ની તીર્થંકર પ્રતિમા | २१ | ડૉ. ઉમાકાંત પ્રેમાનંદ શાહ, એમ.એ., પીએચ.ડી. |
| ભગવાન તીર્થવિત-અર્થાત જૈન તીર્થંકર ભગવાનનો મહાભારતમાં ઉલ્લેખ | २३ | શ્રી. ઉપેન્દ્રરાય જયચંદભાઈ સાંડેસરા |
| અર્હત ભગવત : સદ્દેવ મહાપ્રતિષ્ઠા | २५ | ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા, એમ.બી.બી.,એસ. |
| ભક્તિની ભૂમિકાઓ | ३१ | કુ. 'ચંદ્રરેખા' |
| પંચાંગ-ગણિત સંશોધન | ३५ | શેઠ શ્રી. કસ્તુરભાઈ લાલભાઈ |
| મહેન્દ્ર જૈન પંચાંગની પૂર્વ પીઠિકા | ३७ | પં. શ્રી. વિકાસવિજયજી |
| પ્રસન્નતાનું ગીત | ३९ | વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ગાંધી |
| ચાંડાલી | ४५ | શ્રી. સુરેશ ગાંધી |
| પુષ્પ અને પરાગ | ४९ | શ્રી. રતિલાલ દીપચંદ દેસાઈ |
| श्राविका इंद्राणी लिखापित एकादश अंग | ५७ | श्री. अगरचंद नाहटा : श्री. भंवरलाल नाहटा |
| अधिवेशन प्रमुख : श्री. नरेंद्रसिंहजी सिंघी | ६१ | टूंक परिचय |
| LORD MAHĀVĪRA'S ANUDHARMIKA CONDUCT | 65 | Shri Dalsukh Malvania |


卐

*आ पत्रमां प्रगट थता लेखो माटे ते लेखना लेखको ज सर्व रीते जोखमदार रहेशे.*

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स कार्यालय
गोडीजी बिल्डिंग, २०, पायधूनी
कालबादेवी, मुंबई नं. २



श्री. नरेंद्रसिंहजी सिंघी, अेम. अेससी., बी. अेल.

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर कॉन्फरन्स के लुधीआना में होनेवाला २१ वें अधिवेशन के प्रमुख



मथुरामांथी मळेलुं मुनिसुव्रतस्वामीनी प्रतिमानुं आसन, जेना उपरना लेखमां देवनिर्मितस्तूपनो उल्लेख छे.

लखनौ म्युझियमना सौजन्यथी ] [ जुओ पा. २१

# जैन युग

श्री जैन श्वेताम्बर कॉन्फरन्स का मुखपत्र

વર્ષ: જૂનું ૨૨, નવું ૩ * વીરાત્ સં. ૨૪૮૬, વિક્રમાર્ક ૨૦૧૬ * માર્ચ-એપ્રિલ ૧૯૬૦ * અંક ૫-૬


ते धन्या अभिवंदनीयमिह तत्पादारविंदद्वयं
ते पात्रं सकलश्रियां जगति तत्कीर्तिर्नरीनर्ति च ।
तन्माहात्म्यमसंनिभं सुरनराः सर्वेऽपि तत्किंकराः,
ये कोपद्विपसिंहशावसदृशं स्वांते शमं बिभ्रति ॥

कस्तुरीप्रकरणम्

જે મનુષ્યો ક્રોધરૂપી હસ્તિને હણવામાં સિંહના બચ્ચા સમાન સમતાને મનમાં ધારણ કરે છે તેઓને ધન્ય છે. તથા આ જગતમાં તેઓનાં બંને ચરણકમળો વંદન કરવા યોગ્ય છે. તેઓ સમગ્ર લક્ષ્મીઓને પાત્ર છે અને તેમની કીર્તિ આ જગતમાં નૃત્ય કરે છે. તેમનું માહાત્મ્ય પણ અતુલ છે એટલું જ નહીં પરંતુ સમગ્ર દેવો અને મનુષ્યો પણ તેમના ચાકરો થઈને રહે છે.

卐

## મહાવીર જીવનનો મહિમા

ખળખળ વહેતી સરિતાનાં નિર્મળ નીર સૌને માટે કેવાં જીવનપ્રદ બની રહે છે!

ગગનાંગણમાંથી સર્વત્ર વેરાતો સૂર્યનો સોનેરી પ્રકાશ સમગ્ર પ્રાણીસૃષ્ટિ માટે કેવો આહ્લાદક બની જાય છે!

મંદ મંદ લહરીઓથી ચારે તરફ લહેરાતો વાયુ કાયામાં કેવો ઉમંગ અને આશાનો સંચાર કરે છે!

સૌ કોઈના આધારરૂપ વિશાળ ધરતીનો પટ પોતાના અંતરને ઉઘાડી ઉઘાડીને સમગ્ર વિશ્વને શક્તિ અને સંપત્તિનાં કેવાં મહામૂલાં દાન કરે છે!

—જાણે પાણી, પ્રકાશ, પવન અને પૃથ્વી સમગ્ર ચેતનસૃષ્ટિની મહેલાતના ચાર આધારસ્તંભ જ છે, અને એમના ઉપકારનો કોઈ પાર નથી.

એટલે તો કુદરતનાં આ તત્ત્વો અતિ પ્રાચીન કાળથી પૂજાતાં રહ્યાં છે.

પણ ધર્મપ્રરૂપકો, આત્મસાધકો અને સંતો તો, કુદરતનાં એ ઉપકારી તત્ત્વો કરતાંય, સમગ્ર વિશ્વને માટે, પરમોપકારી ગણાય છે, અને માનવજીવનમાં સર્વોચ્ચ સ્થાને બિરાજેલા જોવાય છે.

અને તેથી જ જ્યારે રાજા-મહારાજાઓ, શ્રીમાનો અને બીજા શક્તિશાળી કે પ્રભાવશાળી પુરુષોનાં કથાનકો કાં તો વિસ્મૃતિના અંધારપટમાં અદૃશ્ય થઈ જાય છે, અથવા તો એમાંનાં કેટલાંક ઇતિહાસમાં સંઘરાઈ રહે છે, ત્યારે આવા ધર્મપુરુષો ચિરકાળપર્યંત લોકજીવનના વિશિષ્ટ અંગરૂપ જ બની રહે છે, એટલું

જ નહીં, એમાંના કેટલાક તો લોકજીવનના ઉચ્ચ અધિનાયકપદે પણ પ્રતિષ્ઠિત બની જાય છે.

એમના ઉપરની લોકસમૂહની આસ્થા હિમાલય જેવી અડગ હોય છે; અને એ રીતે એવા પુણ્યપુરુષો માનવ-સમૂહના જીવનઘડતરમાં અને એને મંગલમય માર્ગે દોરી જવામાં ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવે છે. એમ કહી શકાય કે શ્રદ્ધાતત્ત્વનું સાચું ભાજન આવા પુરુષો જ બની જાય છે. અને જનસમૂહ એમના ઉપર શ્રદ્ધા રાખીને કૃતકૃત્યતા અનુભવે છે.

સામાન્ય રીતે તો સમસ્ત વિશ્વના સામાન્ય જનસમૂહનું માનસ આ રીતે ધર્મપ્રિય, ધર્માત્માઓનું પૂજક અને ધર્મશ્રદ્ધાનું ઉપાસક રહ્યું છે; પણ એમાંય ધર્મભૂમિ ભારતવર્ષની ભોળી અને શ્રદ્ધાપરાયણ પ્રજાને માટે તો એ વાત વધારે સાચી છે.

ધર્મને માટે એ કંઈ કેટલાં દાન-પુણ્ય કરે છે, કંઈ કેટલાં તપ અને સંયમની ઉપાસના કરે છે, અને કંઈ કેટલાં કષ્ટો, સામે મોંએ ચાલીને, ઇચ્છાપૂર્વક અને સમભાવપૂર્વક સહન કરે છે! આ છે ધર્મનો, ધર્મભાવનાનો અને ધર્માત્મા પુરુષો પ્રત્યેની અસીમ શ્રદ્ધા અને ભક્તિનો પ્રભાવ.

ભગવાન મહાવીરના જીવનનો મહિમા આ દૃષ્ટિએ જ સમજવા અને વિચારવા જેવો છે. અને એમ થાય તો જ એનું સાચું દર્શન અને સાચું રહસ્ય પામી શકાય એમ છે.

વળી તીર્થંકર કે અવતારી પુરુષો જેવા ધર્મસંસ્થાપકો કે ધર્મપ્રરૂપકોના જીવનને લખવું કે વાંચવું, અથવા તો કહેવું કે સાંભળવું, એ માનવજીવનનો એક અમૂલ્ય લહાવો છે; પણ એની ખરી મહત્તા તો એ જીવનમાંથી પ્રેરણા લઈને, એ રીતે પોતાના જીવનને સ્ફટિક સમું વિશુદ્ધ બનાવવા માટેનું આચરણ કરવું એ જ છે. કેવળ કથા-વાર્તા વાંચી-સાંભળીને રસ લૂંટવો, એટલા માત્રથી સંતોષ પામવા જેવી આ બાબત નથી.

ધર્મ જાણ્યાનો ખરો સાર એનું આચરણ કરવામાં જ રહેલો છે. બાકી મનને આનંદ આપે એવી રસભરી વાણીનો કે "પરોપદેશે પાંડિત્યં" જેવાં ઉપદેશ-વચનોનો તો પાર જ ક્યાં છે?

કરે તે જ પામે, અને કરે તેવું જ પામે, એ સનાતન સત્ય છે; અને શ્રમણ ભગવાન મહાવીરનું જીવન અને કથન એ સત્યનો જ સાક્ષાત્કાર કરાવે છે.

§ § §

આ દૃષ્ટિએ ભગવાન મહાવીરના જીવનનો વિચાર કરીએ તો એમના પૂર્વભવો, એમનું ગૃહસ્થજીવન, એમનું સાધકજીવન, એમનું તીર્થંકરજીવન અને અત્યાર સુધી સચવાઈ રહેલ એમનો ધર્મબોધ અને એમની ધર્મવ્યવસ્થા તેમજ સંઘવ્યવસ્થા માનવજીવનની એક અમૂલ્ય સંપત્તિરૂપ બની રહે છે; અને એમાંથી માનવીને જીવનશુદ્ધિ અને જીવનવિકાસની પ્રેરણાનું અમૃતપાન મળ્યા જ કરે છે.

આપણે જાણીએ છીએ કે પ્રભુ મહાવીરે પ્રરૂપેલું વિશ્વતત્ત્વજ્ઞાન અને ધર્મતત્ત્વજ્ઞાન એ પૂર્વના તીર્થંકરોએ ઉદ્‌બોધેલ તત્ત્વોનું નવસર્જન છે; એ મૂળ તત્ત્વોમાં પોતાના સમયના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અનુરુપ પરિવર્તનને આવકારીને ભગવાને એને વિશેષ અસરકારક અને કાર્યક્ષમ બનાવ્યાં હતાં.

પણ એમ કરતાં પહેલાં એમણે અતિ કઠોર તપ અને સંયમને માર્ગે પૂર્ણ આત્મશુદ્ધિને પ્રાપ્ત કરીને વિશ્વતત્ત્વનો અને આત્મતત્ત્વનો પૂર્ણ સાક્ષાત્કાર કરી લીધો હતો; અને તે પછી જ એમણે દુનિયાને ધર્મમાર્ગનું ઉદ્‌બોધન કર્યું હતું.

ભગવાન મહાવીરની કે એમના જેવા અન્ય આત્મ-સાધકોના જીવનની આ જ એક અપૂર્વ વિશેષતા હોય છે કે તેઓ બીજાને કંઈ પણ કહેતાં કે બોધ આપતાં પોતાની જાતને આકરી તાવણીમાં મૂકે છે. આત્મ-સાધના એ જ એમનું મુખ્ય જીવનધ્યેય હોય છે; ધર્મ-બોધ તો એની પાછળ પાછળ આપમેળે ચાલ્યો આવે છે. અથવા, વધારે સાચી રીતે કહેવું હોય તો, એમનું એવું શુદ્ધ-વિશુદ્ધ જીવન જ મૂકપણે બોધ કરનારું અને પ્રેરણા આપનારું બની જાય છે-જેમ પુષ્પમાંથી આપોઆપ સૌરભ પ્રગટે અને પ્રસરે છે એમ.

સ્વચ્છ જળથી હિલોળા લેતા ભર્યા ભર્યા સરોવરમાંથી સૌ પોતપોતાની પાસેના પાત્ર પ્રમાણે પાણી લઈ શકે છે, એ જ રીતે મહાવીરસ્વામીના જીવન અને ઉપદેશ-માંથી આત્મસાધક યોગીઓ અને શ્રદ્ધાળુ સામાન્ય જનસમૂહને સમાન રીતે પ્રેરણા મળી રહે એમ છે. જેવી જેવી જેની યોગ્યતા કે પાત્રતા એવાં પ્રેરણાનાં અમૃત એ લઈ શકે છે. અને એ પ્રેરણાનાં અમૃતનું પાન કરીને ભક્તજન પોતાની પાત્રતાને વધારે ઊજળી અને વધારે સમર્થ કરતો કરતો છેવટે સ્વયં પરમાત્મામય બની જઈને પ્રભુની સાથે એકરૂપતા-અદ્વૈત સાધી શકે છે.

ભગવાન મહાવીરની ધર્મપ્રરુપણાની આ વિશેષતા અજોડ છે. ભક્તને ભગવાન બનાવે એ જ સાચો ભગવાન! ભગવાન મહાવીર આવા જ ભગવાન છે.

* * *

અત્યારે જેને ઇતિહાસકાળ તરીકે ઓળખવામાં આવે છે, એ કાળમાં ભગવાન પાર્શ્વનાથ અને ભગવાન મહાવીરસ્વામી થઈ ગયા; કરુણાસાગર ભગવાન નેમિનાથ તો, જૈન પરંપરાની કાળગણના પ્રમાણે, એમનાથી હજારો વર્ષ પૂર્વે થઈ ગયા; એટલે એમને આધુનિક ઇતિહાસયુગના સીમાડા સ્પર્શતા નથી.

પણ તેવીસમા તીર્થંકર અવૈરના અવતાર પ્રભુ પાર્શ્વનાથ અને ચોવીસમા છેલ્લા તીર્થંકર અહિંસાના અવતાર શ્રમણભગવાન મહાવીરસ્વામી તો ઇતિહાસયુગના જ ધર્મપ્રરુપકો છે; એટલે અત્યારે જૈન સંસ્કૃતિનો જે વારસો આપણી પાસે છે, તે એમનો જ છે.

વળી ભગવાન પાર્શ્વનાથ અને ભગવાન મહાવીર વચ્ચે માત્ર અઢીસો વર્ષ જેટલું જ અંતર હતું, એટલે ભગવાન મહાવીરે જે ધર્મની પ્રરુપણા કરી અને સંઘની સ્થાપના કરી એનાં બીજ ભગવાન પાર્શ્વનાથ અને એમની પરંપરામાં જ સચવાઈ રહ્યાં છે; અલબત્ત, એમાં કેટલીક બાબતોમાં તો ભગવાન મહાવીરે ધરમૂળના ફેરફારો કર્યા હતા.

ભગવાન મહાવીરના પૂર્વભવના પ્રસંગોનો બોધ વિચારીએ તો કોઈ પણ બાબતનો અભિમાન કે ગર્વ નહીં ધરવાનું, ગમે તેવા કુળ કે સ્થળમાં જન્મ થવા છતાં આત્મવિકાસને માટે જરાય હતાશ કે નિરાશ નહીં થવાનું, સારી કરણીનાં સારાં અને માઠી કરણીનાં માઠાં ફળ, રાજા મહારાજાથી રંક સુધીના અને સાધુસંતથી માંડીને તે સામાન્યમાં સામાન્ય પ્રાણીને પણ ભોગવ્યા વગર ચાલવાનું નથી વગેરે સ્પષ્ટ રીતે જાણી શકાય.

ભગવાનના ગૃહસ્થજીવનનો વિચાર કરીએ તો માતા પિતાની ભક્તિ, ગોઠિયાઓ સાથેની સાચી મિત્રતા, ઊગતી ઉંમરમાંથી જ નિર્ભયતા, વડીલોની આજ્ઞાનું પાલન, કર્તવ્યપરાયણ ગૃહસ્થજીવન, બંધુપ્રેમ; પૃથ્વીને સ્વર્ગ બનાવી શકે; અને ગૃહસ્થાશ્રમને ધન્ય બનાવી શકે એવા આ બધા સદ્ગુણો મળે છે : જે ગૃહસ્થ સાધકને જે જોઈએ તે મળી શકે! અને એ બધા સદ્ગુણોની સાથે ત્યાગ, વૈરાગ્ય અને સંયમની આત્મલક્ષી વૃત્તિને સદા જાગૃત રાખી શકે એવી જળકમળ સમી અનાસક્ત અને નિર્લેપ વૃત્તિ. ત્રીસ વર્ષનો એ કાળ જન્મથી લઈએ તે દીક્ષા સુધીમાં કંઈ કંઈ વાતો કહી જાય છે.

પછી આવે છે બાર-સાડાબાર વર્ષનો સાધના-કાળ. અહિંસા, સંયમ, તપની અમર સાધના માટે અતિઉગ્ર તિતિક્ષાનો સીધા ચઢાણ જેવો ભીષણ માર્ગ અપનાવતા ભગવાનને ન ગૃહલક્ષ્મી રોકી શકી, ન રાજલક્ષ્મી અટકાવી શકી; ન વૈભવવિલાસની વાસના રોકી શકી, ન કુટુંબકબિલાનાં બંધન અવરોધી શક્યાં.

ભગવાન તો જેને પોતાનું કહી શકાય એવી રજેરજ વસ્તુનું હસતે મુખે દાન કરીને એવા તો ચાલી નીકળ્યા કે જાણે એવાં કોઈ વળગણાં એમને હતાં જ નહીં. વર્ષીદાન આપીને ભગવાને વિશ્વના સાધકોને જાણે ઉદ્બોધન કર્યું : મહાનુભાવો, જો સાચી આત્મલક્ષ્મીને પ્રાપ્ત કરવી હોય તો સ્થૂળ લક્ષ્મીનો સમજણપૂર્વક સર્વથા ત્યાગ કરો, કે જેથી મનને પરિગ્રહ કે પરિગ્રહના મૂર્ચ્છાના કીચડમાં પડવાનો કદી અવસર જ ન મળે. આત્મસાધનાનું આલેખન સર્વસ્વના ત્યાગની ભૂમિકા વગર અશક્ય જ સમજવું.

અને ત્યાગી બનીને મહાવીર એ નવા જ મહાવીર બની ગયા. સંકટોને સામે ચાલીને એ ભેટવા લાગ્યા. દેહને દાપું આપવાનું સાવ અનિવાર્ય બની જાય ત્યારે જ થોડુંઘણું લૂખું-સૂકું ખાન-પાન લેવા લાગ્યા. ઇંદ્રિયોની રસલોલુપતા તો જાણે એમને સતાવવાનું જ વીસરી ગઈ. અબૂઝ પશુ સતામણી કરે કે સમજુ માનવી કષ્ટ આપે : સમભાવના ઉપાસકને મન તો એ બધું કશી વિસાતમાં ન હતું. એમણે તો નિશ્ચય કરી લીધો હતો કે જેમ વધુ કષ્ટો આવી પડશે, તેમ આત્માનું કુંદન વધુ જલદી નિર્મળ થશે. અગ્નિપરીક્ષા વિના સોનું સો ટચનું ન બને. આ બધી તો આત્મસાધના માટે ઉપકારક અગ્નિપરીક્ષા છે. ભલે આવે કષ્ટો!

ભગવાનની આટલી લાંબી અને આટલી કઠોર આત્મસાધનાને રખે કોઈ માત્ર કાયકલેશ કે દેહદમન માની લે. આ બાહ્ય તપ અને તિતિક્ષાની પાછળ આભ્યંતર તપ, ચિત્તશુદ્ધિ અને કષાયમુક્તિની ભાવના સતત ઝળહળતી હતી. અને એ માટે એમને સદા પોતાની શક્તિ ઉપર જ આસ્થા રાખીને ઝૂઝવાનું હતું. ભલભલા ઇન્દ્ર જેવાની સહાય પણ એમણે નકારી હતી.

અને એક દિવસ ભગવાનની સાધના સંપૂર્ણ સફળ થઈ. ભગવાનનાં ભવોભવનાં બંધન છેદાઈ ગયાં; ભગવાનનો

જ્ઞાનસૂર્ય સહસ્ત્ર કિરણોએ પ્રકાશી રહ્યો. ભગવાન તરણતારણ, પતિતપાવન અને લોકપ્રદીપ બની ગયા.

પછી તો ભગવાનના મહિમાનું પૂછવું જ શું? એ મહિમા એ અહિંસાનો મહિમા હતો, ક્ષમા અને કરુણાનો મહિમા હતો, આત્મસાધનાનો મહિમા હતો.

ગૃહસ્થજીવનનો ત્યાગ કરતાં ભગવાને પોતાનું સર્વસ્વ લૂંટાવી દીધું હતું. સાધુજીવનની સાડાબાર વર્ષની આકરી સાધનાને અંતે જે અમૃત લાધ્યું, એની જાણે જગતના જીવોને માટે પરબ માંડવા ભગવાને ધર્મતીર્થની સ્થાપના કરી.

વિશાળ ગગનાંગણમાં રહેલા સૂર્ય અને ચંદ્રને જરા નિહાળો. ધરતી ઉપરના બધા જીવ એમ જ માને કે એ અમારા જ છે, અમારી સામે જ નીરખી રહ્યા છે. કરુણાસાગર ભગવાનને મન વિશ્વના સમસ્ત જીવો મિત્ર બની ગયા: સૌ જીવને એમ જ લાગે કે ભગવાન તો અમારા જ છે; અમારો જ ઉદ્ધાર કરનારા છે.

ભગવાનની ધર્મપ્રરુપણા પણ સમાનતાની પ્રતિષ્ઠા કરનારી હતી, એમના ધર્મમંદિરમાં ન કોઈ ઊંચું હતું, ન કોઈ નીચું હતું, કરે તે પામે અને પાળે તેનો ધર્મ એવો ન્યાયભર્યો ધર્મમાર્ગ ભગવાને સૌને માટે મોકળો બનાવી દીધો. નારી સમાજ, દલિતો, પતિતોમાં જાણે ભગવાને નવજીવનનો સંચાર કર્યો. ભગવાનનો ધર્મ રાજા-મહારાજ અને ધનપતિઓને પણ સ્પર્શ્યા વગર ન રહ્યો.

ભગવાને લોકભાષાની પ્રતિષ્ઠા કરી અને 'મારું તે જ સારું'ના વાદાવાદમાં ખુમાર થતા પંડિતોને "સારું તે મારું"ની સંજીવની આપવા અનેકાન્તવાદનું દાન કર્યું.

ભગવાનના ઉપદેશે કંઈ કેટલા જીવોનો ઉદ્ધાર કર્યો અને કંઈ કેટલાં વેર-ઝેરને નામશેષ કર્યાં. અને પોતાના જીવન અને ઉપદેશ દ્વારા અમર બનીને ભગવાન સિદ્ધિપદને વરી ગયા.

ભગવાન તો આજે નથી, પણ એમનું ભવ્ય જીવન અને દિવ્યબોધ આપણી પાસે છે જ. એ મહામૂલા વારસાને આપણે ન પિછાણીએ અને અજ્ઞાન, અંધ-શ્રદ્ધા કે અહંકારમાં ફસાઈને વેરઝેર કે કલેશ કંકાસ કર્યા કરીએ, તો એ દોષ આપણો પોતાનો જ સમજવો.

ભગવાનના જન્મદિન નિમિત્તે ભગવાનનું સ્મરણ કરીને એમના જીવનનો સાચો મહિમા સમજીએ અને આપણા અંતરને કષાયોથી મુક્ત અને સમભાવથી મુક્ત બનાવવા પુરુષાર્થ કરીએ, એ જ ભગવાનની સાચી પૂજા છે. એવી પૂજા કરવાની શક્તિ અને વૃત્તિ આપણામાં જન્મે, એ જ અભ્યર્થના.

**कॉन्फरन्सनुं अधिवेशन**

કૉન્ફરન્સનું એકવીસમું અધિવેશન લુધીઆનામાં ભરાવાનું નક્કી થયા પછી જેની જાહેરાતની આતુરતા-પૂર્વક રાહ જોવાતી હતી તે નવા પ્રમુખની વરણી પણ થઈ ગઈ છે.

વર્તમાનપત્રો દ્વારા હવે સૌને એ વાતની જાણ થઇ ચૂકી છે કે એકવીસમા અધિવેશનના પ્રમુખ તરીકે કલકત્તાનિવાસી શ્રીમાન બાબુ સાહેબ નરેન્દ્રસિંહજી સિંઘીની પસંદગી થઈ ચૂકી છે.

સાથે સાથે, અધિવેશન માટે પહેલાં નક્કી થયેલી ૨-૩-૪ એપ્રિલની તારીખોમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે, અને હવે અધિવેશન ૩૦ મી એપ્રિલ અને પહેલી-બીજી મેના દિવસોમાં ભરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આગામી અધિવેશન પાસે કૉન્ફરન્સને વિશેષ પ્રાણ-વાન બનાવવાની સાથે સાથે સમાજમાં આશાભર્યું વાતાવરણ ઊભું કરવાનું અને સમાજને મૂંઝવતા અનેક પ્રશ્નોનો સાચો ઉકેલ દર્શાવવાનું મહાન કાર્ય ઊભું છે. એ કાર્યને સફળ રીતે પાર પાડવામાં આવે તો જ અધિવેશન સાચી રીતે સફળ થયું લેખાય, એ કહેવાની જરૂર ન હોય.

એટલે આ માટે કૉન્ફરન્સના બધા આગેવાનો, પ્રશં-સકો અને સભ્યોએ કેડ બાંધીને કામ કરવું પડશે. આ બધી તૈયારીની દૃષ્ટિએ મહિના જેટલો સમય એ કંઈ વધુ સમય ન લેખાય એ રીતે વિચારતાં એક મહિનાનો વિલંબ થયો એને અમે આવકારદાયક લેખીએ છીએ. એટલા પ્રમાણમાં આપણને વધારે તૈયારી કરવાનો અવકાશ મળશે. આ સમય દરમ્યાન આપણે નવા પ્રમુખ પાસેથી પ્રેરણા મેળવવી છે, અને સાથે સાથે એમને સમાજના કાર્યોમાં ઓતપ્રોત થવાનું મન થાય એવું વાતાવરણ પણ ઊભું કરવું છે. આ માટે હવે નકામો કાળક્ષેપ ન કરતાં પળેપળનો ઉપયોગ કરી લેવો અને બધી છૂટી છૂટી શકિતઓને સંગઠિત બનાવીને કામે લગાવવી એ જ સાચો ઉપાય છે.

卐

# શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ

## કાર્યાલય પ્રવૃતિની ટૂંક નોંધ

(કૉન્ફરન્સ કાર્યાલય દ્વારા)

### કૉન્ફરન્સનું લુધીઆના અધિવેશન

શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સનું એકસવીમું અધિવેશન લુધીઆનામાં તા. ૩૦ એપ્રિલ, ૧-૨ મે ૧૯૬૦ શનિ, રવિ, સોમવારના દિવસોએ (વીરસંવત્ ૨૪૮૬, વિ. સંવત્ ૨૦૧૬ના વૈશાખ સુદ ૪-૫-૬) કલકત્તાનિવાસી શ્રી નરેન્દ્રસિંહજી સિંઘીના પ્રમુખસ્થાને મળશે. (પ્રમુખશ્રીનો પરિચય અંકમાં અન્યત્ર આપેલ છે)

અધિવેશન અંગેની આમંત્રણપત્રિકા ટૂંક સમયમાં જ સર્વે સ્થળોએ મોકલાશે. તદનુસાર શ્રી સંઘ, સંસ્થા કે મંડળે બંધારણના નિયમાધીન પ્રતિનિધિઓની ચૂંટણી કરી " શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ સ્વાગત સમિતિ કાર્યાલય, શ્રી આત્માનંદ જૈન મહાસભા-પંજાબ, વેટગંજ, લુધીઆના (પંજાબ) "ને નામો મોકલી આપવા વિનંતી છે.

કૉન્ફરન્સ કાર્યાલય તરફથી ઠરાવ ઘડનારી સમિતિ અને અધિવેશન પ્રચાર અને પ્રવાસ સમિતિ નીમવામાં આવી છે. તેમ જ " જૈન યુગ " એપ્રિલ અંક વિશેષાંક તરીકે તા. ૨૧, એપ્રિલ, ૧૯૬૦ના રોજ પ્રગટ થશે.

**અધિવેશન અને પ્રતિનિધિની ચૂંટણી**

આગામી લુધીઆના અધિવેશનમાં પ્રતિનિધિઓ ચૂંટી મોકલવા માટે બંધારણની ઉપયોગી કલમો નીચે સ્પષ્ટ કરવામાં આવે છે :—

**૯. પ્રતિનિધિઓ**

સંસ્થાના અધિવેશનમાં નીચે જણાવ્યા પ્રમાણેના પ્રતિનિધિઓ હાજર રહી મત આપી શકશે :

(૧) કલમ ૭માં જણાવ્યા પ્રમાણેના સંસ્થાના પ્રથમના બે પ્રકારના (સંરક્ષક અને આજીવન) સભાસદો-સામાન્ય સભાસદોએ ચૂંટેલા પ્રતિનિધિઓ (અધિવેશનના ૭ માસ અગાઉ નોંધાયેલ સામાન્ય સભાસદો દર વીસ સભાસદે એકના ધોરણે).

(૨) કોઈપણ શહેર કે ગામનો સંઘ, સભા, મંડળ અથવા સંસ્થા અઢાર વર્ષની ઉપરની ઉમ્મરના શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનને ચૂંટી મોકલે તે.

(૩) સ્વાગત સમિતિના બધા સભાસદો.

(૪) સંસ્થાના થઈ ગયેલ અધિવેશનના પ્રમુખો તથા ચાલુ મુખ્ય મંત્રીઓ.

(૫) સંસ્થાની કાર્યવાહી સમિતિના ચાલુ સભ્યો.

**નોંધ :**

(૧) કાર્યવાહી સમિતિએ નક્કી કરેલ પેટા-નિયમાનુસાર માન્ય થયેલ કોઈપણ જાહેર, ધાર્મિક અથવા સખાવતી સંસ્થા, સભા કે મંડળ જે વીસ અગર વધુ સભાસદો ધરાવતી હશે અને જૈન શ્વે. મૂર્તિપૂજક સમાજને લાભ આપતી હશે તે દર વીસ સભાસદોએ એકના પ્રમાણમાં, પરંતુ પાંચથી વધુ નહિ, પ્રતિનિધિઓ ચૂંટી શકશે.

(૨) પ્રતિનિધિ મોકલવા માટે આવી જાહેર સંસ્થાએ મુખ્ય કાર્યાલયમાં જે વર્ષમાં અધિવેશન ભરાય તે વર્ષે રૂ. ૫) આપી અધિવેશન અગાઉ નોંધણી કરાવવી પડશે.

**૧૦. સંઘનું પ્રતિનિધિ પ્રમાણ**

દરેક સંઘ નીચે જણાવ્યા પ્રમાણે પ્રતિનિધિઓની ચૂંટણી કરશે :—

કોઈપણ શહેર કે ગામનો સંઘ જ્યાં જૈનોનાં ૧૦૦ ઘરથી ઓછાં ઘર હોય તે પાંચ પ્રતિનિધિ ચૂંટી શકશે અને જ્યાં એથી વધુ ઘર હશે ત્યાંનો સંઘ દર વીસ ઘર દીઠ એક પ્રતિનિધિ ચૂંટી શકશે.

**૧૧. પ્રતિનિધિનું લવાજમ**

સ્વાગત સમિતિ સિવાયના પ્રતિનિધિનું લવાજમ રૂ. ૫) અને ભોજન સહિત રૂ. ૧૧) રાખવામાં આવશે, જેમાંથી દરેક પ્રતિનિધિ દીઠ રૂ. ૧) સંસ્થાના નિભાવ ફંડમાં લઈ જવામાં આવશે.

**૧૨. પ્રેક્ષકો**

સ્વાગત સમિતિને યોગ્ય લાગશે તે શરતો અનુસાર સંસ્થાના અધિવેશનમાં કોઈપણ વ્યક્તિને પ્રેક્ષક તરીકે દાખલ કરી શકાશે પરંતુ પ્રેક્ષકોને મત આપવાનો

અધિકાર રહેશે નહિ. પ્રેક્ષકોએ નક્કી કર્યા પ્રમાણેનું લવાજમ આપવું પડશે.

## પંજાબમાં તૈયારીઓ

શ્રી આત્માનંદ જૈન મહાસભા–પંજાબના મંત્રી શ્રી બલદેવરાજજી તરફથી પત્રદ્વારા જણાવવામાં આવે છે કે શ્રી ફગ્ગુશાના અધ્યક્ષપદે ૨૭ સભ્યોની પેટાસમિતિ અધિવેશનને યશસ્વી બનાવવા માટે જૂદાં જૂદાં કાર્યો કરી રહી છે. શહેરની ધર્મશાળાઓ, શાળાઓ અને સંસ્થાઓ ઉતારા માટે રાખવામાં આવ્યાં છે. પંજાબની શિક્ષણ સંસ્થાઓ “ સાંસ્કૃતિક કાર્યક્રમ ” રજૂ કરવાની તૈયારીઓ કરી રહી છે. સરઘસ તેમજ જૂદા જૂદા વિભાગના પ્રતિનિધિઓના ભોજનાદિ માટેની યોજનાને આખરી સ્વરૂપ મળેલ છે. પંજાબના યુવકો તથા વિદ્વાનો કોન્ફરન્સને સુદૃઢ બનાવવા ભારતીય વિદ્વાનોના સંપર્કમાં રહી વિચાર-વિનિમય કરી રહ્યા છે. ભારત અને જૈન સંસ્કૃતિને અનુરૂપ મંડપને કલાત્મક રીતે શણગારવાની તૈયારી શરૂ થઈ છે. મહિલા તેમજ યુવકસંમેલન ભરવાની વિચારણા થઈ રહેલ છે. લુધીઆનાની જનસંપર્ક સમિતિ દ્વારા જૈનેતર પ્રતિષ્ઠિત વ્યક્તિઓને નિમંત્રણ આપવાનું નક્કી થએલ છે. પંજાબ, દિલ્હી, આગ્રા, અને ઉત્તરપ્રદેશમાંથી ઘણી વ્યક્તિઓ સ્વાગત સમિતિમાં જોડાઈ છે. “ વિજયાનંદ ” માસિક મુખપત્રના વિશેષાંક માટે પણ પ્રો. પૃથ્વીરાજજી તૈયારીઓ કરી રહ્યા છે. સ્વાગત સમિતિના અને મહાસભાના પ્રમુખ શ્રી. મેંઘરાજજી અને બીજા કાર્યકરો મુંબઈ ગયા હતા ત્યાં કાર્યકરો અને આગેવાનોના સંપર્કમાં રહી સર્વ પરિસ્થિતિથી વાકેફ થયા છે. પંજાબમાં ચોમેર એક જ અવાજ સંભળાય છે કે આ અધિવેશન ઐતિહાસિક અને કૉન્ફરન્સની ઉન્નતિ કરનાર નીવડે. લુધીઆનામાં નીચે પ્રમાણેની રચાયેલી સમિતિઓ પોતાનું કાર્ય કરી રહી છેઃ—

(૧) ઉતારા સમિતિ (૨) ભોજન સમિતિ (૩) સરઘસયાત્રા સમિતિ (૪) મંડપ સમિતિ (૫) સંપર્ક સમિતિ (૬) પ્રચાર સમિતિ (૭) પૂછપરછ સમિતિ.

પંજાબના નવયુવક મંડળો, એન. સી. સી. ના સ્વયંસેવકો વિપુલ સંખ્યામાં સેવા અર્પવા ઉત્સુક છે. તદુપરાંત બીજી કેટલીક ઉપયોગી યોજનાઓ પણ વિચારાઈ રહી છે. પૂજ્ય મુનિવર્યો અને સાધ્વીજી મહારાજો આ ખાસ પ્રસંગે પધારશે.

આ ઉપરથી પંજાબમાં જે જાગૃતિનાં કિરણો અધિવેશન દ્વારા પ્રગટેલ છે તેનો સહેજે પરિચય થશે.

**મુંબઈમાં સ્વાગતાધ્યક્ષ**

“ કૉન્ફરન્સનું અધિવેશન પંજાબમાં ૪૭ વર્ષે પછી મળે તે હર્ષજનક અને ગૌરવ લેવા જેવી બીના છે. આ સુઅવસરને વધાવી લઈ પંજાબના આબાલવૃદ્ધ સૌ અધિવેશનમાં ભાગ લેશે અને સકળ સંઘને પણ લુધીઆના પધારવા આમંત્રણ છે ” એ ઉદ્‌ગારો સ્વાગતાધ્યક્ષ શ્રી મેંઘરાજજી જૈને કૉન્ફરન્સના હૉલમાં યોજાએલ મેળાવડા સમક્ષ વ્યક્ત કરી સંગઠિત થવા વિજ્ઞપ્તિ કરી હતી.

પ્રમુખસ્થાનેથી કૉન્ફરન્સના ઉપપ્રમુખ શ્રી ફુલચંદ શામજીએ ઐતિહાસિક, ધાર્મિક અને રાજકીય દૃષ્ટિએ પંજાબની અગત્ય દર્શાવી કૉન્ફરન્સની અધિવેશનરૂપી સંઘયાત્રામાં દરેકે દરેક જૈને અને સંસ્થાના પ્રતિનિધિઓને ભાગ લેવા વિનંતી કરી હતી. મદ્રાસનિવાસી શ્રી લાલચંદજી ઢઢ્ઢાએ હૃદયસ્પર્શી વિવેચન દ્વારા ચતુર્વિધ સંઘના સંગઠન ઉપર ખાસ ભાર મૂકી કૉન્ફરન્સને સબળ બનાવવાની ઘોષણા કરી હતી. શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી અને શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીએ પણ રાજકીય દૃષ્ટિએ જૈનોનું સ્થાન આગળ વધારવાની સૂચના કરી હતી. શ્રી સોહનલાલજી કોઠારી (મંત્રી) એ સમાજસેવા માટે તત્પર થઈ સર્વશક્તિ અર્પવાની ભાવના જાગૃત કરવા જણાવ્યું હતું. શ્રી જયંતીલાલ રતનચંદ શાહે (મંત્રી) આભાર વ્યક્ત કરતાં અત્યારના જાગૃત યુગમાં જૈન સમાજ આગળ ધપે તે રીતે સંગઠિત થવા અને કૉન્ફરન્સના વ્યાસપીઠ ઉપર સેવાભાવના વિકસાવવા નિવેદન કર્યું હતું.

લુધીઆનામાં કૉન્ફરન્સના અધિવેશન અંગે સર્વ પ્રકારની તૈયારીઓ થઈ ચુકી છે. લુધીઆનાથી મુંબઈ ત્રણ વખત ડેપ્યુટેશનમાં શ્રી મેંઘરાજજી જૈન, શ્રી વિદ્યાસાગરજી (ઉપપ્રમુખ- આત્માનંદ સભા), શ્રી વિજયકુમારજી જૈન, શ્રી દીપચંદજી જૈન અને પ્રિન્સિપાલ શ્રી જ્ઞાનચંદજી જૈને અહીં આવી જનસંપર્ક સાધી મુંબઈના તેમજ અન્ય સ્થળોના ગૃહસ્થોને અધિવેશનમાં પધારવા નિમંત્રણ આપેલ છે. એ જોતાં લુધીઆનામાં વિશાળ જૈનસમુદાય એકત્ર થશે એવી ધારણા છે. થોડા જ સમયમાં પૂજ્ય આચાર્ય શ્રી **વિજયસમુદ્રસૂરીશ્વરજી** મહારાજ અને અન્ય મુનિવર્યો

તેમજ વિદુષી સાધ્વીજી શ્રી મૃગાવતીજી આદિ ૨૭ સાધ્વીજી લુધીઆના પધારશે. શ્રી સંઘ અને જૈન સંસ્થાઓને બંધારણાનુસાર પ્રતિનિધિઓની ચૂંટણી કરી કૉન્ફરન્સને લખી જણાવવા વિનંતી છે. સંરક્ષકો અને આજીવન સભ્યો સ્વતઃ બંધારણાનુસાર ભાગ લઈ શકે છે.

પંજાબમાં અંબાલા, લુધીઆના, માલેરકોટલા, કાંગડા શ્રી આત્મારામજી મહારાજની જન્મભૂમિ લહેરાગામમાં જૈન સમુદાયે ધર્મ, સમાજ, શિક્ષણ અને ગૃહઉદ્યોગ આદિ વિષે જે પ્રગતિ સાધી છે તે નિહાળવાનો આ સુઅવસર રખે કોઈ ચૂકે. નવયુગના પ્રવાહો દૃષ્ટિમાં રાખી અધિવેશનને સફળ બનાવવા માટે સમગ્ર ભારતના શ્વે. મૂ. જૈનો કટિબદ્ધ થાય એવી કૉન્ફરન્સના મુખ્ય મંત્રીઓની વિજ્ઞપ્તિ છે.

## કાર્યવાહી સમિતિની સભા

કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિની સભા મુંબઈમાં ગુરૂવાર, તા. ૨૮–૧–૧૯૬૦ ના રોજ શ્રી અમૃતલાલ કાળીદાસ દોશીની ઑફિસમાં શ્રી ફુલચંદ શામજી (ઉપ-પ્રમુખ) ના પ્રમુખસ્થાને મળી હતી. ઉપસ્થિત સભ્યો આઠ.

આ સભામાં છેલ્લી કાર્યવાહી સમિતિની સભાની નોંધ બહાલ રાખવામાં આવ્યા બાદ આગામી લુધીઆના અધિવેશન માટે શ્રી આત્માનંદ જૈન મહાસભાની કાર્યવાહક સમિતિએ શ્રી મેઘરાજજી જૈન (કોટકપૂરા)ની સ્વાગતાધ્યક્ષ તરીકેની વરણી કરી હોવાની હકીકત રજૂ થતાં તેની સહર્ષ નોંધ લેવામાં આવી. તદુપરાંત "જૈન યુગ" વિશેષાંક પ્રકટ કરવાની તેમજ અધિવેશનને સર્વ રીતે સફળ અને યશસ્વી બનાવવાના કાર્યને સર્વ સહકાર આપવા ઠરાવવામાં આવ્યું. તદુપરાંત તા. ૧૦–૧–૧૯૬૦ ના રોજ મુંબઈમાં સભ્યોની અવિધિસરની સભા બોલાવવામાં આવેલી તેની તેમજ કૉન્ફરન્સની પરિસ્થિતિવિષયક જે પ્રશ્નાવલિ અખિલભારત જૈન શ્વે. કૉન્ફરન્સની સ્થાયી સમિતિના સભ્યોને મોકલવામાં આવેલી તેની વિગત રજૂ કરવામાં આવી હતી.

કાર્યવાહી સમિતિની સભા શુક્રવાર, તા. ૧૧–૩–૧૯૬૦ ના દિવસે મુંબઈમાં શ્રી અમૃતલાલ કાળીદાસ દોશીની ઑફિસમાં શ્રી ફુલચંદ શામજીના પ્રમુખસ્થાને મળી હતી. ઉપસ્થિત સભ્યો સાત.

છેલ્લી બેઠકની નોંધ સ્વીકાર્યા બાદ કૉન્ફરન્સના એકવીસમા લુધીઆના અધિવેશન માટે સ્વાગત સમિતિ તરફથી પ્રમુખ તરીકે શ્રી નરેન્દ્રસિંહજી સિંઘી (કલકત્તા) ની વરણી કરવામાં આવી તેની હકીકત રજૂ થતાં તે સહર્ષ વધાવી લેવામાં આવી. ઉપરાંત સ્વાગતપ્રમુખ શ્રી મેઘરાજજીએ બે વખત અધિવેશન કાર્યાર્થે અત્રે પંજાબથી આવી અત્રેના કાર્યકરોનો સંપર્ક સાધતાં થએલ કાર્યવાહીની વિગત રજૂ કરવામાં આવી. બાદ નીચેની સમિતિઓ નીમવામાં આવી હતી.

#### ઠરાવ ઘડનારી સમિતિ

(બંધારણાનુસાર કૉન્ફરન્સ તરફના સભ્યો) (૧) શ્રી અમૃતલાલ કાળીદાસ દોશી, બી. એ. (૨) શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ, જે. પી. (૩) શ્રી હીરાલાલ હાલચંદ દલાલ, બાર-એટ-લૉ (૪) શ્રી મોતીલાલ વીરચંદ શાહ (૫) શ્રી મોહનલાલ-દીપચંદ ચોકસી અને (૬) શ્રી ધીરજલાલ ટોકરસી શાહ, સંસ્થાના ચાલુ પ્રમુખ, ઉપ–પ્રમુખ અને મુખ્યમંત્રીઓ બંધારણાનુસાર ઍક્સ–ઑફિશીઓ સભ્ય. વિશેષમાં સ્વાગત સમિતિ તરફના પાંચ નામો મંગાવવા સૂચના થઈ હતી.

#### અધિવેશન પ્રચાર અને પ્રવાસ સમિતિ

(૧) શ્રી પોપટલાલ રામચંદ શાહ (૨) શ્રી મોતીલાલ વીરચંદ શાહ (૩) શ્રી શાંતિલાલ મગનલાલ શાહ (૪) શ્રી રમણલાલ નગીનદાસ પરીખ (૫) શ્રી જીવરાજભાઈ ભાણજીભાઈ શાહ (૬) શ્રી જેસંગલાલ લલ્લુભાઈ શાહ (૭) શ્રી ધીરજલાલ ટોકરશી શાહ (૮) શ્રી પ્રાણજીવનદાસ હ. ગાંધી (૯) શ્રી પુંજાલાલ એન. શાહ (૧૦) શ્રી કેશરીચંદ જેસંગલાલ શાહ (૧૧) શ્રી પન્નાલાલ બી. વોરા (૧૨) શ્રી હિમતલાલ કેશવલાલ શાહ અને (૧૩) શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી કન્વીનર. સંસ્થાના ઉપ-પ્રમુખ અને મુખ્યમંત્રીઓ ઍક્સ-ઑફિશીઓ સભાસદ ગણાશે.

કૉન્ફરન્સ અધિવેશન ફંડ ખાતામાંથી અધિવેશનના વિધવિધ ખર્ચા અંગે રૂા. ૨૫૦૦) સુધી ખર્ચવાની સત્તા મંજૂરી સહ મુખ્ય મંત્રીઓને આપવામાં આવી હતી.

સંવત્ ૨૦૧૫ના વર્ષનો ઑડિટેડ હિસાબ રજૂ થતાં શ્રી ચીનુભાઈ એલ. શેઠની દરખાસ્ત અને શ્રી હજારીમલ ચંદ્રભાણના ટેકાથી તે સર્વાનુમતે મંજૂર કરી અધિવેશન-વખતે પ્રસિદ્ધ કરવા ઠરાવ્યું હતું.

બંધારણાનુસાર આગામી અધિવેશનમાં ડેલીગેટો મોકલવા માટે સંસ્થાઓ રજીસ્ટર કરવાની સત્તા મુખ્ય મંત્રીઓને આપવામાં આવી હતી.

સંવત્ ૨૦૧૬ના વર્ષ માટે શ્રી શ્રાવક-શ્રાવિકા ક્ષેત્ર ઉત્કર્ષ અને કેળવણી પ્રચાર ફંડમાંથી સમિતિઓ વગેરેને મદદ આપવા અંગેની વિચારણા થતાં આગામી અધિવેશન તુરતમાં મળનાર હોઈ આ બાબત મુલતવી રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું હતું.

શ્રી ભગવાન મહાવીર જન્મ કલ્યાણકની ઊજવણી આગામી ચૈત્રશુદ ત્રયોદશી (૯-૪-૧૯૬૦) ના દિવસે સંયુક્ત રીતે દર વર્ષ પ્રમાણે રથયાત્રા, સભા આદિના કાર્યક્રમ દ્વારા કરવાની અને તેના ખર્ચ માટેની સ્વીકૃતિ મુખ્ય મંત્રીને આપવામાં આવી હતી.

કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિની એક સભા તા. ૧૯-૩-૧૯૬૦ શનિવારના રોજ શ્રી મોહનલાલ લ. શાહના નિવાસસ્થાને (નેતાજી સુભાષ રોડ, મુંબઈ) મળી હતી. શ્રી મોહનલાલ લલ્લુચંદ શાહ પ્રમુખસ્થાને બિરાજ્યા હતા. ઉપસ્થિત સભ્યો સાત.

આ સભામાં શ્રી કૉન્ફરન્સ નિભાવફંડ એકત્ર કરવા અંગે વિચારણા કરવામાં આવી હતી અને ઉપસ્થિત સભ્યોએ તેની શરૂઆત કરી હતી.

લુધીઆના અધિવેશનના કાર્યક્રમાદિ વિષે કેટલીક વિચારણા થઈ હતી.

અધિવેશન પ્રચાર અને પ્રવાસ સમિતિની એક સભા તા. ૨૨-૩-૬૦ ના રોજ શ્રી મોહનલાલ લ. શાહના પ્રમુખસ્થાને કૉન્ફરન્સ કાર્યાલયમાં મળી હતી, જે વખતે જાહેરસભા, પત્રિકા, પ્રવાસાદિ દ્વારા મુંબઈ, મહારાષ્ટ્ર, ગુજરાત, સૌરાષ્ટ્ર આદિ પ્રાંતોમાં પ્રચાર અંગેનું કાર્ય શરૂ કરવા ચોક્કસ વ્યવસ્થા કરવામાં આવી હતી. શ્રી ધીરજલાલ ટો. શાહ અને શ્રી મોહનલાલ દી. ચોકસીને અનુક્રમે મુંબઈ અને ગુજરાત-સૌરાષ્ટ્ર વિભાગનું કાર્ય સોંપવામાં આવ્યું હતું.

**અધિવેશનની આમંત્રણપત્રિકા**

લુધીઆના અધિવેશનની આમંત્રણપત્રિકા પ્રકટ કરવામાં આવી છે અને સર્વે શ્રી સંઘ, સભા-સંસ્થા કે મંડળને બંધારણાનુસાર પ્રતિનિધિઓની ચૂંટણી કરી લુધીઆના લખી જણાવવા વિનંતી કરવામાં આવે છે.



# માર્ગદર્શન પ્રશ્નાવલિના પ્રત્યુત્તર

અખિલ ભારત સ્થાયી સમિતિના સર્વે સભ્યોને માર્ગદર્શન પ્રશ્નાવલિ જાન્યુઆરી માસમાં મોકલવામાં આવી હતી. આ પ્રશ્નાવલિ 'જૈન યુગ'ના ફેબ્રુઆરી માસના અંકમાં પ્રગટ કરવામાં આવેલ છે. પ્રાપ્ત થએલ પ્રત્યુત્તરોમાંથી ત્રણ અક્ષરશઃ અત્રે રજુ કરેલ છે.

**શ્રી હિરાલાલ હાલચંદ દલાલ, મુંબઈ**

પ્ર. ૧—કૉન્ફરન્સે જૈન સમાજની સંગીન સેવા કરી છે અને એની ઉપયોગિતા તો છે જ. એમાં બે મત નથી. હજુ પણ સમાજમાં એની પ્રતિષ્ઠા અને માન છે; જો કે પહેલાં કરતાં ઓછાં થયાં છે. હું માનું છું કે કૉન્ફરન્સ બરાબર વ્યવસ્થિત થઈ કામ કરે તો ભવિષ્યમાં સમાજ ઉત્કર્ષનાં ઘણાં કામો કરી શકે. સામુહિક કામ કરવા માટે આવી સંસ્થાની તો જરૂર છે જ. તો કોઈ નવી સંસ્થા ઊભી કરીએ એના કરતાં લોકોમાં અને રાજ્યમાં પ્રતિષ્ઠા ધરાવતી કૉન્ફરન્સે વધારે સરળતાથી અને સારું કામ કર્યું છે. કૉન્ફરન્સ આખા ભારતના જૈન સમાજનું પ્રતિનિધિત્વ ધરાવતી એક જ માત્ર સંસ્થા છે. એને વ્યવસ્થિત કરી ટકાવી રાખી સબળ અને કાર્યક્ષમ બનાવી એ આપણા દરેકની પવિત્ર ફરજ છે. અત્યાર-સુધીમાં કૉન્ફરન્સે એકંદરે સારું કામ કર્યું છે. પણ છેલ્લાં કેટલાંક વર્ષોથી કેટલાંય કારણોસર એમાં શિથિલતા આવી ગઈ છે. શરૂઆતનાં ૨૦–૨૫ વર્ષોમાં એના કાર્યકરોના પરસ્પરના સહકાર અને સંપથી ઘણું સારું કામ થયું હતું. પણ એ સહકાર અને એકદિલી હવે ઓછાં થયાં છે; અને તેથી ઉત્સાહ, જુસ્સો, ખંત વગેરે હમણાં મંદ પડ્યાં છે.

કેળવણી, ધર્મ, તીર્થ, આર્થિક સ્થિતિ, રાજનીતિ વગેરે વિષયો પરત્વે જે જે પ્રશ્નો ઉપસ્થિત થયા હતા તે ઉપર ધ્યાન કેન્દ્રિત કરી, સમાજમાં જાગૃતિ લાવી કૉન્ફરન્સે વખતોવખત માર્ગદર્શન આપ્યું છે જે ખરેખર ઉપયોગી નીવડ્યું છે. કેટલાક પ્રશ્નોનો ઉકેલ લાવવાની જવાબદારી લઈ કૉન્ફરન્સે જાતે કામ કર્યું છે અને સારાં પરિણામ આવ્યાં છે.

પણ કેટલીક ધાર્મિક બાબતોમાં અને ખાસ કરીને બાળદીક્ષા સંબંધમાં તીવ્ર મતભેદ ઉભો થયો અને કૉન્ફરન્સનાં જુદાં જુદાં તત્ત્વોમાં વૈમનસ્ય ઊભું થયું; તે એટલી હદે પહોંચ્યું કે જે વિષયો ઉપર મતભેદ નહોતો તે માટે પણ સાથે રહી સહકારથી કામ કરવા એ તત્ત્વો તૈયાર નહોતાં અને તેથી કરીને સંગીન પ્રગતિ થઈ શકી નહિ. કેટલાંય વર્ષો સુધી કૉન્ફરન્સમાં ઐક્ય લાવ-વાના પ્રયાસો કરવામાં બધી શક્તિ વેડફાઈ ગઈ. હવે ઐક્ય થયું છે; પણ ઉપરચોટિયું. હૃદયનો રાગ જામ્યો હોય એમ લાગતું નથી. બધાં તત્ત્વો વચ્ચેના પરસ્પરના પ્રેમ અને સહકારથી સમાજ ઉત્કર્ષના એક માત્ર ધ્યેયથી કામ કરવાની તમન્ના હોય તો કૉન્ફરન્સ દ્વારા આપણે જરૂર ઘણું સરસ અને સંગીન કામ કરી શકીએ. કામ તો ઘણું છે. વિશ્વમાં અને દેશમાં જે મહાન પરિવર્તનો થઈ રહ્યાં છે તે બધાંય આપણા સમાજને સ્પર્શ્યાં છે; અને ઘણી સમસ્યાઓ ઊભી થઈ છે તે ઉપર વિચાર કરી આપણા સમાજે શું કરવું તે માટે માર્ગદર્શન અને મદદની જરૂર છે. કામ તો ભગીરથ છે; પણ એક બીજા તરફ પ્રેમભાવથી અને પરસ્પરના માન સહકાર અને સદ્‌ભાવથી એક બીજા તરફના પૂર્વગ્રહો ત્યાગી અહંને ગૌણ ગણી કેવળ સેવાના એક જ તાલે કામ કરીએ તો જરૂર સમાજની ઘણી સેવા કરી શકીએ.

પ્ર. ૨—કૉન્ફરન્સે જો સારું સંગીન કાર્ય કરવું હોય અને સાચા દિલથી સમાજની સેવા કરવી હોય તો સારા, સેવાભાવી, એકનિષ્ઠાવાળા, ખંતીલા, નિખાલસ કાર્યકરોનું એક જુથ ઊભું કરવું જોઈએ; જેમાં ધનિક, ભણેલા, અનુભવી, ઉત્સાહી કાર્યકરો હોય. આખો સમય સેવા આપે એવા થોડા પણ કાર્યકરો મળે તો બહુ જ ઉત્તમ. પણ જો આખો સમય આપે એવી વ્યક્તિઓ ન મળે તો થોડો સમય અને જરૂર પડે તો વધારે સમય આપવા તૈયાર હોય એવા કાર્યકરો મળે એવું વાતાવરણ સર્જવું જોઈએ. એવા કાર્યકરો તરફ માન અને પ્રેમ કેળવવાં જોઈએ અને આર્થિક અને બીજી સગવડ કરી આપવી જોઈએ. વિચારભેદ હોય,

આર્થિક સ્થિતિનો ભેદ હોય પણ કામ પાર પાડવાના એક જ ધ્યેયથી એ બધું ગૌણ કરી પરસ્પર વિચારની આપલે કરી વધુમતીએ જે નક્કી થાય એ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, લોકશાસનના જમાનામાં કાં તો પોતાના વિચાર તરફ બહુમતી વાળવી જોઈએ અથવા બહુમતીને સ્વીકારવી જોઈએ અને આગળ ચાલવું જોઈએ. જો તેમ કરવા ખાસ સિદ્ધાન્ત કે અંતઃકરણનો વિરોધ હોય તો તેનાથી દૂર થવું જોઈએ પણ બહુમતીના કામમાં ખોટી આડખીલી નહિ નાંખવી જોઈએ. જો કે બહુમતીને ફેરવવા દરેક વ્યક્તિ જરૂર પ્રયાસ કરી શકે.

પ્ર. ૩—કોન્ફરન્સની હાલની પ્રવૃત્તિયો ધીમી ગતિએ ચાલે છે એમ તો લાગે છે; જેમ ઘણાંને લાગે છે. કોન્ફરન્સે જુદા જુદા વિષયો ઉપર ઠરાવો તો ઘણા કર્યા છે એમાંથી તાત્કાલિક કામ કરવાના થોડા ઠરાવો લઈ એના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. એના ઉપર જે જે વ્યક્તિઓને રસ હોય, ખાસ ચિંતન કે અભ્યાસ હોય એવાઓની જુદી જુદી સમિતિઓ નીમી એ ઠરાવોને અમલમાં મૂકવા માટે ઝીણવટથી વિચાર કરી માર્ગ અને યોજના નક્કી કરવાં જોઈએ. અને એને અમલમાં મૂકવા આર્થિક સગવડ પણ કરવી જોઈએ. લેખો, ભાષણો, પ્રવાસ દ્વારા પ્રચાર કરી લોકમત કેળવવો જોઈએ. આપણી પ્રાન્ત અને જીલ્લા સમિતિઓ તો છે જ પણ ઘણીખરી તો નિષ્ક્રિય અથવા નિષ્પ્રાણ થઈ ગયા જેવી છે, તો એ સમિતિઓમાં સારા સેવાભાવી કાર્યકરો આકર્ષી એ સમિતિઓને કાર્યક્ષમ બનાવવી જોઈએ. હાલમાં જે મહાન આર્થિક પરિવર્તન ચાલી રહ્યું છે એમાં જુના ધંધારોજગાર ઊખડી ગયા છે અને લોકોને જીવનનિર્વાહ ચલાવવાનું મુશ્કેલ થઈ ગયું છે. તો જેઓ ધંધામાંથી ઊખડી ગયા છે એમને બીજા ક્યા ધંધામાં લગાડી શકાય અથવા બીજા ક્યા કામે લગાડી શકાય એ માટે પુષ્કળ વિચાર કરી માર્ગદર્શન આપવું જરૂરનું છે. એવા બીજા ધંધાની તાલીમ જરૂરી હોય તેટલી આપવા માટે બંદોબસ્ત કરવો જોઈએ.

પ્ર. ૪—બંધારણ તો સામુદાયિક કાર્ય કરવાનું યંત્ર છે. એથી તો જુદી જુદી શક્તિઓને એક માર્ગે વાળી શકાય અને ઘર્ષણ દૂર અથવા ઓછું કરી શકાય; પણ બંધારણ સારૂં ઘડવાથી કાર્ય થઈ શકતું નથી. જેમ યંત્રને કામ કરવા માટે 'પાવર' જોઈએ તેમ બંધારણ પણ 'પાવર' વિના નકામું છે. એની પાછળ નિષ્ઠા, ઉત્સાહ, ખંત, સહયોગ અને તમન્ના જોઈએ. જો એ ન હોય તો ગમે તેવું સુંદર બંધારણ પણ કાર્ય કરી શકતું નથી, અને ઇષ્ટ વસ્તુ પામી શકાતી નથી. એવી શક્તિના સર્જન માટે સેવાભાવ તો જરૂરી છે પણ અહમ્ અને પૂર્વગ્રહોનો ત્યાગ અને પરસ્પરનો પ્રેમ અને માન વધારે જરૂરી છે. એક જ ધ્યેય, એક જ નિષ્ઠા. કાર્ય પાર પાડવા મમત્વ અને બેદિલી ગૌણ થવાં જોઈએ. આવું વાતાવરણ ઊભું કરીએ તો ગમે તે બંધારણથી કામ કરી શકીએ અને જરૂર પડે ફેરફાર પણ કરી શકીએ. મૂળ તો આવી શક્તિ અને વાતાવરણ સર્જવું જોઈએ.

પ્ર. ૫—કોન્ફરન્સનું મુખ્ય કાર્ય તો કોઈ પણ પ્રશ્ન ઉપર સમાજનું ધ્યાન દોરી, જાગૃતિ લાવી માર્ગદર્શન આપવાનું અને એનો ઉકેલ લાવવા ઉપાયો યોજવાનું છે. એને અમલી બનાવવાનું કાર્ય બનતાં સુધી બીજી સંસ્થાઓ દ્વારા થાય તો સારૂં. કારણ બન્ને કામ એક જ સંસ્થા સરળતાથી કરી શકતી નથી. ઉદ્યોગગૃહ ચલાવવાનો તો આપણને અનુભવ છે. એના મતભેદને કારણે કેટલાંક ઘર્ષણો થયાં છે અને કોન્ફરન્સની પ્રવૃત્તિને ધક્કો પહોંચ્યો છે, એ જાણીતી વાત છે. છતાં કોઈ પણ કાર્ય હાથ ધરવાની જરૂર લાગે અને મુખ્ય કાર્યને વાંધોસૈ ન આવે તો એવી પ્રવૃત્તિ ઉપાડવામાં કંઈ સૈદ્ધાન્તિક વાંધો નથી. ઉદ્યોગગૃહો કે ભોજનશાળાઓ કે એવી બીજી સંસ્થાઓ ચલાવવામાં કોન્ફરન્સની શક્તિનો ઉપયોગ કરવો એ ઉચિત કારણ અમર્યાદિત નથી. એવાં કાર્યો બીજી સંસ્થા કે વ્યક્તિ મારફત કરાવવાં એ સારું છે.

પ્ર. ૬—વિવિધ પ્રાન્તો કે જ્યાં જૈનોની વસ્તી સારા પ્રમાણમાં હોય ત્યાં પ્રવાસ કરી પ્રચાર દ્વારા જાગૃતિ લાવવી. મને ખ્યાલ છે કે આપણે ત્યાં પ્રાન્ત અને જીલ્લા સમિતિઓ તો છે પણ તે ઘણીખરી નિષ્ક્રિય છે. તે સમિતિઓના સંપર્કમાં આવી તેમાં ચેતન રેડવું જોઈએ અને તેને સુદૃઢ બનાવી કાર્યક્ષમ કરવી જોઈએ. ત્યાંના કાર્યકરોના વિચારો કેળવવા અને કાર્ય કેમ કરવું તે માટે યોજના ઘડવી અને માર્ગદર્શન આપવું. વખતોવખત સંપર્કમાં રહી બરાબર દેખરેખ રાખવી એ જરૂરનું છે. દરેક પ્રાન્તમાં સેવાભાવી, ખંતીલા, અનુભવી, કાર્યદક્ષ માણસોને રસ લેતા કરવા જોઈએ. દરેક પ્રાન્તના સ્થાનિક પ્રશ્નો કે મુશ્કેલીઓ હોય તે દૂર કરવા પ્રયાસ કરવામાં આવે તો

ત્યાંના લોકો કૉન્ફરન્સ તરફ માન, મમતા ધરાવતા થાય; પણ આ બધું કરવા માટે હેડ–ઑફિસ અને પ્રાન્તોમાં કાર્યકરોનાં જૂથ જોઈએ અને સારૂં ફંડ જોઈએ.

પ્ર. ૭—હાલના સંજોગોમાં મહાન આર્થિક ઉલ્કાપાત થઈ રહ્યો છે. મૂલ્યપરિવર્તનો થઈ રહ્યાં છે. મધ્યમ વર્ગ માટે કટોકટી ઊભી થઈ છે. જુના ધંધા અને વ્યવસાયો તૂટી પડ્યા છે અને કયો નવો ધંધો કે વ્યવસાય કરવો એ માટે લોકો મૂંઝવણમાં છે. આ વિષમ પરિસ્થિતિ માટે બહુ ઝીણવટથી વિચાર કરી જે લોકો ધંધા વિનાના થઈ ગયા છે કે જેમને જીવન નિર્વાહ સુખેથી ચલાવવાની મુશ્કેલી ઊભી થઈ છે એમને બહુ વિચારપૂર્વકનું માર્ગદર્શન આપવું જરૂરનું છે. એ તાત્કાલિક જરૂરિયાત છે. નવા ધંધા કે વ્યવસાય માટે નવી તાલીમ કે કેળવણીની જરૂર હોય તો તે પૂરી પાડવા યોજના કરવી જોઈએ. અને એમને ધંધે લગાડવા મદદ કરવાની પણ યોજનાઓ ઘડવી જોઈએ. બીજું આપણે રાજકારણમાં બહુ પછાત હોવાથી બહુ સહન કરવું પડયું છે અને સહન કરવું પડશે. કાયદાકાનુનો અને એડમિનિસ્ટ્રેશન બધું એકલા ન્યાયનીતિના ધોરણે ચાલે છે એવું નથી. એમાં દરેકમાં Expediency, સંજોગોમાં શું કરવું ઇષ્ટ છે એ ધોરણે કામ થાય છે ત્યાં નબળા અને લાગવગ વિનાના વર્ગને સહન કરવું પડે છે. કારણ કે રાજકર્તા વર્ગને એ વર્ગની બીક નથી. Right is might નહિ પણ might is right નું તત્ત્વ દરેક કામમાં પોતાનો ભાગ કેટલેક અંશે ભજવે છે જ. માટે રાજકારણમાં આપણા સમાજના લોકો વધારેને વધારે રસ લે અને ભાગ લે અને રાજકારણમાં આપણું સ્થાન ગણનાપાત્ર થાય એવું બળ ઉત્પન્ન કરે એ જરૂરનું છે. આ સૂચન કોમવાદથી પ્રેરાઈ નથી કર્યું; પણ રાજકારણમાં આપણને યોગ્ય સ્થાન મળે તો જે અત્યારે અન્યાયો થઈ રહ્યા છે તે ન થાય અને આપણાં યોગ્ય હિત જળવાઈ રહે અને સાથે દેશની સેવા પણ કરી શકાય એ માટે કર્યું છે. દેશની સેવા કરવી એ દરેકની ફરજ છે. તેમ આપણને અન્યાય થતો અટકાવવો એ પણ આપણી ફરજ છે. માટે સમાજના ભાઈબહેનોને રાજકારણમાં ભાગ લેતા કરવા માટે યોગ્ય પ્રબંધ કરવો જોઈએ. ત્રીજું સરકારી નોકરીઓમાં પણ આપણને યોગ્ય સ્થાન નથી. રાજતંત્રમાં પણ આપણી સંખ્યા સારી હોય તો આપણી અવગણના ન થાય અને અન્યાય થતા અટકે આ માટે ઉચ્ચ સરકારી નોકરીઓમાં આપણા વિદ્યાર્થીઓ વધારેને વધારે પ્રમાણમાં જાય એ ઇચ્છવા યોગ્ય છે અને તે માટેના અભ્યાસમાં મદદ કરવા યોગ્ય ફંડ ઊભું કરી ઠેકાણે ઠેકાણે ‘ કોચીંગ ’ ક્લાસીસ કે એવી સગવડ કરવી ઈષ્ટ છે.

**શ્રી. બાલચંદ હીરાચંદ, માલેગામ**

પ્ર. ૧—જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ એ સંસ્થા જૈન શ્વેતાંબર સમાજની પ્રતિનિધિભૂત એક જ સંસ્થા અસ્તિત્વ ધરાવે છે. અને એ સંસ્થાએ સમાજની અત્યંત અગત્યની ઉપયોગી સેવા અખંડ રીતે બજાવેલી છે. અને સમાજને દરેક ક્ષેત્રમાં વિચાર કરવાની ભૂમિકા સર્જી છે એમાં શંકા નથી. તેથી જ આ સંસ્થાના અસ્તિત્વની અત્યંત અનિવાર્ય જરૂર છે. અમારી ખાત્રી છે કે, ભવિષ્યમાં આ સંસ્થા વિરાટ સ્વરૂપ ધારણ કરી જૈન જનતાને ઉપરાઉપરી યોગ્ય માર્ગદર્શક થઈ રહેશે. એટલું જ નહીં પણ જૈન સમાજનું ઉત્થાન કરી જૈન ધર્મ અને જૈન સમાજને એક આદર્શ સમાજનો દરજ્જો પ્રાપ્ત કરી આપશે. માટે આ સંસ્થાને ગમે તે ભોગે ટકાવી રાખવાની જરૂર છે.

પ્ર. ૨—જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ સમાજને ઉપયોગી થયા એવા માર્ગદર્શન કરનારી સંસ્થા બની શકે તે માટે મુંબઈ જેવા શહેરમાં તેની મુખ્ય ઑફિસ રહે. અને તેમાં જુદા જુદા ક્ષેત્રમાં કામ કરનાર એકેક મંત્રી નીમવામાં આવે અને તે તે ખાતામાં તે પોતાની પ્રગતિ ચાલુ રાખે. એવા બધા મંત્રીઓનું એક મંત્રી મંડળ હોય. એક મુખ્ય મંત્રી બધાઓને માર્ગદર્શન કરે. અને સરકારી ‘સેક્રેટરીએટ ’ની માફક બધાં ખાતાં કાર્ય કરતા રહે. દેશના બધા ભાગોમાં એની શાખાઓ પ્રસરેલી હોય. અને મુખ્ય કચેરી સાથે તેમનો સંપર્ક ચાલુ રહે. આમ કરવાથી કૉન્ફરન્સ એ જીવંત સંસ્થા તરીકે હંમેશ કાર્ય કરતી રહે.

પ્ર. ૩—બીજા પ્રશ્નના જવાબમાં આ પ્રશ્નનો જવાબ સમાઈ જાય છે.

પ્ર. ૪—કૉન્ફરન્સના પદાધિકારીઓ માટે એવી શરત રખાય કે, તેઓ કૉન્ફરન્સના કાર્ય માટે સતત પોતાનો વખત આપી શકે. અને એની ખાસ ફુરસદ ધરાવનારાઓ જ પદાધિકારી બની શકે. જરૂર જણાય તો દરેક પદાધિકારી પોતાના કાર્ય માટે ઉપયોગી થાય તે સારું એકાદ ‘ડેપ્યુટી’ પદાધિકારીને નીમે. એટલે પદાધિકારીની કોઈ વખત ગેરહાજરી રહે નહીં. આમ કરવાથી એ સંસ્થા સતત કાર્ય કરતી બની શકે.

પ્ર. ૫—કૉન્ફરન્સે સરકારી કે બિનસરકારી, સામાજિક કે ચાલુ ધાર્મિક કાર્યમાં કોઈ અડચણ ઉત્પન્ન થાય તેમાં પણ ધૈર્યપૂર્વક ખંતથી કાર્ય કરતા રહેવું જ જોઈએ. અને તે માટે બહારના લોકોની મદદની જરૂર પડે તો તેમનો સહકાર મેળવવો જોઈએ. દરેક ક્ષેત્રમાં જુદા જુદા મંત્રીઓ હોવાથી વિકેન્દ્રીકરણ થઈ શકશે. એક જ ઠેકાણે બધા કામોનો બોજો નાંખવાથી દરેક કામ પૂર્ણ રૂપમાં સિદ્ધ થતું નથી. જેમ અધિવેશન પ્રસંગે જુદા ક્ષેત્રોમાં જુદા જુદા લોકો પોતાને રૂપે અને પોતાને અનુકૂળ એવા કાર્યોમાં ગોઠવાઇ જવાથી સામૂહિક કાર્ય સુધરી શકે છે તેમ જ જુદા જુદા ક્ષેત્ર (Department) માટે કાર્ય કરનારાઓ જુદા જુદા નીમાય છે તેથી કાર્યક્ષેત્ર મર્યાદિત થાય છે અને ઉત્સાહ વધે છે. આમ કરવાથી દરેક ક્ષેત્રે કાર્ય ચાલુ રહી શકશે.

પ્રશ્ન ૬—કાર્યવાહક સમિતિએ અનુકૂળ સમય મેળવી દેશના દરેક ભાગમાં મુખ્ય મુખ્ય ગામોમાં પ્રવાસ ગોઠવી અવિધિસરની સભા મેળવી લોકો સાથે સંપર્ક સાધવો જોઈએ. અને ત્યાંના લોકોના વિચારો સાંભળી ત્યાં કૉન્ફરન્સનું કાર્ય કરી શકે એવા લોકોની શોધ કરી તેમની સમિતિ સ્થાપન કરવી જોઈએ. અને એવી સમિતિએ પોતાના ભાગમાં પ્રવાસ ગોઠવી કૉન્ફરન્સના કાર્યની લોકોને માહિતી આપવી જોઈએ. અને ત્યાંની જરૂરીઆતને અનુસરી કેળવણી, સામાજિક સુધારા કે બીજા જૈન ઉત્કર્ષના કાર્યો ચાલુ રાખવાં જોઈએ. અને મુખ્ય કચેરી સાથે કાયમ સંપર્ક રાખવો જોઈએ. દરેક ભાગમાં કામ કરી શકે એવા લોકો મળી આવશે એમાં શંકા નથી. આમ કરવાથી કૉન્ફરન્સ વધુ લોકપ્રિય થઈ જીવંત સંસ્થા બની શકશે.

પ્રશ્ન ૭—કૉન્ફરન્સને સતત કાર્યાન્વિત રાખવી હોય તો આખા કાર્યનું વિકેન્દ્રીકરણ કરવું જોઈએ. દરેક વિષય માટે જુદી સમિતિ હોવી જોઈએ. એ સમિતિના 'ચેઅરમેન' 'સેક્રેટરી' વગેરે જુદા જુદા હોવા જોઈએ. અને તેનું કાર્યક્ષેત્ર તે તે વિષય પુરતું મર્યાદિત હોવું જોઈએ. અને દરેક પ્રાંતમાં પોતાના વિષયને લગતું કાર્ય કેવી રીતે ચાલે છે તે ઉપર ધ્યાન આપવું જોઈએ. એવી રીતે એ સમિતિ જો તપાસ રાખતી રહે તો કૉન્ફરન્સનું કાર્ય લોકોની નજર સામે આવતું રહે અને કૉન્ફરન્સ લોકપ્રિય થતી રહે.

પૂર્વોક્ત પ્રશ્નાવલિના જવાબો આપ્યા ઉપરાંત કૉન્ફરન્સના કાર્યને વેગ મળે તે માટે અમો કેટલીક સૂચનાઓ કરીએ છીએ.

સૂચના ૧—કૉન્ફરન્સના હસ્તક જે જુદા જુદા વિષય-પરત્વે કાર્યો ચાલતાં હોય તેમાં પગારદાર કાર્યક્ષમ માણસો નીમાવા જોઈએ. તેમજ તેમના કાર્યો ઉપર પુરેપુરી દેખરેખ રાખી તેને ઉત્તેજન અને બઢતી કે નીચેનું કાર્ય કરાવવા કે ફેરબદલી કરી જાગૃત રાખવું જોઈએ. મતલબ કે તેઓ હમેશ કાર્યરત રહે એવી તકેદારી રાખવી જોઈએ.

સૂચના ૨—દરેક પ્રાંતિક સમિતિને કાર્યની દિશા બતાવી ખરચ માટે જોગવાઈ કરી આપવી જોઈએ.

સૂચના ૩—કોઈ પ્રાંતમાં સમિતિ બરાબર કાર્ય કરતી ન હોય તો મુખ્ય કચેરી તરફથી તે તે વિષયના અધિકારીએ સંપર્ક સાધી ઘટતો સુધારો કરવો જોઈએ.

સૂચના ૪—સંસ્થાનું કાર્ય બરાબર રીતે ચાલુ રહે તે માટે સંસ્થા પાસે 'એક રીઝર્વ ફંડ' તરીકે રૂપીઆ દસ લાખ જેટલું ફંડ ઊભું કરવું જોઈએ.

સૂચના ૫—આ ફંડ આખા ભારતમાંથી ભેગું કરવું જોઈએ. અને જૈન શ્વેતામ્બર તરીકે ગણાતી દરેક વ્યક્તિનો તેમાં ફાળો હોવો જોઈએ.

સૂચના ૬—ફંડમાં નાણાં ભેગાં કરવા માટે પ્રાંતવાર સમિતિની નિમણૂક કરી તેમનો ફાળો નક્કી કરી તે ઉઘરાવવા યોજના કરવી જોઈએ. અને તે ભેગું કરવા માટે મુદત ઠરાવી આપવી જોઈએ.

સૂચના ૭—દરેક કામ 'ઓનરરી' માણસો જ પૂરું કરી ન શકે તે માટે જરૂર પડે ત્યાં પગારદાર માણસો પણ નીમવા જોઈએ.

સૂચના ૮—પહેલાં પ્રાંતિક સેક્રેટરીઓની નિમણૂક કરવામાં આવતી હતી. અને કૉન્ફરન્સનું અધિવેશન થવાનું હોય ત્યારે તેમની પાસેથી રિપોર્ટો માંગવામાં આવતા હતા. પણ તેમને કોઈ જાતનું ખર્ચ આપવામાં આવતું ન હતું. તેથી ઘણાં પ્રાંતો તરફથી રિપોર્ટો મળતાજ ન હતા. તેથી જ એ યોજના નિષ્ફળ નીવડી હતી.

સૂચના ૯—નાણાં ભેગા કરી તેની વહેંચણી માટે અનેક અનુભવીઓ અને વધુ કાર્યક્ષમ લોકોની સૂચના મંગાવવી યોગ્ય ગણાશે.

સૂચના ૧૦—શ્રીમાન માણસો પોતાનો વધુ વખત આપી શકતા નથી. એ અનુભવ ધ્યાનમાં રાખી મધ્યમવર્ગ-માંથી કાર્યકરો મેળવવા પ્રયાસ કરવો અને તેમનું બહુમાન સાચવી તેમની સેવાનો અનુભવ મેળવવો યોગ્ય થશે. હાલમાં કેળવણી વધી છે. તેથી યોગ્યમાર્ગથી પ્રયાસ કરવામાં આવે તો એવા કાર્યકર્તાઓ જરૂર મળી રહે તેમ છે.

## श्री प्रतापमल सेठीआ-मुंबई

प्रश्न :—१ संघठित शक्ति के बीना वर्त्तमानयुग मे कोइ समाज, जाति, धर्म आदि उन्नति नहीं कर सकते. जिसके पास शक्ति अटूट है पर वो छीनभिन्न है, बिखरी हुइ है, एकत्रित नही है तो वो अटूट शक्ति का भी कोइ मूल्य नही है। कोन्फरन्स ही एक ऐसी संस्था है जो समाज की शक्ति है अतःएव इसकी उपयोगीताके विषय में तो दो मत हो ही नही सकते। आजसे ५९ वर्ष पहले भी इसकी आवश्यकता महसुस कर यह स्थापन की गई तो वर्तमान युगमें तो वो आवश्यकता बहुत ज्यादा हो गइ है अतः इसकी उपयोगीता में तो कोइ इनकार कर ही नही सकता।

प्रश्न :—२ आज जो यह प्रश्नावलि पुछी जाती है यह बताती है कि कोन्फरन्स मे शिथिलता है, जनताका प्रेम व सहयोग बराबर नही है, पक्षपक्षी है खेंचातानी है। नही तो यह प्रश्नावलि पुछनेका मोका नही आता। इसलिए यह विचार करना है कि क्यों एसा हो रहा है और उसका उपाय क्या है इस संबन्ध मे मेरी दृष्टि में जो आता है निवेदन करता हुं।

(क) संस्था की उन्नति-अवनति का सारा आधार प्रायः मन्त्रीपर निर्भर होता है। यदि मन्त्री समय का भोग देनेवाला निःस्वार्थ सेवाभाव से अपने आप को संस्था के अर्पण कर देता है तो संस्था कि उन्नति में कोइ शंका ही नही हो सकती। वर्तमान के मन्त्री महोदय की योग्यता में कोइ कसर नही है पर समय का भोग जितना चाहिये वो नही दे सकते है। यहां तो हमैशा बहुतसा समय देनेवाले की आवश्यकता होती है अतएव सर्व प्रथम तो इस बातपर पुरा ध्यान देना आवश्यक है।

(ख) स्टेन्डीग कमेटी के व कार्यकारिणी के सदस्य भी एसे हो जो परस्पर मिलजुलकर काम करे। वर्तमान में मैं देखता हुं कि इसका पुरा अभाव है। जब मीटींग होती है तो प्रायः एकदुसरे की आलोचना ही अधिकतर होती है। सदस्यों के हृदय में तो यह भाव होने चाहीये के हमारे मेंसे किसी ने भी कुछ कीया या मन्त्री ने कीया तो संस्था के हित के लिए ही किया है। उनपर इतना विश्वास होना चाहिये। गलती होना तो स्वभाविक है पर उनकी गलती वो हमारी है, हमारी है वो उनकी है, इस प्रकार की भावनाके साथ काम करना चाहिये। स्टेन्डींग कमेटी व कार्य कारिणी कमेटी कोइ वाद विवाद का स्थल नहीं है। वो तो परस्पर मिलकर काम करनेके लिए नियुक्त की जाती है परन्तु देखा यह जाता है के, यदि मेरी राय नहीं मानी गइ तो मैं शीघ्र विरोधी बनकर आलोचना करने लग जाता हुं यह चीज अवांछनिय है और संस्था के लिए घातीक है। इससे कोइ भी काम करने के लिए उत्साहित ही नही होता है और जब कोइ काम नही होता है तो संस्था के प्रति जनताका प्रेम व आकर्षण नही होना स्वभाविक हो जाता है और वोही संस्था के कम जोरीका कारण हो जाता है। अतएव यह सदस्य व मन्त्री सब बहुत प्रेम के साथ मिलजुल कर काम करनेवाले उदार विचार वाले, संप्रदाय, संघाडा-गच्छ, जाति, कोम आदि के पक्षपातरहित हो, विरोधी विचारवाले न हो तो बहुत उन्नति हो सकती है।

(ग) श्वेतांबर मूर्तिपूजक संप्रदाय में भी गच्छादि के नामसे पृथक पृथक क्रियाकांड होते है जो सब जानते है और सबकी प्रायः पृथक पृथक संस्थाएं भी है तो उन सब संस्थाओं से संपर्क उनके प्रतिनिधिओ को लेकर यदि कार्य कीया जाय तो कोन्फरन्स का अधिकांश भार कम हो जाय। उन संस्थाओं के प्रतिनिधि अपनी अपनी क्रिया करते हुवे भी उदार विचारवाले हो। एक दुसरों की क्रिया-कांडोपर आक्षेप व टिका टिप्पण न करते सबके साथ प्रेम से मूलभुत सिद्धांतो पर वा महत्व के प्रश्नों पर सबके सहयोगके साथ काम करे।

(घ) संस्थाको जनताका प्रेम प्राप्त करने का भरसक प्रयत्न करना चाहिये। शीर्फ कहनेसे व भाषणो से यह चीज नही मिल सकती उनके संपर्क मे जितना हो सके अधिकसे अधिक आना चाहिये। उसके विचारो को जानना उनकी भावनाको समजना उनको जितना सहयोग देसके देना इससे जनता का प्रेम व उनका आकर्षण संस्था के प्रति होगा और यह होना ही संस्था की मजबूती है। अतः यह प्रयत्नकी तरफ लक्ष होना चाहिये जिसका वर्तमानमें अभाव नजर आता है।

(ङ) यह संस्था अखिल भारतीय होते हुवे भी केवल गुजराती समाज की हो और गुजरात तकही सिमित हो ऐसा अधिकतर लगता है और इस कारण से मारवाड, मेवाड, मालवा आदि की जनता का प्रेम व आकर्षण इसकी तरफ बहुत कम है। अतएव उनका भी प्रेम व

आकर्षण हो इसको ध्यान में रखकर कार्य करना चाहीये।

इन सब का सारांश यह है के मन्त्री, पदाधिकारी, कार्यकारिणी के सदस्य, एवं स्टेन्डींग कमेटी के सदस्य, व अन्य जो भी समिति हो उनके सदस्य सब समय का भोग देकर परस्पर एकदील होकर काम करनेवाले हो। बहुत उदार विचारवाले हो, अपनी अपनी क्रिया करते हुवे भी पक्षपात रहित सबके साथ प्रेम के साथ काम करनेवाले हो, तो सारी कमजोरीयां दुर होकर सरकारी, बीनसरकारी, उद्योगगृह, भोजनशाला, साहित्य, शिक्षण आदि के तमाम काम हो सकते है। अमुक नही करना ऐसा प्रश्न ही नही रहता है आर्थिक समस्या भी हल हो सकती है। मुख्य सारा आधार कार्यकर्ता पर निर्भर है। मेरी समज में जो आया वो लिखा है यदि अनुचित लिखा गया हो तो क्षमा करे।

卐



આપની જ

# મોહિની મીલ્સનું

કાપડ વાપરો

卐

મેનેજીંગ એજન્ટસ

## ચક્રવર્તી સન્સ ઍન્ડ કું.

: રજીસ્ટર્ડ ઑફીસ :

૨૨, કેનીંગ સ્ટ્રીટ, કલકત્તા

卐

સૌ કોઈને પોસાય તેવા વધતા ઓછા અને વ્યાજબી ભાવે કાપડના દરેક વેપારી પાસેથી આ મીલ્સનું કાપડ મળે છે.

મીલ નં. ૧ કુશ્ટીઆ
(પૂર્વ પાકિસ્તાન)

મીલ નં. ૨ બેલઘરીઆ
(કલકત્તા)

**KHANDELWAL FERRO ALLOYS LIMITED**

Manufacture of Ferro Manganese

**KHANDELWAL UDYOG PRIVATE LIMITED**

Structural Engineering and Machinery Manufacture

**KHANDELWAL BROS PRIVATE LTD.**

Khandelwal Bhavan
166, Dr. Dadabhai Naoroji Road,
BOMBAY

Also at:
CALCUTTA DELHI MADRAS

Overseas:
KHANDELWALS LTD. London
K. A. EXPORT CORPORATION New York

**KHANDELWAL MINING & ORES PRIVATE LIMITED**

Mining and Marketing of Ores

**KHANDELWAL LABORATORIES PRIVATE LIMITED**

Manufacture of Pharmaceuticals

Modified
DESIGN




'Diamond'

PURE GOLD BARS
OF
MANILAL CHIMANLAL & CO.

AVAILABLE IN 5, 1, 1/2 & 1/4 TOLA

WE BUY OLD GOLD AND SILVER ORNAMENTS AND OTHER ARTICLES.

PHONE: 20898

MANILAL CHIMANLAL & CO.
188, SHROFF BAZAR, BOMBAY 2

GRAM: "KAKALJI"

સોનું-ચાંદી-પ્લેટિનમ તથા જરી ગાળવાનું શુદ્ધ
કારખાનું તથા ટચ કાઢવાનું ભરોસાપાત્ર મથક

NATIONAL REFINERY
NR
BOMBAY

નેશનલ રિફાઇનરી છાપની ચાંદી

રિઝર્વ બૅંક ઑફ ઇન્ડિયા, મુંબઈ, બોમ્બે બુલિયન એસોસિએશન લિ. મુંબઈ ૨
તેમજ
ઇન્ડિયા ગવર્નમેન્ટ મિન્ટ, મુંબઈએ માન્ય રાખેલ છે
N. R. છાપ સિલ્વર નાઇટ્રેટ બનાવનાર અને વેચનાર

લૅબોરેટરી અને રિફાઇનરી
૮૭, તારદેવ રોડ, મુંબઈ નં. ૭
ફોન નં. ૪૨૭૯૫

મરચન્ટ્સ બુલિયન મૅલ્ટિંગ
ઍન્ડ એસેઇંગ ડિપાર્ટમેન્ટ
ધનજી સ્ટ્રીટ, મુંબઈ- ૩. તાર : ARGOR

*With Compliments from*

# KAMANIS

*Manufacturers of*

TRANSMISSION LINE TOWERS
TRACK STRUCTURES
SUBSTATION STRUCTURES
AERIAL MASTS

**Kamani Engineering Corpn. Ltd.**

**Agra Road, Kurla**

**BOMBAY, 70.**

# ઋષભદેવનું વૈરાગ્યનિમિત્ત

ડૉ. હરિવલ્લભ ભાયાણી, એમ. એ., પીએચ. ડી.

વિમલસૂરિના 'પઉમચરિય'ના ત્રીજા સમુદ્દેશમાં ઋષભદેવનું ચરિત્ર આપેલું છે. રાજ્યસુખ ભોગવ્યા પછી તેમને વૈરાગ્ય ઉત્પન્ન થયાની વાત કરતાં તેમાં આ પ્રમાણે કહ્યું છે: એ પ્રમાણે ઉત્તમ રાજ્યશ્રી ભોગવતાં કેટલોક કાળ વ્યતીત થયો. (પછી એક વાર) 'નીલ વસ્ત્ર જોઈને' તેઓ સંવેગપરાયણ થયા.

મૂળ શબ્દો નીલં વાસં દટ્ઠું એમ છે. શબ્દાર્થ સ્પષ્ટ છે, પણ ભાવાર્થ નથી. નીલ વસ્ત્ર જોવાને અને નિર્વેદ આવવાને શો સંબંધ? પહેલાં ગાઢ રંગવાળું વસ્ત્ર જોયું, પછી કાળાંતરે તે જ વસ્ત્રનો રંગ ઊપટી ગયેલો જોયો ને જગતની ક્ષણભંગુરતા જાણી વૈરાગ્ય આવ્યો: એવું કાંઈક નિરૂપણ હોય તો સમજી શકાય, પણ અહીં તો માત્ર 'નીલ વસ્ત્ર જોયું ને ચિત્ત સંવેદપરાયણ થયું' એવી વાત છે.

દિગંબરાચાર્ય રવિષેણનું પદ્મચરિત (૭મી શતાબ્દી) વિમલસૂરિની કૃતિના જ સંસ્કૃતમાં કરેલા પલ્લવિત અનુવાદ જેવું છે. તેમાં આ વાત જરા જુદી રીતે આપી છે. તેમાં નીલાંજના નામની અપ્સરાને જોઈને વૈરાગ્યભાવનો ઉદ્‌ભવ થયાનો અછડતો ઉલ્લેખ છે. (પર્વ ત્રીજું, શ્લોક ૨૬૩). પણ તે સંબંધે કશી વધુ વિગત નથી. એટલે એ પણ અસ્પષ્ટ છે.

હેમચંદ્રાચાર્યના 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત'—(આ. ઈ. સ. ૧૧૭૦)માં તદ્દન જુદું જ નિરૂપણ છે. તે પ્રમાણે વસંતઋતુમાં પ્રભુ એક વાર ઉદ્યાનમાં ગયા. ત્યાં વસંત-ક્રીડા જોતાં તેમને થયું કે આવી જ ક્રીડા મેં ક્યાંક પહેલાં જોઈ છે. અવધિજ્ઞાનથી જાણ્યું કે અનુત્તર સ્વર્ગમાં મેં આવું સુખ ભોગવેલું. અને આ ઉપરથી આવાગમનરૂપી સંસાર પર તેમને વૈરાગ્ય આવ્યો (પર્વ ૧, સર્ગ ૨, શ્લોક ૧૦૧૭ અને પછીના). અહીં નીલ વસ્ત્રની કે નીલાંજના અપ્સરાની કશી વાત જ નથી. કોઈ જુદી જ પરંપરાનો વૃત્તાંત જણાય છે.

સ્વયંભૂકૃત અપભ્રંશ મહાકાવ્ય 'પઉમચરિય' (આ. ઈ. નવમી સદી) રવિષેણની કૃતિને આધારે થયેલી રચના છે. તેમાં બીજા સંધિમાં આ પ્રસંગ નીચે પ્રમાણે છે:

ઋષભદેવે દીર્ઘકાળ રાજ્ય કર્યાં પછી, તેમને ભોગાસક્ત જોઈને ઇંદ્રે વૈરાગ્ય ઉત્પન્ન કરાવવા એક યુક્તિ રચી. જેનું આયુષ્ય પૂર્ણ થવા આવ્યું હતું તેવી નીલાંજના નામક અપ્સરાને પ્રભુ પાસે નૃત્ય કરવા મોકલી. નૃત્ય કરતાં તે નિષ્પ્રાણ થઈને પડી. આ બનાવથી ઋષભદેવને વૈરાગ્ય આવ્યો.

આ વૃત્તાંતમાં રવિષેણના સંક્ષિપ્ત ઉલ્લેખની સ્પષ્ટતા થઈ જાય છે. પઉમચરિયની એક પ્રતિમાં નીલંજણને બદલે નીલંજસ એવું પાઠાંતર પણ મળે છે.

પુષ્પદંતના અપભ્રંશ 'મહાપુરાણ' (ઇ. ૯૫૮–૬૫)માં સ્વયંભૂની જેમ જ પ્રસંગ આપ્યો છે. નૃત્ય કરતાં મૃત્યુ પામેલી અપ્સરાને જોઈ ઋષભદેવને થાય છે કે જેમ નવરસ દર્શાવીને 'નીલંજસ' ગઈ, તેમ બીજા સૌ પણ જશે (સંધિ ૬ ને ૭). અહીં અપ્સરાનું નામ 'નીલંજસ' છે.

અપ્સરાવાળી જ વાત, પણ જરા જુદા રૂપમાં જિનસેનના 'મહાપુરાણ' (ઇ. ૮૫૦–૭૫)માં મળે છે. તે પ્રમાણે નૃત્ય દેખાડવા આવેલા ઇંદ્રને ચિંતા થાય છે કે ભગવાન રાજ્યભોગોથી કઈ રીતે વિરક્ત થાય? એટલે તે ક્ષીણ આયુષ્યવાળી નીલાંજના અપ્સરાનું નૃત્ય ગોઠવે છે. તેનું આયુષ્ય પૂરું થતાં તે નાચતાં નાચતાં જ અદૃશ્ય થાય છે. પણ રસભંગ ન થવા દેવા માટે ઇંદ્ર નીલાંજનાને સ્થાને તેના જેવી જ બીજી મૂર્તિ ગોઠવી દે છે. પણ ભગવાન એ પામી જાય છે અને યૌવન, શરીર, ઐશ્વર્ય —અરે, આખું જગત પણ ભંગુર હોવાના વિચારો આવતાં સંવેગભાવ અનુભવે છે.

આ ઉપરથી જોઈ શકાશે કે એક 'ત્રિષષ્ટિ'વાળા વૃત્તાંતને બાદ કરતાં, સર્વત્ર અપ્સરાનું મૃત્યુ વૈરાગ્યકારણ બન્યું હોવાની વાત છે. અપ્સરાનું નામ ક્યાંક 'નીલાંજના' તો ક્યાંક 'નીલંજસા' છે.

વિમલસૂરિના 'પઉમચરિય'માં મૂળમાં અપ્સરાને જોઈને ઋષભદેવને સંવેગપરાયણતા ઉત્પન્ન થઈ એવું નિરૂપણ હોવાનો પૂરતો સંભવ છે. અને તો લાગે છે કે નીલં વાસં ને બદલે નીલંજસા જેવો પાઠ હોવો જોઈએ. 'પઉમચરિય'નો જળવાયેલો પાઠ અનેક સ્થળે ભ્રષ્ટ હોવાનું જણાય છે એ ભૂલવું ન જોઈએ. પણ નીલંજસા એવો તો મૂળપાઠ ન હોઈ શકે, કેમ કે તેથી છંદ તૂટે છે. નીલંજસ્સા જેવું કાંઈક હોય તો છંદ પણ જળવાઈ રહે, અને ભાવાર્થની પણ સ્પષ્ટતા થઈ રહે.



# મથુરાના "વોદ્દ–થૂપ"ની તીર્થંકર પ્રતિમા

ડૉ. ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ, એમ. એ., પીએચ. ડી.

લખનૌ મ્યુઝિયમમાં નં. જે. ૨૦ વાળું એક મથુરાનું પ્રાચીન જૈન શિલ્પ છે. આ શિલ્પ કુષાણકાલીન કોઈ તીર્થંકર પ્રતિમાનું આસન છે. ઉપરનો ભાગ અને આસનનો જમણી બાજુનો અડધો ભાગ તૂટી ખોવાઈ ગયા છે. ઉપલબ્ધ ભાગનું ચિત્ર આ સાથે આપ્યું છે.

મધ્યમાં ત્રિરત્ન ચિહ્ન ઉપર ધર્મચક્ર ગોઠવેલું છે. આની ડાબી બાજુએ ચાર ભાવિક સ્ત્રીઓ છે, જે સાધ્વી હોવાનો સંભવ છે. જમણી બાજુએ સાધુઓ હશે, જેમાંની એક મૂર્તિ ખંડિતરૂપે જળવાઈ રહી છે. આથી ડાબી બાજુની આકૃતિઓ શ્રાવિકાઓને બદલે સાધ્વીઓની માનવા મન લલચાય છે. જો આ અનુમાન બરાબર હોય તો તત્કાલીન એટલે ઈ. સ. બીજા-ત્રીજા સૈકા આસપાસમાં જૈન સાધુ અને સાધ્વીઓના વેશ પરત્વે આપણને બહુ ચોક્કસ માહિતી આ શિલ્પમાંથી મળી રહે છે.

આસન ઉપર, ઉપરના ભાગમાં બે લીટી અને નીચેના ભાગે એક લીટીનો, ખંડિત લેખ છે. બ્યુલ્હર, ફ્યુરર અને સ્મિથ એ ત્રણે વિદ્વાનોએ એને નીચે મુજબ વાંચેલો :—

લીટી ૧—सं ७० ९ वं (અથવા व्र) ४ दि २० एतस्यां
पूर्व्वायं (यां) कोट्टिये गणे वइरायां शाखायां...

લીટી ૨—को अय (आर्य) व्रधहस्थि अरहतो
नन्दि [आ] वर्तस प्रतिमं (मां) निवर्तयति ।

લીટી ૩—भार्य्यये श्राविकये [दिनाये] दानं प्रतिमा **वोद्वे**
**थूपे देवनिर्मिते** प्रि (અથવા प्र)

ઉપર પ્રમાણે વાંચતા अर्हत् नन्दिआवर्त તે કોણ એ શંકા ઉઠતાં, જેનું લાંછન नन्दिआवर्त (नन्द्यावर्त) છે તે અરનાથ એવો અર્થ ઘટાવવામાં આવતો. વાસ્તવિક રીતે ઋષભદેવને બાદ કરતાં કોઈપણ તીર્થંકરનું નામ તેમના લાંછન સાથે કોઈ સંબંધ ધરાવતું નથી. અને ઋષભદેવનું નામ પણ તેમના લાંછન ઉપરથી જ પડ્યું કે નામ અને લાંછનનું સામ્ય આકસ્મિક હતું એ કોઈ જાણતું નથી, જોકે ઉરુ ઉપર વૃષભના લાંછનવાળા તે ઋષભનાથ એવી નિરુક્તિ કરવામાં આવી છે. એટલે આ લેખમાં अर्हत् नन्द्यावर्त એ નામ ગૂંચવણ પેદા કરતું હતું.

ડૉ. કે. ડી. બાજપાઈએ આ લેખ તપાસી બીજી લીટી બરોબર ફરી નીચે પ્રમાણે સુધારી વાંચી છે તે વ્યાજબી જણાય છે :—

લીટી ૨ (સુધારેલું વાંચન)—**को अय व्रधहस्थि**
**मुनिर्सुव्रत** (त) **स प्रतिमां निर्वर्तयति ।**

આમ આ પ્રતિમા મૂળ મુનિસુવ્રતનાથની હતી એ હવે નિર્વિવાદ છે. સં. ૭૯ એ શક સંવત્ ગણતાં, ઈ. સ. ૧૫૭માં આ પ્રતિમા પ્રતિષ્ઠિત થઈ હતી એમ જણાય છે.

ઉપરના લેખમાં **वोद्वे थूपे** એટલે વોદ્વ સ્તૂપ અને વોદ્વ એ નામ અથવા votiveના અર્થમાં સ્તૂપનું વિશેષણ લેવામાં આવતું.

વાસ્તવિક રીતે આ લેખની ત્રીજી લીટીમાં **प्रतिमा वोद्वे थूपे** એમ નહીં વાંચતાં **प्रतिमावो** (वे) **द्वे थूपे देवनिर्मिते** એમ વાંચવું ઉચિત છે. એમ વાંચવાથી અર્થ વધુ સ્પષ્ટ થાય છે. આ રીતે "દેવનિર્મિત વોદ્વ સ્તૂપમાં" એમ નહીં પણ "દેવનિર્મિત સ્તૂપમાં બે પ્રતિમાઓ" એમ અર્થ ઘટાવવાનો છે. બેઉ પ્રતિમાઓ મુનિસુવ્રત સ્વામીની જ હોય એમ અનુમાન કરી શકાય. આવી રીતે એક જ તીર્થંકરની બે પ્રતિમાઓ પ્રતિષ્ઠિત થઈ હોય તો તેમાં કાંઈ અજુગતું નથી.

સદરહુ લેખમાં ઉપરનો સુધારો ડૉ. લ્યુડર્સે પાછળથી કરેલો પણ તે આજ સુધી પ્રસિદ્ધ થયો નથી. ડૉ. આલ્સડૉર્ફે મારા ઉપર અંગત પત્રમાં આ લખી જણાવ્યું છે અને ત્રીજી લીટીનો આ રીતે ડૉ. લ્યુડર્સે ઘટાવેલો અર્થ મને પણ યોગ્ય લાગે છે.



मीरपुरना जैन मंदिरना कलामय स्तंभो, दरेक स्तंभ परनी
कोतरणी तेमज रचना अनोखी अने अर्थसूचक छे.

फोटो : श्री जगन महेता ]

# ભગવાન તીર્થવિત્ અર્થાત્ જૈન તીર્થંકર ભગવાનનો મહાભારતમાં ઉલ્લેખ

શ્રી ઉપેન્દ્રરાય જયચંદભાઈ સાંડેસરા

ભારતીય સાહિત્ય અને વૈદિક ધર્મના સર્વસંગ્રહાત્મક અપૂર્વ ગ્રન્થ મહાભારતમાં વેદ, ઉપનિષદ, સાંખ્ય, યોગ વગેરેનું રહસ્ય બહુ સરળ અને રસમય રીતે નિરૂપાયેલું છે તે વાત સર્વવિદિત છે. તેવી જ રીતે એમાં જૈન ધર્મના કેટલાક ઘણા મહત્ત્વના સિદ્ધાંતો પણ સરળ રીતે નિરૂપાયેલા છે. અને એમ કરીને જ્યાં જે કંઈ સારું હોય તે આત્મસાત્ કરવાની ઉચ્ચ પ્રણાલીનું તેજસ્વી ઉદાહરણ રજૂ કરવામાં આવ્યું છે.

મહાભારત, શાંતિપર્વ (ભાંડારકર ઓ. ઇ. ની વાચના) અ. ૩૧૬, શ્લોક ૫૩ થી ૫૯ માં નારદ ઋષિ શુકદેવને સનત્કુમારે ઉપદેશેલ તત્ત્વવિદ્યા ઉપર વિવેચન કરી સમજાવે છે તેવો પ્રસંગ છે. તેમાં "ભગવાન તીર્થવિત્ અર્થાત્ તીર્થંકર ભગવાને કહેલા ઉપદેશ" તરીકે કર્મના નિયમ, કર્મબંધ અને તેમાંથી મુક્તિ પ્રાપ્ત કરવા વિષે હૃદયંગમ નિરૂપણ કરેલું છે, તે જાણવું બહુ રસપ્રદ થઈ પડશે.

अनादिनिधनं जन्तुमात्मनि स्थितमव्ययम्।
अकर्तारममूर्तं च भगवानाह तीर्थवित् ॥ १२–३१६–५३
यो जन्तुः स्वकृतैस्तैस्तैः कर्मभिर्नित्यदुःखितः।
स दुःखप्रतिघातार्थं हन्ति जन्तूननेकधा ॥५४॥
ततः कर्म समादत्ते पुनरन्यन्नवं बहु।
तप्यतेऽथ पुनस्तेन भुक्त्वा पथ्यमिवातुरः ॥५५॥
अजस्रमेव मोहार्तो दुःखेषु सुखसंज्ञितः।
बध्यते मथ्यते चैव कर्मभिर्मन्थवत्सदा ॥५६॥
ततो निवृत्तो बन्धात्स्वात्कर्मणामुदयादिह।
परिभ्रमति संसारं चक्रवद्बहुवेदनः ॥५७॥
स त्वं निवृत्तबन्धस्तु निवृत्तश्चापि कर्मतः।
सर्ववित्सर्वजित्सिद्धो भव भावविवर्जितः ॥५८॥
संयमेन नवं बन्धं निवर्त्य तपसो बलात्।
संप्राप्ता बहवः सिद्धिमप्यबाधां सुखोदयाम् ॥५९॥

પ્રાણીઓના શરીરમાં રહેલો આત્મા આદિ અંતથી રહિત, અવ્યય, અકર્તા અને અમૂર્ત છે, એમ **ભગવાન તીર્થવિતે** કહ્યું છે. પોતે કરેલાં કર્મથી કાયમ દુઃખી રહેતું પ્રાણી એના પ્રતિઘાત માટે અનેક પ્રાણીઓને હણે છે. તેનાથી બીજાં અનેક (હિંસક) કર્મો એકઠાં કરે છે, અને જેમ રોગી અપથ્યાહારથી વધુ રોગિષ્ઠ થાય છે એમ ફરીથી (હિંસક કર્મવિપાકથી) દુઃખી થાય છે. કાયમ મોહમાં ફસાઈને, જેમ વલોણાથી દહીં મથવાની ક્રિયા થાય છે (વલોણાને બાંધવામાં, મથવામાં અને પાછું છોડવામાં આવે છે) એમ એ કર્મ ઉદય વડે 'સુખ' એવી સંજ્ઞાવાળાં દુઃખોમાં બંધાય છે, મથાય છે અને છૂટો થાય છે. એમ સંસારમાં ચક્રની જેમ ફરીને બહુ વેદના પામે છે. (હે શુકદેવ!) તું એ (કર્મ) બન્ધમાંથી નિવૃત્ત થા, (નવાં) કર્મથીયે નિવૃત્ત થા, **સર્વવિત તથા સર્વજિત્** થા, અને (સંસારના) ભાવોને ત્યજીને સિદ્ધ થા. સંયમથી નવાં અને તપના બળથી બીજા (કર્મ) બંધોને દૂર કરી અનેક પુરુષો નિર્બાધ અને સુખોદયી સિદ્ધિને પામ્યા છે.

આ ઉપદેશમાં કર્મબન્ધથી નિવૃત્ત થવાની, નવાં કર્મથી નિવૃત્ત થવાની અને સર્વવિત્ તથા સર્વજિત્ અર્થાત્ સર્વજ્ઞ અને જિન થઈને સિદ્ધ થવાની શિક્ષા આપવામાં આવી છે, તે જૈન ધર્મના સિદ્ધાંત સાથે આબેહૂબ મળતી આવે છે, એ સ્પષ્ટ છે.

卐


Quality is the keynote
The superiority of the texture and quality of paper is determined by the superiority of the machines used to manufacture it. The West Coast Paper Mills incorporate machinery which are modern and automatic, unique in India's Industrial development. The West Coast Paper Mills produce writing, printing and kraft varieties of paper.
THE WEST COAST PAPER MILLS LTD
Dandeli, North Kanara Dist.
Regd Office: Shreeniwas House, Waudby Road, Bombay 1
Phone 268241

# અર્હત્ ભગવત્: સદ્દેવ મહાપ્રતિષ્ઠા

ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા, એમ. બી., બી. એસ

['યોગદૃષ્ટિ સમુચ્ચય'ના વિદ્વાન વિવેચનકર્તા ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતાની તત્ત્વદર્શીની લેખિનીથી મહર્ષિ શ્રીહરિભદ્રાચાર્યજી પ્રણીત "**લલિતવિસ્તરા**" (ચૈત્યવન્દન-સૂત્રવૃત્તિ) પર "ચિદ્દહેમવિશોધિની" ટીકા નામક વિસ્તૃત વિવેચન લખવામાં આવ્યું છે; આ 'લલિતવિસ્તરા' ગ્રંથના વિવેચનકર્તા (ટીકાકર્તા) ડૉ. ભગવાનદાસના ઉપોદ્‌ઘાતમાંથી સાભાર ઉધૃત. મહાવીરશાસનની મહાપ્રતિષ્ઠા કરનારો આ સવિવેચન સંપૂર્ણ ગ્રંથ મહાવીર જન્મકલ્યાણકના પવિત્ર દિને શ્રીમતી કંચનબેન ભગવાનદાસ મહેતા અને જૈન એસોસિએશન ઑફ ઇન્ડિયા તરફથી પ્રગટ થશે.

—સંપાદક "જૈન યુગ"]

"એહ અહાર દૂષણ વરજિત તનુ, મુનિજન વૃંદે ગયા;
અવિરતિરૂપક દોષનિરૂપણ, નિર્દૂષણ મન ભાયા."

—**શ્રી આનંદઘનજી**

'જેહના ધર્મ અનંતા પ્રગટ્યા, જે નિજ પરિણતિ વરિયો;
પરમાતમ જિનદેવ અમોહિ, જ્ઞાનાદિ ગુણ દરિયો...
રે સ્વામી."

—**શ્રી દેવચંદ્રજી**

### 'પુષ્ટ આલંબન' : પુષ્ટ નિમિત્ત સિદ્ધ દેવ

હવે આ ઉક્ત સમસ્ત સાધનમાં પણ ઉત્કૃષ્ટ એવો ભક્તિયોગ જે આ ભગવાન્ સદ્દેવના અવલંબને સાધ્ય-સાધવા યોગ્ય છે, તે સદ્દેવરૂપ વિશિષ્ટ ઉત્કૃષ્ટ અવલંબન-સાધનનો વિશેષ વિચાર કરવાનું અત્ર આ ભગવદ્‌ભક્તિમય ગ્રંથના પ્રસંગથી પ્રાપ્ત થાય છે. સત્સાધકને સાધ્ય-સાધવા યોગ્ય સાધ્યધર્મ જેણે સિદ્ધ કર્યો છે, તે જ ઇષ્ટ સાધ્ય ધર્મની સાધનામાં સત્સાધકને પરમ ઉપકારી-પરમ ઉપયોગી '**પુષ્ટ આલંબન**'-રૂપ સાધન છે. **ભક્તશિરોમણિ દેવચંદ્રજી** મહામુનિ જેને '**પુષ્ટ નિમિત્ત**' તરિકે બિરદાવે છે, તે જ આ છે. જેમ પુષ્પ-ફુલમાં તિલવાસક વાસના રહી છે તે પુષ્ટ નિમિત્ત છે, તેમ સાધ્ય ધર્મ જેમાં રહ્યો છે તે 'સિદ્ધ' પુષ્ટ નિમિત્ત છે. અર્થાત્ તેલ છે તેને ફૂલની વાસનાથી સુગંધિત બનાવવું છે, તે માટે જેમાં તે વાસ વિદ્યમાન છે તે સુગંધી ફૂલ 'પુષ્ટ' નિમિત્ત છે-બળવાન્ નિમિત્ત છે; તેમ આ આત્મા છે, તેને શુદ્ધ આત્મસ્વભાવરૂપ સાધ્ય ધર્મની સિદ્ધિથી સિદ્ધ બનાવવો છે, તે માટે જેમાં તે સાધ્યધર્મ પ્રગટ વિદ્યમાન છે તે ભગવાન્ સિદ્ધ દેવ 'પુષ્ટ' નિમિત્ત છે, બળવાન્ ઉપકારી સાધન છે અને આ સિદ્ધ દેવ પુષ્ટ આલંબન નિમિત્ત છે; આ સિદ્ધ દેવની સેવા તે ઉપાદાન આત્માને ઉપાદાનકારણપણે પ્રગટ કરે છે. કાર્ય-ગુણના કારણપણે જે કાર્ય છે તે અનુપમ કારણ છે; અર્થાત્ કોઈ પણ કાર્ય કરવું હોય, તેમાં જેણે તે કાર્ય સિદ્ધ કર્યું હોય-પ્રગટ અનુભવસિદ્ધ કરી જીવતું જાગતું જ્વલંત ઉદાહરણ પ્રગટ કર્યું હોય, તે કાર્ય જ અનુપમ કારણ છે; તેમ ભગવાન્‌ની સકલ સિદ્ધતારૂપ જે કાર્ય છે, તે સત્સાધક ભક્તજનને ઉત્તમ અનુપમ સાધનરૂપ થઈ પડે છે. અને તેવા પ્રકારે પરમ ભાવિતાત્મા **મહાગીતાર્થ દેવચંદ્રજી મહામુનિએ** અપૂર્વ ભાવથી સંગીત કર્યું છે—

"સાધ્ય સાધ્ય ધર્મ જે માંહી હુવે રે, તે નિમિત્ત અતિ પુષ્ટ;
પુષ્પ પુષ્પ માંહી તિલવાસક વાસના રે, નવિ પ્રધ્વંસક
દુષ્ટ...ઓલગડી.
કાર્ય ગુણકારણપણે રે, કારણ કાર્ય અનૂપ;
સકલ સિદ્ધતા તાહરી રે, માહરે સાધનરૂપ... સંભવ."

—**શ્રી દેવચંદ્રજી**

### દીવામાંથી દીવો : આદર્શ તેવી સિદ્ધિ

જે દીવો પ્રગટ્યો છે તેમાંથી અસંખ્ય દીવા પ્રગટી શકે છે, તેમ જેમાં પરમાત્મજ્યોતિ પ્રગટી છે, તેમાંથી અસંખ્ય આત્માઓ પોતાની પરમાત્મજ્યોતિ પ્રગટાવી શકે છે. પરમ ભાવિતાત્મા **શ્રી પૂજ્યપાદ સ્વામીજીનું** સુભાષિત છે કે-'વાટ જેમ દીવાને ઉપાસી તેવી (દીવો) થાય છે, તેમ ભિન્ન આત્માને ઉપાસી આત્મા તેવો પર (પરમાત્મા) થાય છે,' આમ પરમાત્મસ્વરૂપ

સદ્દેવનું અવલંબન જીવને પરમ ઉપકારી સાધન થાય છે, આ દેવતત્ત્વ આત્મસિદ્ધિના અને આત્મશુદ્ધિના ઉત્તમ નિમિત્તકારણરૂપ-પ્રબલ પુષ્ટ આલંબનભૂત મુખ્ય આધારસ્થંભ છે. માટે આ સદ્દેવનું સ્વરૂપ મુમુક્ષુ આત્માએ સમ્યક્પણે જાણવું જોઈએ. કારણ કે દેવ એટલે આરાધ્ય આદર્શ. જેવો આદર્શ તેવી સિદ્ધિ થાય. 'यादृशी भावना तादृशी सिद्धिः' આદર્શ શુદ્ધ હોય-સત્ હોય તો સિદ્ધિ પણ શુદ્ધ હોય-સત્ હોય; આદર્શ અશુદ્ધ હોય-અસત્ હોય, તો સિદ્ધિ પણ તેવી જ હોય. શુદ્ધને ભજે તે શુદ્ધ થાય, અશુદ્ધને ભજે તે અશુદ્ધ થાય; સરાગીને સેવે તે સરાગી થાય, વીતરાગીને સેવે તે વીતરાગી થાય. માટે આદર્શશુદ્ધિ-આરાધ્ય સદ્દેવતત્ત્વની શુદ્ધિ અવશ્ય કરવી જોઈએ.

ત્યારે સદ્દેવ કોણ? અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંતવીર્ય એ સદ્ભૂત દિવ્ય આત્મગુણરૂપ આત્માનું પરમ ઐશ્વર્ય પરમ આત્મપુરુષાર્થથી આવિર્ભૂત કરી, જે પરમેશ્વર પરમ દિવ્યગતિને—મુક્તિને પામ્યા તે સદ્દેવ; અને મુમુક્ષુને ઇષ્ટ-ઇચ્છિવા યોગ્ય પરમોત્તમ ગુણગણનું એક ધામ હોવાથી તે જ ઇષ્ટ. આમ જ્ઞાનાદિ અનંત ઐશ્વર્યસંપન્ન પરમેશ્વર પરમાત્મા એવા શુદ્ધ સિદ્ધ આત્મા એ જ સર્વ સાચા આત્માર્થી મુમુક્ષુઓના પરમ આરાધ્ય, પરમ અર્હત્-પરમ પૂજાર્હ, પરમ પૂજ્ય, પરમ ઉપાસ્ય ઇષ્ટ દેવ છે. અને તેવા પરમ 'અર્હત્'-પરમ પૂજાર્હ, પરમપૂજ્ય, પરમ આરાધ્ય, પરમ ઉપાસ્ય, પરમ સેવ્ય એવા જો કોઈ પણ આ જગતને વિષે હોય તો તે શ્રી 'જિનદેવ' જ છે.

**'જિનદેવ' મહાન્ તત્ત્વવાચક શબ્દ**

'જિનદેવ' એ પરમ અર્થગર્ભ શબ્દ જ પરમ સૂચક છે. 'જિન'-વીતરાગ એ કાંઈ સાંકડો સંપ્રદાયવાચક શબ્દ નથી, પણ વિશાલ આશયવાળો મહાન્ તત્ત્વવાચક શબ્દ છે. પરમતત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીએ સુભાષિત કહ્યું છે તેમ 'જિન સોહી હૈ આતમા, અન્ય હોઈ સો કર્મ; કર્મ કટે સો જિનવચન, તત્ત્વગ્યાનીકો મર્મ.' રાગાદિ સર્વ આંતર શત્રુઓને જીતી જે શુદ્ધ સહજાત્મ-સ્વરૂપને પ્રાપ્ત થયેલા છે, એવા શુદ્ધ આત્મા તે 'જિન'-આત્મા અને કર્મના સનાતન યુદ્ધમાં કર્મકટકનો સંહાર કરી જે વિજયશ્રી વર્યા છે, એવા ખરેખરા શ્રીમદ્ આત્મવીર તે જ જિન, અને એવા જિન ભગવાન અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્ય એ દિવ્ય આત્મગુણોના સ્વામી થયા હોવાથી એ જ ખરેખરા 'દેવ' છે.

રાગાદિક સહુ શત્રુ જીત્યા, વરી કેવલશ્રી રીઝી પ્રીત્યા;
શ્રીમદ્ સાચા જિન તમે છો, દિવ્ય ગુણોથી દેવ તમે છો
...જય જિન દેવા !
જય જિનદેવા ! જય જિનદેવા ! દેવ કરે છે સહુ તમ સેવા;
સુર નર ઇન્દ્રો સ્તવન કરે છે, યોગિવરેન્દ્રો ધ્યાન ધરે છે
...જય જિનદેવા !

—પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા (સ્વરચિત)

**જિનદેવ રાગ-દ્વેષ-મોહ એ મહા ત્રિદોષ સૃષ્ટિનો સંહાર કરનારા મહાદેવ**

વિશ્વની વિશિષ્ટ અને શ્રેષ્ઠ વિભૂતિરૂપ આવા આ જિનદેવ પરમ 'અર્હત્' અર્થાત્ વિશ્વની પૂજાના પરમ પાત્ર છે. સર્વ દેવેન્દ્રો જેને વંદે છે અને સર્વ યોગીન્દ્રો જેને ધ્યાવે છે, એવા આ જિનદેવ સર્વદાને માટે સર્વ દોષથી સર્વથા રહિત થયા હોવાથી ખરેખરા 'મહાદેવ' છે. કારણ કે જેમાં સર્વ દોષો સમાય છે એવા રાગ દ્વેષ ને મોહ એ ત્રણ મહાદોષવે આ મહાદેવે સર્વથા નષ્ટ કર્યા છે; અને શ્રી હરિભદ્રસૂરિજીએ કહ્યું છે તેમ-'જેને સંક્લેશ ઉપજાવનારો રાગ સદાયને માટે છે જ નહિ, અને શમરૂપી ઈંધન પ્રત્યે દાવાનલ જેવો પ્રાણી પ્રત્યેનો દ્વેષ પણ છે જ નહિં, અને સદ્જ્ઞાનને આચ્છાદન કરનારો તથા અશુદ્ધ ચારિત્ર કરનારો મોહ પણ છે જ નહિં,-તે ત્રિલોકપ્રસિદ્ધ મહિમાવાળો 'મહાદેવ' કહેવાય છે.'

"यस्य संक्लेशजननो रागो नास्त्येव सर्वदा ।
न च द्वेषोऽपि सत्त्वेषु शमेन्धनदवानलः ॥
न च मोहोऽपि सज्ज्ञानच्छादनोऽशुद्धवृत्तकृत् ।
त्रिलोकख्यातमहिमा महादेवः स उच्यते ॥"

—શ્રી હરિભદ્રાચાર્યજીકૃત અષ્ટક

**અષ્ટાદશ દોષ રહિત વીતરાગ જિનદેવ**

ત્રિદોષલયથી આવું ખરેખરું મહાદેવપણું જેમાં ઘટે છે એવા આ પરમ નિર્દોષમૂર્તિ આ મહાદેવ જિનદેવે પ્રકારાંતરથી અજ્ઞાનાદિ અઢાર દોષને નષ્ટ કર્યા છે, તેથી પણ તેઓનું દેવાધિદેવપણું ઘટે છે. તે આ પ્રકારે :-(૧) અનાદિ એવું આત્માનું જ્ઞાનસ્વરૂપ કે જેના પર અનંતકાળના અજ્ઞાનઆવરણના અનંત થર બાઝી ગયા હતા, તેને આ ભગવાન્ વીતરાગ દેવે બ્હાર ખેંચી કાઢી પ્રકટ કર્યું, ને અજ્ઞાન દોષને નિવૃત્ત કર્યો. (૨) નિદ્રા, સ્વપ્ન, જાગ્રત

અને ઉજ્જાગ્રત એ ચાર દશામાંથી ઉજાગર અવસ્થા ભગવાને પ્રાપ્ત કરી; અર્થાત્ સહજ આત્મસ્વરૂપમાં અખંડ જાગ્રત આત્મોપયોગમય પરમ જ્ઞાનદશા પામેલા ભગવાને નિદ્રા દોષની આત્યંતિક નિવૃત્તિ કરી. (૩) મિથ્યામતિ નામની જે કુલટા સ્ત્રી આ જીવ સાથે અનાદિથી જોડાયેલી સંલગ્ન હતી, તેને અપરાધિની ને દુઃશીલ વ્યભિચારિણી જાણીને આ મહાત્માએ આત્મ-ગૃહમાંથી બ્હાર કાઢી મૂકી; અને સપરિવાર સમકિત સાથે સગાઈ કરી મહા મિથ્યાત્વ દોષને-દર્શનમોહને ક્ષીણ કર્યો. (૪-૫-૬) અને રાગ, દ્વેષ ને અવિરતિ પરિણામ કે જે ચારિત્રમોહના જબરજસ્ત યોદ્ધા હતા, તે તો જેવી આ ભગવાનની વીતરાગ પરિણમીતિ કે તત્ક્ષણ બાધ્રા બની ઊઠીને નાઠા! (૭-૮-૯-૧૦-૧૧-૧૨-૧૩) ભગવાન જ્યારે ક્ષપકશ્રેણીરૂપ ગજરાજ પર ચઢ્યા ત્યારે, હાસ્ય, અરતિ, રતિ, શોક, દુર્ગંચ્છા, ભય, વેદોદય (કામ)-એ તુચ્છ કૃમિપંક્તિ જેવા, ઢીલા માટીના ઢેફાં જેવા દોષ તો બિચારા ક્યાંય ચગદાઈ ગયા! આમ ચરિત્રમોહનો, સર્વનાશ કરી, નિષ્કારણ કરુણારસના સાગર આ પરમકૃપાળુ દેવે જ્ઞાનાદિ અનંત ચતુષ્ટય પ્રગટ કર્યું. અને (૧૪-૧૫-૧૬-૧૭-૧૮) આવા આ પરમ વીતરાગ પ્રભુ ત્રિલોકબંધુ દાનસંબંધી વિઘ્નને-દાનાંતરાયને નિવારી, પરમ અહિંસાધર્મના ઉપદેશદાનથી સર્વજનને અભયદાન પદના દાતા થયા. લાભ સંબંધી વિઘ્નને-લાભાંતરાયને નિવારી, પરમ લાભસરથી મસ્ત એવા આ પ્રભુ, જગત્‌ને આત્મલાભમાં વિઘ્ન કરનારા લાભવિઘ્નના નિવારક થયા. પંડિત વીર્ય વડે કરીને વીર્ય વિઘ્નને વીર્યાંતરાયને નિવારી આ પ્રભુ પૂર્ણ પદવીના યોગી બન્યા. અને ભોગાંતરાય-ઉપભોગાંતરાય એ બન્ને વિઘ્નને નિવારી આ પ્રભુ પૂર્ણ આત્મસ્વરૂપરમણતારૂપ ભોગના સુભોગી થયા. આમ અજ્ઞાનાદિ અઢાર દૂષણથી રહિત એવા આ જિનદેવ-વીતરાગ પરમાત્મા છે,-જેના અનન્ય ગુણોનું સંકીર્તન મુનિજનવૃંદ ગાય છે.

"ઇણવિધ પરખી મન વિશરામી, જિનવર ગુણ જે ગાવે રે;
દીનબંધુની મહેર નજરથી, આનંદઘનપદ પાવે રે...
હો મલ્લિજિન !"

—શ્રી આનંદઘનજી

આવા પરમ નિર્દોષ ગુણમૂર્તિ શ્રીમદ્ વીતરાગ દેવની આ પ્રકારે સ્વરૂપપરીક્ષા કરી, આ મનવિશ્રામી જિનવરના ગુણ ગાય છે, તે પણ આ 'દીનબંધુની મહેર નજરથી'—કૃપાદષ્ટિથી આનંદઘન પદને પામે છે, અર્થાત્ તે પણ જિનેશ્વરતુલ્ય પરમાનંદમય સહજ આત્મસ્વરૂપ પદને પામે છે. કારણ કે 'જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિં કાંઈ.' એટલે સિંહને દેખીને જેમ અજકુલગત સિંહશિશુને નિજ સ્વરૂપનું ભાન થાય છે, તેમ જિનસ્વરૂપના દર્શને મુમુક્ષુ ભક્ત આત્માને 'દર્પણ જિમ અવિકાર' પ્રભુના રૂપદર્પણમાં નિજ સ્વરૂપનું દર્શન થાય છે. અને એટલા માટે જ આવા પરમ ઉપકારી સહજાત્મસ્વરૂપી શુદ્ધ ચૈતન્યના સ્વામી શુદ્ધ ચૈતન્યમૂર્તિરૂપ 'ભાવચૈત્ય' એવા જિન ભગવાનને-પરમ અર્હત્ ભગવત્‌ને આત્મહિતાર્થી મુમુક્ષુઓ પરમ ભક્તિભાવથી ભજે છે, અને પૂજે છે.

શુદ્ધ ચૈતન્યના સ્વામી, સહજાત્મસ્વરૂપ જે;
મુમુક્ષુ જન એવા તે, ભગવાન્ જિનને ભજે.

—પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા (સ્વરચિત)

**ખરેખરો અર્હત તે જ ભગવત: છ પ્રકારનું 'ભગ'**

કારણ કે જે ખરેખરો અર્હત્ હોય તે જ ખરેખરો ભગવત્ હોય ને જે ખરેખરો ભગવત્ હોય તે જ ખરેખરો અર્હત્ હોય, અર્થાત્ જગત્‌ને પૂજાર્હ એવો જગત્-પૂજ્ય હોય. આ અર્હત્ ભગવત્ હોવાને લીધે જ 'અર્હત્'-પૂજાર્હ છે, અર્થાત્ ભાવઅર્હત્પણું ભગવત્-પણાને આધીન છે. એટલે જેમાં ખરેખરું પરમાર્થસત્ ભગવત્પણું છે તે જ અર્હત્ છે ને તે જ પૂજાર્હ ભગવત્ છે. 'ભગ'સંપન્ન' જે હોય તે 'ભગવત્', સમગ્ર ઐશ્વર્યાદિ લક્ષણવાળું 'ભગ' જેને વર્તે છે તે 'ભગવત્'. આ ગ્રંથમાં કહ્યું છે તેમ 'ભગ' શબ્દનો પ્રયોગ આ ષટ્ પ્રકારમાં થાય છે—"સમગ્ર* એવા ઐશ્વર્યની, રૂપની, યશની, શ્રીની, ધર્મની અને પ્રયત્નની—એમ છની 'ભગ' એવી સંજ્ઞા છે." એટલે આત્માનું અનંત જ્ઞાનાદિ ઐશ્વર્ય જે કર્મઆવરણથી તિરોભાવને પામેલું હતું, તે જે પરમ પુરુષોત્તમે અપૂર્વ આત્મપરાક્રમથી કર્મઆવરણનું વિદારણ કરી આવિર્ભાવ પમાડ્યું, અને આમ સર્વ વિભાવના પરિત્યાગથી આત્માની શુદ્ધ સ્વભાવભૂત સકલ શક્તિ પ્રગટ કરી જે સહજાત્મસ્વરૂપ-સ્વામીએ અનંત સ્વરૂપસંપત્તિનું સ્વામીપણું-ઇશ્વરપણું

---

* "ऐश्वर्यस्य समग्रस्य, रूपस्य यशसः श्रियः ।
धर्मस्याथ प्रयत्नस्य, षण्णां भग इतीङ्गना ॥"

પ્રાપ્ત કર્યું તે જ ઈશ્વિરને શુદ્ધ આત્મારૂપે-પરમાત્મારૂપે ભજવું એ જ શ્રેયસ્કર છે. કારણ કે આત્મસ્વરૂપને પામેલા શુદ્ધ આત્મામાં જ—પરમાત્મામાં જ ખરેખરું ઈશ્વિરપણું-ભગવત્પણું ઘટે છે; અને ઉક્ત છ પ્રકારનું 'ભગ' આ જગતમાં કોઈને વિષે પરમોત્કૃષ્ટપણે પ્રકાશમાન હોય તો તે તેવા શુદ્ધ આત્મારૂપ-પરમાત્મારૂપ અર્હત્ ભગવત્ અર્થાત્ જિનેશ્વર ભગવાનને વિષે જ છે. તે આ પ્રકારે :—

**ઐશ્વર્યરૂપ ભગઃ રૂપસ્વરૂપ ભગઃ યશરૂપ ભગઃ**

(૧) આ ભગવંતનું સમગ્ર-સંપૂર્ણ ઐશ્વર્ય તે ઇંદ્રોથી ભક્તિનમ્રપણે કરવામાં આવેલ મહાપ્રાતિહાર્ય વિભૂતિરૂપ છે, આ અષ્ટ મહાપ્રાતિહાર્ય પરથી આ ભગવંતોનું સમગ્ર ઐશ્વર્યરૂપ 'ભગ' સ્પષ્ટ જણાય છે. અથવા પ્રકારાંતરથી સર્વ દોષ-આવરણની હાનિથી જે અનંતજ્ઞાનાદિ આભ્યંતર ઐશ્વર્ય પ્રગટયું તે જ આ ભગવંતનો આધ્યાત્મિક મહિમાતિશય પોકારતું સમગ્ર ઐશ્વર્યરૂપ ભગ છે. (૨) અનુત્તર વિમાનના દેવ કરતાં પણ આ ભગવંતનું રૂપ અનંતગણું અભિરામ-પરમ સુંદર હોય છે, આમ અનુપમ રૂપસ્વરૂપ 'ભગથી' પણ આ 'ભગવંત' સમગ્ર-સંપૂર્ણ હોય છે; અથવા આધ્યાત્મિક દૃષ્ટિથી જોઈએ તો જેણે પોતાની સમસ્ત ચિત્તવૃત્તિઓરૂપ ગોપીઓને પોતાના અનુપમ આત્મસ્વરૂપસૌંદર્યથી આકૃષ્ટ કરી અંતર્મુખ કરી હતી એવા આ ભગવંતનું આત્મસ્વરૂપસૌંદર્ય અનુપમ છે. (૩) અને આ ભગવંતનો યશ તો—'यशस्तु रागद्वेषपरीषहोपसर्गपराक्रमसमुत्थं त्रैलोक्यानन्दकार्याकालप्रतिष्ठं'—રાગ-દ્વેષ-પરીષહ-ઉપસર્ગમાં પરાક્રમથી સમુત્થ, ત્રૈલોક્યઆનંદકારી અને આકાલપ્રતિષ્ઠ એવો સમગ્ર-સંપૂર્ણ છે.

**શ્રીરૂપ ભગ : 'ચરણ કમલ કમલા વસે રે'**

(૪) આ ભગવંતે ઘાતિકર્મનો ઉચ્છેદ કરવાનું વિક્રમ-પરાક્રમ દાખવ્યું, તેથી તેમને કેવલાલોક-કેવલજ્ઞાનપ્રકાશ પ્રાપ્ત થયો, એટલે તેમને નિરતિશય પરમ સુખ-સંપત્સમન્વિતતા થઈ, એ જ આ ખરેખરા 'શ્રીમદ્' ભગવાનનું શ્રીરૂપ 'ભગ' છે. આ ગ્રંથમાં ભગવાનને માટે 'પુરુષવરપુણ્ડરીક' એવું એક ઉત્તમ પદ પ્રયોજ્યું છે, તે પરથી પણ આ ભગવાનના અનન્ય અનુપમ શ્રીમદ્પણાનો જ ભાવ વ્યંજિત થાય છે. આ ઉપમાનો બિંબ-પ્રતિબિંબ ભાવ **મહાકવિ હરિભદ્રજીએ** અત્રે સાંગોપાંગ ઘટાવ્યો છે. પુણ્ડરીકો જેમ સર્વ કમલજાતિમાં વર-સર્વોત્કૃષ્ટ છે, તેમ આ ભગવંતો પુરુષોમાં વર પુણ્ડરીક સમાન સર્વશ્રેષ્ઠ હોઈ પુરુષવરપુણ્ડરીકો છે. પુણ્ડરીકો એવા પ્રકૃતિસુંદર-સ્વભાવથી સુંદર છે કે સૌંદર્યમૂર્તિ ભુવનલક્ષ્મી પણ ત્યાં આવીને નિવાસ કરે છે ને તે મન-નયન આદિને આનંદનું આયતન-ધામ થઈ પડે છે; તેમ અતિશયયોગે કરી આ ભગવંતો એવા પરમ સુંદર છે કે કેવલશ્રી આદિ ગુણસંપદ્ આવીને તેમનામાં નિવાસ કરે છે, ને તેમના દર્શનાદિ આનંદના હેતુઓ થઈ પડે છે. 'सुन्दराश्चातिशययोगेन, निवासो गुणसम्पदः'. આ અંગે **કવિવર શ્રી આનંદઘનજીએ** પરમ સુંદર ઉત્પ્રેક્ષા કરી છે કે-હે ભગવંત ! આપ શ્રીમદ્ના ચરણકમલમાં કમલા-શ્રી નિવાસ કરે છે, તે સમલ અને અસ્થિર પદરૂપ પંકજને પામર તુચ્છ લેખી ને તમારા ચરણ-કમલને નિર્મલ સ્થિર પદરૂપ દેખીને જાણે તેમ કરતી હોયની ! આમ કમલા જેના ચરણકમલમાં વસે છે એવા હે શ્રીમદ્ ભગવંત ! મ્હારો આ મનમધુકર તમારા શ્રીમદ્ ચરણકમળમાં એવો મુગ્ધ બન્યો છે, કે તે સુવર્ણમય મેરુને અને ઇંદ્ર-ચંદ્ર-નાગેંદ્રને પણ રંક ગણી, તમારા ગુણ-મકરંદના પાનમાં લીન થઈ ગયો છે.

"ચરણકમલ કમલા વસે રે, નિર્મલ થિર પદ લેખ;
સમલ અથિર પદ પરિહરી રે, પંકજ પામર દેખ...
વિમલ જિન દીઠા લોયણ આજ.
મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણ મકરંદ;
રંક ગણે મંદર ધરા રે, ઇંદ્ર ચંદ્ર નાગેંદ્ર...વિમલ."

—**શ્રી આનંદઘનજી**

**ધર્મરૂપ ભગઃ પ્રયત્નરૂપ ભગઃ અનંતવીર્ય ભગવંત**

તેમજ-(૫) આ ધર્મમૂર્તિ ભગવંતનું ધર્મરૂપ 'ભગ' પણ સમગ્ર છે; સાશ્રવ-અનાશ્રવ મહાયોગરૂપ દ્વિવિધ, સમ્યગ્દર્શનાદિરૂપ ત્રિવિધ અને દાનાદિરૂપ ચતુર્વિધ એવો આ ભગવંતોનો ધર્મ પરમોત્તમ હોવાથી સર્વ પ્રકારે આ ભગવંતોનું ધર્મરૂપ ભગ સમગ્ર-સંપૂર્ણ છે. અને (૬) આ ભગવંતોનું પ્રયત્નરૂપ 'ભગ' પણ સમગ્ર છે. આ પ્રયત્ન 'परमवीर्यसमुत्थः'- પરમ વીર્યથી સમુત્થ-ઉત્પન્ન થયેલ, એકરાત્રિકી આદિ મહાપ્રતિમા-ભાવનો હેતુ અને સમુદ્ઘાત-શૈલેશી અવસ્થાથી વ્યંગ્ય-વ્યક્ત થતો એવો છે. જેટલું અને જેવું આત્માનું વીર્ય-સામર્થ્ય તેટલો અને તેવો પ્રયત્ન થઈ શકે. આ

ભગવંતોનું આત્મવીર્ય-આત્મસામર્થ્ય પરમ ઉત્કૃષ્ટ છે, એટલે આ ભગવંતોનો પ્રયત્ન-પ્રકૃષ્ટ યત્ન આત્મપુરુષાર્થ પણ પરમ ઉત્કૃષ્ટ છે. આ ભગવંતોનું આત્મવીર્ય પરમ ઉત્કૃષ્ટ છે, એટલું જ નહિં પણ પરભાવ-વિભાવનો સ્પર્શલેશ નહિં હોવાથી પરમ શુચિ-શુદ્ધ-પવિત્ર છે, તેમ જ ક્ષાયિકભાવે હોવાથી તેનો કોઈ કાળે અંત ન આવે એવું અનંત છે. કારણ કે આ ભગવંતનું આત્મવીર્ય નિજ આત્મભાવમાં પરિણમ્યું છે અને નિજ ગુણવૃત્તિમાં વર્ત્તનાવંત વર્ત્તે છે. આવા અનંતવીર્ય ભગવંતનું પ્રયત્નરૂપ 'ભગ' પણ અનંતગુણવિશિષ્ટ પરમ અદ્ભુત હોય એમાં પૂછવું જ શું?

"અનંતવીરજ જિનરાજનો, શુચિ વીરજ પરમ અનંત રે;
નિજ આત્મભાવે પરિણમ્યો, ગુણવૃત્તિ વર્ત્તનાવંતરે...
મન મોહ્યું."

—શ્રી દેવચંદ્રજી

### એવંભૂત ભગવંતો જ પ્રેક્ષાવંતોને પૂજાર્હ

આમ ઉપરમાં વિવરી બતાવ્યું તેમ સમગ્ર એવા ઐશ્વર્ય, રૂપ, યશ, શ્રી, ધર્મ અને પ્રયત્ન એ છએ પ્રકારનું આ સમગ્ર-સંપૂર્ણ 'ભગ' એવંભૂત-એવા પ્રકારની તથારૂપ દશાવાળું જેઓને વિદ્યમાન છે તે 'ભગવંતો' છે,—'अयमेवंभूतो भगो विद्यते येषां ते भगवन्तः, तेभ्यो भगवद्भ्यो नमोस्तु'—તે ભગવંતોને નમસ્કાર હો! 'एवंभूता एव प्रेक्षावतां स्तोतव्याः'—'એવંભૂતો જ'—એવા પ્રકારની અર્હત્ ભગવતરૂપ જેની તથારૂપ પરમ આત્મદશા પ્રગટ છે, એવા અર્હંત ભગવંતો જ સ્તવાર્હ હોઈ, જોઈ વિચારી વર્ત્તનારા પ્રેક્ષાવંતોને 'સ્તોતવ્ય'—સ્તુતિ કરવા યોગ્ય છે. 'एवंभूता एव प्रेक्षावतां नमस्कारार्हाः'—'એવંભૂતો જ'—એવા પ્રકારની સિદ્ધ દશાને જે ભગવંતો પ્રાપ્ત થયેલા છે, તેઓ જ ખરેખરા અર્હત્-પૂજાર્હ હોવાથી, પ્રેક્ષાવંતોને-જોઈ વિચારી વર્ત્તનારા વિચારવંત વિવેકી જનોને નમસ્કારાર્હ-નમસ્કાર યોગ્ય છે. આદિકર, તીર્થંકર, સ્વયંસંબુદ્ધ, પુરુષોત્તમ, પુરુષસિંહ, પુરુષવરપુણ્ડરીક, પુરુષવરગંધહસ્તી આદિ સકલ ગુણવિશેષણ જ્યાં અવિકલપણે સાંગોપાંગ ઘટે છે એવા જે આ અર્હંત ભગવંતો શિવ-અચલાદિરૂપ સિદ્ધિ-ગતિસ્થાનને સંપ્રાપ્ત થયા છે, અને આમ એવંભૂત નયે જેને તથારૂપ શુદ્ધ આત્મારૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિમય સિદ્ધદશા—**સહજાત્મસ્વરૂપ** સ્થિતિ પ્રગટી છે,—એવંભૂતો જ એવંભૂત નયે ખરેખરા પરમાર્થસત્ 'અર્હત'—વિશ્વની પૂજાના પરમ પાત્ર, પરમ પૂજ્ય 'ભગવત' છે. અત એવ તે શુદ્ધ ચૈતન્યમૂર્તિ અર્હત્ ભગવત્ વિવેકી મુમુક્ષુ આત્માર્થીઓને નમસ્કાર કરવા યોગ્ય છે. કારણ કે સર્વ સાચા આત્માર્થીઓનો સાધ્ય, ધ્યેય, લક્ષ, આદર્શ તે શુદ્ધ **સહજાત્મસ્વરૂપે** સ્થિતિરૂપ એવંભૂત સિદ્ધ દશા છે. એટલે એવંભૂત પ્રગટ શુદ્ધ આત્મસ્થિતિ પ્રાપ્ત થઈ ચૂકવાથી જેનો પરમ પૂજ્ય આત્મસ્વભાવ પ્રગટ્યો છે, એવા આ અર્હંત સિદ્ધ ભગવંતો જ સર્વ સાધકના પરમ આરાધ્ય, પરમ ઉપાસ્ય, પરમ પૂજ્ય છે. અને જો કે આ અર્હંત ભગવંતો પરકૃત-બીજાએ કરેલી પૂજાને ઇચ્છતા નથી અને તેમને સ્તુતિ-નિંદાનું કંઈ પ્રયોજન નથી, તોપણ તેમની પૂજાથી સાધકનું પોતાનું આત્મસિદ્ધિરૂપ કાર્ય સિદ્ધ થાય છે, એટલે એમનું પૂજન એ સાધકના પોતાના જ આત્મકલ્યાણની વાત છે, માટે તે 'ઉપાસના જિન ચરણની અતિશય ભક્તિ સહિત' તેને અત્યંત અત્યંત કર્તવ્ય છે જ.

"પૂજના તો કીજે રે બારમા જિનતણી રે,
જસુ પ્રગટ્યો પૂજ્ય સ્વભાવ;
પરકૃત પૂજા રે જે ઇચ્છે નહિં રે,
સાધક કારજ દાવ...પૂજના.
જિનવર પૂજા રે તે નિજ પૂજના રે,
પ્રગટે અન્વય શક્તિ;
પરમાનંદ વિલાસી અનુભવે રે,
દેવચંદ્ર પદ વ્યક્તિ...પૂજના."

—શ્રી દેવચંદ્રજી

"ઉપાસના જિન ચરણની, અતિશય ભક્તિ સહિત."

—શ્રીમદ્ રાજચંદ્રજી

★


You look lovely & luxurious
in
Ashok
RAYON Fabrics & VELVET
: SELLING AGENTS :
M/s. V. CHATRABHUJ & Co. PRIVATE Ltd.
M. J. MARKET BOMBAY 2.

# ભક્તિની ભૂમિકાઓ

કુ. "ચંદ્રરેખા"

આઠમા ચંદ્રપ્રભ ભગવાનના સ્તવન દ્વારા સાત નયનો સાધનસિદ્ધિમાં શો સંબંધ છે તે દર્શાવીશું.

શ્રી ચંદ્રપ્રભ જિનપદ સેવા,
હેવાએ જે હળિયા જી,
આતમગુણ અનુભવથી મળિયા,
તે ભવભયથી ટળિયા જી—શ્રી. (૧)

હવે ચંદ્રપ્રભ ભગવાનની સેવનાનો પરિચય આપતાં તેનું ઉત્તમ ફળ જણાવીને દુઃખોનો અંત કરનાર ચંદ્રપ્રભ તીર્થંકરની સ્તવના કહે છે.

હેવા એટલે ચાલ, રીત કે ટેવ. તેમાં જે હળ્યા એટલે એકરૂપ થયા, તન્મય થયા, ભોગમય અન્ય જીવન વ્યાપારને વીસરી આત્મગુણ વિશ્રાંતિ લેનાર બન્યા છે, તેવા જીવ ભવના ભયથી મુક્ત બન્યા છે. ભવ એટલે દેવ, માનવ, નરક અને તિર્યંચ એવી ચાર ગતિમાં દેહધારણ અને તૃષ્ણાને વશે શાતા-અશાતાનું વેદન. યથાર્થ શ્રદ્ધાથી સ્વચ્છંદ રોકીને જે અંતર્મુખ થયેલા ગુરુ પરમાત્માને આશરે હૃદયમાં રહેલ ભગવાન આત્માને વિધિપૂર્વક ધ્યાનનો વિષય બનાવે તે અવશ્ય અસંસારી થાય.

ટળવા યોગ્ય થયા એટલે ટળ્યા જ સમજો એ હર્ષનું વચન છે. જો કારણ મળે તો કાર્ય નીપજે એવો વિશ્વનિયમ છે. તેથી અરિહંતના અવલંબને ઝેરમાંથી અમૃત થાય છે, શત્રુઓ મિત્ર બને છે, અગ્નિ શીતળ બને છે અને સમુદ્ર માત્ર ગાયના પગલાં જેવડો સુગમ બની જાય છે, આમ મોક્ષસિદ્ધિની અહીં અચૂક અપેક્ષા છે.

દ્રવ્યસેવ વંદન નમનાદિક
અર્ચન વળી ગુણગ્રામોજી
ભાવ અભેદ થવાની ઈહા
પરભાવે નિઃકામો જી—શ્રી૦ (૨)

આ સેવના ચાર પ્રકારની છે: (૧) નામસેવના (૨) સ્થાપના સેવના (૩) દ્રવ્યસેવના અને (૪) ભાવ સેવના. તેમાં પહેલા બે પ્રકાર સુગમ છે.

હવે જે વીતરાગ પરમેષ્ઠી અથવા તેમના પ્રતીક સંબંધે જે વંદન, નમસ્કાર વગેરે પ્રવૃત્તિ તે વ્યવહાર નયે દ્રવ્યસેવા થઈ, જે અંતરંગ મનોવિકલ્પે બહુમાન તે ઋજુસૂત્ર નયે દ્રવ્યસેવા થઈ. હવે જે અરિહંત સાથે ભાવથી એકરૂપ થવાનો પ્રયત્ન તે દ્રવ્યસેવા ગણાય છે. પરંતુ ભાવરુચિ વિના દ્રવ્ય પ્રવૃત્તિ તે બાલલીલા સમાન છે. તેથી પરમાત્મા સાથે એકાકાર થવાને લક્ષે પ્રવૃત્તિ તે પ્રવૃત્તિને જ દ્રવ્ય પ્રવૃત્તિ અર્થાત્ કારણરૂપ પ્રવૃત્તિ જાણવી.

ભાવસેવ અપવાદે નૈગમ
પ્રભુગુણને સંકલ્પે જી
સંગ્રહ સત્તા તુલ્યારોપે
ભેદાભેદ વિકલ્પે જી—શ્રી૦ (૩)

ભક્તિનો દૃઢમૂલ થયેલો સંસ્કાર તેને ભાવસેવના કહીએ. સત્તાએ તો સર્વ જીવદ્રવ્ય સમાન છે. એમાં સેવ્યસેવક ભાવ નથી, વળી કોઈ કોઈના ધર્મ લેતાદેતા નથી. પણ જે સંસારી જીવ અનાદિનો અઢાર પાપસ્થાનકના છંદમાં પડ્યો છે, વિભાવભાવથી કર્મવશ થઈ પુદ્ગલનો ભિખારી બન્યો છે, તત્ત્વ ચૂકીને મોહને બંદીખાને દુઃખ ભોગવતો બંદી બનેલો છે, તે જે ક્ષણે સ્વરૂપ પામશે તે ક્ષણે સિદ્ધ પરમાત્મા બની જશે. આ ક્રિયા તો અરિહંતના અવલંબન વિના નીપજે નહિ; આવું અવલંબન અંતરંગ પરિણતિથી સેવ્યે તે કલ્યાણની સમીપ થતો જાય છે.

હવે અપવાદ અર્થાત્ કારણ, અરિહંત દેવનું અવલંબન તે આત્મસાધનાનું કારણ છે માટે તે અપવાદસેવના છે. તેના નય ભેદે સાત ભેદ છે તેથી પ્રથમ અહીં નયની સંક્ષેપ વ્યાખ્યા જણાવીશું.

જ્યાં સંકલ્પે કરી, આરોપે કરીને અથવા અંશ સિદ્ધિએ પણ વસ્તુને મનાય ત્યાં નૈગમ નય જાણવો. જે

સર્વ વસ્તુનું એક જાતિને કારણે સામાન્યપણે ગ્રહણ કરે તે સંગ્રહનય કહીએ. સંગ્રહનયે વિચારેલ વસ્તુને પેટાભેદે વિચારે તે વ્યવહારનય. વર્તમાન અવસ્થાને ગ્રહે પણ ભૂતભવિષ્યનું લક્ષ કરે નહિ તે ઋજુસૂત્ર નય કહેવાય. જે શબ્દના અનેક પર્યાયોથી એક જ અર્થ ગ્રહે તે શબ્દ નય; પરંતુ દરેક પર્યાયનો વ્યુત્પત્તિ નિમિત્તે જુદો અર્થ કહે તો તે સમભિરૂઢ નય થાય. જે વસ્તુનો શબ્દવાચ્ય ધર્મ છે તે સંપૂર્ણપણે પ્રગટ થાય ત્યારે જ જે શબ્દવ્યવહાર વાંછે તે એવંભૂત નય કહેવાય. જિનભદ્રગણિ પ્રથમ ચારને દ્રવ્યગ્રાહી નયો કહે છે જ્યારે અંતિમ ત્રણ શબ્દ નયોને પર્યાયગ્રાહી એટલે અવસ્થાગ્રાહી નયો કહે છે.

આમ અરિહંતના ગુણને અનુસરતો સંકલ્પ તે નૈગમનયે ભાવસેવના. વળી 'હું પણ અરિહંતરૂપ છું પણ સામર્થ્યે હાલ તેવું જણાતું નથી તે વિષમતા હું અલ્પકાળમાં દૂર કરીશ.' આવી બુદ્ધિએ જિનભક્તિ તે સંગ્રહનયે ભાવસેવના થઈ.

વ્યવહારે બહુમાન જ્ઞાન નિજ,
ચરણે જિનગુણ રમણા જી
પ્રભુગુણ આલંબી પરિણામે
ઋજુપદ ધ્યાન સ્મરણાજી.—શ્રી૦(૪)

પોતાના જ્ઞાન અને દર્શનને જિનભક્તિમાં ફેરવે, અન્ય દેવની વાંછા વિના જિન ભગવાનના ગુણોમાં મનને મગ્ન રાખે અને સરળ ભાવે પોતાના અંતઃકરણને જાગૃત કરીને પ્રભુનું સ્મરણ અખંડ રાખે તે વ્યવહાર નયે અપવાદ ભાવસેવના થઈ.

શબ્દે શુકલ ધ્યાન આરોહણ
સમભિરૂઢ ગુણ દશમે જી
બીય શુકલ અવિકલ્પ એકત્વે
એવંભૂત તે અમમે જી—શ્રી૦ (૫)

જે જીવ ભાવમુનિની તત્ત્વરુચિવાળો થયો થકો પોતાના દર્શનજ્ઞાનચારિત્રથી પૃથક્ત્વવિતર્ક સપ્રવિચાર એવો પ્રથમ શુકલધ્યાનનો પાયો સ્પર્શે તે શબ્દનયે અપવાદ ભાવસેવનાનો ધારક થયો. ઋજુસૂત્રની ભૂમિકા કરતાં અહીં વિશેષ તન્મયતા હોવાથી પ્રતિપાત એટલે પાછા પડવાની શક્યતા ઘટી છે.

જે વારે જીવ દશમે સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાને આવ્યો અને શુકલધ્યાનનો પ્રથમ પાયો અહીં પરિપાકને પામ્યો એટલે સમભિરૂઢ નયની ભાવસેવના થઈ.

જ્યારે શુકલ ધ્યાનને બીજે પાયે એટલે એકત્વવિતર્ક અપ્રવિચાર ધ્યાનરૂપ નિર્વિકલ્પ સમાધિને જીવ વર્યો, ત્યારે સાધનાનું પૂર્ણપણું થયું એટલે એવંભૂત નયની સેવના થઈ. આ બારમે ગુણસ્થાને અપવાદ (કારણરૂપ) સેવના કહી છે.

હવે ઉત્સર્ગ (કાર્યફળરૂપ) ભાવસેવનામાં દેવચંદ્રજી મહારાજ સાત નયનું કથન કરે છે.

ઉત્સર્ગે સમકિત ગુણ પ્રગટ્યો,
નૈગમ પ્રભુતા અંશે જી,
સંગ્રહ આતમ સત્તાલંબી
મુનિપદ ભાવ પ્રશંસે જી—શ્રી૦ (૬)

અહીં જેટલું આત્મધર્મરૂપ સ્વકાર્ય નીપજે છે તેને ઉત્સર્ગસેવા કહેવાય છે.

જે ક્ષણે આત્માને શંકાદિ પાંચ અતિચાર રહિત ક્ષાયિક આત્મતત્ત્વનિર્ણયરૂપ સમકિત ગુણ પ્રગટ થાય ત્યારે એક અંશે પ્રભુપણું ઉત્પન્ન થયેલું હોવાથી એ નૈગમ ઉત્સર્ગ સેવા કહેવાય.

જ્યારે તે ભાવમુનિએ જોકે પોતાની આત્મસત્તા કર્માવરણઘેરેલી છે છતાંયે તેને નિર્ણયથી ભાસનનો વિષય કરી છે અર્થાત્ તેણે ઉપાદાનની સંભાળ લેવા માંડી છે તે તેની સંગ્રહનયે ઉત્સર્ગસેવના કહીએ, અને મુનિપદનું સાતમું ગુણસ્થાન પ્રાપ્ત થયું ત્યારે વ્યવહારનયે ઉત્સર્ગ સેવના થઈ.

ઋજુસૂત્રે જે શ્રેણીપદસ્થે,
આતમશક્તિ પ્રકાશે જી,
યથાખ્યાત પદ શબ્દસ્વરૂપે
શુદ્ધ ધર્મ ઉલ્લાસે જી—શ્રી. (૭)

જ્યા એકાદશ-દ્વાદશ ગુણસ્થાને પહોંચે છે, ત્યારે તે પહેલાં તેની જે ધ્યાનધારાની શ્રેણી માંડી હોય તે ઋજુસૂત્ર નયે ફલસિદ્ધિ છે અને યથાખ્યાત ચારિત્ર પામવું તે શબ્દ નયે કાર્યસિદ્ધિ છે.

ભાવ સયોગી અયોગી શૈલેશે.
અંતિમદુગનય જાણે જી;
સાધનતાએ નિજગુણવ્યક્તિ,
તેહ સેવના વખાણો જી—શ્રી (૮)

તેરમું સયોગી અવસ્થારૂપ અરિહંતપણું એ ફલદષ્ટિમાં સમભિરૂઢ નયની સિદ્ધિ છે અને અયોગી-પણું એ એવંભૂત નયની સિદ્ધિ છે. અને જે સાધનાથી સ્વરૂપ પ્રગટ

થાય અને કષાયો નિર્બળ થઈ દેવ-સંત-શાસ્ત્રના જોરે નિર્મૂળ થાય તે સાધન જ પ્રશંસનીય છે.

કારણભાવ તેહ અપવાદે
કાર્યરૂપ ઉત્સર્ગે જી,
આતમભાવ તે ભાવ, દ્રવ્ય પદ
બાહ્ય પ્રવૃત્તિ નિઃસંગે જી—શ્રી. (૯)

અહીં જેટલો કારણભાવ તેને અપવાદ શબ્દથી ઓળખાવ્યો છે, કાર્યભાવને ઉત્સર્ગ શબ્દ વડે ઓળખાવ્યો છે જેટલો અંતરંગ મોહક્ષય તે ભાવ નિક્ષેપ અને જેટલી અનાસક્તિવાળી બાહ્ય પ્રવૃત્તિ તે સર્વ દ્રવ્યનિક્ષેપરૂપ જાણવી. દેવચંદ્રગણિ કહે છે કે આ વિસ્તારશૈલી પૂર્વાચાર્યો વિશે જાણવી હોય તો બૃહત્ કલ્પભાષ્ય અને તેના પરની ટીકા અવગાહી લેશો.

કારણભાવ પરંપરસેવન,
પ્રગટે કારજ ભાવો જી,
કારજ સિદ્ધે કારજતાવ્યય,
શુચિ પરિણામિક ભાવો જી—શ્રી. (૧૦)

હવે અંતરંગ શાંતિની શોધ કરનાર, ભવ્યની જે દેવભક્તિ, ગુરુભક્તિ અને શાસ્ત્રભકિત તેનું ક્રમે ક્રમે સેવન કરવાથી મોહક્ષય થતાં નિયમથી કાર્યભાવ પ્રગટ થાય છે. કાર્યસિદ્ધિ થતાં નિર્મલ આત્મજ્ઞાન પ્રકાશી ઊઠે છે અને કારણ ધર્મ રહી શકતો નથી. હવે સહજાત્મ-સ્વરૂપ અથવા પારિણામિક ભાવ વિલસે છે.

પરમગુણી સેવન તન્મયતા,
નિશ્ચયધ્યાને ધ્યાવે જી,
શુદ્ધાતમ અનુભવ આસ્વાદી
દેવચંદ્ર પદ પાવે જી—શ્રી૦ (૧૧)

પરમ ગુણોના ધારક અરિહંત પરમાત્મા તેમની સેવના અતિ દુર્લભ છે, તે પામી, તેમાં તન્મય થઈ જે પોતાને અરિહંતરૂપ ઓળખી નિષ્કલંક આત્મસ્વરૂપ ચિંતવે છે, તે નિર્મળ વિષયાતીત અતીંદ્રિય આનંદ પામીને દેવોના ચંદ્ર તુલ્ય જિનેંદ્રની પદવીને પ્રાપ્ત કરે છે.



With the Best Compliments of :

**DADHA & CO.,**
CHEMISTS AND DRUGGISTS
MADRAS 3.

Tele { Phone : 2610
Gram : INCREASE

卐

**DADHA and CO., (Andhra):**
PHARMACEUTICAL DISTRIBUTORS
RAMGOPAL ROAD, VIJAYAWADA 1.

Tele { Phone : 626
Gram : INCREASE.

卐

**DADHA and CO., (Mysore):**
PHARMACEUTICAL DISTRIBUTORS
SILVER JUBILEE PARK ROAD,
BANGALORE 2.

Tele { Phone : 6387
Gram : INCREASE

卐

**DADHA and CO., (Kerala):**
PHARMACEUTICAL DISTRIBUTORS
MATTANCHERRI, COCHIN 2.

Tele { Phone : 965
Gram : INCREASE

# પંચાંગ-ગણિત સંશોધન*

શ્રી મહેન્દ્ર જૈન પંચાંગના રજત જયંતી સમારંભના પ્રમુખસ્થાને મારી પસંદગી કરવા સારુ આભારી છું. ભારતમાં આપણાં પંચાંગોના સંશોધનની ચર્ચા લગભગ છેલ્લાં સો વર્ષથી ચાલે છે. જૈન અને વૈદિક ધર્મકૃત્યો ભિન્ન હોવા છતાં એ બંનેની કાલગણના, તિથિ, નક્ષત્ર, વાર, માસ, વર્ષ વગેરેની ગણિતપદ્ધતિ મોટે ભાગે સમાન જ છે. પંચાંગોના ગણિતનું સંશોધન કરવાની પ્રવૃત્તિ ચાલે છે, તે જૈન તેમજ અન્ય પદ્ધતિઓના ધર્મકૃત્યોને સમાન રીતે લાગુ પડે છે. જૈન પંચાંગના ગણિતનું સંશોધન ઘણા સમયથી જરૂરી હતું. અને "શ્રી મહેન્દ્ર જૈન પંચાંગે" આ ખોટ પુરી પાડીને જૈન સમાજની મોટી સેવા બજાવી છે.

આપણાં પંચાંગોમાં અપાતાં વ્રતો, ઉત્સવો, વગેરેનો કાલનિર્ણય સૂર્ય, ચંદ્ર, વગેરે ગ્રહોની ગતિને અનુસરીને કરવામાં આવે છે. તેથી આ કાલનિર્ણય શુદ્ધ પ્રકારે કરવાને માટે ગણિત પણ શુદ્ધ હોવું જોઈએ એ સ્પષ્ટ છે. એટલે પંચાંગમાં આપવામાં આવતા ગ્રહોનાં સ્થાનો આકાશમાં પ્રત્યક્ષ દેખાતાં તેઓનાં સ્થાનોની સાથે બરાબર મળી રહેવાં જોઈએ. આ પરીક્ષા કરવા માટે ભારતમાં પ્રાચીન કાળથી ખગોળનાં યંત્રો બનાવવાની પ્રવૃત્તિ ચાલી આવી છે. આવાં યંત્રોની કૃતિ અને તેઓનો ઉપયોગ સમજાવવાના ઉદ્દેશથી રચાયેલો, સુપ્રસિદ્ધ વિદ્વાન આચાર્ય શ્રી મહેન્દ્રસૂરિજીનો "યંત્રરાજ" નામનો ગ્રન્થ જાણીતો છે. જયપુર, ઉજ્જૈન વગેરે સ્થળોએ આવેલી ખગોળની વેધશાળાઓમાં પણ આ પ્રકારનાં યંત્રો આજે આપણે જોઈ શકીએ છીએ. આજે પશ્ચિમના ખગોળના વિદ્વાનોએ ઘણાં સૂક્ષ્મ યંત્રો બનાવ્યાં છે તેઓની મદદથી આકાશમાંના ગ્રહોના વેધ બહુ સૂક્ષ્મ રીતે લઈ શકાય છે.

અર્વાચીન કાળમાં બનેલાં આ યંત્રો, તેમ જ આપણા પ્રાચીન યંત્રોની મદદથી વેધ લેતાં હાલના ભારતીય વિદ્વાનોને માલૂમ પડ્યું કે આપણી વેધપરંપરા અનેક વર્ષોથી છૂટી ગઈ હોવાથી આપણા ગણિત અને પ્રત્યક્ષ આકાશની વચ્ચે ઘણું અંતર પડી ગયું છે. આ અંતર પૂરતો સુધારો આપણા ગણિતમાં કરી લેવો જોઈએ. એટલું જ નહીં, પણ ભવિષ્યમાં પણ ગ્રહોની ગતિ આજના સૂક્ષ્મ વેધોથી નક્કી થયેલી લેવી જોઈએ, જેથી આવી સ્થૂળતા ભવિષ્યમાં એકઠી થવા પામે નહીં. આ તત્ત્વને અનુસરીને અર્વાચીન ભારતીય વિદ્વાનોએ નવીન ગણિતના ગ્રન્થો પણ રચ્યા છે. અને તેઓને આધારે બનાવેલાં પંચાંગો પણ પ્રચારમાં આવ્યાં છે. જગતની બધી મહાન વિદ્યાઓની પેઠે ખગોળવિદ્યા પણ સાર્વભૌમ વિદ્યા છે, તેથી કોઈપણ દેશકાળમાંથી પ્રાપ્ત થયેલ સત્ય જ્ઞાનનો સ્વીકાર કરવામાં આપણા વિદ્વાનોએ કદી સંકોચ કર્યો નથી. આ જમાનામાં અન્ય દેશોના વિદ્વાનો પાસેથી આપણને ઉપયોગી એવું કંઈ પણ જ્ઞાન મળતું હોય તો તેનો ઉપયોગ કરવામાં આપણા આજના સુજ્ઞ વિદ્વાનો સંકોચ કરતા નથી એ યોગ્ય જ છે. આ પ્રમાણે કાશી, બંગાળ, મદ્રાસ, મહારાષ્ટ્ર વગેરે પ્રદેશોના અર્વાચીન વિદ્વાનોએ લગભગ સો વર્ષથી પ્રત્યક્ષ પંચાંગો બનાવવાની પ્રવૃત્તિ ચાલુ કરી દીધી છે.

આ વિષયમાં ગુજરાત અન્ય પ્રદેશો કરતાં કંઈક મોડું જાગ્યું એમ કહી શકાય, પણ છેલ્લા ૩૫ વર્ષથી ગુજરાતમાં પણ આ પ્રવૃત્તિની શરૂઆત થઈ છે અને હવે તો ગુજરાતમાં એકાદ બે અપવાદો સિવાય બધાંજ પંચાંગો બની ગયાં છે. ગુજરાતમાં સૌથી પ્રથમ પ્રત્યક્ષ પંચાંગ વિક્રમ સંવત ૧૯૮૨માં શ્રી હરિહરભાઈએ બહાર પાડ્યું હતું અને તે દશ વર્ષ ચાલ્યું હતું. પછી તેમની રાજકીય પ્રવૃત્તિઓના રોકાણોના લીધે તે આગળ ચાલી શક્યું નહીં, પણ એ અરસામાં પૂજ્ય મુનિ શ્રી વિકાસવિજયજીએ શ્રી હરિહરભાઈની પ્રત્યક્ષ ગણિતપદ્ધતિ એમની પાસેથી જાણી લઈને એ મુજબ "શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ"નો પ્રારંભ કર્યો, જેના પચીસમા વર્ષમાં પ્રવેશ થયાનો ઉત્સવ આજે આપણે ઊજવીએ છીએ.

ગ્રહ ગણિતનું કામ બહુ કડાકુટવાળું છે. એ અત્યંત શ્રમવાળું અને થકવનારું પણ છે. આવું કામ સતત

* પ્રત્યક્ષ જ્યોતિષ ગણિતને આધારે પ્રગટ થતા શ્રી મહેન્દ્ર જૈન પંચાંગના રજત મહોત્સવ પ્રસંગનું શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈનું અધ્યક્ષપદેથી પ્રવચન (તા. ૨૬-૨-૧૯૬૦)

એકધારું પૂજ્ય મુનિશ્રી છેલ્લાં ૨૫ વર્ષથી કરતા આવ્યા છે અને તે પણ એકલે હાથે બીજા કોઈની પણ મદદ વગર એમણે કર્યું છે એ માટે તેઓશ્રી આપણા અનેક ધન્યવાદને પાત્ર છે. એમણે તો નિષ્કામ કર્તવ્યબુદ્ધિથી આ કામ કર્યું છે. પણ જે જૈન સમાજની સેવા અર્થે એમણે આ પ્રવૃત્તિ કરી છે તેના અંગ તરીકે જૈનોનું કર્તવ્ય છે કે એમના આ પરિશ્રમને સાર્થક કરવો. આ પંચાંગોનો હજુ પણ વિશેષ ઉપયોગ કરીને અને જૈન-સમાજમાં તેનો બહોળો પ્રચાર કરીને પંચાંગ પાછળ લેવાતા શ્રમને વધુ સાર્થક બનાવી શકાય.

મારા જાણવા પ્રમાણે આખા ભારતમાં જૈન પંચાંગ આ એકજ છે. આજે ગુજરાત અને મહારાષ્ટ્રમાં લગભગ બધા પંચાંગો પ્રત્યક્ષ ગણિતવાળાં થઈ ગયાં છે.

પંચાંગનો ઉપયોગ ધર્મકૃત્યો માટે છે એમ સામાન્ય રીતે મનાય છે. છતાં પંચાંગનો ઉપયોગ માત્ર ધર્મ પૂરતો મર્યાદિત નથી. ઐતિહાસિક કાલગણના પંચાંગને અનુસરીને જ કરવામાં આવે છે. જૂનાં તામ્રપટો, શિલાલેખો, પ્રાચીન ગ્રંથો વગેરેમાં આપેલ મિતિઓ, સંવત્સરો વગેરેનો ઉકેલ પણ પંચાંગની મદદથી જ કરવો પડે છે. કોઈપણ સુધરેલા સમાજને પંચાંગ વિના ચાલતું નથી. ભલે પછી તે પંચાંગ આજના ખ્રિસ્તી, એટલે અંગ્રેજી પંચાંગ જેવું સરળ હોય. અર્વાચીન વ્યવહારને માટે પણ, ઓછામાં ઓછું, કોઈપણ પ્રકારનાં તારીખ, મહિનો, અને વર્ષ રાખ્યા વિના તો છૂટકો જ નથી.

આપણું પંચાંગ ધર્મકૃત્યો અને કાલગણના ઉપરાંત બીજા કેટલાક વિષયો આપે છે. આમાં ગ્રહોની સ્થિતિ અને ગ્રહણો જેવી નૈસર્ગિક ચમત્કૃતિઓ આવે છે. આમ આપણું ભારતીય પંચાંગ ધાર્મિક અને વ્યાવહારિક માર્ગદર્શક હોવા ઉપરાંત ખગોળના અભ્યાસનું એક ઉપયોગી સાધન બની રહે છે. પશ્ચિમમાં હાલમાં "નૉટિકલ આલ્મનાક" એટલે નૌકાશાસ્ત્ર માટેનું પંચાંગ જેવું કાર્ય બજાવે છે, એવું જ કાર્ય ખગોળના અભ્યાસ માટે હાલના ભારતીય પ્રત્યક્ષ પંચાંગો બજાવે છે.

આજના વિજ્ઞાનયુગમાં આપણાં પંચાંગો ખગોળ-શાસ્ત્રના અભ્યાસ માટે જેટલાં ઉપયોગી બને તેટલું એ પંચાંગોનું મહત્ત્વ વિશેષ ગણાય.

અર્વાચીન યુગના ભારતીય મહાપુરુષો ભારતીય સંસ્કૃતિના સંરક્ષણને એક મહત્ત્વનું કાર્ય માને છે. આપણું પંચાંગ આપણી સંસ્કૃતિ અનુસારે આપણો વ્યવહાર ચલાવવાનું સાધન છે, જેનો ઉપયોગ આપણા દેશના કરોડો મનુષ્યો દરરોજ કરે છે. જે લોકો ધર્મકૃત્યો પ્રત્યે ઉદાસીન છે તેઓને પણ સામાજિક તહેવારો અને બીજાં વ્યાવહારિક કાર્યો માટે પંચાંગની જરૂર પડે છે. જેમ જેમ સમાજમાં પરિવર્તન થતું રહે છે તેમતેમ એ ફેરફારોને અનુસરીને પંચાંગોમાં પણ ફેરફારો થાય છે. આપણાં હાલના પંચાંગોમાં આવતી ખ્રિસ્તી તારીખો આનું એક ઉદાહરણ છે. ખ્રિસ્તી તારીખો ભારતીય પંચાંગનું અંગ નથી, છતાં આજે ખ્રિસ્તી તારીખ વિનાનું ભારતીય પંચાંગ ચાલી શકે નહીં.

આપણા પંચાંગનું મૂળ સ્વરૂપ આજના કરતાં ઘણું જુદું હતું. જમાના-જમાનાની જરૂરિયાતો પ્રમાણે તેમાં અનેક ફેરફારો થયા છે, અને તે પ્રમાણે ભવિષ્યમાં પણ થશે. આજના પ્રત્યક્ષ પંચાંગો આપણી પ્રાચીન પરંપરાને કાયમ રાખીને આજની જરૂરિયાતોનો સમાવેશ તેમાં કરે છે. તેમજ જૂના ગણિતની જે સ્થૂળતાઓ પ્રત્યક્ષ અવલોકનથી સાબિત થઈ છે, તે સુધારીને ગણિતને સૂક્ષ્મ બનાવે છે. કાળે કાળે આપણા પ્રાચીન વિદ્વાનોએ પણ આમ જ કર્યું છે, અને એમ કરવું એ આપણી પરંપરા છે.

વિદ્વાનો તો કર્તવ્યબુદ્ધિથી પોતાનું કામ કર્યે જ જાય છે, પણ જો સમાજ તેઓની કૃતિઓની કદર કરતો રહે તો વિદ્વાનોને પરિશ્રમ કરવામાં ઉત્તેજન મળે છે, તેઓનો ઉત્સાહ વધે છે અને સમાજને તેઓની વિશેષ સેવાનો લાભ મળે છે. આ દૃષ્ટિએ આજના સમારંભને હું આવકારું છું. હું ઇચ્છું છું કે આપણા સમાજની કોઈપણ પ્રકારની ઉન્નતિને અર્થે જે જે લોકો પ્રયત્ન કરતા હોય તેઓને આ પ્રમાણે જ ઉત્તેજન મળતું રહેશે અને તેને પરિણામે સમાજની સર્વ પ્રકારની ઉન્નતિ સિદ્ધ થશે.

卐

# મહેન્દ્ર જૈન પંચાંગની પૂર્વપીઠિકા*

આ પ્રસંગ આપણને ઘણી ઘણી બાબતો કહી જાય છે. અભિનંદન મારા પૂજ્ય ગુરુ મહારાજ શ્રીવિજયવલ્લભસૂરિજી મહારાજને ફાળે જાય છે કારણકે એમની પવિત્ર પ્રેરણા પામીને મારો આ અભ્યાસ ચાલુ થયો અને તેનું ખાસ કારણ સં. ૧૯૮૩માં પૂજ્યપાદ ગુરુ મહારાજશ્રીજીની સાથે જયપુરની વેધશાળા (યંત્રાલય) જોઈ, જે વેધશાળામાં ઘણી જાતનાં યંત્રો હતાં. તેમાં એક મોટું લગભગ દોઢ વાંભ જેટલું યંત્ર હતું, જે આચાર્યશ્રી મહેન્દ્રસૂરિજી મહારાજકૃત યંત્રરાજ ગ્રંથ ઉપરથી બનાવેલ હતું. તે યંત્રરાજ ગ્રંથ ઉપર જયપુર શહેર વસાવનાર રાજા જયસિંહજીએ યંત્રરાજ–કારિકા લખેલ છે, અને યંત્ર કેવી રીતે બનાવવો તેનું પણ વિવેચન કરેલ છે. તે વેધશાળા જોતી વખતે ઉપરનું ટિપ્પણ કરેલ હતું, અને જ્યારે સંવત ૧૯૮૯ સને ૧૯૩૩ માં પાલણપુરમાં અભ્યાસ શરૂ થયો ત્યારે જૈન જ્યોતિષને લગતાં જૈન આગમ તથા પ્રાચીન ગ્રંથો જોયા. તેમાં વરસની શરૂઆત, સૂર્ય-ચન્દ્રની સ્થિતિ આદિનો ઉલ્લેખ હતો. અભ્યાસના નિષ્કર્ષમાં જૈન પંચાંગ કેવી રીતે પ્રસિદ્ધ કરવું ? તે શીર્ષકથી ચાર લેખો લખાયા, અને વસ્તુસ્થિતિ સમજાવવામાં આવી તથા એ લેખો દ્વારા જૈનાચાર્યોએ દૅક્પ્રત્યય (પ્રત્યક્ષ) ગણિતનો સ્વીકાર કર્યો છે તે સમજાવવામાં આવ્યું. ત્યારબાદ એ વિષયમાં આગળ મંથન કરતાં એ સ્પષ્ટ સમજાયું કે પ્રાચીન ઇતિહાસને સ્થિર કરવામાં-સમજવામાં જ્યોતિષ ગણિતની અવશ્ય જરૂરીઆત રહે છે. અને તેથી સં. ૧૯૯૦–ઈ. સ. ૧૯૩૪ નું ચોમાસું જયપુર કરવાનો નિર્ણય કર્યો, જેથી ત્યાં પ્રાચીન અને અર્વાચીન અભ્યાસનાં સાધન મળ્યાં. ચોમાસા બાદ અત્રે (અમદાવાદ) આવવાનું થયું અને જે જરૂરીઆત (પંચાંગ)ની ધૂન મગજમાં રમતી હતી, તેને પ્રો. હરિહરભાઈની દોરવણીથી સાકાર રૂપ અપાયું.

સં. ૧૯૯૧ માં પંચાંગ તૈયાર થયું અને તેના નામકરણ વખતે અંતરપ્રેરક આચાર્યશ્રી મહેન્દ્રસૂરિજીનું નામ પંચાંગ સાથે જોડવામાં આવ્યું. તેમનો આ યંત્રરાજ ગ્રંથ જયપુર તથા બનારસની જ્યોતિષાચાર્યની પરીક્ષામાં પાઠ્યપુસ્તક તરીકે ચાલે છે અને તેથી પ્રથમ આવૃત્તિ આ વિષયના મહાન વિદ્વાન પં. શ્રી સુધાકર દ્વિવેદીજીએ તેના ઉપર ટિપ્પણ રચી તે ગ્રંથ બનારસથી છપાવેલ છે. મારા દરેક અભ્યાસ આદિમાં પૂજ્ય મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબની પ્રેરણાએ આટલી આ પંચાંગ સંબંધીની પૂર્વપીઠિકા કહી.

આ પંચાંગ શરુ થયાને લગભગ દસ વરસ વીત્યા બાદ આનો પ્રચાર ઘણોજ ઓછો હોવાથી સંદેશ, જન્મભૂમિ તથા ગુજરાત વિદ્યાસભા તરફથી ભારતીય પંચાંગ નીકળેલ, જેને પણ ગણિતની મારાથી બનતી યોગ્ય સહાય અપાય છે.

આ પંચાંગમાં જે સ્ટાન્ડર્ડ ટાઈમ શરુઆતથી આપવામાં આવેલ છે તે જૂના પંચાંગોની ઘડીપળની મુશ્કેલી ટાળવા માટે અત્યંત ઉપયોગી થઈ પડેલ છે તેમ જનતાના અભિપ્રાયથી જણાય છે.

છેલ્લા પાંચ વરસથી આ પંચાંગનું કદ વધેલ છે, જેમાં બધા હિન્દુ વ્રત તથા તહેવારો આપવામાં આવે છે જેથી તે સર્વ જનભોગ્ય બનેલ છે. આ સમારંભનું મારી દૃષ્ટિએ જે મહત્ત્વ છે તે એ રીતે છે. એક તો આપણે ત્યાં પંચાંગ સંબંધી જે અવ્યવસ્થિત સ્થિતિ પ્રવર્તે છે તેમાં આ એક અદના પ્રયત્નનું મૂલ્ય થવાથી મારું મન સંતોષની લાગણી અનુભવે છે તેમ મારે કબૂલ કરવું જોઈએ. આ પ્રસંગનું બીજું અને વિશેષ મહત્ત્વ તો એ છે કે આથી જૈન સંઘ તેમજ આમજનતાનું આપણા દેશના લોકજીવનમાં વણાઈ ગયેલ આ બાબત તરફ સૌનું ધ્યાન દોરવાની એક તક સાંપડી છે.

* શ્રી મહેન્દ્ર જૈન પંચાંગના પુરસ્કારક વિદ્વાન પં. શ્રી વિકાસવિજયજી મહારાજના રજત જયંતી મહોત્સવ પ્રસંગના વ્યાખ્યાનમાંથી.




AVAILABLE AT ALL LEADING STORES

# પ્રસન્નતાનું ગીત

વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામી

ગાંધર્વ દેશના મહારાજા પ્રિયદર્શનને છ સુંદર રાણીઓ હતી.

સ્ત્રીને ભોગની સામગ્રી માનનારાઓની આંખો અતૃપ્તિના ઉન્માદથી ઘેરાયેલી જ રહેતી હોય છે. એક વખત રાજા પ્રિયદર્શન ચિત્રપુરના રાજાની રૂપવતી કન્યા હેમાંગિનીને જોઈ ગયો.

અતૃપ્તિના ઉન્માદથી પીડાતી આંખો માત્ર ચમકી નહિ, માત્ર વ્યાકુળ બની નહિ પણ હૈયાને ય પજવવા માંડી. રાજાના મનમાં થયું : મારા અંતઃપુરમાં જો આવું રૂપ ન રમતું હોય તો શ્મશાનમાં ને મારા અંતઃપુરમાં કોઈ તફાવત નથી.

રાજાએ હેમાંગિનીના પિતા સમક્ષ કન્યાની માગણી કરી.

આ માગણી સાંભળીને ચિત્રપુરનો રાજા અતિ આનંદિત બન્યો. પોતાની એકની એક કન્યાને આવો પ્રતિષ્ઠિત મહારાજા પુણ્ય હોય તો જ મળે. તેણે તો તરત ઉત્તર આપ્યો. "મહારાજ, આ તો મારાં અને મારી કન્યાનાં અહોભાગ્ય ગણાય. પરંતુ મારા કુલાચાર પ્રમાણે મારે કન્યાની અને તેની માતાની સંમતિ પ્રાપ્ત કરવી પડશે."

"અવશ્ય, આપ આપના કુલાચારનું પાલન કરો."

ચિત્રપુરના રાજાએ પ્રથમ પોતાની પત્નીને વાત કરી. પત્ની પ્રસન્ન થઈ. ત્યાર પછી તેણે કન્યા સમક્ષ વાત કરી. કન્યા ઘડીભર વિચારમાં પડી ગઈ...ત્યારપછી બોલી : "પિતાજી, મહારાજા પ્રિયદર્શન જૈન છે, પણ એનો મને કોઈ બાધ નથી...એને છ નવયૌવના રાણી છે...એટલે જો મહારાજા પ્રિયદર્શન મારું ગૌરવ જાળવવાનું અને મારી પ્રત્યેક ઇચ્છા પૂરી કરવાનું વચન આપે તો હું સંમત છું."

હેમાંગિનીના પિતાએ રાજા પ્રિયદર્શનને આ વાત કરી. રાજા પ્રિયદર્શન ઘણો જ પ્રસન્ન થયો અને બોલ્યો: "રાજન્, આપની પ્રિય કન્યા ગંધર્વદેશની પટ્ટરાણી બનશે, માત્ર હું નહિ પણ સમગ્ર અંતઃપુર એની ઇચ્છાને માન આપશે અને એની આજ્ઞાને વધાવી લેશે...એનું ગૌરવ જાળવવું અને એની પ્રત્યેક ઇચ્છા પૂરી કરવી એ મારું વ્રત બનશે."

મહારાજા પ્રિયદર્શનનું આ રીતે વચન મળતાં તરત જ લગ્નની તૈયારી શરૂ કરવામાં આવી. સમગ્ર ચિત્રપુરમાં લગ્નોત્સવનો પ્રારંભ થયો. આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ ખડું થઈ ગયું.

અને મહારાજા પ્રિયદર્શન હેમાંગિનીને પટ્ટરાણી બનાવીને પોતાના રાજ્યમાં આવી ગયો.

રૂપમુગ્ધ બનવું એ માનવીની મોટામાં મોટી નબળાઈ છે. હેમાંગિનીના રૂપમાં પ્રિયદર્શન એટલો ખોવાઈ ગયો હતો કે તે પોતાનું નિત્યકર્તવ્ય પણ કરી શકતો નહીં...દિવસ રાત તે રૂપવતી હેમાંગિની પાસે જ બેસી રહેતો. સંગીત, નૃત્ય, વિનોદ, પરિહાસ, મસ્તી અને પત્નીને જે જે વસ્તુ પ્રિય હોય તે દરેક વસ્તુમાં જ રાજા પોતાની જાતને ગોઠવી રહ્યો હતો.

આ રીતે રાજાને અંતઃપુરમાં પુરાયેલો જોઈને અમાત્યો ભારે ચિંતિત બન્યા...પ્રજાજનો પણ આશ્ચર્યમાં પડી ગયા.

રાજભવનમાં આવેલા જિનપ્રાસાદમાં પણ તે જતો આવતો નહીં. રાજપરિવારના અન્ય સભ્યો ભારે નિરાશા અનુભવવા માંડ્યા. રાજાની અન્ય છ રાણીઓ પણ ચિંતાતુર બની.

રાજદરબારનું કાર્ય વિલંબમાં પડવા માંડ્યું. પ્રજાની ફરિયાદો વધવા માંડી. જ્યારે આગવો આંધળો બને છે ત્યારે તેનું કટક કૂવામાં જ ખાબકે છે.

છેવટે અમાત્યોએ અંતઃપુરમાં સંદેશા મોકલવા શરૂ કર્યા...પરંતુ હેમાંગિની અમાત્યોના દરેક સંદેશાઓને અધવચ્ચે જ ઉડાવી દેતી. તે સમજતી હતી કે સ્ત્રીનો

પુરુષ પરનો કાબૂ જતો રહે તો સ્ત્રીની તમામ આશાઓ ધૂમાડાના ગોટા જેવી જ બની જાય. સ્ત્રીનું સાચું બળ પુરુષને બાંધી રાખવામાં જ રહેલું છે.

આ રીતે છ મહિનાનો કાળ વીતી ગયો. રાજાની નિષ્ક્રિય દશાએ જનગણમાં ઘેરો અસંતોષ ઉભો કર્યો.

અને હેમાંગિની પણ રોજના સંદેશાઓથી ભારે કંટાળી ગઈ હતી. આ રોજની ઉપાધિમાંથી મુક્ત થવા ખાતર તેણે એક દિવસે સ્વામીને ઘણા જ પ્રેમથી કહ્યું : "પ્રિયતમ, ઘણા સમયથી મારા મનને એક ઇચ્છા મૂંઝવી રહી છે. જો આપ પૂરી કરી શકો તો..."

"પ્રિયે, ઘણા સમયથી મૂંઝવી રહેલી ઇચ્છા તેં મનમાં શા માટે દબાવી રાખી ? કહે, તારી પ્રત્યેક ઇચ્છા પૂરી કરવામાં હું મારું ગૌરવ અનુભવું છું. બોલ..."

"મહારાજ, આ રાજભવનમાં એટલો બધો કલરવ છે કે જે ભાવથી મારે આપના પ્રેમની પૂજા કરવી જોઈએ તે ભાવથી હું પૂજા કરી શકતી નથી. એટલે જો નગરીથી દૂરદૂર કોઈ સુંદર-મનોહર વન પ્રદેશ વચ્ચે એકાદો મહેલ તૈયાર કરાવો તો આપણે બંને ત્યાં રહીએ...જીવનની કવિતામાં સદાયે મસ્ત બની રહીએ."

"ઓહ્, આ તો તેં મારા જ મનની વાત કરી. આપણે આવતી કાલે જ બહાર નીકળીશું અને તને જે સ્થળ પસંદ પડશે તે સ્થળે તારી કલ્પના મુજબનો પ્રાસાદ ખડો કરીશું." પ્રિયદર્શને એમ કહીને પત્નીને હૈયા સરસી લીધી.

હેમાંગિની સ્વામીના હૈયા પર જાણે લપાઈ ગઈ.

## ૨

બીજે દિવસે એક રથમાં બેસીને પ્રિયદર્શન પત્નીને લઈ ને નગર બહાર નીકળી ગયો.

નગરથી છ કોશ દૂર કામવન નામના અતિ રળિયામણા વન-પ્રદેશમાં તેઓ દાખલ થયાં. એ વન-પ્રદેશમાં સુંદર પંખીઓ કલ્લોલતાં હતાં, વિવિધ પ્રકારનાં પશુઓ હતાં, વૃક્ષો હતાં, વેલીઓ હતી, ઝરણાં હતાં... ચારે દિશાઓ પ્રકૃતિની કૃપાથી સભર અને મનોરમ બની ગઈ હતી.

આ કામવનની વચ્ચે એક રળિયામણું મેદાન હતું... મેદાન વચ્ચે એક પ્રસન્ન યુવતી સમી સરિતા વહેતી હતી...એ સરિતાના કિનારે એક નાનું છતાં કલામય જિનમંદિર હતું અને ત્યાંથી થોડે દૂર પંદર વીસ ઝૂંપડાંઓ હતાં. ઝૂંપડાંઓમાં વનવાસીઓ વસતાં હતાં. બધા વનવાસીઓ સ્વસ્થ, સુંદર અને પ્રશાંત જણાતાં હતાં.

આ ઝૂંપડાંઓ, નદી, મંદિર, ફરતી પર્વતમાળાઓ વગેરે જોઈ ને હેમાંગિનીનું ચિત્ત અતિ પ્રસન્ન બની ગયું. તે બોલી : "પ્રિયતમ, આ સ્થળ સુંદર છે, ચિત્તને પ્રમોદ આપનારું છે. અહીંથી વનવાસીઓને દૂર કરી આ ઝૂંપડાઓના સ્થળે ભવ્ય મહેલ નિર્માણ કરો. જુઓ...સામે કેવી સુંદર સરિતા છે, એના કિનારે કોઈ મંદિર છે. કેટલું શોભે છે ? હવા પણ ચંદનના સ્પર્શથી સ્નિગ્ધ–સૌરભવંતી બનીને વહી રહી છે. આ સ્થળ મને અતિ પ્રિય લાગે છે."

"પ્રિયે, તને જે પ્રિય લાગે તે મને કદી અપ્રિય ન લાગે." કહી રાજાએ પોતાનો રથ વનવાસીઓનાં ઝૂંપડાંઓ પાસે ઊભો રાખ્યો.

ઝૂંપડાંમાં રહેતા વનવાસીઓ બહાર આવ્યા અને પોતાના રાજાને આવેલો જોઈ ને હર્ષભર્યા જયનાદ કરતા કરતા રથની આસપાસ ઊભા રહી ગયા અને રાજારાણી પર પુષ્પો વરસાવવા માંડ્યા.

વનવાસીઓના આવા પ્રેમપૂર્ણ સ્વાગતથી રાજા ખૂબજ હર્ષિત બન્યો અને બોલ્યો : "મારા પ્રિય પ્રજાજનો, આપનો પ્રેમભાવ જોઈ ને મને ઘણોજ આનંદ થાય છે. આપને હું એક આનંદદાયક સમાચાર આપવા આવ્યો છું. આ સ્થળે મારે એક મહેલ બનાવવો છે એટલે આપ અન્યત્ર જવા માટે તૈયાર થાઓ. હું આપને ધન આપીશ અને આનાથીયે ઉત્તમ જમીન આપીશ."

રાજાએ કહેલા આ આનંદદાયક સમાચાર સાંભળીને બધા વનવાસીઓના વદન પરનો ઉલ્લાસ આથમી ગયો. એક આગેવાન જણાતો વૃદ્ધ વનવાસી બોલ્યો : "મહારાજ, આપ તો પરમકૃપાળુ છો અને પ્રજાવત્સલ છો. આ સ્થળે અમે સાત સાત પેઢીઓથી રહીએ છીએ. આ ઝૂંપડાંઓમાં અમારાં સુખદુઃખનાં અનંત સ્મરણો જીવતી કવિતા સમાં જળવાયેલાં પડ્યાં છે... સામે દેખાતું ભગવાન શાંતિનાથ પ્રભુનું મંદિર અમારા પ્રાણ સમાન છે...આ સ્થળનાં પ્રત્યેક પથ્થરો, પ્રત્યેક રજકણો, પ્રત્યેક વૃક્ષો, પંખીઓ, પશુઓ અને ફૂલો અમારાં જુગજૂના સાથીઓ છે...આપ અન્યત્ર મહેલ બનાવો. આ તો અમારા જન્મની અને મૃત્યુના વિસામાની પવિત્ર ધરતી છે."

રાજાએ શાંત સ્વરે કહ્યું : "મારા પ્રિય પ્રજાજનો, હું આપની વ્યથા સમજું છું. પરંતુ મહારાણીની ઇચ્છા આ સ્થળે જ મહેલ બનાવવાની છે."

વૃદ્ધ વનવાસીએ તરત ઉત્તર આપ્યો : "ક્ષમા કરજો કૃપાવતાર, જનતા કરતાં મહાદેવી નાનાં છે."

વનવાસીના આ શબ્દો સાંભળીને ગૌરવર્ણથી દીપી રહેલી હેમાંગિનીના વદન પર રોષની લાલી નાચી ઉઠી. તે મૃદુ-ગંભીર સ્વરે બોલી : "સ્વામી, આ સ્થળે જ આપણા પ્રણયજીવનની સજીવ કવિતા સમો પ્રાસાદ બનવો જોઈએ."

"એમ જ થશે, પ્રિયે" કહીને રાજાએ વનવાસીઓ સામે જોઈને કહ્યું : "જુઓ, મહાદેવીની ઇચ્છા પૂર્ણ થવી જ જોઈએ. આજથી સાતમે દિવસે મારા માણસો અહીં આવશે અને આ સ્થળે વિરાટ ભવનનું નિર્માણ કરશે...આપ સહુ તે દરમ્યાન આ સ્થળનો ત્યાગ કરજો."

"કૃપાવતાર, અમે આ સ્થળનો ત્યાગ નહિ કરી શકીએ. અમારા આરાધ્ય ભગવંતને અમે છોડીને કોઈ સ્થળે જઈ શકીએ તેમ નથી. સાત સાત પેઢીથી અમે શ્રી જિનેશ્વર ભગવંતની આરાધના-પૂજા કરતા રહ્યા છીએ. અમે એને છોડીને ક્યાંય જઈ શકીશું નહિ."

હેમાંગિનીથી આ શબ્દો સહી શકાયા નહિ. તે તેજભર્યા સ્વરે બોલી; "તમારા આરાધ્યને પણ તમે સાથે લેતા જજો. મહારાજના સૈનિકો આપના પર બળ-પ્રયોગ કરે એ મને પ્રિય નથી."

એક વૃદ્ધા બોલી : "માતા, બળપ્રયોગ તો શત્રુ પર શોભે...સંતાન સમી જનતા પર ન શોભે! આ સ્થળ અમારું છે...આ મંદિર અમારું છે...આ પ્રદેશની માટી પણ અમારા જ નિ:શ્વાસોથી ભરેલી છે...અને એ હંમેશ માટે અમારાં જ રહેશે."

"આપ આ રીતે ઉગ્ર ન બનો શાંતિથી વિચાર કરો...તમારા રાજાના આનંદ ખાતર શું તમે આટલો યે ભોગ નહિ આપી શકો?"

"રાજાના જીવન ખાતર અમારા પ્રાણ તૈયાર છે... રાજાના આનંદ ખાતર કે તરંગ ખાતર કે એની રૂપવતી રાણીની સ્વેચ્છા ખાતર અમે અમારા ઝૂંપડાંઓનો નાશ જોવા જરાયે તૈયાર નથી." એક આધેડ પુરુષ બોલ્યો.

"પરિણામ સારું નહિ આવે." કહી રાજાએ તરત રથ પાછો વાળવાની સારથિને આજ્ઞા કરી.

રથ વિદાય થયો.

વનવાસીઓ તરત સરિતાના કાંઠે આવેલા જિન-પ્રાસાદ તરફ ગયા.

૩

સાતમે દિવસે રાજા-રાણી સૈન્યદળ સાથે આવી પહોંચ્યાં.

શાંત વનમાં કોઈને પણ ઉપદ્રવરૂપ ન થઈ પડાય એવા જાગરણ સાથે શ્રી જિનેશ્વર ભગવંતની ભક્તિમાં જ જીવનનું મંગળ સમજનારા વનવાસી પરિવારો આજ વહેલી સવારથી ચઉવિહાર ઉપવાસનું વ્રત લઈને પોતપોતાની કુટિરોમાં સ્થિર ભાવે બેસી ગયા હતા... માત્ર બાળકો જ આસપાસ રમતાં ઘૂમતાં હતાં. દરેક વનવાસીના હાથમાં નવકારવાળી હતી અને હૃદયમાં શ્રી શાંતિનાથ ભગવંતના નામનો જાપ હતો.

રાજારાણીનો રથ ઉભો રહ્યો અને રાજાજ્ઞાને આધીન થયેલા એક સેનાનાયકે બૂમ મારી : "દરેક માણસ કુટિરોમાંથી પોતાના સરસામાન સાથે બહાર નીકળી જાય."

કોણ ઉત્તર આપે? બધા ધ્યાનમાં જ બેઠા હતા... હા, એક વૃદ્ધ વનવાસી બાળકોની સંભાળ રાખવા ખાતર ઝૂંપડીઓ વચ્ચે આવેલા નાનકડા ઓટા પર બેઠો હતો. એની આસપાસ કેટલાંક બાળકો બેઠાં હતાં અને કલ્લોલતાં હતાં.

કશો ઉત્તર ન મળતાં રાજા પોતે રથમાંથી નીચે ઊતર્યો અને નાનકડા ઓટા પાસે જઈને બોલ્યો : "મારા સૈનિકોને હું આજ્ઞા આપું એટલીજ વાર છે!"

વૃદ્ધે નમસ્કાર કરી કહ્યું : "મહારાજ, આ કુટિરોના નાશ સાથે અમે અમારો પણ નાશ ઇચ્છીએ છીએ."

"વનવાસી, આ રાજાજ્ઞા છે...હું તમને માત્ર એક જ પ્રહરનો સમય આપું છું."

વૃદ્ધે વિનમ્ર ભાવે કહ્યું : "કૃપાવંત, આપે તો અમને સાત દિવસનો સમય આપ્યો હતો અને તે સૂર્યોદય પહેલાં જ પૂરો થઈ ગયો છે."

રાજા ભારે વિચારમાં પડી ગયો. રાણી હેમાંગિની પણ રથમાંથી નીચે ઊતરીને રાજા પાસે આવી ગઈ હતી. તે ઝૂંપડાંઓના મુક્ત દ્વાર તરફ જોતી હતી... તેમાં રહેનારાં સ્ત્રીપુરુષો શાંત ભાવે નેત્રો બંધ કરીને માળા ફેરવી રહ્યાં હતાં...જાણે કોઈને કશો

ભય નથી...ચિંતા નથી કે પરવા નથી! તે બોલી: "મહારાજ, વનમાં વસતા માણસો પશુ સમાન જ જડ હોય છે. આપ સૈનિકોને આજ્ઞા કરો."

એક અમાત્ય પણ સાથે આવ્યો હતો તે બોલ્યો: "મહારાજ, બધા વનવાસીઓ પોતાના ઇષ્ટદેવની આરાધના કરી રહ્યા હોય એમ લાગે છે, વળી કોઈ સામું થતું નથી...કોઈએ શસ્ત્રો પણ ઉપાડ્યાં નથી... કેવળ અંતરની શ્રદ્ધાના બળે બધાં બેઠાં હોય એમ લાગે છે...આપ અત્યારે આપનો સંકલ્પ સ્થગિત કરો અને સૈનિકોને આજ્ઞા કરશો તો પરિણામ વિપરીત આવશે ...કોઈપણ સૈનિક નિઃશસ્ત્ર માણસ પર હાથ નહિ ઊંચો કરી શકે."

રાજાએ પત્ની સામે નજર કરી.

હેમાંગિનીએ કહ્યું: "પ્રિયતમ, આ સંસારી વનવાસીઓ પાસે શ્રદ્ધાનું કોઈ બળ ન હોય...એ લોકો કેવળ ત્રાગું કરીને બેઠા છે...આપ સેનાનાયકને આજ્ઞા કરો."

બાજુમાં ઉભેલા સેનાનાયક સામે જોઈને રાજાએ કહ્યું: બલભદ્ર, સૈનિકોને તૈયાર થવાની આજ્ઞા આપ."

"કૃપાવતાર, સૈનિકો પોતાના ધર્મમાં દક્ષ છે. તેઓ નિઃશસ્ત્ર લોકો પર શસ્ત્ર કેવી રીતે ઉગામી શકશે? આપ એવો પ્રબંધ કરો કે વનવાસીઓ શસ્ત્ર ધારણ કરે."

રાજાએ વૃદ્ધ વનવાસી સામે જોઈને કહ્યું: "તમારા બધા સાથીઓને બોલાવો."

"બધા પોતપોતાના ધરમાં જ છે...મહારાજ!"

"તો સહુને કહો કે શસ્ત્ર ધારણ કરીને બળથી ધરતીનું રક્ષણ કરે."

"મહાબાહુ, બળથી કોઈએ ધરતીનું રક્ષણ કર્યું નથી, કરી શકાય નહીં. છતાં અમે શસ્ત્રો રાખતા જ નથી...અમારું શસ્ત્ર કેવળ ધર્મ છે; અમારૂં બળ સરિતાના કિનારે વિરાજમાન થયેલા શ્રી શાંતિનાથ ભગવંત છે!" વૃદ્ધે કહ્યું.

હેમાંગિની બોલી ઊઠી: "આમ કાયર બનીને વાત ન કરો. માળાઓ દૂર ફેંકી દો અને તમારાં ઝૂંપડાંઓનું રક્ષણ કરવા મરદાનગીથી સામે આવો."

વૃદ્ધ ખડખડાટ હસી પડ્યો... ઝૂંપડાંઓમાં કોઈ પ્રકારની ચંચળતા જણાતી ન હતી.

બુદ્ધિના નિધાન સમા અમાત્યે કહ્યું: "મહારાજ, આ તો આપને ગર્વ ધારણ કરવા જેવો પ્રસંગ બન્યો છે."

"એટલે?" પ્રિયદર્શને પ્રશ્ન કર્યો.

અમાત્યે કહ્યું: "કૃપાવતાર, જે રાજાની પ્રજા અન્યાય સામે અવાજ કરી શકે છે, જે રાજાની પ્રજા ધર્મના બળ પર વિશ્વાસ રાખીને મૃત્યુ ને પણ ફૂલ માફક વધાવવા તૈયાર થતી હોય છે, તે રાજા હંમેશાં અજેય છે. રાણીની ઇચ્છા કરતાં પ્રજાની ઇચ્છા કેટલી મહાન અને પવિત્ર છે? આપ આપનું કલ્યાણ ઇચ્છતા હો તો આપની સત્ત્વશીલ પ્રજા સામે મસ્તક નમાવો...અને ધર્મનું આ તેજ તમારા રાજમુગટમાં મણિ તરીકે શોભાવો."

તરત હેમાંગિની બોલી ઊઠી: "મહારાજ, આપે મને વચન આપ્યું છે."

"હા દેવી, હું વચનનું પાલન અવશ્ય કરીશ." કહી તેણે પોતાની તલવાર મ્યાનમુક્ત કરી. અને સામે ઓટા પર બેઠેલા વૃદ્ધ વનવાસીનું મસ્તક છેદવા તલવાર ઊંચી કરી. ત્યારપછી પ્રચંડ સ્વરે કહ્યું: "વનવાસી, માત્ર એક જ પળ છે."

વનવાસી વૃદ્ધે નેત્રો બંધ કર્યાં હતાં...તેના ચહેરા પર સુમધુર અને ભવ્ય પ્રસન્નતા ઝળહળી રહી હતી.

રાજાના પ્રાણમાં વનવાસીના વદન પર રમતી પ્રસન્નતાએ પ્રકાશની એક ચિનગારી આપી દીધી હતી. તેના મનમાં થયું આ હાસ્ય, આ પ્રસન્નતા અને આ નિર્ભયતા એ જ મારું સાચું ધન છે. જો મારા સૈનિકો નિઃશસ્ત્ર પર હાથ ઊંચો કરવા તૈયાર ન હોય તો મારાથી શસ્ત્ર કેમ ઊંચકી શકાય? જનતાનું આ તેજ મારાથી કેમ હણી શકાય?

અને તેણે વનવાસીનો શિરચ્છેદ કરવા તોળેલી તલવાર એ જ પળે વૃદ્ધ વનવાસીના ચરણ કમળમાં એક ફૂલની માળા માફક મૂકી દીધી, અને પોતે પણ પ્રજાના ચરણમાં ઢળી પડ્યો.

આ અણધાર્યું દૃશ્ય જોઈને હેમાંગિનીએ બૂમ મારી: "મહારાજ...પ્રિયતમ!"

"દેવી, હું ક્ષત્રિય છું...વચનનું મૂલ્ય સમજું છું...મેં આપેલું વચન અવશ્ય પૂરું થશે. આ મારા વનવાસી પ્રજાજનો છે...આવા સત્યશીલ લોકોની વચ્ચે જ આપણું પણ એક ઝૂંપડું બંધાશે; અને આપણા જીવનને

અભિનંદતો એ મહેલ ગણાશે. જનતાના રક્ત વડે... અથવા તો જનતાના નિશ્વાસની ઉપેક્ષા કરીને તને પ્રસન્ન કરવી એમાં મારું કોઈ ગૌરવ નથી...તારું પણ ગૌરવ નથી."

રાજાના આ શબ્દોથી બધાએ જયનાદ ગજવ્યો.

ઝુંપડાઓમાં માળા ફેરવીને બેઠેલા નરનાર બહાર નીકળવા માંડ્યાં.

આ દૃશ્ય જોઈને હેમાંગિનીના પ્રાણમાં પોઢેલી નારી જાગૃત થઈ, તેના ગર્વનું તો મર્દન જ થઈ ગયું હતું.

અમાત્યે મહાદેવી સામે જોઈને કહ્યું : "મા, આપ પણ આ ગૌરવનાં અધિકારી બનો."

એ જ વખત રાણી પોતાના સ્વામીના ચરણમાં ઢળી પડી અને બોલી : "સ્વામી, આજ હું જે પામી શકી છું તે અનંત છે, અપૂર્વ છે, અનુપમ છે. મારા પ્રાણમાં રૂપનો ગર્વ હતો, સત્તાનો નશો હતો. આજ મારાં નયનો ખુલ્યાં છે. સ્વામી, રાજાની શોભા પ્રજાની ઇચ્છાને અનુસરવામાં છે. પત્નીની શોભા પતિનો કલ્યાણમાર્ગ પ્રશસ્ત કરવામાં છે."

અમાત્યે જયનાદ બોલાવ્યો.

પ્રસન્નતાનું ગીત જાણે સાકાર બની ચૂક્યું હતું.

卐

*With Best Compliments*

*from*

**Panalal Mohanlal Kothari**

*Importers, Exporters,*

**Emerald Merchants & Jewellers**

118, Kalbadevi Road,

Bombay-2

Tel. No. 61037 Cable : PUREGREEN

*With Best Compliments*

*from*

**Shah Padamshi Jethabhai**

**Dealers in Iron**

★

Iron Market

Bombay-9

# BALDOTA BROTHERS

*Importers, Exporters,*

**Metals, Minerals, Spices,**
**Seeds & Oil Merchants**

43, 2nd Bhoiwada, BOMBAY, 2 (India)

*Imports :*

Non-Ferrous Metals such as Copper, Zinc, Lead, Tin,
Chemicals and Lubricating Oils.

*Exports :*

Minerals Manganese Ore, Iron Ore, Chrome Ore Etc.
Iron & Steel Scrap, Spices, Oils & Oil Seeds, Crude Drugs
& Brass Art-Ware

INQUIRIES SOLICITED

Cables :
COZILEAD

Phone : Res : 62479
Office : 22787

# ચાં ડા લી

**શ્રી સુરેશ ગાંધી**

સ્કંદિલે પ્રકૃતિ સામે દૃષ્ટિ નાખી અને જાણે એ એ જીવનના અનેરા રંગથી રંગાઈ ગયો. વસંતનાં આભરણથી આમ્રઘટાઓ છવાઈ ગઈ હતી. ફાગણની કલગી પર કેસુડાનાં ફૂલ ઝૂલી રહ્યાં હતાં અને જાણે વસંતને મુગ્ધભાવે આમંત્રી રહ્યાં હતાં. કોકિલાને આજે જાણે થાક જ લાગતો નહોતો. કોઈ વિરહિણીનો સંદેશો સાંભળીને એ જાણે વિહ્વળ બનીને છળી ઊઠી હતી અને સવારથી જ એનું ગીત છેડી રહી હતી. જૂઈના માંડવા પરથી સમીરની લહરીઓ મધુર સુરભિ ઢોળી રહી હતી તેથી ઉન્મત્ત બનીને ભ્રમરો આમતેમ ડોલી રહ્યા હતા.

યુવાન સ્કંદિલ શ્રેષ્ઠી વસંતનો આ વૈભવ મુગ્ધ નયને જોઈ રહ્યો હતો ત્યાં યૌવનભારથી લચી પડતી એની પત્ની ગંધર્વદત્તા પાછળથી આવીને એની બાજુમાં ઊભી રહી. એને વસંતની શોભા કરતાં સ્કંદિલનું રૂપ પીવામાં આનંદ આવતો હતો. થોડીવાર સુધી એ કંઈપણ બોલી નહિ. એવામાં સ્કંદિલની નજર એના પર પડી. આશ્ચર્ય પામી એણે કહ્યું. "ક્યારની આવી છે ?"

"થોડી વાર થઈ." મોહક સ્મિત વેરતાં ગંધર્વદત્તા બોલી.

"તને એક વાત કરવાની હતી" સ્કંદિલે કહ્યું.

"બોલો !" હસ્સાથી એ બોલી.

"વસંતપંચમીના આગમનથી રાજાએ સૂરવનમાં યાત્રા જાહેર કરી છે. પુષ્કરણી તીરે રાજા-રાણીના વિનોદ માટે અને પરસ્પર મિલન અને આનંદ માટે નગરના કેટલાક કુટુંબોને નિમંત્રવામાં આવ્યા છે. તું આવીશને ?" સ્કંદિલ એની સામે અર્થસૂચક ભાવે જોઈ રહ્યો.

"મને આવવામાં શું વાંધો હોઈ શકે ? જ્યાં તમે ત્યાં મારો પડછાયો હોય જ." ગંધર્વદત્તાએ કહ્યું, "પણ વસંતપંચમીનું મારું ઈનામ ક્યાં ?"

હસીને સ્કંદિલે જૂઈની વેલ પરથી થોડાં ફૂલ લઈ એના અંબોડામાં ખોસી દીધાં. હસતી હસતી એ ચાલી ગઈ.

સ્કંદિલ અને ગંધર્વદત્તાએ ઋતુને અનુકૂળ એવા વસ્ત્રાલંકાર ધારણ કર્યા. એ રથ તૈયાર કરવાની સૂચના અગાઉથી આપવામાં આવી હતી એટલે જેવી ગંધર્વદત્તા પોતાની દાસીઓ સાથે તૈયાર થઈને આવી કે તરત જ એક રથમાં સ્કંદિલ અને ગંધર્વદત્તા, અને બીજા રથમાં દાસીઓ ગોઠવાઈ ગઈ. બંને રથો ભવનમાંથી બહાર નીકળ્યા અને રાજમાર્ગ પરથી આગળ વધવા લાગ્યા. રાજમાર્ગ પર વાહનો અને માણસોની ભારે ભીડ હતી એથી નગરની બહાર નીકળવામાં ભારે મુશ્કેલી થઈ. સ્કંદિલના રથની પાછળ આવતા દાસીઓના રથમાં ગાનતાન થઈ રહ્યું હતું. કોઈ ગીત છેડી રહી હતી અને બીજી ઢોલક અને ઘુઘરાથી તાલ પુરાવી રહી હતી.

વનનો માર્ગ વિવિધ ફૂલની લતાઓ અને આમ્રકુંજોથી છવાયેલો હતો. વસંત જાણે અભિસારે નીકળી હોય એમ લાગતું હતું. અને પુરજનો પણ અભિસારે ક્યાં નીકળ્યા નહોતા ? એમના યુવાન દિલમાં પ્રણયની ચટકી હતી. સૌન્દર્ય જોવા ટેવાયેલી આંખો માર્ગમાં ચાલી જતી યુવતીઓને જોવા અને તેમાંથી રૂપવતી કોણ છે એ ખોળી કાઢવા ઉત્સુક જણાતી હતી.

બધા રથો સરોવરની સામેના વનમાં છોડવામાં આવ્યા હતા. અશ્વોને લીલું ઘાસ નીરવામાં આવ્યું હતું અને નિરાંતે વાગોળી રહ્યા હતા. અશ્વપાલો ટોળટપ્પામાં મશગૂલ બન્યા હતા.

સ્કંદિલના રથો ત્યાં જ આવીને ઊભા રહ્યા. બધા બહાર નીકળ્યા. ઉપવનોની પરંપરાનું દર્શન કરતાં લોકો ધરાતા જ નહોતા. સામે સરોવરમાં સુંદર હોડીઓ ફરી રહી હતી. તેમાં એક સુવર્ણ જેવા રંગના પટથી આચ્છાદિત હોડીમાં રાજા અને રાણી એમના નાના કુમારને

લઈ બેઠાં હતાં અને વિનોદ કરી રહ્યાં હતાં. વીણા અને મૃદંગના સૂરતાલ સાથે કિન્નરકંઠીઓ એમનું મોહક ગાન છેડીને વાતાવરણમાં ચેતન અને ઉલ્લાસ રેડી રહી હતી.

સરોવરની બાજુમાં ભગવાન વાસુપૂજ્યનું મંદિર હતું. લોકો ત્યાં જઈને ભગવાનનાં સ્તુતિગાન ગાઈ રહ્યાં હતાં.

સ્કંદિલ ગંધર્વદત્તાની સાથે અગાઉથી તૈયાર કરવામાં આવેલા એક મોટા વૃક્ષ નીચે પાથરેલા આસન પર બેઠો. થોડા વિશ્રામ બાદ એમને અન્નપાન પીરસવામાં આવ્યું. પરિજનો સહિત તેઓ આ વનભોજનનો આનંદ લેવા લાગ્યા. ભોજન બાદ વસંતઋતુએ સુશોભિત બનાવેલાં આંબા, તિલક, કુરબક અને ચંપાનાં વૃક્ષો જોવામાં સ્કંદિલ અને ગંધર્વદત્તા મશગૂલ થયાં. ગંધર્વદત્તાને એ લતાઓ અને વૃક્ષોનો જરૂરી પરિચય પણ આપી રહ્યો હતો, પણ ગંધર્વદત્તાને એની દાસીઓ બોલાવી ગઈ.

એવામાં એક અશોક વૃક્ષ નીચે સ્કંદિલે એક ચાંડાલ કુટુંબને જોયું. પુષ્પમાળાઓથી અલંકૃત, ચંદનના વિલેપનવાળા, ચૂર્ણની આડને લીધે ભૂખરા બાહુ અને કપાળવાળા, નીલકમળ અને મોગરાના ફૂલની ગ્રંથિઓના આભરણોથી અલંકૃત એવા ચાંડાલોને જોઈ સ્કંદિલને આશ્ચર્ય થયું. તેમની વચમાં એક વૃદ્ધા બેઠી હતી. એ સ્નિગ્ધ કાંતિવાળી અને ગંભીર લાગતી હતી. તેણે આછાં વસ્ત્રો પહેર્યાં હતાં. આ વૃદ્ધાની નજીક કાળી વર્ષાના આરંભ કાળે લાગતા મેઘરાશિ જેવી, આભૂષણોથી શણગારેલી દેહલતાએ શોભતી, સૌમ્ય રૂપવાળી ચાંડાલ કન્યાઓથી વીંટાઈ ને એક સુંદર ચાંડાલ કન્યા બેઠી હતી.

એ ચાંડાલી સ્કંદિલને તાકી તાકીને જોઈ રહી હતી. સ્કંદિલે એને જોઈ, અને તેને થયું કે મેઘવર્ણા વાદળમાંથી કોઈ અપ્સરાની વેણીનું ફૂલ નીચે પડી ગયું છે. એવી જ ફૂલ જેવી સુંદર અને સુકુમાર એ લાગતી હતી.

ચાંડાલકન્યાએ તેને કહ્યું "સ્વામિન્! નૃત્યથી વસંતપંચમીનું અભિવાદન કરો!"

એ ચાંડાલી હસવા લાગી. એની શ્વેત દંતપંક્તિઓ હીરાની કણીઓ જેમ શોભી ઊઠી. એની આંખો સ્કંદિલને જોઈ નાચી ઊઠી. એણે નૃત્ય કરવા માંડ્યું. એની મોહક અંગભંગી અને લાસ્ય નૃત્યની મુદ્રાઓમાં પ્રણયનું આમંત્રણ હતું. એની સખીઓ કોઈ મધુર ગીત ગાતી હતી અને ચાંડાલી એ ગીતના ભાવ નૃત્યમાં વ્યક્ત કરતી હતી. એની શ્વેત કમલ જેવી આંખો દિશાઓમાં આનંદ ભરતી હતી. હસ્તકમલના સંચાલનથી પદ્મપુષ્પને ધારણ કરતી કોઈ સારસ-પક્ષીની જેમ એ નાચી રહી હતી.

આ ચાંડાલીને જોઈ સ્કંદિલને થયું કે આ ચાંડાલ કન્યા નૃત્યશાસ્ત્રમાં પારંગત હોય એમ લાગે છે. તે રૂપાળી અને વિચક્ષણ હોવા છતાં કેવળ એની જાતિ દૂષિત છે. કર્મની ગતિ કેવી છે કે આ રત્નને કેવા હીન અને અગોચર સ્થાનમાં નાંખ્યું છે?

ચાંડાલીની નૃત્યલીલામાં જાણે એ ખોવાઈ ગયો હતો. આજુબાજુનું કંઈજ ભાન એને નહોતું. એની પત્ની ગંધર્વદત્તા એને ખોળતી ત્યાં આવી પહોંચી. ચાંડાલીના રૂપ અને નૃત્યમાં મુગ્ધ બની આજુબાજુના વાતાવરણને ભૂલી બેઠેલા પતિને જોઈ તેને ઠપકો આપવાનું મન તો થયું, પણ એમ ન કરી શકે એટલે તેને રોષ ચઢ્યો. ગુસ્સામાં આવી તેણે કહ્યું, "મુગ્ધ થઈને ચાંડાલીને જોતાં જાણે ભાન જ ભૂલી ગયા છો? મારી સામે જોતા પણ નથી?"

સ્કંદિલ શરમિંદો બની ગયો. પોતાની ભૂલ સમજાઈ. એ તેને ઉત્તર આપવા જતો હતો ત્યાં ગંધર્વદત્તા છણકો કરીને ચાલી ગઈ. ચાંડાલી પરથી પરાણે દૃષ્ટિ પાછી વાળી સ્કંદિલ ત્યાંથી પડાવ પર ગયો.

સંધ્યા નમી ગઈ હતી. ઉત્સવમાં આવેલાં નરનારીઓ રથોમાં બેસીને નગર ભણી પ્રસ્થાન કરવા લાગ્યાં હતાં. વિદાયવેળાની ધમાધમ મચી રહી હતી. સ્કંદિલે રથો જોડાવી ગંધર્વદત્તાને સાથે લીધી. બધા નગરમાં ગયા. પણ એ આખા વનમાર્ગે એને પેલી ચાંડાલી યાદ આવી. જાણે વનશ્રીમાં એનું શ્યામલ રૂપ હસતું હતું. વૃક્ષોન પાનના મર્મર ધ્વનિમાં એનું હાસ્ય વેરાઈ જતું હતું.

એ રાત્રે શયનખંડમાં જ્યારે ગંધર્વદત્તા આવી ત્યારે એનો રોષ શમ્યો નહોતો. છણકો કરીને એ બોલી, "તમે ચાંડાલી જોઈ? હંસ પણ કમળો છોડીને કાદવમાં જાય છે એ આજે જ જાણ્યું."

સ્કંદિલે એને મનાવવા ઘણો પ્રયત્ન કર્યો પણ તેનું રૂસણું ચાલુ રહ્યું. રડતી આંખે એ શયનખંડની બહાર ચાલી ગઈ અને એક એકાંત ખંડમાં અવાવરુ શય્યા પર સૂઈ ગઈ.

બીજા દિવસની સવારે સ્કંદિલ નિત્યકર્મથી પરવારી પેઢીએ જવાની તૈયારી કરતો હતો એવામાં દ્વારપાળે

આવીને તેને કહ્યું, "એક સ્ત્રી આપને મળવા આવી છે." સ્કંદિલે તેને પોતાના ખંડમાં લઈ આવવા કહ્યું.

સ્કંદિલે આસન પર બેઠાં બેઠાં જોયું તો એ જ ગઈ સાંજે જોયેલી ચાંડાલવૃદ્ધા તેની સમીપ આવી રહી હતી. નજીક આવી સ્કંદિલને પ્રણામ કરી તે બોલી, "પુત્ર! તું સુખી છે. હજારો વર્ષો સુધી જીવ!"

દાસીઓએ પાથરેલા આસન પર તે બેઠી. કોઈ પણ પ્રકારના સંકોચ વિના એ ઓરડામાં ચારેકોર દૃષ્ટિ દોડાવી રહી હતી. સ્કંદિલને થયું કે આ વૃદ્ધા શું રાજાની કૃપાપાત્ર હશે કે વિના સંકોચે મારા ઘરમાં પ્રવેશવાની હામ ભીડી છે?

એ વિચારમાં પડ્યો હતો ત્યાંજ પેલી ચાંડાલ વૃદ્ધાએ કહ્યું "ભદ્રમુખ! જે કન્યાને તેં સરોવરના ઉત્સવમાં નૃત્ય કરતી જોઈ હતી તે કન્યા તને આપવાની ઇચ્છાથી હું અહીં આવી છું. જો એ તારે યોગ્ય હોય તો સ્વીકાર કર."

સ્કંદિલને આશ્ચર્ય અને ક્ષોભ થયો. થોડીવાર વિચાર કરી તે બોલ્યો, "પંડિતો સમાન વર્ણ વચ્ચેના સંબંધની પ્રશંસા કરે છે. અસમાન ગોત્રની પ્રશંસા કરતા નથી."

ચાંડાલવૃદ્ધાએ કહ્યું "તમારો અને અમારો વંશ એક જ છે."

"એ કેવી રીતે?" સ્કંદિલે આશ્ચર્યભાવથી પૂછ્યું.

વૃદ્ધાએ કહ્યું "સુર અને અસુર વડે જેમનાં પાદપદ્મ પૂજાયેલાં છે એવા, વંશોના આદિપ્રવર્તક ભગવાન ઋષભદેવ જય પામે છે. તેમના જ ચરણના અનુગ્રહથી જેની વિમલ કીર્તિનો ઉદય વધી રહ્યો છે એવો અમારો વંશ પણ જય પામે છે."

સ્કંદિલ વિચારમાં પડી ગયો. આદિજીવના પૂર્વ પુરુષોની પરંપરાએ તો બધી જાતિઓને પ્રબોધી છે. એક જ વંશવેલો પરાપૂર્વથી ચાલ્યો આવે છે. જાતિએ અલગ એવા સમાનધર્મીઓ સાથે લગ્નસંબંધ હોઈ શકે ખરો? એ વિચાર કરતો હતો ત્યાં જ ચાંડાલ વૃદ્ધા બોલી, "તમે પરણવાની ના પાડશો તો મારી પુત્રી નીલયશા આપઘાત કરશે."

ગંધર્વદત્તા જ્યારે એ ખંડમાં પ્રવેશી ત્યારે ચાંડાલ વૃદ્ધાના શબ્દો તેણે સાંભળ્યા. ક્રોધ કરીને એણે કહ્યું, "ચાલી જા અહીંથી. ચાંડાલો સાથે જે દિવસે શ્રેષ્ઠીઓ સંબંધ બાંધશે ત્યારે ધર્મનો લોપ થયો હશે અને સત્યે વિદાય લીધી હશે."

ચાંડાલવૃદ્ધા ઊભી થઈ ને ચાલી ગઈ. સ્કંદિલ એને રોકી ન શક્યો પણ રોષભર્યાં નેત્રોએ એ ગંધર્વદત્તાને જોઇ રહ્યો. આ સ્ત્રીને રોષના અગ્નિથી બાળી નાખવા જેટલો ક્રોધ તેને વ્યાપ્યો હતો. એનું રૂદ્રરૂપ જોઈને ગંધર્વદત્તા મોટે મોટેથી બૂમો પાડતી, ચિત્કાર કરતી ત્યાંથી પોતાના શયનખંડ ભણી દોડી ગઈ.

એ જ સાંજે ફરીથી પેલી ચાંડાલવૃદ્ધા સ્કંદિલ પાસે આવી. એનું મોઢું પડી ગયું હતું. આંખોમાં આંસુ હતાં. સ્કંદિલના પગમાં પડીને એ બોલી "મારો અપરાધ ક્ષમા કરો. ચાંડાલ થઈ ને મેં મારી પુત્રી માટે ઉચ્ચ વર્ણના શ્રેષ્ઠીનો હાથ માગ્યો એ મારી ભૂલ થઈ."

સ્કંદિલ ડઘાઈ ગયો. આ વૃદ્ધાએ તેના મર્મસ્થાન પર ઘા કર્યો હતો. એણે તેની અમીરી અને શ્રેષ્ઠીકુલના ગૌરવ પર ડામ દીધો હતો. કંઈક ક્ષોભ પામીને એણે કહ્યું:

"પણ તમારી પુત્રી નીલયશા ક્યાં? એ સુખરૂપ છે ને?"

"એક ઘડી પહેલાં જ એણે ઝેર પી જીવનનો અંત આણ્યો." આંખમાંથી ટપકતાં આંસુ લૂછતી ચાંડાલ વૃદ્ધા બોલી અને આવી હતી એ જ માર્ગે ગૌરવથી ચાલી ગઈ.

સ્કંદિલના હૃદયમાં તોફાન જાગ્યું હતું. આજે એને આ ભરીભરેલી હવેલી, સમૃદ્ધિ, ગંધર્વદત્તા બધું જ તુચ્છ લાગતું હતું. મોડી રાત જામી હતી છતાં એને ઊંઘ નહોતી આવતી. ઘરમાંથી બહાર નીકળી રાજમાર્ગ વટાવીને એ વનપ્રદેશમાં ઘૂમવા લાગ્યો. ઘેરા અંધકારમાં જાણે એને કોઈ મોટે મોટેથી બોલાવી રહ્યું હતું. કોઈ એને સાદ પાડી રહ્યું હતું "સ્કંદિલ! સ્કંદિલ!"

એણે પાછું વાળીને જોયું પણ ત્યાં કોઈ જ નહોતું. બેબાકળા બનીને સ્કંદિલે કહ્યું, "ચાંડાલી! ચાંડાલી! તું જ સત્ય છે, તું જ સત્ય છે. માનવ-માનવ વચ્ચે કોઈ ભેદ નથી. આદિજનોનું એ જ વચન છે."

卐

With Best Compliments

from

# Shah Construction Company Private Limited

198, Churchgate Reclamation
Jamshedji Tata Road
Bombay 1

# પુષ્પ અને પરાગ

ભગવાન મહાવીરના જીવનના કેટલાક પ્રસંગો

**શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ**

આકાશની જળભરી વાદળી; જરા એની વાત તો સાંભળો !

